શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

અનંતલબ્ધિનિધાનાથ શ્રી ગૌતમસ્વામિને નમઃ

શાસનપુરુષ + ખુમારીપુરુષ + સત્યપુરુષ
શ્રી પોપટલાલ ચુનીલાલના સતત ૧૪ વર્ષથી
''અસત્ય'' સામેના જંગના પુરાવા એટલે

તિથીના શાસ્ત્રીય સત્યની ઓળખાણ

ભાગ - ૧

લેખક : શ્રી પોપટલાલ ચુનીલાલ શાહ

સત્ય મૌન રહે તો સૌ પૂજે
સત્ય બોલાવા લાગે તો સૌ ધ્રૂજે

એક પક્ષે ''કદાગ્રહ'' હોય છે ત્યારે
નિશ્ચે સામે પક્ષે ''સત્ય'' હોય છે.

સત્ય પરેશાન હો સકતા હૈ
લેકીન પરાજીત કભી નહીં

જે સત્ય સમજી શકતો નથી, જેને સત્ય સમજવું જ નથી, જેને
સત્ય સમજાયા પછી સ્વીકારવું જ નથી
આ બધા Mentally Retarded છે
પણ જાણી જોઈને સત્યથી દૂર રહેવું / સત્યને દૂર રાખવું +
રખાવવું અથવા સત્યની નફરત કરવી / કરાવવી એના જેવું
''મહાઅસત્ય'' આ વિશ્વમાં બીજું એક પણ નથી.

અમુક લોકોએ ''ચારિત્રાચાર'' મૂક્યો (પ્રભુનો આખો વેશ મૂક્યો.)
અમુક લોકોએ ''દર્શનાચાર'' મૂક્યો
(પ્રભુના દર્શન-પૂજા અને મંદિર જ મૂક્યા)
તે સિવાય બધે ''પંચાચારમય'' આચરણ છે.
(જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર)
પણ બે તિથીવાળીઓએ તો પંચાચારની સુવાસરુપ
''સંઘ એકતાચાર'' જ મૂક્યો

પુસ્તક : શાસ્ત્રીય સત્યની ઓળખાણ ભાગ-૧
લેખક : શાસનસુભટ શ્રી પોપટલાલ ચુનીલાલ

આ પુસ્તક એકાંતમાં ધ્યાનથી વાંચવાથી શ્રી પોપટભાઈની અવ્વલ ખુમારી, સત્ય પ્રત્યેની આંતરિક લાગણી, શાસનદાઝ, અદ્‌ભુત જ્ઞાન વગેરે અદ્‌ભુત વિશેષતાઓ જણાયા વિના નહિ જ રહે.

પૂ. શ્રમણ-શ્રમણી ભગવંતોને નમ્ર વિનંતી કે આ પુસ્તક વંચાયા બાદ આપ સંઘના ટ્રસ્ટી વગેરેને ખાસ વાંચવા આપશો. (આ પુસ્તકનો ખૂબ પ્રચાર કરશોજી.)

ટ્રસ્ટીઓને ખાસ વિનંતિ કે આ પુસ્તક વંચાયા બાદ જ્ઞાનભંડારમાં ખાસ જમા કરાવશો.

આ પુસ્તકના લેખો ફોટો પાડીને WHATSAPPમાં જરુર "FORWARD" કરવાથી તમને શાસનસેવાનું વિરાટ પુણ્ય જરૂર બંધાશે.

સત્ય

-: પ્રકાશક :-
અખિલ ભારતીય સત્ય રક્ષક સમિતિ
(મુંબઇ, અમદાવાદ, સુરત, પુના)

પ્રકાશન-તારીખ : વિ.સં.૨૦૭૭, કા.સુ.બીજ
(બેસતું વર્ષ) તા.૧૬-૧૧-૨૦૨૦

તા.૧૫/૧૦/૨૦૨૦

જો ધર્મરાગ ફલિત (ઉપાદેય) પણ માયા (હેય) કરનાર તીર્થંકરના જીવને (મલ્લીનાથ ભગવાન) પણ જો કર્મ મહાસત્તા તેમના છેલ્લા ભવમાં પણ ના છોડતી હોય, તો પછી દષ્ટિરાગ ફલિત (હેય) અને તે પણ પાછી મલીન આશય (હેય)થી કરેલી ''માયા (હેય)'' આચરનાર સામાન્ય જીવની તો કર્મમહાસત્તા શુ ની શું હાલત કરી નાખતી હશે ? એ વિચારતા જ હૈયું, મન અને આત્મા બધા જ ફફડી ઉઠે જો સમ્યક્ સમજણ આવી હોય તો.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

પોતે કરે એ લીલા અને બીજા કરે એ પાપ.

અજૈન વિદ્વાનોના હાથે લખાયેલ એ ગ્રંથ..

સંદર્ભ :- પુસ્તક-૫. તિ.ક્ષ.વૃ. અંગે સ. અને શા. સમજ

પાના નંબર-૧૧

...........કાશીના કેટલાક વિદ્વાનોને એક પક્ષીય માહિતીઓ આપીને સત્યનું નિકંદન કરતો એક કુટિલ ગ્રંથ બનાવી પ્રચારમાં મૂક્યો. ''અજૈન વિદ્વાનો''ના હાથે લખાયેલ એ ગ્રંથથી જૈન જનતા ભ્રમિત ન બને અને સત્ય(?) ગૂંગળાઇ ન જાય એટલા માટે....

સત્ય

વિવેચનઃ-

હવે સાગરજી મ.સા.ના શાસન જયપતાકા ગ્રંથની વિરૂદ્ધમાં આ.ભ.રામચંદ્રસૂરિજીએ કીન્નાખોરી અને કુટીલતા પૂર્વક અર્હદ્ તિથી ભાસ્કર નામનો ગ્રંથ પોતાની માન્યતાઓ મૂકાવડાવીને, જે અજૈન વિદ્વાનોનો પોતે જ વિરોધ દર્શાવ્યો છે. તે જ "અજૈન વિદ્વાનો" પાસે તેઓની સહીથી લખાવડાવ્યો હતો.

હવે આ બધા જ વિદ્વાનો શું "જૈન" હતા ?

વિ.સં.૧૯૯૯માં "**PL** વૈદ્ય" નામના જે લવાદ હતા તે શું "જૈન" હતા ?

હવે જો "અજૈન વિદ્વાનો"ના હાથે લખાયેલ શાસન જય પતાકા ગ્રંથ અમાન્ય રાખો છો તો પછી અર્હદ્ તિથી ભાસ્કર ગ્રંથ અને લવાદ **PL** વૈદ્ય નો ફેંસલો પણ તમારા હિસાબે "અજૈન" હોવાના નાતે સમગ્ર જૈન મહાસંઘને "અમાન્ય" જ બને છે.

એ ગ્રંથનું લખાણ વાંચતા કોઈને પણ સહેજે સમજાઈ જાય કે, એ લખાણ અજૈન વિદ્વાનો પોતાના સ્વતંત્ર જ્ઞાનથી લખી જ ના શકે.

બીજુ અર્હદ્ શબ્દ જૈન શબ્દ છે. અજૈનો જો પોતાના ગ્રંથનું શીર્ષક રાખે તો જય શંકર તિથી ભાસ્કર, મહાદેવ તિથી ભાસ્કર, ગાયત્રી તિથી ભાસ્કર એવા નામ રાખે "અર્હદ્" શબ્દ તો તેમને સૂઝે પણ નહી.

હવે શાસન જય પતાકા સત્યનું નિકંદન કાઢતો અને કુટિલ ગ્રંથ કહેવાય તો "અર્હદ તિથી ભાસ્કર" તો ઘણા વર્ષો પછી સત્યનો મહા સૂર્યોદય થયા પછી પરિસ્થિતિ જોતા મહા ભયાનક અસત્યનો પહાડ અને મહા કુટિલ ગ્રંથ કહી શકાય.

તા.ક.:- આ જ **PL** વૈદ્યે આપણા પરમ પવિત્ર ગ્રંથોને "શાસ્ત્રાભાસ" કહ્યા હતા જે લવાદી ફેંસલામાં પણ લવાદે લખેલું છે. આ જ **PL** વૈદ્ય લવાદે પોતાની જ લખેલી એક પુસ્તકમાં આપણે જૈનોને નાસ્તિક પણ કહ્યા છે. **PL** વૈદ્ય પોતે અજૈન હતા એટલે આમ પણ આ.ભ.રામચંદ્રસૂરિજી મ.સા.

અજૈનોના હાથનું સમાધાન અમાન્ય ઠેરવે છે, માટે ફેંસલો શાસનપક્ષની સાથે સાથે તેમને પોતાને પણ અમાન્ય જ બને છે.

જો લવાદે સાગરજી મ.સા. માટે શાસ્ત્રોમાંનો તેમનો આ અર્થ ''અર્થાભાસ છે, એવું હજુ લખ્યું હોત, તો તો હજી બચી જાત પણ ધર્મ મહાસત્તા શાસન પક્ષની સાથે હતી અને મોહમહાસત્તા બે તિથીની પક્ષે હતી.

હવે જૈનોના પરમ પવિત્ર ગ્રંથો માટે લખેલો આ ''શાસ્ત્રાભાસ'' શબ્દ દુનિયાભરના એક પણ ''સાચા જૈન''ને તો મંજૂર હોય જ નહીં, પણ સાચા અજૈનને પણ મંજૂર હોય નહીં. પરંતુ ફેંસલો બે તિથી પક્ષમાં આપ્યો હોવાથી બે તિથીવાળાઓએ આ ''શાસ્ત્રાભાસ'' શબ્દનો વિરોધ નથી કર્યો તે તેમનો ''શાસનદ્રોહ'' છે. આમ મલીન સ્વાર્થ ફલિત ભ્રષ્ટ માનસિકતા જીવને શાસનદ્રોહ સુધી પણ ખેંચી જાય છે.

તા.ક. આ લોકોની લેખની વધારે પડતી અતિશયોક્તિવાળી દેખવામાં આવે, કે આક્રમકતાવાળી દેખવામાં આવે કે કટ્ટરપંથી મ્લેચ્છોની જેમ તમારી ચેતનાને ઉશ્કેરવા લાગણીવાળું લખાણ લખીને ભ્રમિત કરવામાં આવે ત્યારે સમજી લેવું કે, એ આખો મુદ્દો જૂઠથી તરબતર છે.

આ લોકોની દુકાનમાં તોલીને માલ આપવાનું કાટલું ૯૦૦ ગ્રામનું હોય, અને તોલીને માલ લેવાનું કાટલું ૧૧૦૦ ગ્રામનું હોય, એના જેવું છે આ બે તિથિના સમુદાયમાં.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

આ.ભ.રામચંદ્રસૂરિજીએ પોતાના ગુરૂ આ.ભ.પ્રેમસૂરિજીને વિ.સં.૨૦૧૯ના ચૈત્ર સુદ-૪ને ગુરૂવારના મુ.કડીથી, પોતાના જ હસ્તાક્ષરોમાં લખેલ ''સલાહ આપતા'' પત્રની સમીક્ષા.

પત્રના જરૂરી એવા મુખ્ય મુખ્ય અંશોની સમીક્ષા :-

(૧) આ.ભ.પ્રેમસૂરિજીનો ફાગણ વદ-૮નો પત્ર મળ્યો.

(૨) જૈન શાસનમાં 'આચરણા' પણ પ્રમાણ ગણાય છે.

સમાધાન- જૈન શાસનમાં બહુસંમત આચરણા જ હંમેશા પ્રમાણ જ ગણાય

છે અને તે જ શાસ્ત્રીય પણ કહેવાય છે.

(૩) પરંતુ કેવી આચરણા ને પ્રમાણ ગણાય અને કેવી ને નહિ, એ વિષે પણ માર્ગદર્શન અપાયેલું છે. ''ગીતાર્થ મહાત્માઓને પણ સંયોગવશ અને ખોટું માનીને જે આચરવું પડ્યું હોય, તેને આચરણા તરીકે પ્રમાણ માનીને ચાલવું એમાં શાસનનું હિત છે કે અહિત છે, તે વિચારવાની સેવકની વિનંતિ છે.''

સમાધાન- આ બધો વિષય આપણા ગુરૂભગવંત અને વડીલોનો છે. આપણે તેમાં ચંચૂપાત કરાય પણ નહી અને આપણાથી આપણા ગુરૂને સલાહ અપાય પણ નહી. કદાચ ખોટી પણ આચરણા હશે તો પણ આચરણા કરનારને રતીભાર પણ દોષ નથી લાગવાનો. જેણે જાણી જોઇને ઇરાદાપૂર્વક ખોટી આચરણા ચલાવી હશે તેને દોષ લાગશે. પણ આ પ્રમાણે પેટ ચોળીને શૂળ પેદા કરવામાં આખા શાસનને નુકશાન થતું હોય છે અને શૂળ પેદા કરનાર તો કદાચ દુર્ગતિ કે હલકી ગતિનો મહેમાન બનતો હોય છે, પણ સીદાવું આખા શાસનને પડતું હોય છે.

''ઉપર આ.ભ.રામચંદ્રસૂરિજીના લખવા મુજબ જગદ્‌ગુરૂ હીરસૂરિજીએ પણ ખોટુ સમજીને જ યતિઓના કાળમાં યતિઓની હાજરીમાં જ બલાભિયોગને કારણે (યતિઓનો જોહુકમીનો કાળ) કદાચ નવાંગી ગુરૂપૂજન કરાવવું પડ્યું હોય તો તેથી તે કાંઇ શાસ્ત્રીય નથી બની જતું, પણ તે ચરિતાનુવાદની ઘટનામાં જ ગણાય છે.''

(૪) તિથી સંબંધી કહેવાતી આચરણા પ્રમાણભૂત નથી, એ આપ પરમ કૃપાળુનો પણ અભિપ્રાય હતો. આપણા પરમારાધ્ય પૂર્વજ ગીતાર્થ મહાત્મા તેને ખોટી માનતા હતા. એ આપ પરમ કૃપાળુના ધ્યાન બહાર નહી હોય, એટલે આચરણાના નામે સમાધાન સ્વીકારવામાં શાસનનું અહિત સેવકે જણાવ્યું હતું.

સમાધાન- ગુરૂને આપણે સલાહ આપવાની ના હોય. ગુરૂની તો સલાહ શિરોધાર્ય કરવાની હોય. હિતાહિતનો વિચાર કરવો એ આપણા વિદ્યમાન ગુરૂનો વિષય છે, આપણો નહીં. ''ગુરૂની ઇચ્છા એ જ શિષ્યની ઇચ્છા હોય (શેલક અને પંથકના કથાનક મુજબ)'' એ લાયક શિષ્યનું મુખ્ય લક્ષણ છે. ગુરૂ ખોટું કરશે તો આપણું કશું જ બગડવાનું નથી, પણ ''ગુરૂ વચન તહત્તિ

કરી જો પડીવજ્યું નહી'' તો આપણું અહિત નિશ્ચિત છે.

બીજુ જો આ.ભ.દાનસૂરિજી એને ખોટી માનતા હોત તો પોતાના અંકોમાં જ્યારે જ્યારે તિથીભેદ આવે, ત્યારે ત્યારે તમારી જૈન પ્રવચનના પંચાંગમાં પર્વ તિથી ભેદ વખતે નીચે ટીપ્પણીમાં તમે લખો છો ''ગુરૂ અભિયોગને કારણે''ની જેમ નીચે ટીપ્પણીમાં લખત જ કે ''યતિઓના અભિયોગને કારણે.''

(૫) આપ પરમ કૃપાલુ એ ''૧૯૯૨માં જે પરિવર્તન કર્યું હતું, તે પાંચમ પૂરતું જ કર્યું હતું, અને તે પણ પર્યુષણ પૂરતું જ; બાર તિથીનું પરિવર્તન તો તે વખતે પણ કરવાની મેં ના જ પાડી હતી.'' આવું જણાવ્યું છે એ વાંચી સેવકે પારાવાર વેદના અનુભવી છે અને અનુભવાઈ રહી છે.

એ વખતે ખૂબ કાળજીથી આપ પરમ કૃપાલુ દોરવણી આપતા હતા એ વાત સેવકની સ્મૃતિમાંથી ખસતી નથી. જો એ વખતે આપ પરમ કૃપાલુએ ના જ પાડી હોત તો આપ પરમ કૃપાલુના નિર્ણય વિરૂદ્ધ કોઈથી શું થઈ શક્યું હોત ?.....

સમાધાન-ગુરૂને ખોટા કહેવાય પણ નહી અને ગુરૂને ખોટા મનાય નહી અને આપણાથી ગુરૂને ખોટા ચીતરાય પણ નહી. તમને તમારી મનસ્વી આચરણાની કૃત્રિમ વેદનાની પડી છે, પણ ગુરૂની ''અને આખા શાસનની સાચી ચિંતાની વેદના''ની તમને પડી જ નથી. એ વખતે તમારા ગુરૂ સહીત બધા જ વડીલોએ તમારી આ મનસ્વી ફેરફારીનો પત્રો લખવા દ્વારા વિરોધ કર્યો જ હતો.

હવે જો તમારા લખવા મુજબ એ વખતે (૧૯૯૨માં) ''તમારા (એટલે કે આ.ભ.પ્રેમસૂરિજીના) નિર્ણયથી વિરૂદ્ધ કોઈથી શું થઈ શક્યું હોત ?'' તો પછી અત્યારે (૨૦૧૯ માંજ) તમને એ વાત સ્વીકાર કરવામાં શું વાંધો આવે છે ? જાગ્યા ત્યાંથી સવાર. તમે વારંવાર પરમ કૃપાળુ પરમ કૃપાળુ તો લખો છો, તો પછી શું તમને તેમના ઉપર વિશ્વાસ નથી તો તમે તેમને ઈમોશનલી ઉંચાનીચા કરો છો. સંવિજ્ઞ ગીતાર્થોની બહુમતીવાળી જે પ્રવૃત્તિથી શાસનની સમાધ ડહોળાતી અટકે, એ બધી જ પ્રવૃત્તિઓ પ્રશસ્ત હોવાથી ઉપાદેય જ હોય છે. આપણે લાપસીથી (સમષ્ટિગત શાંતિ, સમાધાન, સંપ અને સંઘસમાધિથી) મતલબ છે કે લપલપથી (નિજમત, સમુદાયવાદ, સ્વાર્થ, વિખવાદ અને સંઘભેદથી).

તા.ક. :- ''આખા પત્રના લખાણનું નિષ્કર્ષ'' :- રામચંદ્રસૂરિજી પોતાના ગુરૂને ગીતાર્થ સમજતા પણ નથી અને ગીતાર્થ માનતા પણ નથી. નહી તો પત્ર લખે જ નહી.

આ.ભ. રામચંદ્રસૂરિજીને આ.ભ. પ્રેમસૂરિજીને જગજાહેર છે માટે પોતાના ગુરૂ કહેવા પડે છે, પણ તેમનું કહ્યું માનતા જ નથી. જે શિષ્ય પોતાના ગુરૂનું માનતો નથી, તે પોતાના ગુરૂને પણ માનતો નથી જ.

રૂપ વિજયજી તેમની સજ્ઝાયમાં છેલ્લે લખે છે કે,

''શુદ્ધ મને જો સેવસોજી ગુરૂના પદપદ્મ, રૂપ કહે તો તમે પામશોજી સૂર શિવસુખસદ્મ, ચેતનજી તો તમે તરશોજી.''

જયવીયરાય સૂત્રમાં પણ ''સુહગુરૂ જોગો, તવ્વયણ સેવણા'' આવે છે. ''સદ્‌ગુરૂનો યોગ અને તેમના વચનની સેવા.'' પણ આ આખા પત્રમાં ગુરૂના વચનની સેવના ક્યાંય દેખાતી જ નથી, પણ ઉલટાની એકલી કુસેવા જ દેખાય છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૧૧/૧૦/૨૦૨૦

લોકવિરૂદ્ધની આચરણાનો ત્યાગ અને લોકવિરૂદ્ધની આચરણાનું સેવન એ બન્નેની સમજૂતી :-

લોકવિરૂદ્ધની આચરણાનો ત્યાગ, આર્ય દેશમાં અને આર્ય પ્રજા અને આર્ય ધર્મ હોય ત્યાં અને આપસમાં હળી મળીને રહેતી આર્ય પ્રજાઓ વચ્ચે જ હોય, બધે ના હોય.

આ પ્રકારનો લોકવિરૂદ્ધના ત્યાગનો વ્યવહાર અનાર્ય ધર્મી પ્રજા સાથે ના હોય. કારણ કે આપણે જૈનોનો દેશ પણ આર્ય દેશ છે, આપણે પણ આર્ય પ્રજા છીએ અને આપણો ધર્મ પણ આર્ય છે. અને એમાં પણ પાછા આપણે જૈનો અત્યંત પાતળી લઘુમતીમાં છીએ.

ત્યારે ફક્ત ધર્મથી અલગ એવી બધી જ બાબતે સમાન પ્રજા વચ્ચે જૈન ધર્મની લઘુતા, હીલના, માલીન્ય કે વિસંવાદીતા ન થાય તે માટે તો

ખાસ લોકવિરૂદ્ધની આચરણાના ત્યાગરૂપનું સેવન હોય. પૂર્વાચાર્યો બને ત્યાં સુધી આપણા માટે ભવિષ્યમાં વિસંવાદ પેદા થાય એવી ક્લેશની શક્યતાવાળી કોઈ પ્રવૃત્તિ રહેવા ના દે. પણ તે આચરણા તહેવારની ઉજવણી બાબતે ના હોય.

વર્ષોથી શ્રમણ અને બ્રાહ્મણ પરંપરા વચ્ચે શૂંચિ - અશૂંચિને લઈને વિવાદો થતા જ આવ્યા છે.

(૧) ગ્રહણ સમયે મંદિરો માંગલિક રાખવાઃ- આ લોકની આચરણા છે.

(૨) ગ્રહણ સમયે મંદિરો ખુલ્લા રાખવાઃ- આ લોકવિરૂદ્ધની આચરણા છે.

(૩) ગ્રહણ સમયે જૈનોએ પણ પોતાના જિનાલયો માંગલિક રાખવાઃ- આ જૈનો માટે ''લોગ-વિરૂદ્ધચ્ચાઓ''ના શાસ્ત્રાદેશ મુજબ ''લોકવિરૂદ્ધની આચરણા''ના ત્યાગરૂપની આચરણા છે (જે ઉપાદેય છે.)

(૪) ગ્રહણ સમયે પણ જૈનોએ, લોગ-વિરૂદ્ધચ્ચાઓના શાસ્ત્રાદેશની વિરૂદ્ધ જઈને એટલે કે લોકોની આચરણા વિરૂદ્ધ જઈને પોતાના જિનાલયો ખુલ્લા રાખવા :- આ ''લોકવિરૂદ્ધની આચરણા''ના સેવન રૂપની આચરણા છે. (જે હેય છે.)

નંબર-(૪)ની પ્રવૃત્તિ એ નિજબુદ્ધિથી અને એકમતિથી પૂર્વાચાર્યોની પરંપરાની વિરુદ્ધની પ્રવૃત્તિ છે, માટે હેય છે.

સમજદાર (ગીતાર્થ) મહાત્માઓ જે પણ કરે, તે કાં તો શાસ્ત્રમાં હોય, કાં પરંપરામાં હોય, કે પછી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ તથા દેશકાળને આશ્રયીને કરે, પણ પોતાની મરજીથી એકમતીથી કદાપી ના કરે.

હવે ગ્રહણ સમયે જ્યારે બહાર જ નીકળવાનું નથી, તો પછી આપણે એકલા જૈનો જ, જો ગ્રહણ દરમ્યાન ''લોગવિરૂદ્ધચ્ચાઓ'' આદેશનો તિરસ્કાર કરીને બહાર નીકળીએ તો લોકમાં આપણે દોઢડાહ્યા કહેવાઈએ કે નહીં ?

હવે ગ્રહણ સમયે જ્યારે સ્વાધ્યાય કરવાનો જ નથી અને કોઈ જીવ તે દરમ્યાન ખુલ્લા રાખેલા મંદિરમાં જઈને ભૂલથી પોતાના રોજના નિયમ મુજબ સ્વાધ્યાય કરવા માંડે તો તેનો ભાર આખા સંઘ ઉપર રહે કે ના રહે ?

પોતાનો કક્કો (એકાંતજનિત કદાગ્રહ) ખરો કરાવવા કરતા આગળ પાછળ સેવા-પૂજા કરી લેવી, પણ સંઘમાં દુર્ગતિકારક કષાય કરવો/કરાવવો એ અગીતાર્થતાનું લક્ષણ છે.

મહોપાધ્યાયજી એ વાસુપૂજ્ય સ્વામી ભગવંતના સ્તવનમાં (ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર (મોક્ષ) લખ્યું છે, (પણ અસત્ય વાસિત મન સંસાર, અસત્ય રહિત મને તે ભવપાર (મોક્ષ) આવું નથી લખ્યું.)

મહાપુરૂષોની તો એક પણ આચરણા ખોટી હોય નહિ, જ્યારે તમે તો તેમની ઢગલાબંધ આચરણાઓને ખોટી કહો છો, ક્યાંથી શાસન પક્ષ સાથે તમારો મેળ ખાય.

શાસનપક્ષ ''महाजनो येन गतः स पंथाः ।''માં માનવાવાળો છે, જ્યારે બે તિથી પક્ષ ''रामचंद्रसूरि येन गतः स पंथाः'' માં માનવાવાળો છે.

ક્લેશનું નિર્માણ કરીને સત્યના અસ્વીકારથી નિર્વાણ (મોક્ષ) નથી. પણ ક્લેશનું નિવારણ કરીને સત્યના સ્વીકારથી નિર્વાણ (મોક્ષ) છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * *

તા.૧૪/૧૦/૨૦૨૦

બાપજી મ.સા.ના પ્રશિષ્ય આ.ભ.ભદ્રંકરસૂરિજી બે તિથીનો કુમત છોડીને માતૃપક્ષમાં કેમ આવી ગયા તેનું કારણ

સંદર્ભ- પુસ્તક-પ.તિ.ક્ષ.વૃ.અંગે સ.અને શા.સમજ.

પાના નં-૧૯, છેલ્લો ફકરો, છેલ્લી બે લીટી.

આ.ભ.નું લખાણઃ-............પૂ.બાપજી મહારાજે જે ખુલાસો કરેલો તેના સાક્ષી ઘણા સાધુ-સાધ્વીઓ અને મુનિશ્રી (હાલ આચાર્ય) ભદ્રંકર વિજયજી છે, આ વૃદ્ધ મહાત્મા તે વખતે વિદ્યમાન ન હોત તો ભારે અનર્થ થાત.

વિવેચનઃ- હવે આ જ ભદ્રંકરવિજયજી મારફત બાપજી મહારાજ પાસે વિ.સં.૧૯૯૭માં કારતક પૂર્ણીમાને દિવસે આખો સંઘ ભેગો થયો હતો. તેનો ગેરલાભ ઉઠાવીને પોતાનું ઈચ્છિત જૂઠ બોલાવડાવ્યું હતું. આ દિવસ પસંદ કરવાના મુખ્ય બે કારણ હતા. (૧) વયોવૃદ્ધ બાપજી મહારાજ રોજ તો વ્યાખ્યાનમાં આવતા ના હોય, પણ એ દિવસે તો આવવાના જ હતા, નહી

તો આડે દિવસે પોતાનું ઇચ્છિત જૂઠ બોલાવડાવવા માટે તેમને ખાસ અલગથી બોલાવવા પડત અને તે માટે કોઇ કારણ પણ બનાવવું પડત.

(૨) પર્યુષણ પછીના આડે દિવસે વ્યાખ્યાનમાં આટલી બધી પબ્લીક થાય પણ નહી અને ચોમાસી પરિવર્તનના દિવસે તો વગર જાહેરાતે પબ્લીક ભેગી થઇ જાય.

હવે આ.ભ. ભદ્રંકરસૂરિજી એ વખતે આ.ભ.રામચંદ્રસૂરિજીની મીઠી મધઝરતી અને જાદુઇ વાણીમાં આવી તો ગયા પણ જેવું આ બધું કૌભાંડ ખબર પડી કે તરત જ પોતાના ગુરૂને પત્ર લખીને આ ભાવ પાપ અને ઉત્સૂત્ર કથનનું પ્રાયશ્ચિત લઇને શુદ્ધ થઇ ગયા હતા એટલા બધા તેઓ પાપભીરુ અને ભવભીરુ હતા.

હવે આ.ભ. ભદ્રંકરસૂરિજી આ પાપમાંથી નીકળી ગયા એટલે હવે તેમની પુણ્યતિથી તેમના પંચાંગોમાં છાપતા નથી, નહી તો પુસ્તકમાં આટલા બધા જેના વખાણ લખ્યા હોય અને પોતાના પંચાંગોમાં પુણ્યતિથી બીજા સમુદાયના પોતાની ખોટી કલ્પનાના મહાત્માઓની છાપે છે તો એમની ન છાપે એવું બને જ નહી.

હવે આ.ભ.ભદ્રંકરસૂરિજીએ કુમતનો ત્યાગ કર્યો માટે પાલડી પંકજના ઉપાશ્રયમાં ત્યાંના સંઘે તેમની પ્રતિમા બેસાડી છે, નહી તો ના મૂકત.

આમ આ લોકોનું કોઇ પણ સાહિત્ય કે કોટેશન પણ બહુ જ સૂક્ષ્મતાથી વાંચવું અને વિચારવું જોઇએ નહી તો પછી કોઇ પણ આત્માને ભયંકર મોટું નુકશાન થઇ જાય.

જ્યારે જીવ Immotionaly અને/અથવા propagandaપૂર્વક blackmale થતો હોય ત્યારે બહુ જ સાવધાનીપૂર્વક લખાણ વાંચવું જોઇએ.

લોકો તેમને જિનવાણીના જાદુગર કહે છે, વાત પણ સાચી જ છે, કારણ કે જાદુગર હોય શું અને બતાવે શું. જાદુગર મનોરંજન કરી શકે, આત્મરંજન ના કરી શકે. આત્મરંજન કરવા માટે સમર્પિત શિષ્ય બનવું પડતું હોય છે, જેમાં અમુક જીવો થાપ ખાઇ જતા હોય છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૧૨/૧૦/૨૦૨૦

બે તિથીના મહાત્માઓ સાથેનો મારો વાર્તાલાપ-આ.ભ.નયવર્ધનસૂરિજી

હું જ્યારે શરૂ શરૂમાં આ.ભ.નયવર્ધનસૂરિજીને મારૂં સાહીત્ય આપવા જતો હતો ત્યારે તો બહુ જ ઉત્સાહથી મારૂં સાહિત્ય લઈ લેતા હતા અને વાંચતા પણ ખરા અને મારી જોડે ચર્ચા પણ કરતા હતા, પણ ચાર પાંચ વખતની મુલાકાત પછી હવે આપવા જાઉં છું તો મને કહે છે કે, ''તમો જે સાહિત્ય આપવું હોય, તે આપી દો, હું તમારી સાથે ચર્ચા નહી કરૂં.''

હવે આવું કહેવાની મજબૂરી તેમને એટલા માટે ઉભી થઈ હતી કે, છેલ્લે સ્મૃતિમંદિર મહોત્સવ વખતે મને મારા બે તિથીના એક પરિચીત મિત્ર મને બે તિથી મતમાં ઝૂકાવવા તેમની પાસે લઈ ગયા અને મારે એમની સાથે નવાંગી ગુરૂપૂજા બાબતે ચર્ચા થઈ. મેં તેમની બધી જ કુતર્કવાળી અને ચરિતાનુવાદવાળી વાતોનું સુતર્કથી સટીક ખંડન કર્યું, એટલે મારા કરેલા ખંડનના જવાબ ન હોવાને કારણે કંટાળીને મને ફસાવવા માટે કહેવા લાગ્યા કે, ''તો પછી એક તિથી પક્ષ અંગૂઠે જે ગુરૂપૂજન કરાવે છે તે શું યોગ્ય છે ?''

તો મેં જે જવાબ આપ્યો, તેનાથી તેઓ એવા ડઘાઈ ગયા હતા અને એવા ભોંઠા પડી ગયા હતા કે, નિઃશબ્દ થઈને મારી સામું જ જોવા માંડ્યા હતા. મારા બે તિથીના મિત્ર પણ ડઘાઈ ગયા હતા કે, ''હાય ! આ શું થઈ ગયું ?''

મેં કહ્યું કે, સાહેબજી, જો તમે મને સહયોગ આપતા હો તો આપણે બન્ને ભેગા થઈને આ એકાંગી પૂજન પણ બંધ કરાવીએ અને મહાત્માના જે ગુરૂ ભગવંતો છે તેમના ચરણ પાદુકા અથવા તેમની મૂર્તિ અથવા તેમના ફોટાને ગુરૂપૂજા કરવાનો ઠરાવ કરાવડાવી દઈએ, પરંતુ મારી આ સંઘમાંથી કાયમ માટે એક બિમારી નિકળે એ વિખવાદ-નિવારક વાત તેમને ન જચી કારણ કે, (જો ગરીબી હટી જાય તો પછી કયા મુદ્દે ભાજપને ભિંસમાં લેવી એ ન્યાયે) જો આ મુદ્દો શાંત થઈ જાય તો પછી લડવા માટે એક મુદ્દો ઘટી જાય. આજે એક ઘટે, કાલે વળી બીજો ઘટી જાય, આમ કરતા કરતા બધા જ મુદાઓ જો ના રહે તો, આ તો પછી આપણી ઈજ્જતનો સવાલ કહેવાય ને.

તેમના મગજમાં અભિમાન +ve અને ક્રોધ +ve લોહી વહી રહ્યું છે, આ મારો જાત અનુભવ છે. જો કે પાછળથી તપાસ કરતા મારો અનુભવ અને અનુમાન બન્ને સાચા નીકળ્યા.

જો હું ગભરાઈ ગયો હોત કે ડરી ગયો હોત કે હતાશ થઈને આ બધું મૂકી દીધુ હોત તો આજે જે હું આટલું બધુ ટેબલ ઉપર લાવી શક્યો છું તે કદાચ ન પણ લાવી શકત.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૧૨/૧૦/૨૦૨૦

ભાદરવા સુદ-૪ના ક્ષયે ભાદરવા સુદ-(૩+૪) આ પ્રમાણે કરવાની, જે આ.ભ.રામચંદ્રસૂરિજીના સમુદાયની વિ.સં.૧૯૯૨થી શરૂ થયેલી આચરણા છે. તે તેમના જ સમુદાયના અંક ''જૈન પ્રવચન''ના લખાણથી ખોટી પુરવાર થાય છે.

સત્ય

સંદર્ભ :-

જૈન પ્રવચન અંક નં-૧૨-૧૩-૧૪, વિ.સં.૧૯૯૦, વર્ષ-૬, શ્રાવણ વદ-૯ઃ રવિવાર પા.નં.-૧૭૭

શ્રી પર્યુષણા સાહિત્ય અંક જિજ્ઞાસા અને તૃપ્તિ પર્યુષણા વિષયક પ્રશ્નોત્તરો કોલમ-૨, ફકરો-૪

લખાણઃ- શ્રી તત્વરંગીણીનો આધાર તો સંવત્સરીની ચોથના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાનો છે, કે જે નિયમ પ્રમાણે પહેલા પણ સંવત ૧૯૩૦માં વર્તન થયું હતું.

વિવેચનઃ હવે અહિંયા આ.ભ.દાનસૂરિજીના પ્રઘોષના સમ્યક્ અર્થઘટન કરવા અનુસાર, ભાદરવા સુદ-૪ના ક્ષયે તેની પૂર્વની ઉદયાત્ ત્રીજનો ક્ષય કરીને તેની જગ્યાએ ભાદરવા સુદ-૪ને સ્થાપીને સ્થાપના નિક્ષેપે ઉદયાત્ ચોથની સંવત્સરી કરેલ છે.

જેનાથી શાસ્ત્ર પ્રમાણે સંવત્સરીની ચોથ તેની ઉદયાત્ અને તેની નિયત તિથીએ

જ આરાધાય, જેથી ૩૬૧ રાઈંદીયાણમ્ (ચાલુ વર્ષના ભાદરવા સુદ-ઉદયાત્ ૩ના કરેલી સંવત્સરીથી આગામી વર્ષના ભા.સુ.-ઉદયાત્ ૪ના કરેલી સંવત્સરી સુધી ૩૬૧ દિવસ)ના નરક પ્રાયોગ્ય અનંતાનુબંધી કષાયના દોષથી બચી શકાય. નહી તો ઉદયાત્ ભાદરવા સુદ-૩ની તિથીએ સંવત્સરી કરવાથી આ.ભ.રામચંદ્રસૂરિજીના વિ.સં.૨૦૨૮ના મુંબઈ લાલબાગના પ્રવચનોની પુસ્તિકા ''પ.તિ.ક્ષ.વૃ. અંગે સ.અને શા.સમજ'' માં લખેલ શાસ્ત્રના સંદર્ભ પ્રમાણે અનુદયાત્ અને અનિયતના બન્ને દોષો લાગવાથી નરક પ્રાયોગ્ય અનંતાનુબંધી કષાયનો દોષ લાગી જ જાય છે.

આમ આપણા પૂર્વાચાર્યો તો મૂર્ખ ન હતા, પણ આપણા પૂર્વજો પણ મૂર્ખ ન હતા. બહુ જ સમજદાર અને ગીતાર્થ હતા. તેમના ઉપર અવિશ્વાસ કરીને, પોતાના નિજમત ઉપર ખોટો વિશ્વાસ કરવા/કરાવવાથી આપણામાં ભાવ જૈનત્વની શંકા પેદા થાય છે.

તા.ક.:- હવે આનો સમ્યક્ જવાબ આ લોકો આપી શકે તો સુરતમાં જે સંસ્થાએ ૧,૦૦,૦૦૦નું ઈનામ જાહેર કર્યું છે તે ત્યાંથી લઈ શકે છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૧૪/૧૦/૨૦૨૦

ગુરૂના ઉપાલંભને (ઠપકાને) જે પ્રસાદી કે કૃપા (આશીર્વાદ) માને છે તેના જીવનમાં પાંચ પ્રકારના લાભની પ્રાપ્તિ થાય છે.

(૧) પ્રશસ્ત લોકપ્રિયતા પ્રાપ્ત થાય છે. (૨) મોહનીયના ક્ષયોપશમવાળો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય છે. (૩) લબ્ધિવાન બને છે. (૪) નિર્મળ બ્રહ્મચર્ય પાળવાની તાકાત મળે છે. (૫) પૂર્વ કર્મ ઉદય અનુસાર આચાર તથા સંયમથી ભ્રષ્ટ થતા બચે છે. જેમ સમકિતી જીવડો સંસારના સુખોને વ્યથિત હૃદયે ભોગવે તેમ ''સમકિતી સાધુ'' ગુરૂની વિપરીત માન્યતાને પણ ભલે વ્યથિત હૃદયે સેવે, પણ સેવે ખરો.

ગુરૂ ભગવંતોના શ્રીમુખેથી વ્યાખ્યાનના માધ્યમથી કરેલું જિનવાણીનું અમૃતપાન.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

ता.१०/१०/२०२०

सद्‌गुरु की आज्ञा पालन में न तो अल्प विराम (,) - (मन में संशय) होना चाहिये, और ना ही प्रश्न विराम (?)-(वचन से दलीलबाजी) होनी चाहिये, सिर्फ पूर्ण विराम (.)-(एकतरफी गुरुवचन स्वीकार) ही होना चाहिये ।

(१) अल्प विराम = = संशय

(२) प्रश्न विराम = = दलीलबाजी

(३) पूर्ण विराम = = स्वीकार = तहत्ति = No any Dout, No Any Argument, Only Acceptance

नं (१) और (२) कुशिष्य का लक्षण है । नं.(३) पूर्ण सुशिष्य का लक्षण है ।

सत्य

लि.पोपटलाल चुनीलाल शाह (साबरमतीवाले)

* * * * * * * *

ता.११/१०/२०२०

(१) मांगने की इच्छा ही सदा के लिये खतम हो जाना = केवलज्ञान तुल्य है । = केवलज्ञानी तुल्य =“अवेदी” (उत्तमोत्तम है।)

(२) मांगने की इच्छा ही न करना = ब्रह्मचर्य व्रत तुल्य है = साधु तुल्य = “ब्रह्मचारी” (उत्तम है ।)।

(३) अरिहंत प्रभु के पास या सम्यक् दृष्टि देवो के पास भी परिवार के सभी सदस्यों की समाधि बनी रहे, इसलिये लोकोत्तर धर्म करणी में सहायक बने एसी जीवन जरुरी सामग्री की प्रार्थना करना =

स्वदारा संतोष व्रत तुल्य है = "स्वदारा संतोषी" बारह व्रतधारी देश विरतिधर श्रावक तुल्य (मध्यम है ।) ।

पैदल जानेवाले को तो ईंधन की जरुरत नही रहेगी, लेकीन गाडी में जानेवाले को तो बिना ईंधन चल ही नही शकता है ।

(४) कोई भी देव के पास संसार के भोग विलास और संसार सजाने की प्रार्थना करना = दुराचार तुल्य है = "दुराचारी" मिथ्यादृष्टि अविरतिधर तुल्य (अधम है।) ।

(५) और ईस से विपरीत उपदेश देना वो उत्सूत्र भाषण (महामिथ्यात्व है ।) (अधमाधम है ।) है ।

लि.पोपटलाल चुनीलाल शाह (साबरमतीवाले)

*** * * * * * * ***

કોઈ પણ અભવિએ પોતાનું નુકશાન કર્યું હશે પરંતુ ભયાનક હુંડા અવસર્પિણી કાળ હોવા છતાં પણ કદાપી સમષ્ટિગત શાસનનું નુકશાન કર્યું હોય, એવો એક પણ દાખલો શાસ્ત્રોમાં જોવા, સાંભળવામાં આવ્યો નથી.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૯/૧૦/૨૦૨૦

(૧) સર્વ આરાધક સાધુ (સોના જેવા) - ચોથા આરામાં મોટાભાગના સાધુ ભગવંતો

(૨) દેશવિરાધક સાધુ (ચાંદી જેવા) - પાંચમાં આરાના શરૂઆતમાં મોટાભાગના સાધુ ભગવંતો

(૩) દેશ આરાધક સાધુ (તાંબા જેવા)- વર્તમાનકાળના મોટાભાગના સાધુ ભગવંતો

(૪) સર્વ વિરાધક સાધુ- (કથીર જેવા) દરેક કાળમાં હોય છે, પણ બહુ જ ઓછા. (વિનયરત્ન સાધુ, કલ્યાણસાગર ઇડરવાળા, બાલચંદ્ર, ચારિત્રવિજય- આ.ભ.રામચંદ્રસૂરિજીના શિષ્ય)

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૭/૧૦/૨૦૨૦

મોહનીય V/S જ્ઞાનાવરણીય

મોહનીયના ક્ષયોપશમથી થયેલો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ આત્માને આનંદ આપશે. જે સંઘો માટે હંમેશા લાભકર્તા જ હોય છે. જ્યારે મોહનીયના ઉદય/બંધ સાથેનો થયેલો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ આત્માને નહી, પણ મનને વિકૃત આનંદ જ આપશે અને આવો આનંદ ઘરમાં ફરતા ચમકતા લીસા પણ ઝેરી સાપ જેવો જોખમી હોય છે. કારણ કે મોટા પંડીત મહારાજ સાહેબના વ્યાખ્યાનમાં એક વખત સાંભળ્યું હતું કે, ''ગાઢ મિથ્યાત્વ સહચરિત જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જોખમી જ નહી પણ ''મહાજોખમી'' હોય છે.'' મોહનીયનો ક્ષયોપશમ એકાંતે ઉપાદેય જ હોય છે જ્યારે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ એકાંતે ઉપાદેય હોય જ એવું કહી ના શકાય.

મોહનીયના ક્ષયોપશમવાળો તીવ્ર જ્ઞાનાવરણીયનો ઉદય પણ માષ્તુષ્ મુનિને કેવળજ્ઞાનનું કારણ બન્યો હતો. જ્યારે મોહનીયના ઉદયવાળા તીવ્ર જ્ઞાનાવરણીયના ક્ષયોપશમે રોહગુપ્તને નિહ્નવતાની ભેટ ધરી હતી.

(૧) જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ + મોહનીયનો ઉદય/બંધ = દૂધ + તેજાબ → દૂધના કૂર્ચે કૂર્ચા (નુકશાન જ નુકશાન) (ચીન અને પશ્ચિમના સંશોધકોનો ક્ષયોપશમ).

(૨) જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ + મોહનીયનો ક્ષયોપશમ = દૂધ + મેળવણ → દહીં (ફાયદો જ ફાયદો) (પૂર્વની સંસ્કૃતિના સંતોનો ક્ષયોપશમ)

જાપાનના હિરોશીમા અને નાગાસાકીના નાશ માટે બોંબ બનાવનાર વૈજ્ઞાનિકનો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ તીવ્ર હતો પણ તેની સાથે મોહનીયનો બંધ/ઉદય અને તીવ્ર મેલું પુણ્ય હતું. આમ ગાઢ મિથ્યાત્વ સહચરિત

જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ અને મેલા પુણ્યે (આ બન્ને ગાંડાઓએ ભેગા મળીને) જાપાનનો દાટ વાળી નાખ્યો. એ જ ન્યાયે સંઘોને છિન્નભિન્ન કરવા માટે આવા જ કોઈ જ્ઞાનના ક્ષયોપશમ અને આવા જ કોઈ મેલા પુણ્ય વડે "તિથી વિવાદ" નામનો બોંબ બનાવીને વિ.સં.૧૯૯૨માં ભારતના જૈન સંઘો ઉપર ઝીંકી દીધો,

જેના રેડીયો એક્ટીવ વિકીરણો આજે પણ સમગ્ર જૈન પ્રજાને પિડી રહ્યા છે.

જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ સુંદરતામાં વધારો કરી શકે છે પણ મોહનીયના ક્ષયોપશમ વગર તેમાં સુવાસ તથા સંસ્કાર ભળી શકતા નથી. ચીન અને પશ્ચિમના વૈજ્ઞાનિકોનો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ કંઈક આવો જ છે.

જો મોહનીયના ઉદય/બંધ સાથેનો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો તો ચારે બાજુ ચીનની જેમ દુર્ગંધ દુર્ગંધ જ કરી દે છે અને હાહાકાર જ મચાવી દે.

કોઈ પણ જીવને જે પણ કાંઈ ગરબડ કરવી હોય તે અપ્રશસ્ત જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી જ કરી શકે છે. મોટાભાગના જીવો એકલા જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી જ બહુ જ ખેંચાતા હોય છે, જેમ કે હાલના કાળમાં પશ્ચિમનું ઘેલું.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૮/૧૦/૨૦૨૦

કાયપાત કરતા ચિત્તપાત મહાભયાનક છે.

કામરાગ જીવનું દ્રવ્ય પતન કરે છે અને તેને દ્રવ્ય શિથીલાચારી બનાવી દે છે, આ જીવનો કાયપાત છે પણ તેને ચિત્તપાત ન હોવાથી તે શાસનનો પ્રત્યયનિક ન બને. જ્યારે અપ્રશસ્ત સ્નેહરાગમાંથી પેદા થયેલો દષ્ટિરાગ અને તેમાંથી પેદા થયેલો કદાગ્રહ (અસત્યની જબરદસ્ત વજ પક્કડ) જીવનું ભાવથી પતન કરીને તેને ભાવ શિથીલાચારી બનાવીને તેને શાસનનો પ્રત્યયનિક બનાવી દે છે. આવા જીવોનો કાયપાત કદાચ ન પણ હોય પણ ચિત્તપાત જરૂર હોય છે.

સંઘભેદ અને શાસનમાલીન્ય જેવા ભયાનક કક્ષાના પાપો મેલા પુણ્ય અને ચિત્તપાત બન્ને સાથે હોય તો જ શક્ય છે. કારણ કે ખરાબ કામમાં સફળતા મેળવવા પણ પુણ્ય તો જોઈએ જ.

ભૂખ લાગે ત્યારે ભોજન તો જોઈએ જ. મનુષ્યને અન્નાહાર જોઈએ અને ભૂંડને વિષ્ટાહાર જોઈએ, પણ આહાર તો બન્નેને જોઈએ જ.

જીવનો એક વખત ચિત્તપાત થઈ જાય પછી વાક્પાત (વાણીનું પતન) અને કાયપાત થતા વાર નથી લાગતી. અપેક્ષાએ કાયપાત કરતા ચિત્તપાત મહાભયાનક હોય છે. ચિત્તપાતરૂપી જ્વાળાઓ + મેલા પુણ્યરૂપી પવનના સૂસવાટા એ દાવાનલ હોય છે. એકલા કાયપાતવાળા જીવને સમ્યક્ દર્શન હોઈ શકે છે.

એકલો પણ ચિત્તપાતવાળો જીવ તો નિશ્ચે મિથ્યાત્વી જ હોય છે.

એકલો કાયપાત એ બંદૂક જેવો છે, જે પ્રાયઃ પોતાના એકલાનું જ નુકશાન કરે છે. જ્યારે ચિત્તપાત એ મશીનગન જેવો છે. જે ઘણાનું નુકશાન કરે છે. અને ચિત્તપાત + મેલું પુણ્ય એ અણુબોંબ જેવો છે. જે ઘણા જ બધાનું નુકશાન કરે છે અને જે હડફેટે ચઢે કે લપેટમાં આવે એનું પણ નુકશાન કરે છે.

√√ = ઉત્તમોત્તમ (ગૌતમાદિ ઘણા બધા જીવો) √ = ઉત્તમ (સત્યકી વિદ્યાધર, અષાઢાભૂતિ, નંદીષેણ) x = અધમ (જમાલી, રોહગુપ્ત) xx = અધમાધમ (વિનય રત્ન, બાલચંદ્ર મુનિ, કલ્યાણસાગરસૂરિ, આ.ભ.રામચંદ્રસૂરિના શિષ્ય મુનિ ચારિત્રવિજય)

કાયપાત	ચિત્તપાત
ના	ના √√
હા	ના √
ના	હા x
હા	હા xx

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૮/૧૦/૨૦૨૦

એકના એક વિધાનનું એક જ સમુદાયના અને એક જ માન્યતા ધરાવતા બે જુદા જુદા મહાત્મામાંથી એક મહાત્માનું મનસ્વી ભાષાંતર

ગ્રંથ-પર્યુષણા સ્થિતિ વિચારનું વિધાન :-

विषमकालानुभावाज्जैनटिप्पनकं व्यवच्छिन्नं,

ततस्तत्प्रभृति खंडीत-स्फुटित-तदुपर्यष्टमी-

चतुर्दश्यादिकरणे तानि सूत्रोक्तानि न

भवन्तीत्यागमेन लोकेश्च समं परं विरोधं विचार्य

सर्वपूर्वगीतार्थसूरिभिरागममूलमिदमपीति, प्रतिष्ठा-

दिक्षादि-सर्वकार्य-मुहूर्तेषु लौकिकटिप्पनकमेव प्रमाणीकृतं;

ભાષાર્થ :-

સત્ય

સંદર્ભ- પ.તિ.ક્ષ.વૃ. અંગે સ. અને શા. સમજ. પાના નં-૩

વિષમકાળના પ્રભાવથી જૈન ટિપ્પણાનો વિચ્છેદ થયેલો છે ત્યારથી ભાંગેલ તૂટેલ તે ટીપ્પણા ઉપરથી આઠમ, ચૌદસ આદિ કરવાથી તે સૂત્રોક્ત થતી નથી, એમ આગમ અને લોકની સાથે બહુ વિરોધનો વિચાર કરીને સર્વ પૂર્વ ગીતાર્થ આચાર્ય દેવોએ "આ પણ આગમના મૂળવાળું છે" એમ પ્રતિષ્ઠા દીક્ષા આદિ સર્વ કાર્યોના મુહૂર્તોમાં લૌકીક ટિપ્પણુ જ પ્રમાણ કર્યું છે. (આ ભાવાનુવાદ શાસ્ત્ર સાપેક્ષ છે.)

સંદર્ભઃ- સત્યનું કિરણ (૧૧)

सपरिशिष्ट श्री तत्वरंगिणी-टीकानुवाद

અનુવાદકર્તા - આ.ભ.જંબૂસૂરીશ્વરજી મ.સા.

વર્ષ-૨૦૦૬

લખાણઃ- વિષમકાલના પ્રભાવથી જૈન ટિપ્પણું વિચ્છેદ થયું છે, ત્યારથી જે તિથી ક્ષીણ કે વૃદ્ધ થઇ હોય, તેને બદલી અન્ય અષ્ટમી, ચતુર્દશ્યાદિ

કરવામાં સૂત્રોક્ત થતું નથી તેથી આગમ અને લોક સાથેનો પરંવિરોધ વિચારી સર્વ પૂર્વગીતાર્થ આચાર્યોએ લૌકીક ટિપ્પણું જ આગમ મૂલક માની પ્રતિષ્ઠા-દીક્ષાદિ સર્વ કાર્ય મુહૂર્તોમાં તેને જ પ્રમાણ કર્યું છે. (પૃ.૬૬) (આ ભાવાનુવાદ પોતાને અભિષ્ટ સ્વમત સાપેક્ષ છે.)

વિવેચનઃ- બન્ને ભાષાંતરો ઉપર લખેલ એક જ ગ્રંથના સંસ્કૃત લખાણના ભાષાંતર છે. પણ ભાષાંતર કર્તા બન્નેના જુદા જુદા છે. હવે તમે બન્ને ભાષાંતરોને સંસ્કૃત લખાણ સાથે મેળવી જુઓ તો ખબર પડે કે જંબૂસૂરિજીએ કેવી છલબાજી કરી છે. આ.ભ. જંબૂસૂરિજીએ ફક્ત એકલા શાસન સાથે જ છેતરપિંડી નથી કરી, પરંતુ પોતાના આત્મા સાથે પણ છેતરપિંડી કરી છે.

હવે આ અનુવાદને સત્યનું કિરણ કહેવાય કે અસત્યની કટાર કહેવાય ?

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૧૦/૧૦/૨૦૨૦

સંદર્ભઃ- પુસ્તક- પ.તિ.ક્ષ.વૃ. અંગે સ. અને શા. સમજ. પાના નંબર-૧ ઉપર લખાણઃ-

वीतराग ! सपर्याया-स्तवाज्ञापालनं परम् ।

आज्ञाऽऽराद्धा विराद्धा च, शिवाय च भवाय च ॥

અનંત ઉપકારી કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે વીતરાગ ભગવાનની સ્તવના કરતા જણાવ્યું છે કે, 'હે પરમાત્મા ! તારી સેવા કરતા પણ તારી આજ્ઞાનું પાલન એ જ તારી મોટામાં મોટી સેવા છે. કેમકે આરાધેલી આજ્ઞા મોક્ષ માટે થાય છે. જ્યારે વિરાધેલી આજ્ઞા સંસારને વધારે છે.'

વિવેચનઃ- આ ઉપરનું વાક્ય ૧૦૧% સાચુ છે,

પણ જેમ મેલાઘેલા તથા ફાટેલા કપડા ઉપર ગમે તેટલા કીંમતી ઘરેણા પહેરો ત્યારે કોઈ વખાણતું નથી અને શોભતું પણ નથી. તેમ પરમાત્માની આજ્ઞા = ઘરેણાની જગ્યાએ છે

સત્ય

ગુરૂની આજ્ઞા = ઉજ્જવળ અને કિંમતી વસ્ત્રોની જગ્યાએ છે. ગુરૂ આજ્ઞાની અવગણના = મેલા ઘેલા ફાટેલા વસ્ત્રો. ગુરૂનો તિરસ્કાર = નિર્વસ્ત્ર અવસ્થા. માટે ગુરૂની આજ્ઞાને અવગણીને સેવેલી પરમાત્માની આજ્ઞાથી ફક્ત મેલું પુણ્ય જ બંધાય પણ નિર્જરા થવા રૂપ ઉજ્જવળ પુણ્ય ન બંધાય.

કારણ કે શાસ્ત્રનું વચન છે કે, જે ભગવાને આચરવાનું કહ્યું હોય પણ જો તે ગુરૂ આચરવાનું ''ના'' કહે તો તે ન જ આચરાય નહીં તો ગુરૂની આજ્ઞાભંગનો દોષ લાગે જ.

ગુરૂ-આજ્ઞાની અવગણના એ તીર્થંકર પ્રભુની અવગણના છે.

ગુરૂ-આજ્ઞાની આશાતના એ તીર્થંકર પ્રભુની આશાતના છે.

પ્રભુ-આજ્ઞાપાલન અને શાસ્ત્રાજ્ઞા-પાલન એ તો દરરોજનું ભણતર છે અને ગુરૂ આજ્ઞાપાલન એ તો ઓચિંતી પરીક્ષા છે. જે આ પરીક્ષામાં નાપાસ એ બધા જ નાપાસ.

તારી (પ્રભુની) = (ગુરૂની) સેવા કરતા પણ તારી (પ્રભુની) = (ગુરૂની) આજ્ઞાનું પાલન એ જ તારી (પ્રભુની) = (ગુરૂની) મોટામાં મોટી સેવા છે, કેમ કે...

રાષ્ટ્ર માટે માથું આપે એને શૂરવીર કહેવાય. ગુરૂ માટે, પોતાની ઈચ્છા પોતાની પાસે અંશમાત્ર પણ ન રાખે, પણ ગુરૂને આપી દે એને શિષ્યવીર કહેવાય.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૯/૧૦/૨૦૨૦

એક જ પ્રશ્નના બે તિથીના જ પાંચ જુદા જુદા મહાત્માઓના જુદા જુદા પાંચ જવાબો.

પ્રશ્ન-કાલિકસૂરીજી સંવત્સરી પરિવર્તન પૂર્વે ચોમાસી પૂનમના ક્ષયે જો (૧૪+૧૫) આ પ્રમાણે કરે, તો બેમાંથી એક પ્રતિક્રમણની હાનિ થાય કે ન થાય, અને જો હાનિ થાય તો દોષ લાગે કે ન લાગે ?

બે તિથીના પાંચ મહાત્માઓના આ એક જ પ્રશ્નના ચાર તો ''શાસ્ત્ર નિરપેક્ષ''

અને ''નિજમતિ''થી જવાબો હતા અને એક શાસ્ત્ર સાપેક્ષ જવાબ હતો. આમ જુદા જુદા જવાબો નીચે પ્રમાણે હતા.

(૧) પ્રશ્નોત્તરી વ્યાખ્યાનમાં ૪૦૦ શ્રોતાઓની હાજરીમાં વિ.સં.૨૦૬૨માં આ.ભ.કીર્તિયશસૂરિજીનો જવાબ હતો. ''જ્ઞાની ભગવંત જાણે''

(૨) વિ.સં.૨૦૬૩ ચૈત્રી ઓળીમાં આ.ભ.ચંદ્રગુપ્તસૂરિજીનો જવાબ હતો - આ.ભ.કાલીકસૂરિજીના કાળમાં એ વખતે ચોમાસી ૧૫ના ક્ષયે ''આરાધના હાનિ થાય, તો દોષ ન લાગે''. એવો જવાબ હતો અને આ.ભ.કીર્તિયશસૂરિજીએ પણ મને (પોપટલાલને) વ્યાખ્યાનમાં એવો જ (એમના જેવો જ = આ.ભ.ચંદ્રગુપ્તસૂરિ જેવો) જવાબ આપવો જોઈતો હતો.

(૩) અમદાવાદ (પાલડી) લક્ષ્મીવર્ધકના ઉપાશ્રયે આ.ભ.ભવ્યદર્શન સૂરિજીનો જવાબ હતો-''આરાધના હાનિ થાય તો દોષ લાગે.''

(૪) આ.ભ.જયદર્શનસૂરિજીનો જવાબ હતો-કોઈ પણ તિથીના ક્ષયે, એક જ દિવસે બન્ને પર્વોને લગતી બધી જ આરાધના થઈ શકે છે. એ હિસાબે ''ચોમાસી પૂનમના ક્ષયે એક જ દિવસે બન્ને તિથીઓની બધી જ આરાધના થઈ શકે છે.'' (એટલે કે કારતક સુદ-૧ના ક્ષયે એક જ દિવસે પક્ખિ અને ચોમાસી પ્રતિક્રમણ થઈ શકે છે.)

(૫) આ.ભ.કમલરત્નસૂરિજીના શિષ્ય (મૂળ તો આ નાનું ગ્રુપ આ.ભ.ગુણરત્નસૂરિજીના મોટા ગ્રુપનો એક ભાગ જ હતું. પણ ૨૦૪૪માં શક્તિ પ્રદર્શન માટે પોતાના સમુદાયનું સંખ્યાબળ વધારવા, જેમ બીજા કેટલાયોને ખોટી રીતે ભડકાવીને અને કોકને માનકષાયનું મિષ્ટાન્ન ખવડાવીને ગુરૂદ્રોહનું પાપ કરાવડાવ્યું હતું, એમ આમની જોડે પણ ગુરૂદ્રોહનું પાપ કરાવડાવ્યું હતું.) ખાંતિરત્નવિજયજીનો જવાબ :- એ વખતે (૧૫૦૦ વર્ષ પૂર્વે) એક જ દિવસે ''પક્ખિ એવમ્ ચોમાસી મુહપત્તિ પડીલેહું'' એમ બન્ને શબ્દો બોલીને બન્ને પ્રતિક્રમણ કરતા હશે.

હવે તમે જ કહો કે, જ્યારે તેઓ પોતે પણ અંદરો અંદર નિશ્ચિત નથી તો પછી આ લોકોના ઢગલાબંધ વિખવાદોમાંથી એક પણ વિખવાદ કેવી રીતે સાચો હોઈ શકે ?

શાસ્ત્રો શાસ્ત્રોની બૂમરાણનો એક તરફી ઠેકો (Monopoly) લઈને બેઠેલા

પોતે જ શાસ્ત્ર નિરપેક્ષ બોલે છે. અને શાસન પક્ષને ગાળો ભાંડે છે. આમ ઉલટા ચોર કોટવાલ કો દંડે એના જેવું થયું આ તો.

જો આ સમુદાયના મહાત્માઓ તથા શ્રાવકો પંડીત મહારાજ અને બાબુભાઈ હળવદવાળાની જેમ ચકોર, મક્કમ, વ્યક્તિરાગીને બદલે સત્યરાગી અને ખુમારીવાળા રહ્યા હોત તો આજે આખો સમુદાય સંઘભેદ અને શાસન માલીન્યના મહાપાપથી બચી જાત.

હવે વર્તમાનમાં ચોમાસી ફાગણ સુદ-૧૪ના ક્ષયે (૧૩+૧૪) આ નવી પદ્ધતિ પ્રમાણે કરે તો પૌષધ, સવારનું પડિલેહણ, વ્યાખ્યાન, આયંબીલ, ચોમાસી દેવવંદન, છ'ગાઉની પ્રદક્ષિણા, બપોરનું પડિલેહણ, સાંજના દેવ વંદન, ચોમસી પ્રતિક્રમણ કેવી રીતે કરતા હશે ? જરા કોઈ સમજાવે તો ખબર પડે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

ક્યા પંચાંગને જૈન પંચાંગ કહેવાય અને ક્યા પંચાંગને જૈન પંચાંગ ન કહી શકાય ?

શાસન પક્ષના પંચાંગને રોજીંદી આરાધના માટેની જૈન માહિતીવાળું મૂળ જૈન સૈદ્ધાંતિક પંચાગનું યથાશક્ય સાપેક્ષપણું જાળવી રાખવા, પૂર્વધર મહર્ષિના પ્રઘોષની આજ્ઞા મુજબ સંસ્કારીત કરેલું, દેવસૂર સમાચારી મુજબનું જૈન બુકલેટ પંચાંગ કહેવાય છે.

જ્યારે બે તિથી પક્ષનું પંચાંગ રોજીંદી આરાધના માટેની જૈન માહિતીવાળું (પર્વ તિથીઓ સિવાયનું), મૂળ જૈન સૈદ્ધાંતિક પંચાગનું સાપેક્ષપણું જાળવ્યા વગર, અને પૂર્વધર મહર્ષિના આદેશનો અમલ કર્યા વગર, દેવસૂરિ સામાચારીથી અલગ જ રામચંદ્રસૂરિ સામાચારીવાળું લૌકીક બુકલેટ પંચાંગ કહેવાય છે. તે પંચાંગ ઉપર જૈન શબ્દ લખવો એ એક ભ્રમણા હોવાથી મૃષાવાદ છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૨૫/૮/૨૦૨૦

★उदयम्मि जा तिही सा,★ ★पमाणमिअरीइ कीरमाणीए ।★

★आणाभंगणवत्थामिच्छत्त विराहणं पावे ।।१।।★

ઉદયમ્મિના ઉત્સર્ગ સૂત્રને વિગતવાર સમજીએઃ-

શબ્દાર્થઃ- ઉદયમાં જે તિથી હોય તે પ્રમાણ કરવી જોઈએ, બીજી પ્રમાણ કરતાં આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના લાગે.

ભાવાર્થ :- જુદા જુદા જીવો પોતપોતાની સમજ પ્રમાણે રોજે રોજ માટેની તિથીઓ જુદી જુદી રીતે ચારથી પાંચ પ્રકારે પકડી શકે છે.

(૧) એક જીવ એમ કહે કે એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધી સામાન્યથી ઓછામાં ઓછી બે તિથીઓ તો પ્રવર્તતી જ હોય છે, માટે જે સમયે જે તિથી પ્રવર્તતી હોય તે સમયે તે તિથી જ માનવી. - આનાથી રોજની બે-બે તિથી માનવાનું સંકટ આવે.

(૨) એક જીવ વળી એમ કહે કે, બેમાંથી જેનો ભોગવટો મહત્તમ હોય તે તિથીને જ આખા દિવસ (૨૪ કલાક માટે) માટે માનવી.

(૩) એક જીવ વળી એમ કહે કે તિથીનો સંબંધ ચંદ્ર જોડે છે, અને ચંદ્રનો સંબંધ રાત્રી જોડે છે, તો સૂર્યાસ્ત વખતે જે તિથી ચાલતી હોય તે જ તિથી રાખોને.

(૪) એક જીવ વળી એમ કહે કે ચંદ્રોદય વખતે જે તિથી ચાલતી હોય તે જ તિથી રાખોને.

(૫) એક જીવ વળી એમ કહે કે, આપણો બધો જ વ્યવહાર, પચ્ચક્ખાણ, વિહાર, સંઘપ્રયાણ વગેરે સૂર્યોદયને આશ્રયિને જ હોય છે, માટે સૂર્યોદય સમયે જે તિથી ચાલતી હોય તે જ તિથી રાખોને.

આમ આ બધા વિકલ્પોમાં પાંચમો વિકલ્પ એકદમ યોગ્ય છે, માટે ઉદયાત્ તિથી જ (એટલે કે સૂર્યોદય વ્યાપિની તિથી અને પાછી એ જ દિવસે સમાપ્ત પણ થઈ જાય છે. કારણ કે ઉદયમ્મિના નિયમ વાળી ઉદયાત્ તિથીઓ કદાપી બીજા દિવસે સમાપ્ત ન થાય, નહીં તો તે વૃદ્ધિ તિથી

બની જાય.) આખા દિવસ માટે પ્રમાણ રાખવી અને લોકમાં પણ એ પ્રમાણે જ છે, માટે લોકવિરૂદ્ધ આચરણાનું પણ કોઇ સંકટ ના નડે.

હવે કોઇ જીવ ૧ થી ૪માંથી કોઇ વિકલ્પ પકડીને તિથી રાખે તો તેને સૂત્રમાં બતાવેલા ચારે દોષો લાગે. (આજ્ઞાભંગ વગેરે)

હવે કોઈપણ ક્ષીણ તિથીનો ભોગવટો કદાપી ઉત્તરની (પાછલી=પછીની) તિથીમાં હોતો જ નથી અને હોય પણ નહિ પણ પૂર્વની (પહેલાની) તિથીમાં જ હોય છે માટે તેની આરાધના પૂર્વની તિથીમાં જ કરાય. (એક જ દિવસમાં ત્રણ તિથીઓ પ્રવર્તે ત્યારે પહેલી તિથી ઉદયાત્ હોય છે. વચલી તિથી ક્ષીણ તિથી હોય છે અને પછીની તિથી બીજા દિવસના સૂર્યોદય વખતે ઉદયાત્ બને છે.) અને વૃદ્ધિ વખતે પ્રથમની તિથી ચોવીસ કલાક ભોગવાય છે પણ સમાપ્ત એ દિવસે થતી નથી પણ સમાપ્ત બીજા દિવસે થાય છે માટે ઉદયમ્મિના ઉત્સર્ગ સૂત્રવાળી તિથી બીજી જ કહેવાય છે પણ પ્રથમ નહિ. માટે વિશેષ આરાધ્ય તિથી બીજી જ ગણાય છે.

હવે આટલું સ્પષ્ટ લખવા પ્રમાણે જો ખંડીત પર્વ તિથીઓને અખંડ બનાવ્યા વગર ખંડીત રાખીને જ આરાધવાની હોત તો તો પૂર્વધર મહર્ષિ ખંડીત પર્વ તિથીઓના પર્વીકરણ માટે ઉત્સર્ગ સૂત્રનું અપવાદ સૂત્ર આપવાની ખોટી મહેનત કરત જ નહિ.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

લવાદ **PL Vaidy**ને કસ્તુરભાઈ શેઠ પોતે જ લાવ્યા હતા, તો પછી તેમણે લવાદનો ફેંસલો કેમ માન્ય ન રાખ્યો ?

(૧)કસ્તુરભાઈ શેઠનો પરિવાર તો વર્ષોથી શાસનપક્ષની પૂર્વાચાર્યોની શાસ્ત્રસાપેક્ષ પારંપરિકપદ્ધતિ પ્રમાણે જ પર્વ તિથીઓની આચરણાકરતો હતો, અને હાલમાં પણ એ પ્રમાણે જ કરે છે.

(૨) તિથીવિવાદ એ નિશ્ચે એકાંતે મોક્ષમાં બાધકઅને દુર્ગતિમાં સહાયકએવો તત્વશૂન્ય નુકશાનકારક (તમાકુના વ્યસન જેવો)વિવાદ છે, એ પોતે પણ જાણતા જ હતા, એવા ગીતાર્થ અને સમજદાર શ્રાવક

હતા, પણ વાઘને કોણ કહે કે, તારૂં મોઢું ગંધાય છે.

(૩) તેમણે એવો પણ વિચાર કર્યો હોય કે, શાસન પક્ષ સાચો જ છે, તો એક વખત આનો લવાદી ફેંસલો લાવી દઈએ, તો શાસનને ઉધઈની જેમ કોરી ખાતા આ પ્રશ્નનો કાયમ માટે નિવેડો તો આવી જાય અને સંઘમાં કાયમ માટે સર્વત્ર શાંતિ અને સમાધિ તો સ્થપાય. અને જીવો દુર્ગતિનું ભાથુંબાંધતા તો બંધ થાય. પણ ભાવીના ગર્ભમાં કંઈક અમંગળથવાનુ લખ્યું હશે, તે તો છદ્મસ્થ જીવોને ક્યાંથી ખબર પડે ?

એ તો બે જીવોને જ ખબર પડે. એક તો જેના મનમાં કપટ રમતુંહોય તેને અને બીજુ કેવળી ભગવંતને. આ સિવાય કોઈને ખબર ના પડી શકે.

(૪) તેમણે એમ પણ વિચાર્યું હોય કે, જો શાસન પક્ષના તરફેણમાં ફેંસલો આવી જાય, તો તો કાંઈ વાંધો છે જ નહી અને કદાચ શાસન પક્ષની વિરૂદ્ધમાં ફેંસલો આવે, તો આ બાબતે જેના મનમાં પાપ ઘૂંટાતું હશે, તે ભવાંતરમાં તેના કટુ ફળ ભોગવશે, પણ સંઘ તો નિર્દોષ છે, માટે સંઘને કદાચ કેવળી ભગવંતના જ્ઞાનમાં ખોટી તિથીએ પણ આચરણા કરવી પડશે તો પણ સંઘનું કાંઈ જ બગડવાનું નથી, કારણ કે આ ફેંસલામાં સંઘ તો નિમિત્ત છે જ નહીં, નિમિત્ત તો જેના મનમાં કાળું ઘૂંટાઈ રહ્યું હોય, તેના સિવાય કોઈ હોઈ ના શકે. પણ નિશ્ચે મિથ્યાત્વદાયક અને દુર્ગતિદાયક આ ઝઘડો સંઘોમાંથી કાયમ માટે નીકળી જાય, એ મોટો લાભ તેમને દેખાયો હોય, એવું પણ બની શકે છે.

(૫) જો ફેંસલો ગરબડ વગર આવ્યો હોત, તો તો શેઠ પોતે પણ તરત જ સ્વીકાર કરત, પણ અજૈનોમાં પણ જગજાહેર થયેલો એવો બદનામીવાળો ફેંસલો આવ્યો માટે તેમણે પણ માન્ય ન રાખ્યો અને પોતાની વર્ષો જૂની આચરણા ચાલુ રાખી હોય. આવું મારૂં અનુમાન છે.

(૬) આમ એક સમર્થ અને વિદ્વાન ખરા પણ સમજદાર નહી એવા અગીતાર્થ પુણ્યવાન આચાર્યે એક ગીતાર્થ અને સમજદાર શ્રાવક એવા શેઠ કસ્તુરભાઈની ઉત્તમ ભાવનાને અમૂર્ત સ્વરૂપ આપવા ન દીધું.

(૭) ઘણા વળી એવું પણ કહેતા ફરે છે કે, જો ફેંસલો ખોટો હોત તો

કસ્તુરભાઈ શેઠ સાગરજી મહારાજ સાહેબને ઠપકો આપતો પત્ર લખે કેવી રીતે ?

વાત સાચી છે, પણ આ પત્ર પણ બે તિથીવાળા શ્રાવકોએ શેઠની પાછળ પડી જઈને ફોર્મેટ પ્રમાણે પત્ર લખવા માટે બહુ જ દબાણ કર્યું હતું અને શેઠે પછી કંટાળીને એ પત્ર લખી આપ્યો હતો. કારણ કે શેઠે મનથી લખ્યો હોય, તો તો તે ફક્ત શેઠ અને સાગરજી સિવાય કોઈની પાસે હોઇ જ ના શકે, અને પાછો તે સને ૧૯૪૩ના વર્ષના જુલાઈ માસનો જ હોવો જોઈએ.

હવે આ પત્ર વિષે સમીક્ષા કરીએ

● (૧) જો શેઠે ઘણા સમય પછીથી સાચા રોષપૂર્વક લખ્યું હોય તો રજીસ્ટર્ડના અસ્વીકાર વખતે જ ઠપકાનો પત્ર લખી દેત જ ને.

● (૨) જો શેઠને ફેંસલામાં ગરબડ ન લાગી હોત તો એ વખતે જ ઠપકાનો પત્ર લખીને બે તિથીની આચરણા ચાલુ કરી દીધી હોત જ ને.

● (૩) યોગતિલક વિજયજીની તિથી અંગેની પુસ્તિકામાં=લખે (લખાવેલ છે.) છે. (એટલે કે ફેંસલો આવ્યાના ૧૨ વર્ષ પછી.)

● (૮) શેઠને મારા અનુમાનથી સાગરજીના ઉપાસકો ઉપર બહુ જ ગુસ્સો આવ્યો હશે કારણકે, રામચંદ્રસૂરિજીની માન્યતા માની લો કે, કદાચ સાચી હતી, તો તો સંઘોને કોઈ નુકશાન હતું જ નહી. અને માની લો કે ખોટી હતી, તો તેનું પાપ સંઘોને તો લાગવાનું હતું જ નહી, કારણ કે સંઘ તો મોક્ષમાં એકાંતે બાધક એવા ક્લેશ અને કષાયના નિવારણ માટે ફેંસલો સ્વીકારે છે. પણ સાગરજીના ઉપાસકોએ એ ખોટો તો ખોટો પણ એ ફેંસલો ન સ્વીકારવા દીધો અને તેને લઈને સંઘમાં કોઈએ નાખેલો ઝઘડો ન નીકળ્યો. તેનો રંજ શેઠને રહ્યો હોય, એવું મને તો લાગે છે.

પરંતુ જેવું શાસનમાલિન્ય કરવાનું જથ્થાબંધ મેલું પુણ્ય આ.ભ.રામચંદ્રસૂરિજી પાસે હતું તેવું શાસનમાલિન્ય-નિવારણ માટેનું જથ્થાબંધ ઉજળું પુણ્ય શેઠ જોડે ન હતું અને તેમાં જ આ બે તિથીપક્ષ

શાસનને રંજાડવામાં ફાવી ગયો.

જો કે અનુબંધમાં પાપની જ કમાણી થવાની હોય છે ત્યારે જ પુણ્યના ઉદય વખતે પાપના વ્યાપારમાં પણ સફળતા મળતી હોય છે.

પુણ્યના ઉદય વખતે જો અનુબંધ પાપનો જ પડવાનો હોય તો તે પહેલા કર્મમહાસત્તા આપણી બુદ્ધિ ભ્રષ્ટ કરે છે, કારણ કે શિષ્ટ બુદ્ધિની હાજરીમાં ખરાબ પ્રવૃત્તિ સૂઝે જ નહી. કારણ કે ગમે તેવા ધર્મિષ્ઠ જીવને પણ જો દુર્ગતિમાં જ જવાનું હોય, તો અંત સમયે તેને અશુભ લેશ્યા જ લેવા આવે જ, શુભ લેશ્યા લેવા ના જ આવે. માટે શાસન પક્ષે હિંમત હારવી જોઇએ નહી અને જેમ શેઠે "તારી જો હાક સૂણી કોઈ ના આવે તો એકલો જાને રે એકલો જાને રે" એ ન્યાયે જેમ સત્યનો પક્ષ ન છોડ્યો તે ન જ છોડ્યો, તેમ આપણે પણ પ્રાણાંતે પણ સત્યનો પક્ષ છોડીને અસત્યના પક્ષની ગુલામી કરવાની મૂર્ખામી કદાપી કરવી જોઇએ નહી. આનાથી વધારે સ્પષ્ટ રીતે સમજાવવા માટે લખવાનો મસાલો મારી પાસે રહ્યો નથી.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તિથિ વિવાદના ઝઘડાના પ્રકાર

તિથી વિવાદના ઝઘડા બે પ્રકારના છે

(૧) હંગામી-ઘાસના તણખલાની આગ જેવા, કે દીવાસળીની આગ જેવા, કે જે લાગીને તરત જ ઓલવાઈ જાય

(૨) કાયમી-બકરીની લીંડીની આગ જેવા, કે દાવાનલ કે વડવાનલ કે લાવારસ જેવા, કે જે લાગ્યા પછી તેમાં લીંડી નાખ્યા જ કરો તો પાંચમા આરાના છેડા સુધી પણ ન ઓલવાય.

આ લોકોએ પોતે નાખેલો તિથીનો ઝઘડો જુદા જુદા ત્રણ જૂથો ઉપર ખોટા બહાના બનાવીને અને આક્ષેપો આપીને ઢોળે છે. જે ત્રણે જૂથનો વિવાદ ખરેખર ઘાસના તણખલાની આગ જેવો જ છે.

જ્યારે તેમણે પોતે નાખેલો ઝઘડો, એ તો બકરીની લીંડીની આગ જેવો કે દાવાનલ, વડવાનલ કે લાવારસ જેવો છે અને તેમના બોઈલર

ઓપરેટરો તેમાં છાસવારેને છાસવારે લીંડી નાખ્યા જ કરે છે અને આગને ઓલવવા જ દેતા નથી.

(૧) આ લોકો તિથીનો ઝઘડો યતિઓ ઉપર નાખે છે. એનું માયાવી કારણ એ છે કે, આમે ય યતિઓ શિથીલાચાર માટે બદનામ તો છે જ, તો તેમના ઉપર ઢોળવાથી "સાપેય ન મરે અને લાકડી યે ન ભંગાય" એ ન્યાયે અને "ચડાવો શૂળીએ જાડા નરને જોઈ" એ ન્યાયે કોને ખબર પડવાનો છે તેમનો મલિન ઈરાદો ? અને આનાથી તેમનો મલિન ઈરાદો પણ બર આવી જાય.

હવે યતિઓની માન્યતા ફક્ત પર્યુષણ મધ્યેની ભાદરવા સુદની ૧,૨,૩,૪ની ક્ષય-વૃદ્ધિ કદાચ આવી જાય તો જ પૂર્વ માસના શ્રાવણ વદની ૧૩ની ક્ષય-વૃદ્ધિ કરવાની માન્યતા હતી, જે સંવેગી તપાગચ્છને માન્ય ન હતી. બાકી બારે મહિનાની પર્વ તિથીઓ તો યતિઓ સંવેગી તપાગચ્છ મુજબ જ કરતા હતા.

તેઓ પર્વ તિથીઓની ક્ષય-વૃદ્ધિ તો કદાપિ કરતાં જ ન હતા. આ ઘટના પણ ઘાસના તણખલાની આગ જેવી જ કહી શકાય.

(૨) વિ.સં.૧૯૫૨માં લૌકિક ચંડૂ પંચાંગમાં પહેલ વહેલો ભાદરવા સુદ-૫નો ક્ષય એકાએક બધાના જોવામાં આવ્યો અને બધાય મૂંઝાયા કે શું કરવું ? કારણ કે ૪ એ મહાપર્વ તિથી છે અને ૫ એ બાર મહિનામાં ૨૪ વખત આવતી ફરજીયાત પર્વ તિથી છે. જો એક જ દિવસે બન્ને મહાપર્વ અને પર્વ તિથીઓ રાખીએ તો તો પાંચમની આરાધનાનો ક્ષય થઈ જાય. તેમાં સાગરજી મ.સા.એ "ક્ષયે પૂર્વા તિથીઃ કાર્યા....." પ્રઘોષ અનુસાર અને ૧૫/૦))ના ક્ષયે ૧૩નો ક્ષય કરવાના ન્યાયે, ભાદરવા સુદ-૫ના ક્ષયે ૩નો ક્ષય કરીને ભાદરવા સુદ-૪ અને ૫ બન્ને તિથીઓની અસ્તિત્વ પૂર્વકની ક્રમબદ્ધ આરાધના કરી. જ્યારે બાકીના સંઘે એ વરસ પૂરતા અન્ય છઠના ક્ષયવાળા પંચાંગનો આશરો લઈને ભાદરવા સુદ-૪ અને ૫ની અસ્તિત્વ પૂર્વકની ક્રમબદ્ધ આરાધના કરી હતી. જેને કારણે દિવસ ભેદ થયો હતો. આ ઘટના કદાચ ઘાસના તણખલાની આગ જેવી કહી શકાય. જે ૧૦૦ વરસમાં પાંચ થી છ વખત બની શકે છે. તેમ

સત્ય

છતાં ક્યાંય પણ સાગરજીને કારણે સંઘભેદ થયો ન હતો. જો સંઘભેદ થયો હોત તો આજે એ સમુદાય અઢાર સમુદાયમાં ન હોત.

(૩) હવે ભાવનગરના કુંવરજી આણંદજી તો પૂર્વે જીવો જેમ ગુરૂ ભગવંતોને પૂછી પૂછીને જેવી રીતે પર્વ તિથીઓની આરાધના કરતા હતા તે પ્રમાણે જ વૃદ્ધિચંદ્રજીના માર્ગદર્શન અનુસાર ભિંતિયા પંચાંગમાં છાપી દેતા હતા, જેથી કોઈ પણ જીવથી કદાપિ ભૂલ થાય જ નહી. માટે આ.ભ.રામચંદ્રસૂરિજીનું તેમના ઉપરનું દોષારોપણ તો બિલકુલ પાયાવિહોણું અને તથ્ય હીન જ છે જો તથ્ય હોત તો નેમિસૂરિજીનો સમુદાય આજે અઢાર સમુદાયમાં ના હોત.

(૪) પણ આ.ભ.રામચંદ્રસૂરિજી એ જે જાણી જોઈને, અજ્ઞાનમૂલક આગ લગાડી છે, તે તો બકરીની લીંડીની આગ જેવી કે દાવાનલ, વડવાનલ, લાવારસની આગ જેવી છે. તેને તો નવું બળતણ ન આપો અને પાણી છાંટો તો જ ઓલવાય એવી છે.

કારણ કે, આ.ભ.રામચંદ્રસૂરિજીનો ઝઘડો વર્ષની ૧૪૪ પર્વ તિથીઓને સ્પર્શે છે. (લોક અપવાદને કારણે ૧૪૩ છે.) એટલે આ ઝઘડો તો કાયમી ઝઘડો થયો કહેવાય, જે તેમના જ "જૈન શાસન શીરતાજનું જીવન કવન"નામના પુસ્તકમાં લખવા મુજબ વિ.સં.૧૯૯૨થી સંઘોમાં ચાલુ થયો છે.

આ સૂર્ય જેવું સત્ય છે, જેને કોઈ પણ શિષ્ટ પુરૂષ નકારી શકે નહીં. અને માટે જ આ સમુદાયને અઢાર સમુદાયો સાથે બેસવામાં શરમ આવે છે, અને સાથે ન બેસવા માટે નાના બાળકની જેમ નવા નવા ડખા નાખે રાખે છે.

વ્યવહારમાં જમવાનું ઠંડુ, મોળું કે મોડુ વહેલું મળે, એ નાનો દોષ છે, અને જમવાનું જ ના મળે એ મોટો દોષ છે. એ જ ન્યાયે આરાધના આગળ પાછળ થાય, એ નાનો દોષ છે, પણ આરાધના- હાનિ થાય, કે આરાધનાની હાનિ થવાની શક્યતાઓ પેદા થાય એ મોટો દોષ છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૬/૧૦/૨૦૨૦

ઝવેરસાગરજી મ.સા.ના હેંડબીલનો (લખાણનો) માયાવી દુરૂપયોગ.

સંદર્ભઃ-પુસ્તક-પર્વતિથીના સત્યની શોધમાં

લેખક-સંજય વોરા

પાના નંબર-૨૦, કોલમ-૨, ફકરો-બીજો, લીટી છટ્ઠીથી

લખાણ........ઝવેરસાગરજીએ સંવત ૧૯૩૫ના ચાતુર્માસ દરમ્યાન એક હેન્ડબીલ બહાર પાડી પર્વ તિથીઓની ક્ષય-વૃદ્ધિ થાય જ નહિ એવા યતિઓના રીવાજને પડકાર્યો હતો, અને એકમદૂજ ભેળા કરવા એવું કહ્યું હતું.

હવે આવું કહેવાનું કારણ એ હતું કે, એ વખતે યતિઓ ભાદરવા સુદ-૨ના ક્ષયે શ્રાવણ વદ-૧૩નો ક્ષય કરતા હતા, જે કરાય નહિ. અને ભાદરવા સુદ-૧ને લગતી આરાધના શ્રાવણ વદ૦-))ના પણ કરાય નહિ. માટે તેમણે એ વર્ષ પૂરતું ભાદરવા સુદ-૨ના ક્ષયે (૧) કોઈ શ્રાવણ વદ-૧૩નો ક્ષય કરી ના દે. (૨) કે કોઈ ભા.સુ.-૧ની આરાધના શ્રાવણ વદ-૦)) ભેગી કરી ના દે (૩) કે કોઈ બીજનો ક્ષય રાખી ના દે, એટલા માટે કહ્યું કે, એકમ દૂજ ભેળા કરવા, એટલે કે બેસતા મહિનાને લગતી બધી જ આરાધના બીજના દિવસે કરવી.

વિવેચન- આ જ પુસ્તકના આ જ પાના ઉપરના આ જ કોલમના ફકરામાં નીચેથી સાતમી લીટીથી લખે છે કે,

........જો કે તેમ છતા તેમણે (એટલે કે ઝવેરસાગરજીએ) પણ પૂનમ-અમાસના ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષય-વૃદ્ધિ કરવાની પરંપરાનો વિરોધ કર્યો ન હતો.

એક બાજુ ઝવેરસાગરજી માટે લખે છે કે, પર્વ તિથીઓની ક્ષય-વૃદ્ધિ થાય જ નહી એવી માન્યતાવાળા તેઓ હતા અને તરત જ નીચે લખે છે કે, તેઓએ પૂનમ અમાસના ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષય-વૃધ્ધિ કરવાની પરંપરાનો વિરોધ કર્યો ન હતો. હવે પોતે જ જ્યારે પર્વ તિથીઓની ક્ષય-વૃદ્ધિ કરતા ના હોય, તો પછી ક્યાંથી તેનો વિરોધ કરે. અને જો બે

તિથીવાળાઓના કહેવા મુજબ પોતે (ઝવેરસાગરજી) પર્વ તિથીઓની ક્ષય-વૃદ્ધિ યથાવત્ રાખતા હોય અને તેમના શિષ્ય આનંદસાગરજી (સાગરજી મ.સા.)ન રાખે, એવા અવિનીત કે ઉદ્ધત તેઓ નહોતા. ૧૯૪૫ના મિશ્ર પંચાંગની માયા જેવું જ થયું કહેવાય. હવે આમા તો જેને મગજ જ ના હોય, એ ડફોળ બને. બાકી ધર્મરાગી અને તત્વરૂચિવાળાઓ જાગૃત જીવ જાણી જોઈને તો શું અજાણમાં પણ ડફોળ ના બને.

સાવધાનઃ- બે તિથીવાળાઓ જ્યારે ડાહી ડાહી અને સૂફીયાણી અને આપણને સારૂ લગાડનારી વિસ્મયકારક વાતો કરે કે લખે, ત્યારે ખાસ સાવધાન થઈને વાંચવું. કારણ કે અંદર ગરબડ નીકળે નીકળે નીકળે જ. આમા કોઈ શંકા હોય જ નહી. આ મારી અનુભવસિદ્ધ ખાતરી છે.

તા.ક.ઃ- મારી એક પણ પોષ્ટ જો ખોટી હોત તો અત્યાર સુધીની ૬૪ પોષ્ટોમાંથી કોઈ પણ એકનું તો ખંડન આવત આવત ને આવત જ.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૭/૧૦/૨૦૨૦

પદ્મવિજયજીનો પત્ર

સંદર્ભ :- પ.તિ.ક્ષ.વૃ.અંગે સ. અને શા.સમજ.

પાના નંબર-૮૭, ફકરો-૩,

લખાણઃ- છતાં પૂ.પં.શ્રીપદ્મવિજયજી મહારાજા જે સ્પષ્ટ ફરમાવે છે કે, ચઉદસની તિથી ક્ષય થઈ તેથી તેરસને દિવસે ચૌદસ કરવી. આથી પર્વ તિથીઓની હાનિ-વૃદ્ધિ ડહેલાના ઉપાશ્રયના સમર્થ મહાપુરૂષને પણ માન્ય છે, તે હકીકત અહિં સમજવા જેવી છે.

વિવેચનઃ- (૧) હવે અહિંયા મૂળ જૈન સૈદ્ધાંતિક ટીપ્પણાના અભાવમાં આપણે જૈનોએ લૌકીક પંચાંગ સ્વીકાર્યું હોવાથી તેમાં આવતી તિથીઓની ક્ષયવૃદ્ધિ તેમની લૌકીક રીતે માન્ય તો રાખવી જ પડે, પણ આપણે ત્યાં પર્વ તિથીઓની આરાધનાનું મહત્વ હોવાથી લૌકીક પંચાંગમાં આવેલી ફક્ત અને ફક્ત પર્વ તિથીઓની જ ક્ષય-વૃદ્ધિ આપણા આરાધના માટેના

જૈન પંચાંગમાં રખાય નહી, તો જ પર્વ તિથીઓની આરાધનામાં ગરબડ ટાળી શકાય અને હાનિ પણ થાય નહિ. માટે જ પદ્મવિજયજીએ ભારપૂર્વક લખ્યું છે કે, ''ચઉદસની તિથી ક્ષીણ થઈ (ક્ષીણ ક્યાં થઈ ? જૈન ટીપ્પણે કે લૌકીક ટિપ્પણે ? તો જવાબ - લૌકીક ટીપ્પણે) તે ચઉદસ તેરસને દિવસે ચઉદસ કરવી (ચઉદસ ક્યાં કરવી ? લૌકીક ટીપ્પણે કે જૈન ટીપ્પણે ? તો જવાબ- જૈન ટીપ્પણે).''

આમ લૌકીક ટીપ્પણે પર્વ તિથીઓની ક્ષયવૃદ્ધિઆવે છે, તે આપણે માનીએ છીએ,માટે જ તો આપણે આપણા આરાધના માટેના જૈન પંચાંગમાં રાખતા નથી. એટલે કે લૌકીક પંચાંગમાં માનીએ છીએ, પણ આરાધના માટેના જૈન પંચાંગમાં નથી માનતા. આવું કહી શકાય.

આમ આ પણ પોતાનો કુમત મજબૂત બનાવવાની એક સ્ટાઈલ છે.

(૨) હવે અહિંયા લેખક જીવોને ભ્રમણામાં નાખવા માટે '' ચોરી કરવી નહિ. કરનારને દંડ થશે.'' આ વાક્યને ''ચોરી કરવી, નહિ કરનારને દંડ થશે." એ પ્રમાણેના ભાવવાળા ઉપસાવીને ભોળા જીવોના મગજમાં પોતાનો કુમત ઠસાવવા માંગે છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૫/૧૦/૨૦૨૦

સંદર્ભઃ-પુસ્તક-પ.તિ.ક્ષ.વૃ.અંગે સ. અને શા.સમજ.

પાના નં-૭૯, ફકરો-૧, પાંચમી લીટીથી

લખાણઃ-તિથીઓની ક્ષયવૃધ્ધિ આવતી હોવાથી પક્ષમાં ૧૪,૧૫ કે ૧૬ દિવસ આવે પણ તીથી તો ૧૫ જ હોય, તેવી જ રીતે ચોમાસામાં ૧૧૮ દિવસ આવે, વર્ષમાં ૩૫૪ દિવસ આવે તો પણ તિથી તો અનુક્રમે ૧૨૦ અને ૩૬૦ જ હોય, એ કારણે જ પક્ખિ, ચોમાસી અને સંવત્સરી ખામણામાં દિવસો ઓછા વત્તા હોવા છતાં તિથીની અપેક્ષાએ પન્નરસ રાઈંદીયાણમ્, ૧૨૦ રાઈંદીયાણમ્ અને ૩૬૦ રાઈંદીયાણમ્ બોલાય છે. પક્ષનો, માસનો કે વર્ષનો બ્રહ્મચર્યાદિનો નિયમ લેનારે પક્ષના ૧૪ દિવસ,

માસના ૨૯ દિવસ કે વર્ષના ૩૫૪ દિવસ હોય તેથી તેણે પક્ષ, માસ કે વર્ષનો નિયમ પૂરો પાળ્યો નથી એમ ન કહેવાય.

વિવેચનઃ- હવે અહિંયા એકદમ સાવધાન થઈને આ આખો મુદ્દો વાંચવા જેવો છે. સહેજ પણ ગાફેલ રહ્યા તો તમે પણ બ્રાહ્મણની જેમ ઠગાઈ જશો. જેમ ત્રણ ઠગ બ્રાહ્મણના હાથમાંથી બકરૂ પડાવી લેવા તેને કૂતરૂ કહે છે, બિલકુલ એના જેવું જ અહિંયા પણ છે.

હવે લેખક લખે છે એ પ્રમાણે તો કોઈ નિયમ લેતું જ નથી, પણ પોતાના કુમત રૂપી હડકાયા કૂતરાને શાસન પક્ષના ઘરમાં ઘાલવો છે અને શાસનના સુમત રૂપી બકરીને પડાવીને તેને જંગલમાં જંગલી રાની પશુઓને હવાલે કરવી છે, એટલે વક્રબુદ્ધિ જ વાપરવી પડે.

નિયમ લેનારાઓમાં સોએ ૯૯% જીવો બ્રહ્મચર્યાદિ નિયમો ફક્ત બાર પર્વ તિથીઓના જ લેતા હોય છે, નહી કે અપર્વ તિથીઓના.

હવે જો પક્ષમાં ૧૫/૦))નો ક્ષય આવી જોય તો તેને વિ.સં.૧૯૯૨વાળી નવી પદ્ધતિ પ્રમાણે એક દિવસ ઓછો નિયમ પળાય તેની આલોચના આવે અને શાસન પક્ષની શાસ્ત્રીય તેમજ પારંપરીક આચરણા પ્રમાણે અને આણંદવિમલસૂરિજીના સાધુમર્યાદા પટ્ટક અનુસાર બારેબાર દિવસ અખંડ પળાય છે, એટલે આલોચના પણ ન આવે.

આ સત્યને છૂપાવવા માટે આ લોકોએ કેવી માયા કરી છે, આને કહેવાય મલીન બુદ્ધિ. સારી બુદ્ધિ વાળાઓ લોખંડના ટૂકડામાંથી હળ બનાવે, મલીન બુદ્ધિવાળાઓ તલવાર બનાવે.

ધન્ય (?) છે એ લોકોની મેલી અને વક્ર બુદ્ધિને કે, આમાં બ્રાહ્મણ જેવા ભોળા અને વિશ્વાસમાં રહેતા જીવો આબાદ સપડાઈ જાય. હવે તમારા પેન્ટના પાછળના ગજવામાંથી તમારૂ પાકીટ કોઈ કાઢી લે એમાં તો તમારો એટલો બધો દોષ ન ગણાય પણ તમારા શર્ટના ગજવામાંથી તમારા દેખતા જ કોઈ પૈસા કાઢી લે અને તમે કાઢવા દો તો તમારા જેવો કોઈ મૂર્ખ ન કહેવાય.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૩/૧૦/૨૦૨૦

અષાઢ ચાતુર્માસમાં શત્રુંજય ગિરિરાજની યાત્રા કરાય કે ન કરાય, તે અંગે બે તિથિવાળાઓ પોતે જ "અનિશ્ચિત" છે.

આ.ભ.યોગતિલકસૂરિજીનું ચાતુર્માસ અમદાવાદ નવરંગપુરા મુકામે હતું, તે પછી તેઓ પર્યુષણ પછી શાહીબાગ-ગીરધરનગરમાં સી.એલ.હોસ્પિટલની સામે ઘાસીરામ ચૌધરી હોલમાં ગયા હતા.

હું તેમને બપોરે મારી જિજ્ઞાસા લઈને વંદન કરવા ગયો અને પ્રશ્ન કર્યો કે, અષાઢ ચાતુર્માસમાં શત્રુંજય ગિરિરાજ ઉપર યાત્રાના હેતુથી ન જઈ શકાય તેનું કારણ શું ?

હવે આ.ભ.યોગતિલકસૂરિજીના પૂર્વજો તો જો કે યાત્રા કરતા જ નહોતા પરંતુ તેઓ પોતે બે તિથીમાં પલટાયા છે એટલે તેમનાથી આ યાત્રાનું પકડાઈ ગયું છે માટે તેમણે બે તિથીના ફોર્મેટ મુજબનો જવાબ આપ્યો કે, "અષાઢ ચાતુર્માસમાં શત્રુંજયની યાત્રા ના કરાય, એવો શાસ્ત્રમાં ક્યાંય પણ ઉલ્લેખ આવતો નથી, માટે યાત્રા કરવામાં કોઈ વાંધો નથી."

પછી મેં બીજો પ્રશ્ન કર્યો કે, તો છેલ્લા સો વર્ષમાં અષાઢ ચાતુર્માસમાં થયેલ ફક્ત એક જ નવ્વાણું યાત્રાનું આયોજન બતાવો અથવા કોઈ છૂટક યાત્રા કે કોઈ છૂટક ૯૯' યાત્રા થઈ હોય તો તેના ઉલ્લેખો બતાડો.

તો તેમણે ઉડાઉ જવાબ આપ્યો કે, "નવ્વાણુ યાત્રાનું મહત્વ પહેલા ક્યાં હતું જ. હમણા હમણા નવ્વાણું યાત્રાનો ક્રેઝ વધ્યો છે."

હવે ૨૦૦ પૂર્વે થયેલા પદ્મવિજયજીએ જ સ્તવનમાં "યાત્રા ૯૯" કરીએ, વિમલગીરી યાત્રા ૯૯' કરીએ..." હવે જો ૨૦૦ વર્ષ પહેલા પણ ૯૯' યાત્રાનું મહત્વ હોય તો સો વરસ પહેલા કેમ નહી ? કોઈ યોગ્ય કારણ તો હોવું જોઈએ કે નહી ?

પછી મેં કહ્યું કે, સાહેબજી પણ હમણા વર્તમાનમાં પણ કોઈ સમુદાયે અષાઢ ચાતુર્માસમાં નવ્વાણું યાત્રા કરાવ્યાનું એક પણ ઉદાહરણ

નથી અને વર્ષા ચાતુર્માસની અંતર્ગત શત્રુંજયની યાત્રાની માન્યતાવાળા બે તિથીવાળાઓ પાસે પણ કોઈ ઉદાહરણ નથી.

પછી આચાર્ય ભગવંત જોડે સમ્યક્ જવાબ ન હોવાથી મારા ઉપર ખૂબ જ અકળાઈગયા હતા. કારણ કે અભિમાનનું રીએકશન ક્રોધ જ હોય છે, આને આ રીએકશનની દવા છે, ક્ષમા. પણ 'ક્ષમા'નું રસાયણ છે 'સત્ય,' પણ એ 'રસાયણ' તો તેમણે કોઈ પણ કાળે 'લેવું જ નથી.'

હવે આ જ પ્રશ્ન વિ.સં.૨૦૬૨ના સાબરમતી ચાતુર્માસમાં 'આ.ભ.કીર્તિયશસૂરિજી' ને પૂછ્યો, તો તેમણે પણ ફોર્મેટ પ્રમાણે જ જવાબ આપ્યો. તો મેં તેમને કહ્યું કે શાસ્ત્રમાં ભલે 'પ્રત્યક્ષ નિષેધ' નથી મળતો, પણ 'પરોક્ષ નિષેધ' મળે છે. તો તેમણે કહ્યું, ''બતાવો.'' તો મેં વીરવિજયજી મહારાજજીની ૯૯ પ્રકારી પૂજાની બીજી ઢાળનો સંદર્ભ આપ્યો.

'ગિરિવર દરીસણ વિરલા પાવે, પૂરવ સંચિત કર્મ ખપાવે; ''ચૈત્રી કાર્તિકી'' પૂનમ યાત્રા, તપ જપ ધ્યાનથી પાપ જલાવે.'

આ કડીમાં '૨૦ કરોડ સિદ્ધોવાળી આસો પૂનમ' અષાઢ ચોમાસાની અંતર્ગત આવતી હોવાથી, હતી નહી માટે આચાર્ય ભગવંત 'સમ્યક્ જવાબ' આપી શક્યા ન હતા અને તેમનું મોઢું પડી ગયું હતું.

આમ આ લોકો 'પોતાની સ્વચ્છંદી મતિકલ્પનાથી નવા નવા કુતર્કો લાવીને પરંપરાનો છેદ ઉડાડીને શાસનને રંજાડે રાખે છે.'

આમ આ લોકોને શાસનને ડહોળવા માટે મનફાવે એવા 'નવા નવા કુમતોના વિલાયતી બાવળિયાઓ' વાવવા છે, વાવ્યા પછી તેને 'પકડી રાખવા' પણ છે, પકડી રાખ્યા પછી 'કુતર્કોના ખચ્ચરો દોડાવી' ને તેનો 'ખોટી રીતે પ્રચાર' પણ કરવો છે પણ પોતાના મતની યથાર્થતા માટે સમ્યક્ જવાબો નથી આપવા અને પછી કંટાળીને 'ક્રોધ ને વહાલો' કરવો છે અને વ્યાખ્યાનમાં 'ક્રોધના વિપાકો' બતાડવા છે.

આ છે બે તિથીની 'ફક્ત તેમના સમુદાય' માટે તો 'ત્રિમતિ' સુધી પણ નીચે ઉતરવાની નીતિ '(પાલીતાણામાં થયેલો ઠરાવ વિ.સં.૨૦૬૭)' અને શાસનપક્ષ પાસે 'સર્વાનુમતિ'ની કદાગ્રહવાસીત અપેક્ષાવાળી અંગત 'પોલીસી (નીતિ).' (વિ.સં.૨૦૭૨નું પાલીતાણા ખાતેનું મુનિ સંમેલન)

આ સમુદાયને ‘શાસનમાલીન્ય કરીને પોતાની સમષ્ટિગત ખરાબ થતી આબરૂરૂપી ગધેડાની ‘લાત’ ખાવી મંજૂર છે પણ ‘કુમત’ રૂપી પૂછડું છોડવું નથી તે નથી જ છોડવું.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૪/૧૦/૨૦૨૦

‘સુદ પક્ષની તિથી, વદ પક્ષમાં, કે વદ પક્ષની તિથી સુદ પક્ષમાં હાનિ-વૃદ્ધિ કરાય નહી’

‘સંદર્ભઃ-’ પર્વ તિથી ક્ષયવૃદ્ધિ અંગે સરળ અને શાસ્ત્રીય સમજ.

લેખક :- ? સંકલન :- વિ.સં.૨૦૨૮ના આ.ભ.રામચંદ્રસૂરિજીના પ્રવચનોનું સંકલન. પ્રકાશકઃ- સદ્ધર્મ સંરક્ષક સમિતી. પાના નં-૮૪. નીચેથી ૮-૯-૧૦ લીટી.

‘લખાણઃ-’ કોઈ ગચ્છમાં, મતમાં, દર્શનમાં, શાસ્ત્રમાં એવું નથી કે સુદની તિથી વદમાં ને વદની તિથી સુદમાં હાનિ-વૃદ્ધિ કરવી. કિં બહુના ‘આત્માર્થીએ તો હઠ છોડી શાસ્ત્રોક્ત ધર્મકરણી કરી આરાધક બનવું જોઈએ’ અને સંસાર સમુદ્રથી તરવું સુગુરૂને આધીન છે, ડૂબવું કુગુરૂને આધીન છે. માટે સુગુરૂ કુગુરૂનું લક્ષણ. યદુક્તં

‘વિવેચન :-’ હવે પોતાની જ પુસ્તકમાં એક બાજુ ઉપર પ્રમાણે લખે છે, કે (૧૫+વદ-૧) અને (૦))+સુદ-૧). આ પ્રમાણે કરાય નહી, અને પાછા પોતાના પંચાંગોમાં વિ.સં.૧૯૯૨ની ફેરફારીના આધારે લખે છે, ‘(૧૫+વદ-૧)’ અને ‘(૦))+સુદ-૧)’ આ પ્રમાણે.

છતાંય તમે બે તિથીના અમુક ઉપાસકોને પૂછો કે આવી ગરબડ કેમ ? તો પાછા કહેશે કે, બરોબર જ તો છે. ૨+૧=૨+૨ જ થાય ને.

આ લોકોને ગળથૂંથીમાં ૨+૧=૨+૨ શીખડાવવામાં આવ્યું લાગે છે. એટલે કે ગરબડ બરાબર છે, એવું તેમના ક...ટ્ટ...ર...અને દષ્ટિરાગી ઉપાસકોનું માનવું છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા..૨/૧૦/૨૦૨૦

'कामराग स्नेहरागौ, ईषत्कर निवारणौ,'

दृष्टिरागस्तु पापियान्, दूरुच्छेद सतामपि ।

'અર્થઃ-કામરાગ' અને સ્નેહરાગ છોડવા સહેલા છે, પરંતુ 'દ્રષ્ટિરાગ' તો 'સંતો' માટે પણ ત્યાગવો ઘણો કઠિન છે.

વિશેષ અર્થઃ- સપ્તવ્યસન છોડવા/છોડાવવા સહેલા છે, કામરાગ અને સ્નેહરાગ પણ છોડવા/છોડાવવા સહેલા છે, પરંતુ 'દ્રષ્ટિરાગ' છોડવા/ છોડાવવો અઘરો જ નહી પણ મહા અઘરો છે.

ઘણાના વ્યસનો છોડાવવા સહેલા બન્યા છે. વીરો સાળવી, વંકચૂલ વગેરે.

ભવદેવ અને સ્થૂલભદ્રજીનો કામરાગ સહેલાઈથી છૂટી ગયો હતો. ગુરુ ગૌતમ સ્વામીનો સ્નેહરાગ સહેલાઈથી છૂટી ગયો હતો,

પરંતુ જમાલી મુનિનો 'દ્રષ્ટિરાગ' તીર્થંકર પ્રભુની હાજરી હોવા છતાં પણ ન છૂટ્યો તે ન જ છૂટ્યો તો પછી 'તીર્થંકર પ્રભુના વિરહ'માં તો કેવી રીતે છૂટશે ?

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૨/૧૦/૨૦૨૦

'જો બે તિથીની પદ્ધતિ પ્રમાણે ખંડીત પર્વ તિથીઓની આરાધના કરવાની હોય તો પછી પ્રઘોષની ઉપયોગીતા રહેતી જ નથી.'

એક વખત બે તિથીના જ એક મહાત્મા આ.ભ. જયદર્શનસૂરીજીની સાથે સાબરમતીમાં પુખરાજ રાયચંદ આરાધના ભવન ખાતે મારે તિથી બાબતે ચર્ચા થઈ, જે નીચે પ્રમાણે હતી.

મેં આ.ભ.ને પૂછ્યું કે, આઠમ તિથીનો ક્ષય છે, તો તેની આરાધના સાતમની આઠમ કરીને કરવી, કે પછી સાતમમાં કરવી, કે પછી નોમમાં કરવી, કે પછી ન કરવી ?

તો તેમણે જવાબ આપ્યો, કે ક્ષીણ આઠમની આરાધના સાતમમાં કરવી.

તો મેં પૂછ્યું કે, નોમમાં કેમ નહી ? તો તેમણે જવાબ આપ્યો, કે ક્ષીણ આઠમનો ભોગવટો નોમ તિથીમાં (એટલે કે, ઉદયાત્ નોમમાં / નોમના વ્યપદેશમાં) અંશ માત્ર પણ હોતો નથી, માટે નોમમાં તો ન જ કરાય.

પછી મેં બીજો પ્રશ્ન કર્યો કે બે આઠમ હોય તો પહેલી આઠમ આરાધના કોટિની ગણાય છે, માટે આઠમને લગતી આરાધના પહેલી આઠમમાં ના કરાય, પણ બીજી આઠમમાં જ કરાય.

તો તેમણે જવાબ આપ્યો કે બીજી આઠમ જ આરાધ્ય કોટિની ગણાય છે માટે અષ્ટમને લગતી આરાધના પહેલી આઠમમાં ન કરાય, પમ બીજી આઠમમાં જ કરાય.

તો મેં પાછો વળતો સવાલ કર્યો, કે પહેલી આઠમ પણ બીજી આઠમની જેમ જ સૂર્યોદયવ્યાપિની છે અને પાછો તેનો ભોગવટો પણ મહત્તમ છે. જે તિથી સૂર્યોદય વખતે હાજર હોય અને પાછી એ જ દિવસે સમાપ્ત થતી હોય તો જ તેને અખંડ એવી ઉદયાત્ તિથી કહેવાય છે અને વૃદ્ધિ વખતે એવી તિથી હંમેશા પહેલી તિથી કદાપિ હોતી જ નથી, પણ બીજી તિથી જ હોય છે, કારણ કે જે તિથી સૂર્યોદય વખતે હાજર હોય અને જો એ દિવસે સમાપ્ત ન થાય, તો તે બીજા દિવસના સૂર્યોદયને સ્પર્શી જાય અને તે વૃદ્ધિ તિથી બની જાય, જે ફલ્ગુ તિથી કહેવાતી હોવાથી તેની સામાન્ય આરાધના કરાય છે અને બીજી તિથી પહેલી તિથી જેવી ફલ્ગુ હોતી નથી, માટે બીજી તિથી જ ઉદયમ્મિના ઉત્સર્ગ સૂત્રના નિયમવાળી હોવાથી આરાધ્ય કોટિની તિથી ગણાય છે અને એ તિથીને લગતી વિશેષ આરાધના બીજી તિથીમાં જ કરાય છે.

તો પછી મેં તેમને નિષ્કર્ષ રૂપે કહ્યું કે તો તો તમારા માટે તો પ્રઘોષનો કોઈ 'અર્થ' જ સરતો નથી. તમારે તો તમારા બધા જ સાહિત્યોમાંથી આ પ્રઘોષનો સંદર્ભ જ કાઢી દેવો જોઈએ.

કારણ કે તમે જે પ્રમાણે કરવાનું કહ્યું છે, તેમાં તો આપણી ચર્ચા દરમ્યાન વચ્ચે ખંડીત પર્વ તિથીઓ માટે ક્યાંય 'પ્રઘોષ' આવ્યો જ નહી અને

તમારા કહેવા પ્રમાણે તો તમારે વગર પ્રઘોષે ખંડીત પર્વ તિથીઓની આરાધના થઈ જાય છે, કારણ કે તમે તો ખંડીત પર્વ તિથીઓનું 'પર્વીકરણ' કર્યા વગર જ આરાધના કરો છો. જ્યારે શાસન પક્ષને તો ખંડીત પર્વ તિથીઓનું 'પર્વીકરણ' કરીને પછી જ આરાધના કરવાનું હોવાથી પ્રઘોષ વગર ચાલે એમ છે જ નહી. માટે પ્રઘોષ તો ઉલટાનો તમને તો 'મૂંઝવણ'માં નાખે છે, માટે આ પ્રઘોષ તમારા માટે 'અસેવ્ય' છે અને તમારા મતે ફક્ત શાસન પક્ષ માટે જ 'સેવ્ય' છે. તમારા મતે 'પૂર્વધર મહર્ષિ'ની પ્રઘોષ આપવાની કોઈ ભૂલ થઈ ગઈ લાગે છે. આ 'પ્રઘોષ' તમારા માટે 'છે જ નહી', પણ શાસન પક્ષ માટે જ છે માટે 'તમારે' તો પ્રઘોષ શબ્દનો 'ઉપયોગ' કરાય જ નહી, કારણ કે તમારા 'નિજમત' મુજબ 'ખંડીત પર્વ તીથીઓ'ની આરાધના 'પ્રઘોષ વગર' જ થાય છે. એ પછી આ.ભ.મારા આ વિધાનનો આજ દિવસ સુધી કોઈ પણ પ્રકારનો 'ખુલાસો' આપી જ શક્યા નથી.

'તા.ક.:-' આ આચાર્ય ભગવંતને તિથીનો દુઃખાવો દર પાંચ પાંચ મીનીટે ઉપડે છે અને અડધો અડધો કલાક રહે છે. આ આચાર્ય ભગવંતને વિખવાદ રૂપી ચારથી પાંચ તો 'મહારોગો' છે. અને બીજા નાના દસ પંદર વળી ખરા. આ આચાર્ય ભગવંત મારી સાથે જેટલું જૂઠ બોલ્યા હશે એટલું તો કદાચ એક સામાન્ય વ્યક્તિ પણ નહી બોલી હશે.

'વ્યપદેશની સમજૂતીઃ-'

ધારો કે સૂર્યોદય વખતે સાતમ છે અને તે ફક્ત બે ઘડી માટે જ છે અને પછી સમાપ્ત થઈ જાય છે અને પછી તરત આઠમ ચાલુ થઈ જાય છે, જે ૫૮ ઘડી માટે છે, તેમ છતાં આખા દિવસ માટે (ચોવીસ કલાક માટે) સાતમ જ ગણાય છે, જેને સાતમનો વ્યપદેશ કહેવાય છે. આઠમનો ભોગવટો ચાલુ થઈ ગયો હોવા છતાં એ દિવસ માટે સાતમ તિથી જ કહેવાય છે જેને સાતમનો વ્યપદેશ પણ કહેવાય છે. આમ આરાધના માટે ચોવીસ કલાક માટે જે તિથી ગણાય તેને તે તિથીનો વ્યપદેશ કહેવાય છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૧/૧૦/૨૦૨૦

'ધુરંધર આચાર્ય ભગવંતે શાસ્ત્રમતિ વગર જ, નિજમતિથી જ શાસ્ત્રવિરૂદ્ધ આપી દીધેલો જવાબ'

અમદાવાદ સાબરમતી મધ્યે પુખરાજ રાયચંદ આરાધના ભવન ખાતે વિ.સં.૨૦૬૩માં ચૈત્રી ઓળી વખતે ચંપકભાઈના આવતા પહેલા આ.ભ.ચંદ્રગુપ્તસૂરિજીની જોડે આ.ભ.કીર્તિયશસૂરિજીની 'જ્ઞાની ભગવંત જાણે'ના જવાબવાળી ચર્ચા થઈ. તો તેમણે કોઈ પણ પ્રકારના ''શાસ્ત્રો''નો સંદર્ભ આપ્યા વગર જ, પોતાની નિજમતિથી જ મને કહી દીધું કે, આ.ભ.કીર્તિયશસૂરિજીએ એમ કહેવું જોઈતું હતું, કે એ વખતે (એટલે કે કાલિકસૂરીજીના સમયમાં ચોમાસીની પૂનમના ક્ષયે) આરાધનાની હાનિ થાય (પક્ખિ પ્રતિક્રમણની હાનિ થાય) તો દોષ ન લાગે. એટલે કે ચોમાસીની પૂનમના ક્ષયે આ.ભ. રામચંદ્રસૂરિજીની માન્યતા મુજબ (૧૪+૧૫) આ પ્રમાણે કરવાથી આરાધના હાનિ થાય તો આ.ભ.કાલીકસૂરિજીને દોષ ન લાગે.

એવો આ.ભ.ચંદ્રગપ્તસૂરિજીનો આ.ભ.કાલીકસૂરિજીને ઉપદેશ છે.

હવે આમને શાસ્ત્ર અને સિદ્ધાંતના રસિયા કહેવાય કે કદાગ્રહના રસિયા કહેવાય ?

હવે આને ક્યા પ્રકારનો કદાગ્રહ કહેવો એ જ સમજાતું નથી.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૩૦/૯/૨૦૨૦

આપણે આપણા ૧૦૦% ધનમાંથી ૧૦%દાનમાં આપતા હોઈશું, પણ સંગમે તો (શાલીભદ્રના પૂર્વભવના જીવે) પોતાના (-૧૦)%માંથી ૧૦૦% દાનમાં આપેલ છે.

મહાત્માઓના મુખેથી વ્યાખ્યાનમાં કરેલું જિનવાણીનું અમૃતપાન.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

તા.૩૦/૯/૨૦૨૦

જૈન ધર્મમાં ''તિથીઓની વૃદ્ધિ'' બાબતે આ.ભ.કીર્તિયશસૂરિજી પોતે જ અવઢવમાં છે.

સંદર્ભઃ-

(૧) સન્માર્ગ (!?) વર્ષ-૨, અંક-૪, પા.નં.૩૦, કોલમ-૨ લીટી ત્રીજી

વિધાન- આપણે ત્યાં (જૈન ધર્મમાં) તિથીની વૃદ્ધિ ન થતી.

(૨)સન્માર્ગ (!?) વર્ષ-૩, આંક-૧૧, કોલમ-૧, ફકરો-૨, બીજી લીટી

વિધાન- આપણે ત્યાં (જૈન ધર્મમાં) તીથીની વૃદ્ધિ ક્યારેક જ થતી.

વિવેચનઃ- હવે આટલું દીવા જેવું પણ જો બે તિથીના ઉપાસકોને બતાવીએ તો કહેશે કે, બરાબર જ તો છે.

હવે આને ક્યા પ્રકારનો ....રાગ કહેવાય ? કોઈને જો ખબર પડતી હોય તો જણાવજો.

જો આવું શાસન પક્ષમાં કોઈથી લખાઇ ગયું હોત તો બે તિથીના ભણેલા કે અભણ બધા જ ઉપાસકો એના ઉપર એક સામટા તૂટી જ પડત. અને એનો ઘાણ કાઢી નાખત. શાસન પક્ષમાં તો આવા કોઈ કટ્ટ...ર...પંથી તૈયાર કરીને રાખ્યા જ નથી એટલે એમનું બધું ઢંકાઈ જાય છે.

હવે આ મારો સીધો આક્ષેપ છે, છતાં બધા મીંઢા બનીને બેસી રહેશે પણ એક પણ વ્યક્તિ જવાબ નહી આપે. ખોટુ જ કર્યું હોય તે ક્યાંથી જવાબ આપે કે આપી શકે ?

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૨૭/૯/૨૦૨૦

જેમ

સમકીતિ જીવડો સંસારના સુખોને વ્યથિત હૃદયે ભોગવે.

તેમ ''સમકીતિ સાધુ''ગુરૂની વિપરીત માન્યતાને વ્યથિત હૃદયે સેવે, પણ સેવે

ખરો. ગુરૂ ભગવંતોના શ્રીમુખેથી, વ્યાખ્યાનમાં માધ્યમથી કરેલું જિનવાણીનું અમૃતપાન.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૨૫/૯/૨૦૨૦

(૧) સમજના ૧૦૦% માર્કસ (પ્રાણાંતે પણ સંઘમાં વિખવાદ તો ન જ નાખે)

(૨) સમાધાનના ૫૦% - ૫૦% માર્કસ. (જાણતા કે અજાણતા કે સમજફેરને કારણે વિખવાદ નંખાઈ ગયો હોય તો તેને સંવાદમાં ફેરવી દે)

(૩) સંઘર્ષના ૦% માર્કસ (સંઘમાંથી વિખવાદ નિકળવા જ ન દે)

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

★તા.૨૮/૯/૨૦૨૦

બે તિથીના કટ્ટર શ્રાવકથી જ, બે તિથીની આચરણા ખોટી છે એ પરોક્ષ રીતે કબૂલાઈ ગયું.

વિ.સં.૨૦૬૩માં આ.ભ. ચંદ્રગુપ્તસૂરિજીને ચૈત્રી ઓળી દરમ્યાન સાબરમતી પુખરાજ રાયચંદ આરાધના ભવન ખાતે હું તેમની જ સંમતિથી મારી જીજ્ઞાસા લઈને રાત્રે ૯.૩૦ વાગે વંદન કરવા ગયો. મારી અને એમની વચ્ચે તિથી અંગે ચર્ચા ચાલુ થઈ. એટલામાં તો કોઈએ ત્યાંના આરાધના ભવનના માલિક અને સર્વેસર્વા એવા ચંપકભાઈને ફોન કરીને તાત્કાલીક બોલાવી લીધા. હું આગળ વાર્તાલાપ કરૂં તે પહેલા જ મને વચ્ચે જ અટકાવી દીધો અને મને કહ્યું કે, સાહેબજી જોડે મોક્ષની ચર્ચા કરવી હોય, તો ભલે કરો પણ તિથીની ચર્ચા નહી કરવાની.

મેં કહ્યું કે સાચી તિથીની પણ આરાધના બે તિથીની માન્યતાવાળા દિવસે ના કરવામાં આવે તો દુર્ગતિ થાય છે, એવું બે તિથીવાળાઓનું કહેવું

છે, માટે જ તો હું ચર્ચા કરવા આવ્યો છું. મારી ચર્ચામાં પરોક્ષપણે મોક્ષ આવી જ જાય છે. પછી તેમને ફાવટ ન આવતા, મારી અને આ.ભ.કીર્તિયશસૂરિજી વચ્ચે થયેલ ફળદાયક અને શાસનને લાભદાયક ચર્ચાની અસહ્ય જલદ વેદનાને કારણે તેમનાથી આ.ભ.ચંદ્રગુપ્તસૂરિજીને કહેવાઈ ગયું કે, સાહેબજી આ ભાગ્યશાળી સાથે ચર્ચા કરવામાં મઝા નથી. આ.ભ.કીર્તિયશસૂરિજીએ ''ભોળપણ''માં ચર્ચા આપી દીધી અને બહુ જ ''અજૂગતું'' થઈ ગયું.

સારાશઃ-

હવે ચંપકભાઈનું કહેવાનું તાત્પર્ય એ હતું કે, ચર્ચા આપવામાં સાર (સત્ય)છે. માટે મજા (મજા અસત્યમાં છે.) નથી.

અજુગતું એ જ થયું કે, જે ખરેખર સમ્યક્ સત્ય જે વર્ષોથી અન્યાયી રીતે જેલમાં સબડતું હતું તે નિર્દોષ છૂટીને બહાર બધાની સામે ટેબલ ઉપર આવી ગયું હતું.

હવે ચંપકભાઈને નકલી ગેઝેટવાળા અને પોતાના મૂર્ખ ભક્તો જોડે પચીસમાં તીર્થંકર શ્રી સંઘ (બે તિથીના મતે શ્રી સંઘ નહી પણ કંઈક બીજુ જ...) ઉપર તેજોલેશ્યા (અદાલતી કેસ કરવારૂપ) છોડાવનાર આ.ભ.કીર્તિયશસૂરિજી ભોળા(!?) લાગ્યા કે ભોળપણમાં ચર્ચા આપી દીધી.

જે સરકારને પણ ભૂ પાઈ દે એ ભોળા (!?) અને પોતે (ચંપકભાઈ) પાકા (ઉત્સાદ).

બોલો હવે તમે જ કહો, ક્યાં જવું આપણે ?

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૨૮/૯/૨૦૨૦

કોની આચરણા ખોટી ? આ.ભ.દાનસૂરિજીની કે આ.ભ.રામચંદ્રસૂરિજીની ?

(૧) ૨+૨=૩ અને (૨) ૨+૨=૪

આ બેમાંથી એક સાચું છે અને એક ખોટુ છે. કારણ કે એક જ પ્રકારના બે દાખલાના જવાબો જુદા જુદા છે.

હવે જો ૨+૨=૩ સાચું, તો પછી ૨+૨=૪ ખોટું

અને જો ૨+૨=૩ ખોટું તો ૨+૨=૪ સાચું, પણ બન્ને સાચા કે બન્ને ખોટા ના હોઇ શકે. એ જ ન્યાયે

(૧) આ.ભ.દાનસૂરિજી રોજીંદી આપણી જૈનોની આરાધના માટે લૌકિક પંચાંગમાં આવેલી ખંડીત પર્વ તિથીઓ અખંડ કરી/રાખીને આરાધતા હતા.

(૨) આ.ભ.રામચંદ્રસૂરિજી વિ.સં.૧૯૯૨થી જૈનોની રોજીંદી આરાધના માટે પણ લૌકીક પંચાંગમાં આવેલી ખંડીત પર્વ તિથીઓ યથાવત્ રાખીને આરાધવાની ચાલુ કરી.

જો આ.ભ.દાનસૂરિજી સાચા, તો આ.ભ.રામચંદ્રસૂરિજી ખોટા અને જો આ.ભ.રામચંદ્રસૂરિ સાચા તો પછી આ.ભ.દાનસૂરીજી ખોટા.

પણ બન્ને જણ સાચા કે બન્ને જણ ખોટા હોઇ ના શકે. હવે બેમાંથી કોણ સાચું હોઇ શકે, એ નિર્ણય કરવાનું હું તમારા ઉપર છોડું છું.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૧૧/૦૮/૨૦૨૦

કલ્યાણક તિથીઓ અંગે સમજ

બે તિથીવાળાઓ ઘણીવાર શાસનપક્ષના આ તિથી વિષયથી અજ્ઞાત એવા ભદ્રિક જીવોને ડફોળ બનાવવા કહેતા ફરતા હોય છે કે, ''કલ્યાણક તિથીઓ પર્વ તથીઓ ખરી કે નહી ?''

તો હવે પર્વ તિથીઓ તો ફક્ત ૨,૫,૮,૧૧,૧૪,૧૫,૦)) મહિનાની સુદ-વદ પક્ષની થઇને ૧૨ જ તિથીઓ પર્વ તિથીઓ કહેવાય છે. અને કલ્યાણક તિથીઓને શ્રાધ્ધવિધી ગ્રંથમાં પર્વ તિથી તુલ્ય (=પર્વ તિથીરૂપ = પર્વ તિથીપણે = पर्वतिथीत्वेन) (अर्हतां जन्मादिपंचकल्याणकदिना अपि पर्वतिथीत्वेन विज्ञेया:) કહી છે, પણ પર્વ તિથી નથી કહી.

पर्वतिथी = પર્વ તિથી, पर्वतिथीत्वेन = પર્વતિથીપણે

અર્થઃ- અરિહંતોના જન્મ વગેરે પંચકલ્યાણકોના દિવસો પણ (=अपि) ''પર્વતિથી પણે'' (=पर्व तिथीत्वेन) જાણવા. (=विज्ञेयाः)

એટલે કે કલ્યાણક તિથીઓ મરજિયાત પર્વ તિથીઓ કહેવાય છે, જ્યારે ૨,૫...૦)) આદિ ફરજીયાત પર્વ તિથીઓ કહેવાય છે.

જો કે બે તિથીવાળા બધા જ શ્રાદ્ધવિધીના સંપાદકોએ પોતાના સંપાદનમાં પોતાના કુમતને નડતું, ''પર્વ તિથી તુલ્યવાળું વાક્ય સીફતપૂર્વક અર્થાંતર કરીને ચાલાકીથી ઉડાડી દીધું છે, જે મૂળ ભાષાંતરમાં છે.

હવે ફરજીયાત અને મરજિયાત પર્વ તિથીઓનો ભેદ સમજીએ.

અષાઢ મહિનો અધિક હોય તો, મહાવીર પ્રભુના અષાઢ સુદ-૬ના ચ્યવન કલ્યાણકની આરાધના પ્રથમ અષાઢમાં કરો કે બીજા અષાઢમાં ?

જવાબ. બીજા અષાઢમાં જ, પણ પ્રથમ અષાઢમાં નહી. કારણ કે કલ્યાણક તિથી એ મરજીયાત પર્વ તિથી છે માટે (સાક્ષાત્ તીર્થંકર=સિમંધર સ્વામી, મહાવીર સ્વામી વગેરે અને તીર્થંકર તુલ્ય = સંઘો, ભાવાચાર્યો તથા ઈંદ્ર અને ઈંદ્રના સામાનિક દેવોની વચ્ચેના ભેદની જેમ).

ચૌદસ તિથીના પક્ખિની આરાધના પ્રથમ અષાઢમાં કરશો કે બીજા અષાઢમાં ?

જવાબ. બન્ને અષાઢમાં. કારણ કે ૧૪ એ ફરજીયાત પર્વ તિથીછે.

કલ્યાણક તિથી અષાઢ સુદ-૬ના દિવસે ઉપવાસ, પૌષધ વગેરે વિશેષ આરાધના કરો તો ઉત્તમ જ છે, પણ ન કરો તો તેના માટે મોટા પ્રતિક્રમણોમાં અતિચારો નથી લાગતા, પણ પર્વ તિથીઓના અતિચારો તો લાગે છે જ.

જો કલ્યાણક તિથીઓને પણ ૨,૫,૮....ની જેમ ફરજીયાત પર્વતિથીઓ કહેવાતી હોત તો અતિચાર સૂત્રમાં પર્વ તીથીઓએ ખાંડવા દળવા તણા નિયમ ભાંગ્યાને બદલે કલ્યાણક એવમ્ પર્વ તિથીઓએ ખાંડવા દળવા તણા નિયમ ભાંગ્યા આવું લખેલું આવત. અને અધિક માસ વખતે બન્ને મહિનાઓમાં કલ્યાણકોની આરાધના કરવી પડત.

અધિક માગસર માસ વખતે જ્ઞાન પંચમીની આરાધના કરનાર બન્ને મહિનાની સુદ પંચમીની આરાધના કરશે પણ (શાસ્ત્રીય પોષ વદ) ગુજરાતી

માગસર વદ-(૯-૧૦-૧૧)ની પાર્શ્વનાથ જન્મ કલ્યાણકની આરાધના તો બીજા માગસર માસમાં જ કરશે. મૌન એકાદશીની આરાધના પણ બીજા માગસર માસમાં જ કરશે. પ્રથમ માસમાં નહિ.

આ ભેદ છે ફરજીયાત પર્વ તિથીઓ અને મરજીયાત પર્વ તિથીઓ વચ્ચેનો.

૪૨-પર્વતિથીઓ કલ્યાણક છે.
+૫૭-અપર્વતિથીઓ કલ્યાણક છે.
૯૯ કુલ કલ્યાણક તિથીઓ
+૧૦૨-પર્વ તિથીઓ સાદી છે.
+૧૫૯-અપર્વ તિથીઓ સાદી
૩૬૦ તિથીઓ

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

બે તિથીવાળાઓની પાસે તરફડીયા મારવા માટે ફક્ત ત્રણ મુદ્દાઓ જ રહ્યા છે અને તે પણ તદ્દન ખોટા.

(૧) ભાદરવા સુદ-૫ની ક્ષય-વૃદ્ધિએ ભાદરવા સુદ-૪ ઉદયાત્ આરાધવી.

હવે આપણે શાસન પક્ષવાળાઓ પૂર્વધર મહર્ષિના પ્રઘોષ મુજબ અને પૂર્વાચાર્યોની આચરણા મુજબ ભાદરવા સુદ-૪-૫ને અખંડ, અક્ષય, એક અને ક્રમબદ્ધ રાખવા માટે સ્થાપના નિક્ષેપે ઉદયાત્ આરાધીએ છીએ.

જ્યારે એ લોકો પ્રઘોષ અને પૂર્વાચાર્યોની આચરણાને અવગણીને પોતાની નિજ માન્યતા મુજબ ભાદરવા સુદ-૫ને ખંડીત, ક્ષીણ, બે અને અક્રમબદ્ધ રાખીને ભાદરવા સુદ ચોથને ભાવનિક્ષેપે ઉદયાત્ આરાધે છે.

બસ આટલો જ ફરક છે.

બન્ને પક્ષોમાંથી શાસન પક્ષ ''શાસ્ત્ર આજ્ઞા'' મુજબ બન્ને પર્વ તિથીઓ ''ઉદયાત્ અને નિયત તિથીએ'' જ આરાધે છે.

જ્યારે બે તિથી પક્ષ ભાદરવા સુદ-૫ના ક્ષયે ''શાસ્ત્ર આજ્ઞાથી વિરૂદ્ધ'' પાંચમ ''અનુદયાત્ અને અનિયત'' તિથીએ આરાધે છે.

હવે ૧૦૦ વરસમાં પાંચ છ વખત આવતો આ સંવત્સરી ભેદ પર્વ તિથીઓની આરાધનાનો નાશ ન થાય અને અનંતાનુબંધી કષાયનો દોષ ન લાગે, એ ધ્યાનમાં રાખીને, જેને જેમ યોગ્ય લાગે એમ આરાધી લે, પણ તેને લઈને સંઘોમાં કાયમી ઝઘડા તો ન નંખાય ને.

આરાધના આઘીપાછી થાય એ તો સાવ નાનો કીડીના ચટકા જેવો દોષ છે, જ્યારે સંઘભેદ એ કાતિલ કોરી સાપના ડંશ જેવો ભયાનક દોષ છે.

કાયમી ઝઘડો નાખવો એ તો નિહ્નવોનું કામ છે.

(૨) આ.ભ.દાનસૂરિજીની સાચી આચરણાથી ગભરાઈને આ લોકો વિ.સં.૧૯૯૨-૯૩ પછીના સંદર્ભો વડે જ ચર્ચા કરે છે.

કારણ કે વિ.સં.૧૯૯૨-૯૩ પછી જ બધુ વાતાવરણ તોડફોડ કરીને ડહોળાયેલું છે. તે પહેલાનું તો વાતાવરણ સ્વચ્છ છે.

આ લોકો આ.ભ.દાનસૂરિજીની ભાદરવા સુદ-૫ના ક્ષયે વિ.સં.૧૯૬૧ અને ૧૯૮૯ની સંવત્સરીની આરાધના ચંડૂ સિવાયના અન્ય ભાદરવા સુદ-૬ના ક્ષયવાળા પંચાંગનો આશરો લઈને ભાવ નિક્ષેપે ઉદયાત્ ભાદરવા સુદ-૪-૫ની આરાધના કરી હતી તે વારંવાર કહેશે, પણ આ.ભ.દાનસૂરિજી બાર મહિનાની ૧૪૪ પર્વ તિથીઓની આરાધના કેવી રીતે કરતા હતા, તે જો આપણે તેમને પૂછીએ તો તેમનું મોંઢુ સૂજી જાય છે અને પાછા નારાજ પણ થઈ જાય છે.

એમના કુમતને આંચ આવે એવું આપણે પૂછીએ તો એ લોકો પાછા નારાજ થઈ જાય છે.

(૩) પૂર્વના બધા જ શ્રાદ્ધવિધિના ભાષાંતરીત ગ્રંથોમાં મહાપુરૂષોએ કલ્યાણક તિથીઓને પણ વિશેષથી આરાધના કરવા માટે પર્વતિથી તુલ્ય = પર્વતિથી રૂપે = પર્વતિથીપણે = **पर्वतिथीत्वेन** ગણીને વિશેષ આરાધના કરવાનું કહ્યું છે.

ત્યાં **अपि** પદ કલ્યાણક તિથીઓની વિશેષ આરાધના કરવા માટે કલ્યાણક તિથીઓને પર્વ તિથી તુલ્ય ગણવા માટે મૂક્યું છે. તેમને પર્વતિથી જ ગણવાની હોત તો તો પછી આરાધના કરવાનો ઉલ્લેખ કરવાનો હોય જ

નહિ અને અતિચાર સૂત્રમાં પણ કલ્યાણક એવમ્ પર્વતિથીએ ખાડવા દળવા તણા નિયમ ભાંગ્યા આવું જ આપણે બધા બોલતા હોત. પછી તો પક્ખિની જેમ અધિક મહિનામાં પણ તેની બે વખત આરાધના કરવી પડે જો તેને પર્વતિથી તુલ્ય ને બદલે પર્વ તિથી જ માનીએ તો. અધિક માસમાં બન્ને અધિક મહિનાઓમાં પર્વ તિથીએ લીલોતરી ત્યાગ હોય છે, પણ કલ્યાણક તો બીજા મહિનામાં જ હોય છે, પણ પ્રથમ મહિનામાં નથી હોતું.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૨૯/૮/૨૦૨૦

''લોક મુજબ'' ફક્ત દિવાળીની તિથી જ લેવાની છે, બીજી પર્વ તિથીઓ નહી.

(૧) ઉદયમ્મિના નિયમનું ઉત્સર્ગ સૂત્રઃ-

उदयम्मि जा तिही सा पमाणमिअरिई कीरमाणीए आणाभंगणवत्था मिच्छत्त विराहणम् पावे ।

(૨) ''ઉદયમ્મિ''ના ઉત્સર્ગ સૂત્રનું અપવાદ સૂત્રઃ-''

क्षये पूर्वा तिथीः कार्या, वृद्धौ कार्या तथोत्तरा ।

(૩) ઉદયમ્મિના ઉત્સર્ગ સૂત્રના અપવાદ સૂત્રનું અપવાદ સૂત્ર શ્રી वीरनिर्वाणकल्याणं, कार्यं लोकानुगैरिह ।। ।।

હવે અહિંયા શાસ્ત્રકારો સૂત્ર નં-૨ (ઉદયમ્મિના ઉત્સર્ગ સૂત્રનું અપવાદ સૂત્ર) આપીને એ કહેવા માંગે છે કે, કોઈ પણ પર્વ તિથીનો ક્ષય હોય, તો પૂર્વની અપર્વ તિથીને પર્વ તિથી કરવી અને પર્વ તિથીનું ક્ષયપણું નાબૂદ કરીને તેનું અસ્તિત્વ ઉભુ કરવું. (એટલે કે પૂર્વની અપર્વ તિથીનો ક્ષય કરવો) અને કોઈ પણ પર્વ તિથીની વૃદ્ધિ હોય, તો પૂર્વની અપર્વ તિથીની વૃદ્ધિ કરવી, અને પર્વ તિથીનું એકત્વ ઉભુ કરવું. અને બન્ને પ્રસંગે જો જોડીયા પર્વ તિથી હોય તો (એટલે કે ૧૪-૧૫, ૧૪-૦)) કે ભાદરવા સુદ ૪-૪) તેમનું ક્રમબદ્ધપણું પણ સ્થાપવું અને વચ્ચે ધોકાનો દિવસ ૧૪-X૧૫-૧૫, ૧૪-X૦))-૦)) કે ભાદરવા સુદ ૪-૫X-૫ આ પ્રમાણે રાખવો નહિ. પણ વર્ષની ૧૪૪ પર્વ

તિથીઓમાંથી ફક્ત એક જ પર્વ તિથી આસો વદ ૦)) એ તિથી જ લોક જે તિથીએ દિવાળી કરે એ તિથીએ જ આપણે પણ આપણી રીતે ફક્ત આપણી દિવાળી જ કરવી. (અપવાદ ફક્ત દિવાળીના દિવસનો જ છે.)

આનું કારણ એ છે કે, આસો વદ-૦))ના દિવસને જેમ આપણે દિવાળી કહીએ છીએ તેમ લોક (અજૈનો) પણ તેને દિવાળી કહે છે.

એક જ સરખા નામથી આવતા તહેવારમાં લોકમાં પણ "દિવસ ભેદ" ન રાખવો જોઈએ. એવું ગીતાર્થ એવા પૂર્વાચાર્યોનું માનવું છે જેમ નટના ખેલના નિષેધમાં નટડીના ખેલનો નિષેધઆવી જ જાય, એ જ ન્યાયે જેમ લોકમાં ભેદ ન રાખવાનો હોય, તો પછી ગીતાર્થ (સમજદાર)થી લોકોત્તરમાં તો ભેદ રખાય જ કેમ ?

કદાચ અવિધિ ચલાવી લેવી પડે તો ચલાવી લેવી પણ મોક્ષમાં એકાંતે બાધક કલેશ, કષાય, શાસનમાલિન્ય તો કોઈ પણ હિસાબે ન ચલાવી લેવાય.

એટલે કે લોક મુજબ ફક્ત એક જ પર્વ તિથીકરવાની છે, બાકીની બધીજપર્વ તિથીઓ લોકોત્તરમુજબ જ કરવાની છે.

એટલે કે, "અપવાદ સૂત્ર", એ ખંડીત પર્વ તિથીઓના અસ્તિત્વ, એકત્વ અને ક્રમબદ્ધપણું જાળવવા માટે છે. કારણ કે ઉદયમ્મિનું ઉત્સર્ગ સૂત્રલૌકીક/લોકોત્તર મુજબ કરવા માટે છે, જ્યારે તેનું "અપવાદ" સૂત્ર "ક્ષયે પૂર્વા...."લૌકિક મુજબ ન કરવા માટે છે, એટલે કે લોકોત્તર મુજબ કરવા માટે છે.

જ્યારે અપવાદ સૂત્રનું અપવાદસૂત્ર, "વીર મોક્ષ કલ્યાણમ્..." એ તો "લોગ વિરૂદ્ધચ્ચાઓ"ના નિયમ મુજબ, "લોક વિરૂદ્ધની આચરણાનો ત્યાગ કરવો" એટલે કે 'લોક વિરૂદ્ધ ન કરવા માટે' એટલે કે 'લોક મુજબ જ કરવા માટે' છે.

તા.ક.:- શાસન પક્ષ (વિ.સં.૧૯૯૨થી એક તિથી પક્ષ નામકરણ પડ્યું છે.) સૂત્ર નં-૧, સૂત્ર નં-૨ અને સૂત્ર નં-૩, ત્રણે સૂત્રોનો ઉપયાગ કરે છે, જ્યારે બે તિથી પક્ષ (વિ.સં.૧૯૯૨થી આ નામકરણ પડ્યું છે.) સૂત્ર નં-૧ અને સૂત્ર નં-૩ ફક્ત બે સૂત્રોનો જ ઉપયોગ કરે છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૩૦/૮/૨૦૨૦

આ લોકો ઘણી વાર એમ પણ કહેતા ફરે છે કે, જગદ્ગુરૂ હીરસૂરિજી એ પોતે પણ નવાંગી ગુરૂપૂજન કરાવડાવ્યું હતું. તો શું તેમના જ સીધા જ વંશજોમાં આવતા મૂલચંદજી અને બુટેરાયજી અને (નિત્યવિજયજી) નીતિવિજયજીને આ બધી ખબર ન હતી, તે વિ.સં.૧૯૨૮માં હઠીભાઈની વાડીમાં એક યતિ પરંપરામાંથી આવેલા એક મુનિના નવાંગી પૂજન વખતે તેનો જબરજસ્ત વિરોધ કર્યો હતો અને પોતાનું નવાંગી પૂજન કરવા દીધું ન હતું.

વળી આમ તો દ્રવ્યથી પ્રેમસૂરિજીના શિષ્ય પરંતુ ભાવથી આ.ભ.રામચંદ્રસૂરિજીની આજ્ઞામાં ગયેલા આ.ભ.જંબૂસૂરિજીએ તો પોતાના પુસ્તકમાં પણ ત્યાં સુધી લખ્યું છે કે,

''હીરસૂરીજી જેવાઓને પણ (માથાભારે) યતિઓની આચરણા કરવી તો પડી હતી, પણ તેમણે યતિઓની માન્યતા પોતાના ગ્રંથોમાં લખવી પણ પડી હતી.'' તો કોઈક વખત એક જ પાટ ઉપર બન્ને પક્ષો આવી ગયા હોય અને માથાભારે યતિઓની સાથે સાથે તેમનું પણ નવાંગી ગુરૂપૂજન થયું હોય, તેથી તેઓ તેવી માન્યતાવાળા હતા, એવું ક્યા આધારે કહી શકાય ? અને જો રાજીખુશીથી નવાંગી ગુરૂપૂજન કરાવ્યું હોય તો તમારા જ પૂર્વજો આનો વિરોધ કરે ખરા ?

આ ઉલ્લેખ જગદ્ગુરૂ હીરસૂરિજીને માટે લખાયેલા કોઈ ગ્રંથમાં હશે, એટલે આ લોકો પકડીને બેઠા છે. ભલા માણસ જો નવાંગી ગુરૂપૂજન તપાગચ્છમાં સહજ હોત તો આવો ઉલ્લેખ ગ્રંથમાં કરવો પડે ખરો ? નવાંગી પૂજન થતું જ હોય. પણ બાળહઠ, યોગીહઠ આગળ દૃષ્ટિરાગી ભગતો મગજનો ઉપયોગ જ કરતા નથી. અને જો નવાંગી ગુરૂપૂજન સહજ હોય તો હીરસૂરિજીના પૂર્વજોનું નવાંગી પૂજન કેમ બતાવી શકતા નથી ? આ લોકો જોડે પરમાત્માની નવાંગી પૂજાની જેમ ઉદાહરણોનો ઢગલો નથી, પણ એકલ દોકલદૃષ્ટાંત જ છે. પરગચ્છોના એકલ દોકલ ઉદાહરણો પણ નથી.

આમ સ્વ પક્ષમાં તો ''સ્થૂલભદ્રજીના કોશાને ત્યાં ચાતુર્માસ કર્યા'' જેવા ચરિતાનુવાદના એકલ દોકલ ઉદાહરણો છે.

જે શાસ્ત્રીય કે પારંપરીક હોય તેના તો ઉદાહરણો આપવા જ ના પડે, તેનો તો ઠેર ઠેર ઉત્સવ જેવો માહોલ જ હોય.

અને દૃષ્ટાંતને સિદ્ધાંત બનાવવાની તો આ.ભ.રામચંદ્રસૂરિજીએ પોતે જ પોતાના ગ્રંથમાં જ ના પાડેલી છે. નહી તો સ્થૂલભદ્રજીનું દૃષ્ટાંત બધાજ લેવા તૈયાર છે. તમે રજા આપશો ?

નહી તો ચોવીસમાં ભગવાનના શાસનના જડ અને વક્ર જીવો તો તાકીને જ બેઠા હોય છે.

અને પાછી આવી ચોથા વ્રત માટે મહા જોખમી એવી છૂટ અપાય ખરી ? આ લોકોની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે કે શું ?

જોખમી પદ્ધતિને પરંપરા બનાવવા, શાસ્ત્રોને શરણે જવાને બદલે અદાલતોના શરણે ગયા છે. શાસનમાલીન્યની ચિંતા, ફીકર જેવું કાંઈ છે કે નથી ?

અંતરીક્ષજી તીર્થનો કેસ લડવા પૈસા નથી, અને નવાંગી ગુરૂપૂજનનો કેસ લડવા પૈસાનો પાર નથી.

આ પક્ષને હોઠેકાયમ માટે શાસ્ત્ર શાસ્ત્રનું જ માયાવી રટણ ગૂંજતું હોય છે અને હૈયે તો હકીકતમાં વકીલો અને અદાલત જ રમતી હોય છે.

ઘણી વાર આવા વિચિત્ર જીવોને સામાન્ય જીવો થી જુદા તારવવા કર્મ મહાસત્તા અને મોહરાજા મળીને આવી ઘટનાઓ ઉભી કરતી હોવી જોઈએ એવું મને તો લાગે છે.

ખાસ સૂચનઃ- હું તો કહું છું કે, ભાવ નિક્ષેપે સાધુ ભગવંતોના એકાંગી-નવાંગી બધાજ પૂજનો બંધ કરો અને ફક્ત તેમના ગુરૂ ભ.ની સ્થાપના નિક્ષેપે પાદુકા, ફોટા અથવા મૂર્તિની જ પૂજા કરવાનું રાખો અને આ એક ઝઘડો તો સંઘમાંથી કાઢો.

હવે તો વકીલો અને અદાલતો અને નવાંગી ગુરૂપૂજનના રસિયાઓ સિવાય બધા જ કંટાળી ગયા છે.

જે જીવો એક વખત અભિમાનના નશામાં આવીને સંઘો અને શાસનની ઉપેક્ષા કરીને ખોટે માર્ગે જાય છે પછી તે સતત ખોટે માર્ગે જ જતો હોય છે. ઘમંડ તે જીવને સાચે માર્ગે આવવા જ દેતું નથી.

વિસ્તાર રૂચિવાળા જીવોએ મારો નવાંગી ગુરૂપૂજનનો લેખ વાંચી લેવો.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

★તા.૧૪/૦૮/૨૦૨૦

એક તિથી પક્ષ અને બે તિથી પક્ષ વચ્ચે શું ભેદ છે અને તે ક્યારે અને કેવી રીતે વિખવાદ ચગાવે છે, તે વિષે પાયાથી સમજીએ.

(૧) બન્ને પક્ષો શાસ્ત્રમાન્ય મૂળ જૈન (લોકોત્તર) સૈદ્ધાંતિક પંચાંગના અભાવને કારણે, લૌકિક જન્મભૂમિ પંચાંગને જ સંઘમાન્ય ગણે છે. મૂળ જૈન પંચાંગનું સાપેક્ષપણું એ શાસ્ત્રમાન્ય છે, જ્યારે લૌકિક પંચાંગ એ સંઘમાન્ય છે, પણ શાસ્ત્રમાન્ય નથી, પણ યથાશક્ય જૈન પંચાંગની સાપેક્ષતાવાળું, રોજીંદી આરાધના માટેનું બુકલેટ જૈન પંચાંગ બનાવવા માટે લૌકીક પંચાંગનો આધાર લેવો એ સંઘમાન્ય છે.

તા.ક.:- આપણી જૈનોની લોકોત્તર આરાધના માટે જરૂરી એવું પર્વ તિથીઓની અખંડિતતાવાળુ બુકલેટ પંચાંગ જ અલગ પડશે, તે સિવાયના બાકી બધા જ પંચાંગો, છાપાઓ, રોજમેળો તમોને લૌકીક પદ્ધતિવાળા જ જોવા મળશે.

(૨) લૌકીક પંચાંગમાં પર્વ કે અપર્વ બધી જ તિથીઓની અનિયમિત રીતે ક્ષય તથા વધારામાં વૃદ્ધિ પણ આવે છે. જ્યારે જૈન પંચાંગમાં એવું નથી હોતું. માટે આપણે જૈન આરાધના માટેનું બુકલેટ પંચાંગબનાવતી વખતે લૌકીક પંચાંગનો આધાર લઈએ છીએ અને મૂળ જૈન સૈદ્ધાંતિક લોકોત્તર પંચાંગની પદ્ધતિનું યથાશક્ય સાપેક્ષપણું જાળવીએ છીએ.

(૩) શાસન પક્ષ ફક્ત રોજીંદી આરાધના માટે બુકલેટ પંચાંગોમાં કે પાક્ષિક અંકોમાં અપર્વ તિથીઓની જ ક્ષય-વૃદ્ધિ રાખે છે. અને પર્વ તિથીઓની ક્ષય-વૃદ્ધિ પ્રઘોષના આદેશ અનુસાર પૂર્વની અપર્વ તિથીઓને ક્ષીણપણું-વૃદ્ધપણું આપીને ટાળી દે છે.

(૪) બે તિથીવાળા પ્રઘોષના શાસ્ત્રીય ભાવાનુવાદનો ઉપયોગ કર્યા વગર જ અને પોતાની મતિકલ્પનાથી ભાવાનુવાદ કરીને ખંડીત પર્વ તિથીઓ પણ લૌકિક તિથીઓની જેમ જ, જેવી છે તેવી જ યથાવત્ જ પોતાના આરાધના માટેના બુકલેટ પંચાંગોમાં પણ છાપે છે. માટે તેમણે પ્રઘોષનો ભાવાનુવાદ પૂર્વાચાર્યોથી અલગ રીતે કરવાનું સંકટ આવ્યું. અને આ પક્ષને આખા જૈન ધર્મમાં એકલા ને જ ''કાર્યા'' પદનો અર્થ કરવીને બદલે કોઈ પણ શબ્દ કોષનો સંદર્ભ આપ્યા વગર જ ''આરાધના કરવી'' એવો ઘટાવવાની મજબૂરી

ઉભી થઈ.

(-) ક્ષયની નિશાની છે. (+) વૃદ્ધિની નિશાની છે.

૧ = એક તિથી પક્ષ ૨ = બે તિથી પક્ષ

(૫) ક્ષય વખતે જો લૌકિકમાં A ૫, ૬, ૭, ૯ (-૮) હોય તો શાસન પક્ષ પ્રઘોષના આદેશ અનુસાર આ પ્રમાણે કરે છે.

A-૧૫, ૬, ૮, ૯(-૭)

અને બે તિથી પક્ષ લોકના આદેશ અનુસાર A-૨૫, ૬, ૭, ૯(૭+૮) આ પ્રમાણે કરે છે.

(૬) વૃદ્ધિ વખતે જો લૌકિકમાં

B(૬,૭,૮,૯(+૮) હોય તો શાસન પક્ષ પ્રઘોષના આદેશ અનુસાર આ પ્રમાણે કરે છે

B-૧ ૬, ૭, ૭, ૮, ૯ (+૭)

અને બે તિથી પક્ષ લોકના આદેશ અનુસાર આ પ્રમાણે કરે છે.

B-૨ ૬, ૭, X૮, ૮, ૯

આ ફેરફારીથી બન્ને પક્ષની પર્વ તિથીની આરાધનાનો દિવસ પલટાતો નથી, પણ જો ૭મનું કોઈ કલ્યાણક હોય તો તે કલ્યાણકનો દિવસ પલટાઈ જાય છે. અને માન્યતા પણ બન્નેની અલગ રહે છે.

૧૫/૦)) અને ભાદરવા સુદ-૫ના ક્ષય વખતે

(૭)જો લૌકિકમાં

C ૧૨, ૧૩, ૧૪, ૧,૨ (-૧૫) અને D ભા.સુ.૨,૩,૪,૬ (-૫) આ પ્રમાણે હોય ત્યારે શાસન પક્ષ પ્રઘોષના આદેશ અનુસારઆ પ્રમાણે કરશે

C-1 ૧૨, ૧૪, ૧૫,૧,૨(-૧૩)

અને

D-1 ભા.સુ.૨, ૪, ૫,૬(-૩) અથવા D-1 ભા.સુ.૨, ૪, ૫,૭(-૬)

વૃદ્ધિ વખતે અને બે તિથીવાળા લોકના આદેશ અનુસાર નીચે પ્રમાણે કરશે

C-2 ૧૨,૧૩,૧૪,૧,૨(૧૪+૧૫) અને D-2 ભા.સુ.૨,૩, (૪+૫), ૬

૧૫/૦)) અને ભાદરવા સુદ-૫ની વૃદ્ધિ વખતે

(૮) જો લૌકિકમાં

E ૧૨,૧૩,૧૪,૧૫,૧૫,૧,૨(+૧૫) અને F ભા.સુ.૨,૩,૪,૫,૫,૬ (+૫) આ પ્રમાણે હોય તો, શાસનપક્ષ પ્રઘોષના આદેશ અનુસાર

E-૧૧૨,૧૩,૧૩, ૧૪, ૧૫, ૧,૨(+૧૩) અને

F-૧ ભા.સુ.૨,૩,૩, ૪, ૫, ૬(+૩) અથવા F-૧ભા.સુ.૨,૩, ૪, ૫,૬,૬(+૬) આ પ્રમાણે કરે છે. અને બે તિથીપક્ષ E-૨ ૧૨,૧૩, ૧૪, x૧૫,૧,૨(+૧૩) અને F-૧ ભા.સુ.૨,૩,૩, ૪, ૫,૬(+૩)

અથવા

F-૧ ભા.સુ.૨,૩, ૪, ૫,૬(+૬)

આ પ્રમાણે કરે છે.

અને

બે તિથીપક્ષ

E-૨ ૧૨,૧૩ ૧૪, x૧૫, ૧૫,૧,૨

અને

F-૨ ભા.સુ.૨,૩ ૪, x૫, ૫,૬

લૌકિકના આદેશ અનુસાર જ આ પ્રમાણે રાખીને આ પ્રમાણે વૃદ્ધિ તિથીની (પ્રથમ તિથીની આગળ) આગળ x કરે છે

આ પ્રમાણે કરવાથી પર્વ તિથીની આરાધનાનો દિવસ બન્ને પક્ષને અલગ અલગ આવે છે. અને ૧૩ તથા ૧૪ના કલ્યાણક દિવસો જો હોય તો તે પણ બદલાઈ જાય છે.

પર્વ તિથીઓની આરાધનામાં ગરબડ ન થઈ જાય, એ માટે પૂર્વાચાર્યોની પદ્ધતિ બહુજ સરળ અને વ્યવહારુ અને વિરાધનાનિવારક અને યથાશક્ય જૈન પંચાંગની સાપેક્ષે છે.

જ્યારે

બે તિથીની પદ્ધતિ બહુજ અટપટી અને વિરાધનાકારક બિનવ્યવહારૂ અને

જૈન-અજૈન બન્નેથી અલગ, રોહગુપ્તના મત મુજબ ત્રીજા જ પ્રકારની બધાથી કંઈક અલગ જ છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

★તા.૨૬/૯/૨૦૨૦

એક સાધુ મૂળગુણ દોષ એવા દ્રવ્ય શિથીલાચાર (ચોથા વ્રતનો ભંગ)ને કારણે પડે છે, તો એ સાધુ અને તેની સાથેના પરિવારને મોટું નુકશાન છે. અને શાસનને નીચાજોણું થાય છે. જે ગોળીબારથી થતા મોત જેવું નુકશાન છે. પણ જ્યારે એક સાધુ આખા શાસન માં મૂળ ગુણ દોષરૂપ ભાવ શિથીલાચાર દ્વારા (ઉત્સૂત્રપ્રરૂપણા દ્વારા) કુમત ફેલાવીને ''ભયાનક ક્લેશ, કષાય અને સંઘભેદ''નું વાતાવરણ ઉભુ કરીને માલીન્ય કરીને પડે છે. એ તો મહા ભયાનક અણુબોંબ જેવું નુકશાન કહેવાય. કારણ કે, આમાં તો કુમત લાવનાર સાધુ નો આખો સમુદાય તો પડે જ છે પણ આખું શાસન તે સમુદાયના ઉપસર્ગો વડે સીદાય છે એ વધારાનું નુકશાન.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

★તા.૨૬/૯/૨૦૨૦

બંધુબેલડી પંડીત મહારાજ સાહેબોએ પોતાના સમકિતદાતા ગુરૂનો ત્યાગ કેમ કરવો પડ્યો ? તેમના જ શબ્દોમાંઃ- શાસ્ત્રીય સંદર્ભઃ- શ્રી સીમંધર સ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન ઢાળ-૨/ગાથા ૫-૬ (ગીતાર્થ ગંગા)

વિ.સં.૨૦૩૭માં રાજકોટના ચાતુર્માસમાં આ.ભ.રામચંદ્રસૂરિજીના શિષ્યો પંડીત મહારાજ સાહેબોના નામથી પ્રખ્યાત બંધુ બેલડી એવા મોહજીતવિજયજી મ.સા. અને તેમના લઘુબંધુ યુગભુષણ વિજયજી (હાલ આચાર્ય) મ.સા.પોતાના મહાવિદ્વાન (!?) અને જિનવાણીના જાદુગર અને પાછા સમકિતદાતા ગુરૂને કેમ છોડવા પડ્યા, તે માટે તેમણે ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત મહોપાધ્યાયજી ભગવંતના શ્રી સીમંધર સ્વામીનું ૩૫૦ ગાથાના

સ્તવનની ગાથા-૫ અને ૬નો સંદર્ભ આપીને લખ્યું છે કે,

ગાથાઃ- ''નિરગુણ''નો ''ગુરૂ'' ''પક્ષ'' કરે જે, તસ ''ગચ્છ'' ''ત્યજવો'' દાખ્યો રે; તે ''જિનવર મારગનો ઘાતક,'' ગચ્છાચારે ભાખ્યો રે.

શ્રીસી૦ ૫

ગાથાર્થઃ-જે ગુરૂ નિર્ગુણીનો પક્ષ કરે તેનો ગચ્છ=તે ગુરૂનો ગચ્છ ત્યાગ કરવો જોઈએ, એમ શાસ્ત્રમાં કહેલું છે. વળી તે = નિર્ગુણીનો પક્ષ કરનાર ગુરૂ, જિનવર મારગના ઘાતક છે, એમ ''ગચ્છાચાર પયન્ના''માં કહ્યું છે. ।।૫।।

ભાવાર્થઃ- જે સાધુ સંયમની ક્રિયાઓમાં ઉત્થિત થઈને ગુણવૃદ્ધિ માટે ઉદ્યમ કરતા નથી, તેઓ ગચ્છમાં હોવા છતાં ભગવાને બતાવેલી સંયમની ક્રિયાઓ યથાતથા કરીને ભગવાનના માર્ગ પ્રત્યે અનાદર ભાવવાળા છે અને તેવા નિર્ગુણી સાધુનો ગુરૂ પક્ષપાત કરે, અર્થાત્ તેના પ્રમાદની ઉપેક્ષા કરે કે તેનો પ્રમાદ જોઈને પણ આ સુસાધુ છે, તે પ્રકારનો શિષ્યોમાં તેનો પક્ષપાત કરે,તો તેવા ગુરૂના ગચ્છનો ત્યાગ કરવો જોઈએ, અર્થાત્ અન્ય સાધુઓએ તે ગુરૂના ગચ્છનો ત્યાગ કરીને સારા ગચ્છનો આશ્રય કરવો જોઈએ; એમ શાસ્ત્રમાં કહેલ છે. વળી, તે ગુરૂ સ્વયં સંયમમાં અપ્રમાદવાળા હોય, છતા નિર્ગુણી સાધુ પ્રત્યે પક્ષપાતવાળા હોય તો તે ભગવાનના શાસનના માર્ગના ઘાતક છે, એમ 'ગચ્છાચાર પયન્ના'માં કહેલ છે. આશય એ છે કે, ગુણના પક્ષપાતથી ભગવાનનો માર્ગ ચાલે છે અને જે ગીતાર્થ પણ ગુરૂ ''કષાય''ને વશ થઈ નિર્ગુણી એવા સાધુનો પક્ષપાત કરે તો તે પક્ષપાતથી તે નિર્ગુણી સાધુનો પ્રમાદ પોષાય છે અને તે પ્રમાદ પોષવા પ્રત્યે ગુરૂ કારણ બને છે અને તે નિર્ગુણી સાધુના પ્રમાદના બળથી અન્ય કોઈ સાધુનો વિનાશ થાય તો તેમાં પણ તે ગુરૂ કારણ છે. તેથી ગુણવૃદ્ધિમાં ઉદ્યમને કહેનાર ભગવાનના માર્ગનો નાશ થાય છે. તેથી 'ગચ્છાચાર પયન્ના'માં તેવા ''ગુરૂ''ને માર્ગનો નાશ કરનારા કહેલ છે. ।।૫।।

અવતરણિકાઃ-

જે ગચ્છમાં નિર્ગુણી સાધુઓ હોય અને તે નિર્ગુણી સાધુનો પણ ગુરૂ પક્ષપાત કરતા હોય તો તે ગચ્છ નિર્ગુણી છે અને તેનો ત્યાગ કરવો જોઈએ. હવે

વિષમકાળને કારણે ગુણસંપન્ન ગચ્છ પ્રાપ્ત ન થાય અને આરાધક સાધુએ નિર્ગુણ ગચ્છમાં રહેવું પડે.

ગાથા-૬

વિષમકાલમાં નિરગુણગચ્છે, કારણથી જો વસીયે રે;

દ્રવ્ય થકી વ્યવહારે ચલિયે, ભાવે નવિ ઉલ્લસીએ રે. શ્રીસી૦૬

વિવેચનઃ- હવે જો પ્રમાદને કારણે પણ જો ગચ્છ અને ગુરૂનો ત્યાગ કરવાનું મહોપાધ્યાયજી મ.સા.કહેતા હોય, તો પછી ચોથા વ્રતની ગરબડમાં તો ગચ્છમાં રહેવાય જ કેવી રીતે ?

આ કારણ હતું બંધુબેલડી પંડીત મહારાજ સાહેબોને ગચ્છ અને ગુરૂનો ત્યાગ કરવાનું.

એ વખતે બીજા પણ ત્રણ મહાત્માઓએ તેમનો ત્યાગ કર્યો હતો. એક પરિવાર કે જે એમાં દીક્ષા લેવાનો હતો, તેણે ૧૦૦% ખાતરી થયા પછી એ સમુદાયમાં દીક્ષા લીધી ન હતી. એ જ વખતે જબરદસ્ત શાસનના રાગી, ધર્મરાગી તેમજ ખુમારીવાળા બાબુભાઈ હળવદવાળાએ ભયંકર આઘાત સાથે તેમનો ત્યાગ કર્યો હતો. અને નરોત્તમ મોદી પણ ભયંકર આઘાત સાથે ભૂગર્ભમાં જતા રહ્યા હતા.

બાબુભાઈએ તો ભવિષ્યમાં શાસન લૂંટાઈ ન જાય એટલા માટે ''સંયમ રક્ષા અંગે મારી મનોવ્યથા'' પુસ્તક લખીને શાસન અને સંઘોને અને આ અશુભ ઘટનાથી જાણ/અજાણ જૈનોને સાવધાન કર્યા હતા.

હવે મને બે તિથીના શ્રાવકો પાસેથી આ બન્ને ભાઈઓએ પોતાના ગુરૂ અને ગચ્છને છોડવાના બે હાસ્યાસ્પદ અને માયાવીકારણો બતાવવામાં આવ્યા છે.

(૧) બન્ને ભાઈઓ કોઈ પણ પ્રકારના કારણ વગર રાજીખુશીથી સ્વેચ્છાએ ગચ્છ અને ગુરૂનો ત્યાગ કરીને ગયા છે. કાર્ય-કારણના **(cause & effect)** નિયમથી વિરૂદ્ધ અહીં કારણ વગર કાર્ય થયું કહેવાય. (આ એમના લોકોના શિક્ષણ મુજબ બનાવટી વાત છે.)

(૨) ગુરૂએ તેમને ગચ્છ બહાર કર્યા છે. (આ તો ચોરોએ પોલીસોને જેલમાં પૂર્યા એના જેવું કહેવાય.) (આ પણ બનાવટી વાત છે.)

(૩) ગીતાર્થ ગંગાનો આ ૩૫૦ ગાથાના સ્તવનના ગ્રંથની પાંચમી અને છઠ્ઠી

ગાથાનો સંદર્ભ...(ફક્ત આ જ હકીકત છે.)

આ બન્ને ભાઈ મહારાજો પોતાના બુદ્ધિજીવી સમકિતદાતા પણ સમજદાર નહી એવા ગુરૂનો ત્યાગ કરવામાં બુદ્ધિમાનની સાથે સાથે સમજદાર (ગીતાર્થ) અને શૂરવીર પણ નીકળ્યા.

શિષ્યો બ્રહ્મચારી તુલ્ય અને ગુરૂ ઘરબારી તુલ્ય એવું થયું અહિંયા તો.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૨૭/૯/૨૦૨૦

અષાઢ ચાતુર્માસમાં ગિરિરાજની યાત્રા ના કરાયનો પ્રસંગ

પુસ્તકઃ- ગરવી ગાથા ગીરીરાજની લેખકઃ-આ.ભ.પૂર્ણચંદ્રસૂરિજી (બે તિથિના) પા.નં.૨૬-૨૭ લખાણઃ-સંક્ષિપ્તમા લખાણનું વિવરણ. (૧)પાટણ શહેર (૨) પ્રતાપદાસ શેઠ (૩) આબાલબ્રહ્મચારી (૪) કારતક સુદ-૧૩-૧૪-૧૫નો ચોવિહારો અઠ્ઠમ કરવાનો કઠોર નિયમ.

(૫) ૧૪નું ચોમાસી પ્રતિક્રમણ કરીને પવનવેગી સંઢણી ઉપર સવાર થઈને શત્રુંજય જવાનું. (૬) પૂનમની ગિરિરાજની યાત્રા કરીને કારતક વદ-૧ના પારણું કરવાનું (૭) નિયમ લીધાથી મૃત્યુના દિવસ સુધી આ નિયમનું અખંડપણે પાલન કર્યું છે.

વિવેચનઃ-

(૧) હવે જ્યારે કારતક સુદ-૧૨, ૧૩, ૧૪, ૧૫ આ પ્રમાણે હોય ત્યારે તો, ૧૩-૧૪-૧૫નો ચોવાહિરો અઠ્ઠમ અને ૧૪નું કારતક ચોમાસીનું પ્રતિક્રમણ કરીને ગિરિરાજ તરફ નીકળી જવાનું. ૧૫ની યાત્રા કરીને કારતક વદ-૧ના પારણું કરવાનું.

(૨) પણ જ્યારે કારતક સુદ-૧૫નો ક્ષય આવે અને જો એ વખતે આ.ભ.રામચંદ્રસૂરિજીની વિ.સં.૧૯૯૨-૯૩વાળી નવી શોધી કાઢેલી કે કોઈની ભેટ લીધેલી આચરણા ચાલતી હોત તો, અને જો ૧૨,૧૩, (૧૪+૧૫), કા.વ.-૧ આ પ્રમાણે જો આરાધના કરવા જાય તો. ૧૨-૧૩-(૧૪+૧૫)

આ પ્રમાણે અઠ્ઠમ તો કરી લે, પણ જો ચોમાસી ચૌદસનું પ્રતિક્રમણ કરીને નીકળે, તો બે તિથીના નવા મત મુજબ પૂનમની સવારે યાત્રા ન થાય, એટલે નિયમ ભંગ થાય અને જો ૧૩ના ચાલુ ચોમાસે નિકળે તો જાણી જોઈને વર્ષાકાળે ગામતરૂ કર્યાનો અતિચાર લાગે.

આમ બે તિથીના નવા મત મુજબ બે દોષોની શક્યતાઓ ઉભી રહે છે.

(૩) હવે આપણે તેમનો આટલા વર્ષોમાં કદાપી નિયમ ભંગ થયો હોય એવું પણ વાંચ્યું/સાંભળ્યું નથી, કે વર્ષાકાળે તેમણે ગામતરૂ કર્યું હોય એવું પણ વાંચ્યું/સાંભળ્યું નથી.

(૪) એનો મતલબ એ જ થયો કે, ૧૫ના ક્ષયે તેમણે

૧૧,૧૨,૧૩,૧૪, કારતક વદ-૧ (-૧૫) લૌકીકનું

૧૧,૧૨,૧૪,૧૫ કારતક વદ-૧ (-૧૩) જૈન મુજબ આ પ્રમાણે પ્રઘોષનો સંસ્કાર આપીને મૂળ સૈદ્ધાંતિક જૈન પંચાંગનું સાપેક્ષપણું જાળવે તો જ બધા જ દોષોથી બચી શકાય.

દોષોથી બચવા માટે જ તો આ પ્રઘોષ છે, કાંઇ લોકરમાં મૂકી રાખવા માટે, કે દોષોના સેવન માટે થોડી છે.

હવે મને પણ એક ભાઈ મળ્યા હતા, તેમ તમને પણ ઘણા આવું પણ પૂછવાવાળા મળશે કે આમ રાત્રે નીકળાય ખરૂં ? તો તેઓ શિખરજી જાય છે, ત્યારે તેમની ગાડી રાત્રે નથી ચાલતી ?

હવે જો શ્રાવકથી રાત્રે ન જ નીકળાતું હોત તો આચાર્ય ભગવંત પોતાની પુસ્તકમાં આનો ઉલ્લેખ કરત ? પણ તેમણે એવો કોઇ નકારાત્મક ઉલ્લેખ કર્યો જ નથી.

અતિચારમાં વર્ષાકાળમાં ગામતરૂ કર્યાનો અતિચાર છે પણ રાત્રે ગામતરૂ કર્યાનો ક્યાંય અતિચાર નથી આવતો.

આ પ્રસંગનો ઉલ્લેખ ઊંટ, શેઠ અને રબારીના બાવલા રૂપે, પાપ-પુણ્યની બારી રૂપે શત્રુંજય ઉપર નેમનાથ ભગવાનની ચોરીના મંદિરની પાસે છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૨૫/૯/૨૦૨૦

અમારા સંઘમાં એક વખત બે તિથીના મહાત્મા તત્વપ્રભ વિજયજી મ.સા. પધાર્યા હતા. તેમને ખબર જ હતી કે આ આખો સંઘ એક તિથીમાં માનવાવાળો છે. એટલે તેમણે શ્રાવકોને શાસ્ત્ર અને સિદ્ધાંતના ઓંઠા નીચે ચલિત કરીને પોતાના બે તિથી પક્ષમાં પલટાવીને પોતાના પક્ષનું કૃત્રિમ સંખ્યાબળ વધારીને શક્તિપદર્શન કરી શકાય તે માટે તેમના સમુદાયના અન્ય સાધુ ભગવંતોની જેમ વ્યાખ્યાનમાં જીવોને શાસનપક્ષ પ્રત્યે દુર્ભાવ થાય તે માટે તેમણે તેમના કુમતનના શસ્ત્રાગારમાંથી એક વિષમિશ્રિત તીર તુલ્ય વિધાન છોડ્યું અને કહેવા લાગ્યા કે,

"સંસાર માટે ધર્મ કરે, એને પાપાનુબંધી પાપ જ બંધાય." હવે એ વખતે વ્યાખ્યાનમાં સાંઇઠ સીત્તેર જણા હશે અને હું પણ હતો.

મેં તેમને વળતો પ્રશ્ન કર્યો કે, સાહેબજી, તો તમે અને અમે સવારે ભરહેસરની સજ્ઝાયમાં અવંતિસુકુમાલ નામના જે મહાપુરૂષનું નામ સ્મરણ અવિરોધપણે કરીએ છીએ, તે મહાપુરૂષે તો નલીનીગુલ્મ વિમાનમાં જવા માટે જ દીક્ષા લીધી હતી, તો તમારા કહેવા મુજબ તો તેમને પાપાનુબંધી પાપ જ બંધાયું હશે ને ? કારણ કે દેવલોક એ કાંઇ મોક્ષ તો નથી જ, પણ સંસાર જ છે.

હવે તેમને તો જે કે આ અવંતિસુકુમાલનું ઉદાહરણ ખબર જ હતું, પણ તેમને એમ કે અહિંયા પણ શ્રોતાઓ તેમના પાયેલા શ્રોતાઓની જેમ મગજ વાપરવાને બદલે હા એ હા હાંકવાવાળા જ હશે.

હવે અહિંયા આ મહાત્માના હૃદયમાં એકાંતવાદ, દષ્ટિરાગ અને કદાગ્રહને કારણે શલ્ય હતું, એટલે એવા ગૂંચવાઇ ગયા કે તેમને મહાત્મા ગાંધી ને બદલે ઘાત્મા માતી થઇ ગયું, અને તેમણે વ્યાખ્યાનમાં કહી દીધું કે, "તેમને નબળું પુણ્ય બંધાયું હશે."

તો મેં કહ્યું કે, નબળું પુણ્ય બંધાય એવા જીવોનું ભરહેસરની સજ્ઝાયમાં નામ આવે ખરૂં ?

પછી તો એવા લેવાઇ ગયા હતા કે, શાસનપક્ષના સંઘોમાં આવી છેડખાની નહી કરવાની બાધા જ લઇ લીધી હશે. પણ વ્યાખ્યાનની છેલ્લી પાંચ મીનીટ કાઢતા તેમને પસીનો છૂટી ગયો હતો.

બીજે દિવસે વિહાર કરીને પાલડી દશા પોરવાડના ઉપાશ્રયમાં ગયા હતા. ત્યાં હું મારો જાહેર પડકાર આપીને પછી બીજે દિવસે પાછો મળવા ગયો, તો પડકારમાંનું દીવા જેવું સત્ય લખાણ વાંચીને મારા ઉપર એવા અકળાયા કે, જો તેઓ સીવીલ ડ્રેસમાં હોત તો મને લાકડીએ લાકડીએ મારત. કારણ કે, વ્યાખ્યાનનો ગુસ્સો તો હજુ સુધી ઓલવાયો જ ન હતો.

માટે જ મેં એક વખત કહ્યું હતું કે, ભલે તેમના ભગતોના પ્રચારવા પ્રમાણે બે તિથીના વ્યાખ્યાનો જોરદાર હશે, પણ તેમાં આવા એકાદ ઝેરના ટીપા છેલ્લે છેલ્લે નાખી દેવામાં આવતા હોય છે. માટે મારી જેમ સતત જાગૃત મગજ રાખીને સાંભળો તો વાંધો નહી આવે, નહી તો પછી સો રૂપિયાનો વેપારને લાખોનું નુકશાન એવો ધંધો થઈ જશે માટે આવા ભયાનક નુકશાનની શક્યતાવાળા વેપારમાં સાહસ ખેડવું નહીં. વ્યાખ્યાનની એકલી પ્રભાવકતા એ જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોઈ શકે છે અને એ કન્યાના રૂપની સુંદરતા તુલ્ય છે. એકલી પ્રભાવક્તા એ મનનો વિષય બની જાય છે. અને જીવની નિરપેક્ષ ઉત્તમતા એ મોહનીયના ક્ષયોપશમ તુલ્ય છે જે કન્યાના સુસંસ્કારની સુવાસ તુલ્ય છે. પોતાની ઉત્તમતાને નકારાત્મક સાપેક્ષપણે ઉપસાવીને (પોતાની લીટી મોટી બતાવવા બીજાની લીટી નાની કરવી અથવા ભૂંસવી) પછી તેનો પ્રચાર કરવો/કરાવવો, એ જીવના જીવદળની ભાવ દરિદ્રતાની ચાડી ખાય છે. વ્યાખ્યાનની પ્રભાવકતા વગરની પણ ઉત્તમતા એ કન્યાના સુસંસ્કાર તુલ્ય છે. જીવનમાં કદાપી વ્યાખ્યાન ન આપનાર એવા આ.ભ.પ્રેમસૂરિજીનું તો અસ્તિત્વ જ પ્રભાવક અને ઉત્તમ હતું. તેમનું તો જીવન જ ઉત્તમ પ્રભાવક પ્રવચન હતું. અધમતા એ રૂપાળી કન્યાના કુસંસ્કાર તુલ્ય બની જાય છે. વ્યાખ્યાનની એકલી પ્રભાવકતાથી જીવને આકર્ષી શકાય છે. પણ પોતાની ઉત્તમતાથી તો જીવને ધર્મરાગી અને સમ્યક્ મતમાં સ્થિર બનાવી શકાય છે. અને અધમતાથી જીવને દૃષ્ટિરાગી બનાવીને મિથ્યામતમાં સ્થિરબનાવી શકાય છે. અજ્ઞાની રહેશો એ તો નાનું નુકશાન છે, પણ જો ગફલતમાં રહીને જાણતા કે અજાણતા અનિચ્છાએ પણ જો સંઘ અને શાસનના દ્રોહી થઈ ગયા, તો તો અનંત સંસાર લમણે લાગી જ જશે. બે તિથીવાળાઓમાં પણ જે શાસન પક્ષના કટ્ટર વિરોધી અને દ્વેષી પ્રવચનકારો છે, તેઓ તેમના વ્યાખ્યાનમાં જ્યાં સુધી ગમે તે બહાને શાસનપક્ષની વિરૂદ્ધ ઝેર ઓકે નહી,

ત્યાં સુધી તેઓને ચેન પડતું નથી. સમુદાયમાં ઝેર ઓકવાવાળા પાંચ સાત જણા જ હોય છે, પણ તેમના જ સમુદાયના અન્ય સાધુ ભગવંતોની નિષ્ક્રિયતા પણ આ દુષ્પ્રવૃત્તિમાં સંમતિનો સૂર પૂરાવી દેતી હોય છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૨૩/૯/૨૦૨૦

અમદાવાદમાં પાલડી દશા પોરવાલના ઉપાશ્રયમાં બિરાજમાન આ.ભ.ચંદ્રગુપ્તસૂરિજીને, મેં આ જ આ.ભ.કીર્તિયશસૂરિજીવાળો ''જ્ઞાની ભગવંત જાણે'' વાળો પ્રશ્ન પૂછ્યો, તો તેમને પણ લાગ્યું કે, જો (૧૪+૧૫) વાળી પદ્ધતિ અનાદિકાલીન હોય, તો તો અષાઢ-કારતક-ફાગણ સુદ-૧૫ના ક્ષયે પક્ખિ પ્રતિક્રમણ ન થઈ શકે, એટલે તેમણે પોતાના કુમતને બચાવવા, મને સમાંતર ઉદાહરણ આપીને કહ્યું કે, મોટા પ્રતિક્રમણોને દિવસે દેવસી પ્રતિક્રમણનો લોપ થાય જ છે ને. તો મેં જવાબ આપ્યો કે, સાહેબજી એ દિવસે બન્ને પ્રતિક્રમણો થાય છે. વંદિત્તા સુધી અડધું દેવસી પ્રતિક્રમણ થાય છે પછી ચોથું આવશ્યક પક્ખિ રૂપે લંબાય છે, એ પત્યા પછી પક્ખિયમ્/ચૌમાસીયમ્/સંવત્સરીયમ્ સમાપ્તમ્ દેવસીયમ્ ભણામિ બોલીને બાકીનું અડધું દેવસીય પ્રતિક્રમણ કરીએ છીએ, માટે જ આબ્ભુટ્ટીઓ ખામતી વખતે એક પક્ખસ્સ પનરસ/ચાર માસાણમ્ આઠ પક્ખસ્સ એકસો વીસ/બાર માસાણમ્ ચોવીસ પક્ખાણમ્ ૩૬૦ રાઈંદીયિણમ્ બોલીએ છીએ.

પછી નિરાશ વદને આચાર્ય ભગવંત સૂનમૂન બેસી રહ્યા હતા.

હવે પ્રતિક્રમણનો લોપ થવો, એટલે કે પ્રતિક્રમણ જ ન થવું = આરાધનાની હાનિ થવી. અને પ્રતિક્રમણનું સ્થાનાનંતર થવું = પ્રતિક્રમણ એ જ તિથીએ સ્થાપના નિક્ષેપે અલગ દિવસે થવું = આરાધનાની હાનિ અટકવી.

જોડીયા પર્વોમાં ૧૫નો ક્ષય આરાધના માટેના જૈન પંચાંગમાં રાખવાથી આરાધનાની હાનિ થાય છે. અને જોડીયા પર્વ તિથીઓ આરાધના માટેના જૈન પંચાંગોમાં ક્રમબદ્ધ જાળવી રાખવાથી આરાધના હાનિ અટકાવી શકાય છે. જિનશાસનમાં આરાધનાનું સ્થાપના નિક્ષેપે સ્થાનાનંતર અપવાદ માર્ગે

ચાલે છે (ઉપાદેય છે.), પણ આરાધનાની હાનિ તો કારણ વગર ન જ ચાલે (હેય છે.)

તા.ક.:-સકલાગમ રહસ્યવેદી આ.ભ.દાનસૂરિજીએ તેમના દેવલોકગમન સુધી આ.ભ.રામચંદ્રસૂરિજી કહે છે તે પ્રમાણે તો ખંડીત પર્વ તિથીઓની આચરણા કદાપી કરી જ નથી.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

જેના હૃદયમાંથી ગુરૂ ઉપરનું બહુમાન નીકળી ગયું છે. ત્યાં તત્વથી સંવર અને નિર્જરા રૂપ મોક્ષમાર્ગ ગયો. ત્યાં શુભ આચરણ દ્વારા પુણ્યબંધરૂપ ફક્ત ઉપચારથી જ મોક્ષમાર્ગ રહ્યો છે.

વ્યાખ્યાનના માધ્યમથી મહાત્માઓના શ્રીમુખેથી જિનવાણીના અંશોનું અમૃતપાન.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૨૧/૯/૨૦૨૦

અષાઢ ચોમાસામાં જીવો પાસે શત્રુંજયની યાત્રાનું પાપ કરાવવાનો નવો કીમિયો (અષાઢ ચાતુર્માસમાં જીવોને શત્રુંજય ગિરિરાજની યાત્રાનું પાપ કરાવવા માટે આપવામાં આવેલો કુતર્ક.)

સંદર્ભઃ- કલ્યાણઃ વર્ષ-૭૪, અંક-૮, વિ.સં.૨૦૭૪, કાર્તિક, નવેમ્બર-૨૦૧૭, પાના નં.-૭૭-૮૦૯,

સંશયદાતાઃ-આ.ભ.યુગચંદ્રસૂરિજી મ.સા.

શંકા-૬૭૫ના સમાધાન અંતર્ગતનું લખાણ.

કુતર્કઃ-...ચોમાસાના ચાર મહિના સાધુ સાધ્વીનો વિહાર જેમ બંધ થાય છે, તેમ શ્રાવક-શ્રાવિકાને પણ ચોમાસાના ચાર મહિના ગામતરા કરવાના નથી. અતિચારમાં આવે છે કે, વર્ષાકાળે ગામતરૂ કીધું એટલે ચોમાસામાં ગામથી બહાર જવાનું નથી. કુમારપાળ મહારાજાને ચોમાસામાં ક્યાંય બહાર

નહિ જવાનો અભિગ્રહ હતો. આ નિયમનું અણિશુદ્ધ પાલન કરનારા શ્રાવક-શ્રાવિકાને સિદ્ધાચલની, ગિરનારની કે શિખરજીની કોઈ પણ તીર્થની યાત્રા ચોમાસામાં કરવાની નથી, પણ જે શ્રાવક-શ્રાવિકા આવો નિયમ ધરાવતા નથી, તેઓ ચોમાસામાં દુનિયામાં બધે જતા-આવતા હોય તો તેમને સિદ્ધાચલ કે ગિરનાર કોઈ પણ તીર્થ યાત્રા કરવામાં ક્યો દોષ લાગે ? તે જ પ્રશ્ન છે. શાસ્ત્રમાં ક્યાંય ચોમાસામાં સિધ્ધાચલની યાત્રા કરવાનો નિષેધ નથી મળતો (બે તિથીના સમુદાયના ફોર્મેટ પ્રમાણે) એ હકીકત છે.

સુતર્ક વડે સમાંતર સમાધાનઃ-

સાધુ-સાધ્વીને જેમ આજીવન રાત્રિભોજન કરવાનું હોતું નથી, તેમ શ્રાવક-શ્રાવિકાઓને પણ આજીવન રાત્રિભોજન કરવાનું હોતું નથી. અતિચારમાં પણ આવે છે કે ''રાત્રિભોજન કીધા.'' હવે જે શ્રાવક-શ્રાવિકાને રાત્રિભોજન ત્યાગના વ્રતનું અણિશુદ્ધ પાલન કરવાનો નિયમ છે, તે તીર્થસ્થાને કે ઘરે તો ન કરે, પણ કોઈના લગ્ન પ્રસંગ જેવા લૌકિક પ્રસંગમાં પણ ન કરે. પણ, જે શ્રાવક-શ્રાવિકા આવો નિયમ ધરાવતા નથી, અને કોઈ પણ ઠેકાણે અને કોઈ પણ સમયે રાત્રિભોજન કરે છે, તો તેમને લગ્ન પ્રસંગે કે કોઈ પણ પ્રસંગે રાત્રિભોજન કરવામાં કયો દોષ લાગે ? તે જ પ્રશ્ન છે. (આ આચાર્ય ભગવંતનો તર્ક છે.)

ઘરમાં બટાકા આવી જ ગયા છે, તો શાક બનાવવામાં શાનો દોષ ? અને શાક બની જ ગયું છે, તો વાપરવામાં શાનો દોષ ? ચોમાસામાં ગામાતરૂ કરીએ જ છીએ તો પછી પાલીતાણા જવામાં શું દોષ ? અને પાલીતાણામાં ચાલુ ચોમાસે આવી જ ગયા છીએ, તો શત્રુંજયની યાત્રા કરવામાં શાનો દોષ ?

આવા શેખચલ્લી જેવા તુક્કાઓ દોડાવીને જીવો પોતાની નિજબુદ્ધિથી (એકમતિથી) મનફાવે તેમ નિર્ણયો લેતા ફરશે તો પછી પૂર્વાચાર્યો આચરિત પરંપરાને ગાંઠશે કોણ ? અને શાસનમાં ઠેર ઠેર અરાજકતા ફેલાઈ જશે, તેના જવાબદાર અને ગુનેગાર કોણ ?

શાસ્ત્રમાં જેનો પ્રત્યક્ષ ઉલ્લેખ ન મળતો હોય અને પરંપરામાં જેનો પરોક્ષ ઉલ્લેખ મળતો હોય, અને જો તે પોતાના જ પૂર્વાચાર્યોની પરંપરાની અવગણના કરે છે, તો તે જીવ તીર્થંકરની આજ્ઞાની અવગણના કરે છે.

કારણ કે પૂર્વાચાર્યો આચરિત પરંપરા = શાસ્ત્ર તુલ્ય = પૂર્વાચાર્યોનો પરોક્ષ શત્રુંજયની યાત્રાનો નિષેધનો ઉલ્લેખ = તીર્થંકરની આજ્ઞા તુલ્ય.

ચોમાસામાં ભવભીરૂ અને પાપભીરૂ જૈનો શત્રુંજયની યાત્રા અનંત નિગોદ અને અસંખ્ય ત્રસ જીવોની હિંસાના ભયાનક પાપથી બચવા વર્ષોથી નથી કરતા, એવું અજૈનો પણ જાણે છે.

આપણા પૂર્વજો તથા પૂર્વાચાર્યોને નબળા અને અજ્ઞાની સમજવા એ જ આપણી મોટામાં મોટી અજ્ઞાનતા છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

★તા.૨૭/૮/૨૦૨૦

હીર પ્રશ્નોત્તર

प्रश्नः पंचमी तिथी स्त्रुटिता भवति तदा तत्तपः कस्यां तिथौ ?

पूर्णिमायां च त्रुटितायां कुत्रेति ॥५॥

उत्तरम् : अथ पंचमी तिथी स्त्रुटिता भवति तदा तत्तपः पूर्वस्यां तिथौ क्रियते । पूर्णिमायां च त्रुटितायां त्रयोदशीचतुर्दश्योः क्रियते । त्रयोदश्यां तु विस्मृतौ प्रतिपद्यपीति ॥५॥

અર્થઃ-

પ્રશ્નઃ- પાંચમ તિથી તૂટી હોય તો તેનો તપ કઇ તિથીમાં કરવો ?

અને પૂર્ણિમા તૂટી હોય તો શામાં ?

ઉત્તરઃ પાંચમ તિથીનો ક્ષય હોય ત્યારે તેનો તપ પૂર્વ તિથીમાંકરાય છે. પૂર્ણિમા તૂટી હોય ત્યારે તેરશ-ચૌદશમાં કરવો,

તેરસે ભૂલી જવાય તો પડવે પણ અર્થાત્ ચૌદશ-પડવે કરવો.

સમજૂતિઃ- હવે જ્યારે લૌકીક પંચાંગમાં ૧૨,૧૩,૧૪,૧૫, વદ-૧, ૨ આ પ્રમાણે હોય છે ત્યારે, તો ૧૪-૧૫નો છટ્ઠ આપણે ૧૩-૧૪ના નથી કરતા, પણ ૧૪-૧૫ના જ કરીએ છીએ, એટલે કે, ૧૪ને લગતી આરાધના

૧૪ની તિથીએ (લૌકિક ૧૪=લોકોત્તર ૧૪ તિથિએ) જ કરીએ છીએ અને ૧૫ને લગતી આરાધના ૧૫ની તિથીએ (લૌકિક ૧૫=લોકોત્તર ૧૫ તિથીએ) જ કરીએ છીએ. પણ જ્યારે લૌકિક પંચાંગમાં ૧૨, ૧૩,૧૪, વદ-૧, ૨ આ પ્રમાણે હોય છે ત્યારે, આપણે ૧૪ને લગતી આરાધના લૌકિક ૧૩ની તિથીએ જ કરીએ છીએ (લૌકિક ૧૩=લોકોત્તર ૧૪) અને ૧૫ને લગતી આરાધના લૌકીક ૧૪ની તિથીએ જ કરીએ છીએ. (લૌકિક ૧૪=લોકોત્તર ૧૫) પણ જો ૧૫ના ક્ષયે લૌકિક ૧૩ના રોજ સવારે નવકારશી વાપરી લીધા પછી ખબર પડે કે આજે તો ૧૪ની આરાધના કરવાની હતી. તો હીરસૂરિજી તે શ્રાવકને કહે છે કે, તારાથી આ (અનાભોગથી) ભૂલ થઈ છે માટે કાલે ૧૫નો બીજો ઉપવાસ કરી લેજે અને ૧૪નો પહેલો ઉપવાસ વદ-૧ના કરી લેજે એટલે તારો છઠ્ઠ થઈ જશે. હવે જો આવી ભૂલ ન થાય, તો તો ૧૫ના ક્ષયે ૧૪-૧૫ની આરાધના ૧૩-૧૪માં જ કરવાની છે. હવે બન્ને પ્રશ્નો એક વચનમાં જ પૂછાયેલા છે. છતાં હીરસૂરિજીએ પ્રથમ પ્રશ્ન એકાકી તિથી માટે હતો માટે એક વચનમાં જવાબ આપ્યો, જ્યારે પછીનો પ્રશ્ન જોડીયા પર્વ તિથી માટે હતો, માટે તેનો જવાબ અને અપવાદ બન્ને જવાબો દ્વિવચનમાં આપ્યા. જો પુનમનો ક્ષય રાખવાનો હોત તો, "જેમ પાંચમના ક્ષયે ચોથમાં તેનો તપ કરવો (અને તેની આરાધના કરવી), એમ પુનમના ક્ષયે ચૌદસમાં તેનો તપ કરવો (અને તેની આરાધના કરવી)" આવું બે તિથીવાળાઓ હાલમાં જેમ કહે છે તેમ જ કહેત. પણ એ પ્રમાણે તેમણે કહ્યું જ નથી.

આ હતું હીરસૂરિજીનું કહેવું. આમ હીરસૂરિજીના આ (विस्मृतौ)"ભૂલી જવાય તો" શબ્દસમૂહને ધ્યાનમાં લેતા કોઈની પણ ભૂલ ન થઈ જાય, તે માટે આપણે જગદ્‌ગુરુ હીરસૂરિજીના ઉત્તર (સમાધાન) મુજબ જ ખંડીત પર્વ તિથીઓની જે દિવસે આરાધના કરીએ છીએ, તે દિવસે જ તેમને આરાધના માટેના જૈન પંચાંગોમાં અખંડ સ્થાપી જ દઈએ છીએ, જેથી કોઈ પણ આરાધક જીવથી ભૂલ થાય જ નહી, અને દોષો લાગે નહી. અને માટે જ એ પ્રમાણે વૃદ્ધિચંદ્રજીની આજ્ઞાથી ભાવનગરવાળા કુંવરજી આણંદજી પણ ભિંતિયા પંચાંગમાં ખંડીત પર્વ તિથીઓ અખંડ છાપતા હતા.

આમ હીરસૂરિજીનું સમાધાન તો ઉલટાનું પૂર્વાચાર્યોની અને તે પ્રમાણે શાસનપક્ષની આચરણાને બહુ જ મજબૂતાઈથી સમર્થન કરે છે. આમ હીરસૂરિજીના સમાધાન સાથે છેડછાડ કરવી, એ શાસ્ત્રો સાથે છેડછાડ કરવા જેવું છે, જે શિષ્ટજનોને શોભતું નથી.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૨૮/૮/૨૦૨૦

કલ્પસૂત્રની સુબોધિકા ટીકામાં ઉપાધ્યાય વિનયવિજયજી મ.સા.એ. (૧) બે ચૌદસનો સંદર્ભ મૂળ જૈન ટિપ્પણે આપ્યો જ નથી, પરંતુ અજૈન ટિપ્પણે આપ્યો છે. કારણ કે

(૨) મૂળ જૈન સૈદ્ધાંતિક પંચાંગમાં તો વૃદ્ધિ તિથી કદાપી આવતી જ નથી, માટે જ તો આપણે આપણા જૈનોના આરાધના માટેના પંચાંગોમાં પર્વ તિથીઓનું વૃદ્ધિપણું પૂર્વની અપર્વ તિથીને આપીને ટાળી દઈએ છીએ અને તેનું એકત્વ સ્થાપી દઈએ છીએ.

(૩) તેમણે શ્રાદ્ધવિધિ ગ્રંથના પર્વકૃત્ય નામના ત્રીજા પ્રકાશમાં, પૂર્વાચાર્યોએ કૌંસમાં આપેલા, પર્વ તિથીના ઉદાહરણના ભાવાનુવાદ અનુસાર બન્ને ચૌદસોને પર્વ તિથી માનવાની કહી જ નથી, પરંતુ મૂળ જૈન સૈદ્ધાંતિક પંચાંગનું સાપેક્ષપણું જાળવવા બીજી તિથીને જ પર્વ તિથી માનવાની કહી છે, અને પ્રથમ ચૌદસને અવગણવાની કહી છે, એટલે કે પ્રથમ ચૌદસ સાથે ચૌદસ જેવો વ્યવહાર કરવાનો જ નથી. જ્યારે પ્રથમ ચૌદસ સાથે પર્વ તિથીનો વ્યવહાર કરવાનો જ નથી, પછી તેની સંજ્ઞા પર્વની રાખવાનો મતલબ જ કશો નથી.

(૪)કારણ કે જૈન પંચાંગમાં તો વૃદ્ધિ તિથી હોય નહિ અને અજૈન પંચાંગમાં તો વૃદ્ધિ તિથીઓ પણ હોય, માટે પૂર્વઘર મહર્ષિના પ્રઘોષના ઉપયોગ વડે ચૌદસનું આરાધના માટે એકત્વ તો કર્યું, પણ પક્ષનો મેળ જાળવવા પૂર્વની અપર્વ તિથીને બેવડાવવી પડી.

(૫) જે ભાવાર્થ ઉપરથી આજ પર્યંત તપાગચ્છમાં આરાધના માટે વૃદ્ધિ પર્વ તિથીઓમાંની પછીની જ તિથીને પર્વ તિથી તરીકે રાખે છે અને પ્રથમને

(વૃદ્ધિ પર્વતિથીને) તેની પૂર્વની અપર્વ તિથીની સંજ્ઞા આપી દેવામાં આવે છે. પૂર્વના કાળમાં છાપખાના ન હોવાથી જે વ્યવહાર પૂર્વાચાર્યો દ્વારા મૌખિક થતો હતો, તે જ પ્રમાણે હાલના કાળમાં છાપખાના હોવાથી તપાગચ્છના બધા જ સમુદાયોના આરાધના માટેના બુકલેટ પંચાગોમાં એ પ્રમાણે છાપી જ દેવામાં આવે છે, જેથી જીવોને સરળતા રહે અને મુંઝવણ પણ ન રહે. એવા ભાવવાળું લખાણ આ.ભ.રામચંદ્રસૂરિજીના તિથી અંગેના પ્રવચનોની પુસ્તિકામાં છાપેલું પણ છે.

(૬) આ.ભ.રામચંદ્રસૂરિજીના દાદાગુરૂ સકલાગમરહસ્યવેદી આ.ભ. દાનસૂરિજીએ પોતે પણ વિ.સં.૧૯૯૧માં લૌકિક ચંડાશુચંડુ પંચાંગની ફાગણ સુદ-૧૨, ૧૩, ૧૩, ૧૪,૧૫ (+૧૩) આ પ્રમાણે કરીને ''ચંડૂની ઉદયાત્ ૧૩ના ફાગણ ફેરી નહોતી કરાવડાવી, પરંતુ ચંડૂની ફલ્ગુ ૧૪ની જૈન ૧૩ સ્થાપીને ફાગણ સુદ-૧૩ની ફેરી કરાવડાવી હતી.''

૧૩,૧૪,૧૪,૧૫(+૧૪) ચંડૂ

૧૩, ૧૩, ૧૪,૧૫ (+૧૩) જૈન

અત્યારે લૌકીક જન્મભૂમિ પ્રમાણે = આ.ભ.રામચંદ્રસૂરિ પ્રમાણે ફક્ત બે તિથીવાળાઓ જ હમણા કરે છે.

જન્મભૂમિ ઉપરથી સંસ્કારિત આરાધના માટેના જૈન પંચાંગ પ્રમાણે = પૂર્વાચાર્યો પ્રમાણે = આ.ભ.દાનસૂરિજી પ્રમાણે પણ શાસન પક્ષવાળા કરે છે.

આ.ભ.દાનસૂરીજી વિનયવિજયજીમ.સા.ની સુબોધિકા ટીકાને સાચી માનીને સાચી આચરણા કરતા હતા, જ્યારે તમારૂં એવું માનવું છે કે આ.ભ.દાનસૂરિજી વિનયવિજયજીની ટીકાને સમજવામાં ભૂલ્યા છે.

જો આપણે આ.ભ.દાનસૂરિજીને ખોટા ન માનતા હોઈએ તો આ મોક્ષમાં બાધક બનતું ''તત્વશૂન્ય'' તૂત મૂકી દેવું જોઈએ.

(૭) હવે જે કલ્પસૂત્રમાં હોય તે બધુ સુબોધિકા ટીકામાં તો હોય, પણ જે સુબોધિકા ટીકામાં વધારાનું લખાણ હોય તે કલ્પસૂત્રમાં ના હોય. માટે આ બે ચૌદસોનો ઉલ્લેખ મૂળ કલ્પસૂત્રમાં ના હોય.

(૮) બીજું આ ઉલ્લેખ સુબોધિકા ટીકાના નવમા સામાચારીના વ્યાખ્યાનમાં

આવે છે, માટે તિથી એ સિદ્ધાંત નથી, પણ આચરણા જ છે, એ આનાથી સાબિત થઈ જાય છે.

(૯) પૂર્વાચાર્યોની આચરણા અને તેમની જ આપેલી આચરણા પાળતા આપણા પૂર્વજોની આચરણાને પણ ન માનવી, એટલે કે આપણે આપણા શાસ્ત્રોને જ ન માનવા બરાબર થયું કહેવાય. શાસ્ત્રોને ન માનવા એટલે તીર્થંકર ભગવાનને ન માનવા બરાબર કહેવાય. કારણ કે અશઠ, સંવિજ્ઞપાક્ષિક, ભવભીરૂ ગીતાર્થ ગુરૂભગવંતોની ઓછામાં ઓછી ત્રણ ત્રણ પેઢીઓથી અવિરૂદ્ધપણે ચાલી આળતી નિર્વદ્ય આચરણા એટલે જિત વ્યવહાર = વિધિવાદ = પરંપરા = શાસ્ત્રસાપેક્ષ આચરણામાં ફેરફારી = શાસ્ત્ર તુલ્ય = તીર્થંકરની આજ્ઞા.

(૧૦) જો કે આ તો સાચુ જ છે, તેમ છતાં માની લો કે, પૂર્વાચાર્યોએ આપણને ખોટુ પણ આપ્યુ હશે, તો પણ તે દોષ આપણને લાગવાનો નથી જ. પણ એ જો ખોટુ પણ હશે અને આપણે સકળ સંઘની સંમતિ વગર આપણી એક મતિથી તેને સુધારી દઈશું તો તો આપણે જ, સાચુ આચરવા છતા, અનઅધિકાર ચેષ્ટા કરવા દ્વારા ભયંકર દોષના ભાગીદાર બની જઈશું, આપણા માથે આપણા વડીલો બેઠા હોય ત્યારે આપણે એક પણ અક્ષર બોલાય જ નહીં.

પંથક અને શેલકના કથાનકની જેમ ગુરૂવચન તહત્તિ કરીને જ પડીવજવાનું જ હોય છે.

(૧૧) સાચી તિથી એ આરાધના કરવી એ આપણા હાથની વાત છે. પણ લૌકીક ટિપ્પણુ સ્વીકાર્યું હોવાથી સાચી તિથીની આરાધના સાચા જ દિવસે થાય છે, કે ખોટા દિવસે થાય છે તે તો કેવળજ્ઞાની સિવાય કોઈ કહી જ ના શકે.

(૧૨) બે તિથીવાળાઓ હતાશ અને લાચાર થઈને સકલાગમ રહસ્યવેદી આ.ભ.દાનસૂરિજીને ખોટા પુરવાર કરવા માટે કલ્પસૂત્રની સુબોધિકા ટીકાના આ સંદર્ભને મરણીયા બનીને બહુ જ ચગાવે છે. પણ શાસ્ત્ર અને શાસન રૂપી સૂરજ સામે ક્યાં સુધી ધૂળ ઉડાડી શકાય ?

પોતાના જ પૂર્વજોને ખોટા પુરવાર કરવા એ કાંઇ ખાવાના ખેલ નથી ભાઈ. આ તો જમાલી મુનિનું ભગવાનને ખોટા કહેવા જેવું થયું કહેવાય.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

કોઈ પણ જીવને બે તિથીનું હડહડતું જૂઠ્ઠાણું જો પકડવું જ હોય તો બે તિથીની જુદા જુદા લેખકોની તિથી વિષયોની પુસ્તિકાઓ વાંચવી પડે. અને જો એ બધી જ પુસ્તિકાઓનું જૂઠ્ઠાણું એક જ જગ્યાએ જો વાંચવું હોય, તો વિ.સં.૨૦૨૮ના પ્રવચનોની પુસ્તિકા ''પર્વ તિથી ક્ષયવૃદ્ધિ અંગે સરળ અને શાસ્ત્રીય સમજ'' આખી પુસ્તક એકાંતમાં બેસીને એકાગ્ર ચિત્તે બહુ જ સૂક્ષ્મતાથી વાંચી જવી પડે.

એ પુસ્તકમાં પાને પાને જે માયાવી પદ્ધતિ અને માયાવી આક્રમકતા અને માયાવી સફાઈ દર્શાવી છે તે ભલભલાને વિચાર કરતા મૂકી દે એવી છે.

મને આ લોકોના લખાણમાં શંકા આ.ભ.નરેન્દ્રસાગરજીનું સાહિત્ય વાંચ્યા પછી ખાસ થઈ, કારણ કે તેમના લખાણમાં જે વેદના હતી, તે બકરીનું કૂતરૂ કરવાની વેદના ન હતી, પણ બકરી ઝૂંટવી લેવાઈ જવાની વેદના હતી, કારણ કે બકરીનું તો કૂતરૂ થવા દે એવા તો તેઓ હતા જ નહી.

આ પુસ્તક અલભ્ય બને તે પહેલા બધા જણ વસાવી લેજો, ભવિષ્યમાં તમારા વંશજોને પણ બહુ જ કામમાં આવશે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૨૦/૯/૨૦૨૦

સકલ કુશલવલ્લી...... સૂત્રમાં વધારાનું વાક્ય ''શ્રેયસે પાર્શ્વનાથ'' કેમ બોલાય છે ? તે અંગેનું મારૂં અનુમાનઃ- (પાણી ઠંડુ કેમ છે ? તો તેનો એક જ જવાબ છે કે, તે તેનો સ્વભાવ છે.) એ જ ન્યાયે મૂળ સૂત્રમાં શ્રેયસે પાર્શ્વનાથ નથી, તેમ છતાં કેમ બોલાય છે ? તો તેનો એક જ જવાબ છે, કે આ ક્યારથી બોલાય છે, એ કોઈને ખબર નથી, કોણે બોલવાનું ચાલુ કર્યું, તે પણ કોઈને ખબર નથી, પણ આ જે વધારાની લીટી બોલાય છે, તે કોઈ ઋષભદાસ સિવાયના શ્રાવકે બોલવાની ચાલુ કરી છે, એવો કોઈની પાસે ઉલ્લેખ નથી, નહી તો પછી ના જ બોલાય. વિ.સં.૧૯૬૯ પછીથી બોલાવાનું ચાલુ થયું હોય તો કોણે ચાલુ કર્યું એ ધ્યાન બહાર ન જ હોય માટે આ એક તપાગચ્છની આચરણા છે. અને ભગવાનનું નામ બોલવાનો વિરોધ કરવો એ

જૈનને શોભે પણ નહી. માટે ન બોલવાનો કદાગ્રહ રાખવો એ જમાલી મુનિની જેમ પચીસમાં તીર્થંકર શ્રી સંઘની અવગણના કરવા દ્વારા આશાતના છે.

હવે આ બોલવાનું કોણે ચાલુ કર્યું હોય, તે અંગેનું મારૂ અનુમાનઃ-

આજથી (વિ.સં.૨૦૭૬ના સંદર્ભમાં) લગભગ ૩૦૦ વર્ષ પહેલા ઉપા.ઉદયરત્ન વિજયજી મ.સા.ખેડામાં ચોમાસુ હતા. તે વખતે શંખેશ્વરના ઠાકોરે મંદિરના દ્વાર બંધ કર્યા હતા અને પ્રભુદર્શન કરવાનો વેરો નાખ્યો હતો. ચોમાસું પૂર્ણ થયા પછી ઉદયરત્ન વિજયજી ખેડાથી શંખેશ્વરનો સંઘ લઈને ગયા હતા અને શંખેશ્વર મંદિરની બહાર ખુલ્લા મેદાનમાં પ્રભુ ભક્તિની રમઝટ ચાલુ કરી અને એ વખતે શંખેશ્વર દાદાનું ચૈત્યવંદન ચાલુ કર્યું અને શરૂઆત સકલ કુશલ વલ્લીથી કરતા શ્રેયસે શાંતિનાથ આવ્યું ત્યાં તેમણે શ્રેયસે પાર્શ્વનાથ પણ ઉમેરીને બોલ્યું હોય અને બધા જ શ્રાવકોને પણ એ સાંભળીને આનંદ આવ્યો હોય અને ત્યારથી જ બધા બોલતા હોય એવું મારૂ અનુમાન છે. જો કોઈને આ અનુમાન ખોટુ લાગતું હોય તો યોગ્ય કારણ બતાવજો. (પાર્શ્વ શંખેશ્વરા, સાર કર દેવકા; દેવકા એવડી વાર લાગે ?...) આ રચના પણ તે વખતે જ થઈ હતી.

જુના અભ્યાસને કારણે બે તિથીના મહાત્માઓને પણ મેં શ્રેયસે પાર્શ્વનાથ બોલતા સાંભળ્યા છે. તેઓ જો ઉપયોગ ન રાખે તો તેમનાથી પણ બોલાઈ જાય છે અને ન બોલવા માટે ખાસ ઉપયોગ રાખવો પડે છે, આટલું બધુ આ વાક્ય આત્મસાત્ થઈ ગયેલું છે.

હવે પાપવાક્ય ન બોલાઈ જાય તેને માટે ઉપયોગ રાખવો પડે, એ તો નાના બાળકને પણ સમજાય એવું છે, પણ અહીંયાં તો ધર્મ વાક્ય ન બોલાઈ જાય તેને માટે ઉપયોગ રાખવો પડે છે.

ધન્ય છે આ લોકોની ''કુશાગ્ર'' બુદ્ધિને ! અને આ વધારાનું વાક્ય બોલવામાં પણ જો કોઈ પ્રકારનો દોષ લાગતો હોય તો પણ કોઈ યોગ્ય કારણ હોય તો બતાવજો, જેથી હવેથી ન બોલવાની ખબર પડે.

આ લોકોનો એક જ એજંડા છે, કે શાસન પક્ષની બને ત્યાં સુધી વીણી વીણીને એક એક પરંપરાનો વિરોધ કરવો અને જીવોને વ્યુદગ્રાહીત કરવા

અને કાયમ માટે શાસનમાં અસ્થિરતા જાળવી રાખવી અને પોતાનો દોષનો ટોપલો બીજા ઉપર નાંખવો.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

કારતક સુદ ચૌદશના દિવસે ઉકાળેલ પાણીનો કાળ ૩ પ્રહર છે અને કારતક સુદ પુનમનો ચાર પ્રહર તો ૧૪/૧૫ ભેગી માનનારા ૩.૫૦ પ્રહર ગણાશે ?

પુનમ ચૌદશમાં સમાવિષ્ટ ગણનારા (તે દિવસે) નૂતનમતવાલા દીક્ષા ખુલ્લી કરશે ? વિહાર ખુલ્લો કરશે ? ભાજીપાલો, મેવો ખુલ્લો કરશે ?

કૃષ્ણ મહારાજા અને કુમારપાળ મહારાજા દેશાટનના નિયમવાલા કારતક સુદ તેરસે નીકળે તો પ્રતિજ્ઞા ભંગ અને પછીના દિવસે સાંજે નીકળે તો પહોંચતા એકમ તો કારતક પુનમની યાત્રા ક્યારે કરે ?

સવારે પુનમ અને સાંજે ચોમાસી એટલે યાત્રા પહેલા ખુલ્લી અને સાંજે ચૌદશની ચોમાસી પ્રતિક્રમણની આરાધના.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ના.પટ્ટાલંકાર પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજીના શિષ્યરત્ન પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખરસૂરીશ્વરજી મ.સા.ના વિનેય પૂજ્ય આચાર્યદેવ શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજે (બે તિથિના) સેનપ્રશ્નના અનુવાદમાં એક તિથિ પ્રમાણે કરેલો સાચો અર્થ

સૂર્યોદય વખતે જે તિથિ વર્તતી હોય તેને આખો દિવસ માનવી જો તેમ કરવામાં ના આવે તો આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના એ દોષો પ્રાપ્ત થાય આ વૃદ્ધસામાચારીની ગાથા (મૂલ નિયમ) છે.

ક્ષયે પૂર્વા તિથિ કાર્યા, વૃદ્ધૌ કાર્યા તથોત્તરા

પર્વ (તિથિ)નો ક્ષય આવે ત્યારે જે પૂર્વ (સામાન્ય તિથિ) હોય તેને

(પર્વતિથિ) કરવી અને (પર્વતિથિની) વૃદ્ધિ હોય તો (પહેલી છોડી) બીજી (પર્વતિથિ) કરવી.

આ ઉમાસ્વાતીજીનું વચન (અપવાદિક નિયમ) છે આ બંનેય બાબતોને જે ન માનતા હોય તેને બળાત્કાર કરીને પણ મનાવવામાં કોઈ યુક્તિ છે કે નહિ ?

ઉત્તર- આ બંનેય પ્રમાણિક બાબતોને મનાવવામાં શ્રાદ્ધવિધિ ગ્રંથ અને સુવિહીત પુરુષોની સતત ચાલી આવતી પરંપરા પ્રમાણભૂત તરીકે જાણવામાં છે. તેમજ સૂર્યોદય સમયે જે અલ્પ પણ તિથિ હોય તે સંપૂર્ણ જાણી તે દિવસે પાળવી પણ સૂર્યોદય વખતે ન હોય અને પછી ઘણી હોય તે માનવી નહિ એમ પારાશર સ્મૃતિ વગેરેમાં પણ કહ્યું છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

★તા.૧૮/૯/૨૦૨૦

યુગપ્રધાન આચાર્ય સિવાય ગમે તેટલી બુદ્ધિશાળી પણ કોઈ એક વ્યક્તિને પોતાની સ્વચ્છંદ બુદ્ધિથી કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવાનો અધિકાર નથી.

પૂ.મહામહોપાધ્યાયજી યશોવિજયજી મ.સા. તેમના ગ્રંથ બત્રીશીમાં કહે છે. સંદર્ભઃ- માર્ગશુદ્ધિ બત્રીશી-છટ્ટી-ગાથા ૨૬

मार्गभेदस्तु यः कश्चित् निजमत्या विकल्प्यते ।

स तु सुंदरबुद्धयापि क्रियमाणो न सुंदर ॥

અર્થઃ- પોતાની સ્વચ્છંદ મતિથી જે વ્યક્તિ માર્ગભેદ કરે છે તે સારા માટે કરતો હોય તો પણ તે માર્ગભેદ ‘‘સારો નથી.’’

સારાંશઃ- હવે જો આવા પ્રકાંડ વિદ્વાન, ન્યાયવિશારદ, કૂર્ચાલ શારદા (મૂંછવાળી સરસ્વતી), સર્વસમુદાય માન્ય પણ જો પોતે એકલા ફેરફારી ન કરી શકતા હોય તો આપણે તો તેમની આગળ કંઈક વિસાતમાં નથી (આપણે તો કાચા ખેતરના મૂળા છીએ ?)

ટૂંકમાં ૧૨ તિથીના અશિસ્તથી (સંઘભેદથી) કરેલા પરિવર્તનને શાસ્ત્રનું

અને પૂર્વના પ્રકાંડ વિદ્વાન એવા મહાપુરૂષનું પણ જરાય સમર્થન નથી.

જૈન શાસનમાં કોઈને પણ સ્વચ્છંદ વર્તવાનો અધિકાર નથી. પછી ભલે તે શાસન ધુરંધર કેમ ના હોય.

આમ શાસ્ત્રો શાસ્ત્રોનો આભાસી હાઉ ઉભો કરીને જીવોને ભ્રમણામાં નાખ્યા તો ખરા પણ એ શાસ્ત્રો જ તેમને જ એકદમ સ્પષ્ટ ખોટા જ કહે છે. અને આ ખોટુ ભણાવીને અને શાસન વિરૂદ્ધ પાઈને તૈયાર કરેલા તેમના જ ભગતો પાસે હવે તેમની પોતાની આબરૂ બચાવવા પચીસમાં તીર્થંકર શ્રી સંઘને ખોટા (હાડકાના માળા) કહે/કહેવડાવે છે.

હવે સારા માટે અને સારી રીતે પણ સ્વચ્છંદ રીતે કરેલો માર્ગભેદ મહોપાધ્યાયજી સારો કહેતા નથી તો પછી ખરાબ માટે અને તે પણ પાછો ખરાબ અને ખોટી રીતે એકમતિથી અને સ્વચ્છંદતાથી (સંઘ આજ્ઞા અને ગુરૂ આજ્ઞા વિના) કરેલા માર્ગભેદને અસત્યરૂચિવાળા (તીવ્રાતિતીવ્ર દૃષ્ટિરાગી) સિવાય કોણ સારૂ કહેવાનું છે ?

તા.ક.:- હવે આ લોકો પાસે આનો જવાબ તો તરફડીયા મારે તો પણ મળવાનો જ નથી. એટલે જવાબ આપવાની જવાબદારીમાંથી છટકવા આડા અવળા બહાના કાઢશે અથવા વિષયાંતર કરશે અથવા **self quarantine**મૌન સેવશે.

''સત્ય એકજ હોય છે, બહાના (જૂઠના પ્રકાર) ઢગલાબંધ હોય છે.''

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૧૦/૦૮/૨૦૨૦

धर्मसागरीय-उत्सूत्रखंडनम्

खरतरगच्छ के आचार्य श्री गुणवीनयगणी म.सा.ने तपागच्छ की खंडित पर्व तिथीयो को अखंड रखकर आराधना करने की आचरणा का खंडन करने के लिये इस ग्रंथ की रचना की है । जो वि.सं.१९८९ में पुनः मुद्रित हुई थी ।

इस ग्रंथ के पृष्ठ नं-२० पर लेखक लिखते है कि,

(अमावास्यावृद्धौ एवं च पूर्णिमावृद्धौ पापकृत्यकरणाय चतुर्दश्यां पौषधोपवासादिधर्मकृत्यानि पाक्षिकप्रतिक्रमणं च निषेध्य प्रथम अमावास्यायां प्रथम पूर्णिमायां च पाक्षिक प्रतिक्रमणादिकरणं अस्य तपोभूतस्य सागरस्य अयथास्थाने अस्य मतेन उत्सूत्ररुपं अनेन मानितं अंगीकृत) ।३।३।१२।

ગુજરાતી અર્થ સાથે વિવેચનઃ- હવે અહિંયા ખરતર ગચ્છના આચાર્ય શ્રી ગુણવિનય ગણી લખે છે કે, તમે તપાગચ્છવાળા અમાસ અને પૂર્ણિમાની વૃદ્ધિ વખતે પાપ કૃત્ય અકરણ હેતુ ચૌદસનો પૌષધ આદિ ધર્મકરણી અને પાક્ષિક પ્રતિક્રમણ નિષિદ્ધ પ્રથમ (ફલ્ગુ) અમાવસ તથા પ્રથમ (ફલ્ગુ) પૂનમના રોજ પ્રતિક્રમણાદિ કરો છો, તે અયથાસ્થાને હોવાથી અમારા મતે ઉત્સૂત્ર છે.

હવે ખરતર ગચ્છનું તપાગચ્છની આચરણાનું આ ખંડન જ એ પુરવાર કરે છે કે, તપાગચ્છ હીરસૂરિજીની પહેલાથી જ ૧૫/૦))ની વૃદ્ધિએ ૧૩ની વૃદ્ધિ કરીને લૌકિક પ્રથમ (ફલ્ગુ) પૂનમ/અમાવસે જૈન ચૌદસનું સ્થાપન કરે છે અને આરાધના કરે છે. હવે ખરતર ગચ્છવાળા તપાગચ્છની આ માન્યતા પોતાની માન્યતાથી વિપરીત હોવાને કારણે ભલે પોતાના માટે નથી માન્ય રાખતા, પરંતુ તપાગચ્છવાળો એ પ્રમાણે આચરણા કરે છે, એવું તો તેઓ પણ કબૂલે જ છે. પરંતુ પાંચમા આરાના જડ તથા વક્ર જીવોનો કદાગ્રહ તો જુઓ કે તપાગચ્છનો જ એક સમુદાય, જગદ્‌ગરુ હીરસૂરિજીની જ માન્યતાનો વિ.સં.૧૯૯૨-૯૩ થી જોરશોરથી વિરોધ કરે છે.

આ પણ છે ને કળિયુગની બલિહારી.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૧૨/૦૮/૨૦૨૦

આપણા પૂર્વાચાર્યો આપણી રોજીંદી આરાધના માટે પર્વ તિથીઓની ક્ષય-વૃદ્ધિ કેમ નથી રહેવા દેતા. તેના માટે ''જૈન પંચાંગ'' અને ''લૌકિક પંચાંગ''માં આવતો ભેદ સમજવો પણ જરૂરી છે.

જૈન પંચાંગઃ-

(૧) પાંચ વર્ષનું (૬૨ મહિનાનું) એક યુગ કહેવાય છે.

(૨) વર્ષ શ્રાવણ વદ-૧ થી શરૂ થાય છે. અને અષાઢ સુદ-૧૫ના સમાપ્ત થાય છે.

(૩) ચંદ્રની ગતિ સૂર્યની ગતિ કરતા ઓછી (૨૩-ક.૩૬-મી.૨૩-સે.૩૬-પળ) હોવાથી કદાપી વૃદ્ધિ તિથી આવતી જ નથી માટે લૌકીક પંચાંગમાં આવેલી પર્વ તિથીઓની વૃદ્ધિ આપણે આપણા આરાધના માટેના જૈન બુકલેટ પંચાંગમાં પણ રાખતા નથી.

(૪) દર ૬૧ તિથી પછી ૬૨મી તિથીનો નિયમિત રીતે ક્ષય આવી જાય છે.

(૫) પાંચ વર્ષના એક યુગમાં કુલ ૩૦ તિથીઓનો જ ક્ષય આવે છે. તેમાં ૧૮ અપર્વ તિથીઓ હોય છે અને ૧૨ પર્વ તિથીઓ હોય છે.

(૬) પાંચ વર્ષની કુલ ૭૪૪ પર્વ તિથીઓમાંથી ફક્ત ૧૨ જ પર્વ તિથીઓનો ક્ષય આવે છે. એટલે કે ૨% કરતા પણ ઓછી. માટે **अल्पस्य विवक्षा नास्ति** ના ન્યાયે તેમનો પણ ક્ષય આરાધના માટેના બુકલેટ જૈન પંચાંગમાં રાખવામાં આવતો નથી.

(૭) કાયમ માટે પ્રથમના ૨॥ વર્ષે (૩૦ મહિના પછી) પોષ મહિનાની જ વૃદ્ધિ આવે અને પછીના ૨॥ વર્ષે (૩૦ મહિના પછી) અષાઢ મહિનાની જ વૃદ્ધિ આવે છે. તે સિવાયના એક પણ મહિનાઓની વૃદ્ધિ આવતી નથી.

(૮) યુગના છેલ્લા વર્ષના અષાઢ સુદ-૧૫નો નિશ્ચે ક્ષય આવે છે, જે દશા શ્રુતસ્કંધની મૂલ નિર્યુક્તિ ચૂર્ણિના આધારે તેનું અખંડ અસ્તિત્વ બોલવાપૂર્વક તેનો ક્ષય નાબૂદ કરવામાં આવે છે અને ખગોળની ચૌદસે જૈનની પુનમ તિથી સ્થાપીને ચોમાસી પ્રતિક્રમણ કરવામાં આવે છે અને ખગોળની તેરસના જૈનની ચૌદસ તિથી સ્થાપીને પક્ખિ કરવામાં આવે છે અને ખગોળની બારસના દિવસે તેરસનું માંગલિક પ્રતિક્રમણ કરવામાં આવે છે.

(૯) ૧૫૦૦ વર્ષ પૂર્વે જ્યારે સંવત્સરી પાંચમની હતી ત્યારે ચોમાસી પુનમની થતી હતી અને પક્ખિ તો પહેલેથી ચૌદશની જ થાય છે. આમ એ વખતે સળંગ ઉપરા ઉપરી બે મોટા પ્રતિક્રમણ થતા હતા. જે પાછળથી સંવત્સરી

ચોથની થવાથી ચોમાસી ચૌદસ ઉપર આવી ગઈ માટે ત્રણ પક્ખિ પ્રતિક્રમણ ઘટી ગયા.

(૧૦) હવે જો બે તિથીના મત પ્રમાણે પુનમનો ક્ષય રાખવામાં આવે અને ((૧૪+૧૫) આ પ્રમાણે કરવામાં આવે) તો એ સમયે એક જ દિવસે પક્ખિ અને ચોમાસી પ્રતિક્રમણ કેવી રીતે થઈ શકે ? પક્ખિ પ્રતિક્રમણ અને તેની આરાધના માટે સ્વતંત્ર ચૌદસ જોઈએ અને ચોમાસી પ્રતિક્રમણ અને તેની આરાધના માટે સ્વતંત્ર પૂનમ જોઈએ.

(૧૧) જે વર્ષના જે મહિનાના જે પક્ષની જે તિથીનો ક્ષય આવે તે ફરીને પાછો પાંચ વર્ષે જ પુનરાવર્તન પામે છે.

(૧૨)કારતક, ફાગણ, વૈશાખ, ભાદરવો → આ ચાર મહિનામાં તો કદાપી ક્ષય આવે જ નહિ.

(૧૩) ૫-વર્ષનું યુગ ।દિવસ। ક્ષય

પ્રથમ વર્ષ ।૩૫૫।૫

દ્વિતિય ।૩૫૪। ૬

તૃતિય ।૩૮૪। ૬

ચતુર્થ ।૩૫૪। ૬

પંચમ ।૩૮૩। ૭

કુલ ૧૮૩૦ દિવસ । ૩૦ ક્ષય

સરાસરી વર્ષે ૬ તિથીઓનો ક્ષય આવે.

લૌકિક પંચાંગઃ-

(૧)પાંચ વર્ષના યુગ જેવું હોતુ નથી.

(૨) જુદા જુદા મહિનાઓથી વર્ષની શરૂઆત થાય છે.

(૩) ચંદ્રની ગતિ ઘટીને ૨૨ કલાકની થાય છે અને વધીને ૨૭ કલાકની થાય છે માટે ક્ષય અને વૃદ્ધિ બન્ને આવે છે. અને તે પણ અનિયમિત રીતે આવે છે.

(૪) ગમે તે મહિનાની વૃદ્ધિ આવે છે અને કોઈક વખત તો મહિનાનો પણ ક્ષય આવે છે.

સત્ય

(૫) વર્ષમાં જો વૃદ્ધિ ક્ષય તિથિ નીચે તિથી પ્રમાણે આવે

પ્ર- (૨,૩,૪) - અં ૧ હોય તો ૬- ૭- ૮

૨ ૭- ૮- ૯

૩ ૮- ૯- ૧૦

૪ ૯- ૧૦- ૧૧

૫ ૧૦- ૧૧- ૧૨

૬ ૧૧- ૧૨- ૧૩

૭ ૧૨- ૧૩- ૧૪

આમ સરવાળે જૈન સૈદ્ધાંતિક પંચાંગની જેમ લૌકીક પંચાંગમાં સરાસરી ૬ તિથીઓનો જ ક્ષય આવે છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

સત્ય

સન્માર્ગમાં મારેલું ગપ્પું (માયાચાર) સન્માર્ગ-૩૬૧, વર્ષ ૧૬, અંક-૧ વિ.સં.૨૦૬૮, પોષ સુદ-આઠમ તારીખ ૧/૧/૧૨, વાર રવિવાર પાના નંબર-૨

આ લેખની ઉલટ તપાસ કરો.

''આપ મરતા બાપ કો કોઈ યાદ નહીં કરતા'' એ ન્યાયે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રચાર્યની જેમ, અર્ણિકાપુત્ર આચાર્ય, અષાઢી શ્રાવકની જેમ પોતાના મોક્ષનું કેમ ના પૂછાવડાવ્યું ? ઠીક છે મોક્ષની એવી તાલાવેલી ન પણ હોય તો ન પણ પૂછાવે, મોક્ષ કરતા તિથિમાં રસ વધુ છે, કેમકે આ કુમતને જન્મ આપનાર વિ.સં.૧૯૯૨માં આ.રામચંદ્રસૂરિશ્વરજી જ છે માટે ઉલટ તપાસ કરવી. મોક્ષનું કેમ ના પૂછાવડાવ્યું ?

આ ઘટના કયા દિવસે, કઈ સાલમાં, કયા મહિનામાં ઘટી એવી માહિતી કેમ ન મૂકી ?

ખરતરગચ્છ, અચલગચ્છ, વિમલગચ્છ, પાયચંદગચ્છ, તપાગચ્છમાંથી ક્યો ગચ્છ સાચો એ કેમ પૂછાવડાવ્યું નહીં ? તિથિનું જ કેમ ખ્યાલ આવ્યો !

મહાવિદેહમાં એક પણ તિથિની વૃદ્ધિ ના આવે તો સીમંધરસ્વામી પ્રભુ એવું કઇ રીતે કહે કે, ''બે તિથિ સાચી.'' શું ત્યાં મહાવિદેહમાં બે તિથિ આવે છે ? અને માની લો કલ્પનાની દૃષ્ટિએ કે ભરતક્ષેત્ર પ્રમાણે બે તિથિ સાચી છે તો જવાબ સીમંધરસ્વામી એમ આપે કે ભરતક્ષેત્રની સામાચારી પ્રમાણે બે તિથિ સાચી છે એવો જવાબ તો ના જ આપે કે તિથિની બાબતમાં રામચંદ્રસૂરિનો મત સાચો છે. કેમકે જો સાચો હોય તો એ શ્રી સંઘનો કહેવાય એમાં કોઇનું નામ ક્યાંથી આવે ? પોતાનો કુમત સાચો કરવા એકાવતારી માણીભદ્રજીનું નામ પણ સહેલાઈથી ઉપજાવી દીધું. કુદરત માફ કરશે ?''

શ્રી સીમંધરસ્વામી પાસે કઇ તિથિ સાચી તે પૂછાવ્યું એના કરતા જૈન ટિપ્પણું મેળવવાનું ન સૂઝ્યું ?

આ વાત સાચી હોય તો રામચંદ્રસૂરિજીએ આટલા વર્ષોમાં ''જૈન પ્રવચન''માં કેમ છાપી નહીં ?વિક્રમ સંવત૨૦૨૮ના આ.ભ.રામચંદ્રસૂરિજીના ત્રણ દિવસના પ્રવચનની પુસ્તિકામાં આ ઘટનાનો ઉલ્લેખ કેમ નથી ? આટલા વર્ષો બાદ સન્માર્ગમાં ? તમારી બાલદીક્ષાનું ગેજેટ તમારા જ સમુદાયવાલા સાચું માનતા નથી તો આ વાતને કોણ સાચી માનશે ?

બળદની આંખમાં સ્નાત્રજળનો છાંટો ગયો તો દેવીદેવતાની સૃષ્ટિ દેખાવા લાગી તો પછી રતિભાઈ અને સકળચંદભાઈને સ્નાત્રજળ લગાવવામાં આવ્યું છતાં બે જ દેવ દેખાયા !! ઉત્તર સાધકનું ક્યાંય નામ ન આપ્યું આખા લેખમાં ? દેવ આવે તો કાલકાચાર્ય પાસે આવીને દરવાજો બદલી ગયાની નિશાની મુકીને ગયેલા. તમને શું નિશાની આપી ?

રતિભાઈ આટલા મહાન સાધક હોય તો ઉત્તરસાધક તેનાથી ઉતરતા હોય કે દેવનું તેજ સહન ન કરી શકે તો ? તે ન કરી શકે ? સકળચંદભાઈ સહન કરી શકે તો જો અઠ્ઠમ કરાવ્યો તો સંઘના મુખ્ય મોભીઓને અને અન્ય સમુદાયના ગચ્છાધિપતીને સાથે કેમ ના રાખ્યા ? માણિભદ્રવીર તમારી અપેક્ષાનો જવાબ ચારૂપ લઈને આવ્યા પછી તો બધાને (જે મુખ્ય મતભેદવાલા હતા તેમને તો) બોલાવવા જોઈએ ને !! માણીભદ્રવીર તો હાજર કરી દે એવા શક્તિશાલી છે જો આ ઘટના સાચી હોય તો આખો જ સંઘ તમારી સાથે જ હોવો જોઈએ, પણ એવું તો છે જ નહી માટે આ પણ ગેઝેટની જેમ માયાચાર !? તે વખતના સ્થાનિક અખબારમાં આ સમાચાર આવ્યા હતા કે

નહીં ? કસ્તુરભાઈ લાલભાઈને તો બોલાવવા હતા. તમારી તરફેણમાં જવાબ હતો પછી શું વાંધો હતો ?

મનમાં જ પરણ્યા અને મનમાં જ...તમે જ પરીક્ષાર્થી અને તમે જ પરીક્ષક, તમે જ ખેલાડી અને તમે જ અમ્પાયર.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

‘‘મતની ઉત્પતિ

(૧)

મત-દિગંબર

સ્થાપક-શિવભૂતિ

ઉત્પત્તિ વર્ષ-વીર નિર્વાણ બાદ ૬૦૯

તીર્થ બાહ્ય થવાનાં કારણો-‘‘રત્નકંબલ વિષયક ક્રોધથી.’’

(૨)

મત-પૂનમીયોગચ્છ

સ્થાપક-ચંદ્રપ્રભસૂરિ

ઉત્પત્તિ વર્ષ-૧૬૨૯, વિ.સં.૧૧૫૯

તીર્થ બાહ્ય થવાનાં કારણો-‘‘સ્વગુરુભાઈ મુનિચંદ્રસૂરિજી પ્રત્યે ઈર્ષ્યાથી.

(૩)

મત- ખરતરગચ્છ

સ્થાપક-જિનવલ્લભ

ઉત્પત્તિ વર્ષ-૧૧૩૦

તીર્થ બાહ્ય થવાનાં કારણો-‘‘ચૈત્યવાસી હતા. + છઠ્ઠા કલ્યાણકની પ્રરૂપણાથી.’’

(૪)

મત-અચલગચ્છ

સ્થાપક-નરસિંહ

સત્ય

ઉત્પત્તિ વર્ષ-૧૨૧૩
તીર્થ બાહ્ય થવાનાં કારણો-''પૂનમિયામાંથી જ છુટા પડ્યા છે. તીર્થબાહ્ય જ હતા.''
(૫)
મત-સાર્દ્ર પૌણિમા
સ્થાપક-સુમતિસિંહ
ઉત્પત્તિ વર્ષ-૧૨૩૬
તીર્થ બાહ્ય થવાનાં કારણો-''પૂનમિયામાંથી જ છુટા પડ્યા છે.''
(૬)
મત-લુંપાક મત
સ્થાપક-લેખક લુંપક
ઉત્પત્તિ વર્ષ-૧૫૦૮
તીર્થ બાહ્ય થવાનાં કારણો-''શાસ્ત્રોના પાનાનો લોપ કરી કરીને લખતો હોવાથી સાધુઓ તરફથી મળેલા ઠપકાથી.''
(૭)
મત-કટુક મત
સ્થાપક-કટુક વાણિયો
ઉત્પત્તિ વર્ષ-૧૫૬૪
તીર્થ બાહ્ય થવાનાં કારણો-''વર્તમાનમાં સાચા સાધુ નથી'' આ પ્રવાદથી.
(૮)
મત-બે તિથિ
સ્થાપક-આ.રામચન્દ્રસૂરિ
ઉત્ત્પત્તિ વર્ષ-વિક્રમ સંવત ૧૯૯૨ થી
માન કષાય
ક્ષયે પૂર્વાનો ખોટો અર્થ કરીને.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

બે તિથીના ઉપાસકોની ''નિજમત બચાવો ઝૂંબેશ''ની અંતર્ગત એક સર્વસામાન્ય **Modus Operendy** છે, જે બહુ જ ગંભીરતાપૂર્વક સમજવા જેવી છે. કારણ કે આ પદ્ધતિ ત્રણ ઠગ, અને બકરીને લઈ જતા બ્રાહ્મણના કથાનકને એકદમ બંધબેસતી આવે છે. તેઓ તમારૂં ધ્યાન મૂળ મુદ્દેથી બીજે વાળવા ખાસ અને વારંવાર કહેશે કે (૧) પર્વ તિથીની ક્ષયવૃદ્ધિ આ.ભ.રામચંદ્રસૂરિજીના જન્મ પહેલા પણ આવતી હતી. (૨) ઠેર ઠેર શાસ્ત્રોમાં, ''બે પર્વ તિથી હોય તો બીજી કરવી,'' એવા ઉલ્લેખો આવે છે. એનાથી એ સિદ્ધ થાય છે કે, બે પર્વ તિથી હોય છે. (૩) આ ઝઘડો વિ.સં.૧૯૫૨માં (રામચંદ્રસૂરિજીના જન્મ પહેલાથી જ) ભાદરવા સુદ-૫નો ક્ષય આવ્યો ત્યારે સાગરજી મહારાજે નાખ્યો અને સંઘ ભેદ કરાવ્યો. (૪) ''પર્વ તિથીઓની ક્ષયવૃદ્ધિ ન રખાય'' આ પદ્ધતિ યતિઓએ ચલાવેલી છે. આ ચાર મુદ્દાઓને આ પક્ષ પોતાના કુમતને જીવાડવા ઓક્સિજનના સિલિન્ડર તરીકે વાપરે છે. હવે આપણે આ ચારે મુદ્દાઓને વિગતવાર સમજીએ :-(૧) હવે પર્વ તિથીઓની ક્ષયવૃદ્ધિ તો આવે જ છે, તેમાં શાસન પક્ષ કદાપિ ના પાડતો જ નથી. (પણ મૂળ સૈદ્ધાંતિક જૈન પંચાંગમાં નિશ્ચિત પર્વ તિથીઓનો જ ક્ષય આવતો અને વૃદ્ધિ તો કદાપિ આવતી જ ન હતી, જ્યારે લૌકીક પંચાંગમાં તો પર્વ તિથીઓનો ક્ષય અનિયમિત રીતે આવે છે અને વૃદ્ધિ તિથીનું પણ અનિષ્ટ આવે છે.) પરંતુ પ્રઘોષના આદેશને કારણે પર્વ તિથીઓની આરાધનાની હાનિ અટકાવવા, તેમજ તેમની વિરાધના અટકાવવા, ફક્ત જૈન આરાધના માટેના બુકલેટ પંચાંગોમાં પર્વ તિથીઓની ક્ષયવૃદ્ધિ રાખવામાં આવતી નથી. પૂર્વધર મહર્ષિનો ફક્ત આ અને માત્ર આ જ ઉદ્દેશ્ય છે. અને પર્વ તિથીઓનું અસ્તિત્વ, એકત્વ અને ક્રમબદ્ધપણુ જાળવવા માટે જ પ્રઘોષ આપ્યો છે. એટલે કે પર્વ તિથીઓની ક્ષયવૃદ્ધિ લૌકિક ટિપ્પણે માનવાની છે પણ ફક્ત આરાધના માટેના જૈન બુકલેટ પંચાંગમાં રાખવાની નથી. (૨) હવે તિથીની વૃદ્ધિ તો મૂળ સૈદ્ધાંતિક જૈન પંચાંગમાં તો આવતી જ નથી માટે આ ઉલ્લેખ લૌકિક ટિપ્પણાના હિસાબે છે, નહીં કે જૈન ટિપ્પણાના હિસાબે. બે પર્વ તિથી આવે તો એક જ સંજ્ઞાવાળી બન્ને પર્વ તિથી, પર્વ તિથી તરીકે ન કરવા માટે બીજી કરવી (બીજી તિથીપણે માનવી = બીજી તિથી પર્વ તિથી માનવી), એટલે પર્વ તિથી તરીકે બેમાંથી એક જ રાખવી એટલે પહેલી

અપર્વ રાખવી. જેથી જીવોને આરાધનામાં ગોટાળા ન થાય. માટે જ તો આ.ભ.દાનસૂરિજીએ વિ.સં.૧૯૯૧માં ચંડૂ પંચાંગની ફાગણ સુદ-૧૩-૧૪-૧૪ની જૈન પંચાંગમાં ફાગણ સુદ-૧૩-૧૩-૧૪ કરી હતી. (૩) હવે ભાદરવા સુદ-૫ની ક્ષયવૃદ્ધિ ૧૦૦ વર્ષના ગાળામાં કદાચ પાંચથી છ વખત આવી હશે અને તે વખતે બધાએ પોતપોતાને યોગ્ય લાગ્યું એમ કદાચ કર્યું પણ હોય, પરંતુ બધા જ સમુદાયોએ મૂલ આચરણાને બાધ ન આવે એ માટે ભાદરવા સુદ-૪ અને ૫ બન્ને તિથીઓ ઉભી રાખીને આરાધના કરી હતી, પણ બાર મહિનાની ૧૪૪ પર્વ તિથીઓ સાથે છેડછાડ કરી ન હતી. જે ઝઘડો, જેવા આ.ભ.દાનસૂરિજી કાળધર્મ પામ્યા કે તરત જ આ.ભ.રામચંદ્રસૂરિજીએ ૧૯૯૨-૯૩થી સંઘમાં શી ખબર શાના માટે કાયમી ધોરણે નાખ્યો છે, એ તો બે તિથી પક્ષ જ જાણે કે પછી કેવળી ભગવંત જાણે. આમ ૧૪૪ (બધા જ) તિથીભેદને લઈને સંઘભેદ પહેલ વહેલો ૧૯૯૨-૯૩ માં થયો, જેના જનક હતા આ.ભ.રામચંદ્રસૂરિ (૪) યતિ પર્વ તિથીઓની બાબતમાં એકદમ નિર્દોષ હતા. તેઓ ભાદરવા સુદ-૧,૨,૩,૪ની ક્ષયવૃદ્ધિ સિવાયની વર્ષની બધી જ પર્વ તિથી માટે સંવેગી તપાગચ્છ પ્રમાણે જ કરતા હતા. બીજુ ૧૯૯૨-૯૩ પહેલાનું જે પણ સાહિત્ય મળે છે, તે કાં તો યતિઓ સાથે ભાદરવા સુદ-૧,૨,૩,૪ની ક્ષયવૃદ્ધિ અંગે હશે કે પછી ભાદરવા સુદ-૫ની ક્ષયવૃદ્ધિ અંગે સ્વગચ્છમાં જ હશે, પરંતુ બધી જ ૧૪૪ પર્વ તિથી માટે નહી હોય. ''જે પ્રવૃત્તિથી અપ્રશસ્ત કષાય ઉજાગર (માથુ ઉંચકે) થાય, એવો ઉંચામાં ઉંચો ધર્મ હોય તો પણ પાપ જ છે.''

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

વિરોધાભાસી વિધાનોની યાદી

બે તિથિ સ્થાપક આ.ભ.રામચંદ્રસૂરિજીના સંવત ૨૦૨૮માં મુંબઈ લાલબાગમાં થયેલા પ્રવચનોની પુસ્તિકા પર્વતિથિ ક્ષય-વૃદ્ધિ અંગે સરળ અને શા.સમજ વિ.સં.૨૦૫૫માં છપાઈ હતી તેના પાના નંબર-૬૩ પર મુદ્દો ૧૨. ''શ્રી શાંતિસાગરજીનું હેન્ડબિલ.''

વિ.સં.૧૯૨૯. શ્રાવણ વદ-૧૩ બે મુકરર કરી, એ વાત ઘણા લોકોના

સાંભળવામાં આવી તેથી વિસ્મય પામ્યા કે આ ન કરવાનું અજુગતું શું કર્યું કે ઉદયાત્ ચૌદશ લોપી.

સંદર્ભ-પુસ્તક તિથિ પ્રશ્નોનો જવાબ યાને તિથિ સંબંધી ઈતિહાસ

લેખક- શ્રી યોગતિલક વિજયજી (હાલ આચાર્ય, પૂ.શાંતિચંદ્રસૂરિજીના સમુદાયના) પાના નંબર ૯ ૫૨ આ પ્રમાણે લખેલ છે. વિ.સં.૧૯૨૯માં ભાદરવા સુદ-૧ની વૃદ્ધિ વખતે વિજય ધરણેન્દ્રસૂરિજી (શ્રી પૂજ્ય) એ શ્રાવણ વદ-૧૩ની વૃદ્ધિ જાહેર કરતા સાગરગચ્છના ભટ્ટારક શ્રી શાંતિસાગરસૂરિએ તેનો વિરોધ કર્યો. શ્રી મુક્તિવિજયજી (શ્રી મૂલચંદજીમ.સા.)એ પણ વિરોધ કર્યો.

વિવેચનઃ- (૧) Aમાં શ્રાવણ વદ ૧૩ની વૃદ્ધિ કોણે કરી એ છૂપાવ્યું છે.

Bમાં શ્રાવણ વદ તેરસની વૃદ્ધિ વિજય ધરણેન્દ્રસૂરિજી (શ્રી પૂજ્ય) કરી એ સાફ લખ્યું છે.

(૨) A-કઇ તિથીની વૃદ્ધિએ તેરસ કરી એ છૂપાવ્યું છે.

B-ભાદરવા સુદ-૧ની વૃદ્ધિએ બે તેરસ કરી એવું સાફ લખ્યું છે.

(૩) A-ખરેખર તો ઉદયાત્ ૦)) તથા ઉદયાત્ ૧૪ બંને લોપિ છે છતા ફક્ત લખ્યું છે કે ઉદયાત્ ૧૪ લોપી. પ્રશ્ન મહત્ત્વનો એ છે કે ઉદયાત૦)) માટે કેમ કાંઇ ના લખ્યું.

(૪) તપાગચ્છની સંવેગી શાખા એકમની વૃદ્ધિ યથાવત જ રાખે છે કારણકે એકમ અપર્વ તિથી છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

ઘણી વાર તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને દેશકાળની સાથે પણ ચાલવું પડતું હોય છે. આ પણ ''લોક કરે એ દિવાળી'', ''ગ્રહણ'', ''સૂતક'' વગેરેની જેમ લોકવિરૂદ્ધની આચરણાની ન કરવા રૂપ (=ત્યાગ રૂપ)ની જ પ્રવૃત્તિ છે. જૈનો હંમેશા આપતા જ આવ્યા છે. જૈનો માંગતા નથી. જો વસ્તુપાળ અને તેજપાળ જેવા મહાપુરુષો અનાર્ય અને મહાહિંસક ધર્માવલંબીઓને ૬૩ મસ્જિદો

બનાવીને આપી શકતા હોય તો આપણે આપણા જ બધાના આર્ય દેશમાં રહીને આપણી જ આર્ય પ્રજા સાથે ન બેસી શકીએ ?

ઘણી વાર સ્વયં પણ આભિયોગિક કારણ લગાવવું પડતું હોય છે તે જ તો જ્ઞાનાજ્ઞા છે. એક તો અનોપ મંડળ આપણી ઉપર ખાર કહીને બેઠું જ છે. આપણે ક્યાં દેવદ્રવ્યમાંથી આપવાનું છે ? સર્વ સાધારણખાતામાંથી કે અંગત આપવાના છે.

આપણે ક્યાં નાતાલના તહેવારને કે પછી એના જેવા કે એનાથી ઉતરતા તહેવારને દ્રવ્ય સમર્થન આપવાનું સંકટ ઉભું થયું છે ?

અરે કદાચ વિદેશમાં કોઈ ઈસાઈએ આપણા જૈન મંદિરમાં મનથી દ્રવ્ય સમર્થન આપ્યું હોય તો ત્યાંના જૈનોએ પણ તેમના કોઈ ચર્ચના નિર્માણ કે જીર્ણોદ્ધારમાં દ્રવ્ય સમર્થન નહિ આપવું પડ્યું હશે ?

ભાવથી સમર્થન આપવામાં મિથ્યાત્વ લાગે છે, કારણ કે ભાવ માટે કોઈ આભિયોગિક કારણ ના હોઈ શકે.

આપણે તો અહિંયા દ્રવ્યથી (વ્યવહારથી) લોક વ્યવહારને સમર્થન આપ્યું છે અને ભાવથી (નિશ્ચથી) તો સિદ્ધત્વને સમર્થન આપીએ છીએ.

આખું ભારત જ્યારે હીલોળે ચડ્યું હોય ત્યારે તમે જો શોગિયું મોઢું રાખીને ફરતા હશો તો પછી તમારા ધર્મની કોણ ઈજ્જત કરશે ?

બધે જ એકાંતથી જોશો તો પછી વસ્તુપાલ-તેજપાલને પણ તમારે "મિથ્યાત્વી" કહેવા પડશે. એમને શું જરૂરત હતી મુસલમાનોને મસ્જિદો બનાવીને આપવાની ? તેઓ તો મહામંત્રી તરીકે સત્તા સંભાળતા હતા.

જો લોકોની સાથે નહિ બેસેશું તો અત્યંત પાતળી લઘુમતીમાં રહેલા આપણને આવી નકારાત્મક વિચારધારા ક્યાંક શાસનને ભયંકર મોટું નુકશાન પહોંચાડી દે તો કાંઈ કહી શકાય નહીં. આ લોકોને તો શાસનને અંદરથી પણ નુકશાન પહોંચાડવું છે અને બહારથી પણ નુકશાન પહોંચાડવું છે.

આપણી વિચારધારા એકાંતના રંગે નહિ પણ અનેકાંતના રંગે રંગાયેલી હોવી જોઈએ.

ઘણી વાર એકાંત નિંદા કરવામાં પણ ઉપયોગી બની જતો હોય છે, જ્યારે અનેકાન્ત તો સમાધાન શોધવામાં, રસ્તો કાઢવામાં ઉપયોગી બનતો

હોય છે.

અનેકાંત એટલે એકલી કોરી બુદ્ધિ જ નહિ, પણ અનેકાંત એટલે એકલી શુદ્ધ સમજદારીવાળી બુદ્ધિ = ગીતાર્થતા. શુદ્ધ સમજદારી એ તો અમૃત છે. સમજદારી વગરની એકલી કોરી બુદ્ધિ=એકાંત એ તો કાચું ઝેર છે. અને સમજદારીવાળી બુદ્ધિ = અનેકાંત એ જ તો મારેલું ઝેર છે, જે ઔષધનું કામ કરે છે.

જૈન શાસનમાં નુકશાનની શક્યતાવાળો એકાંત હેય છે અને લાભકારક કે નુકશાનવારક અનેકાંત ઉપાદેય છે.

મુંબઈમાં ગણેશ ચતુર્થીના તહેવાર નિમિત્તે માથાભારે તત્વોને અનિચ્છાએ પૈસા આપો છો કે ઇચ્છાથી ? અને એ વખતે તમે ત્યાં તમારા જૈન ધર્મના સિદ્ધાંતો બતાડવા બેસી જાઓ છો કે પછી છાના માના પૈસા આપી દો છો ? કેમ ? જીવને પોતાનો જીવ વહાલો લાગે છે, પણ અફસોસ ! નિશ્ચયથી શાસન પોતાનું (વહાલું) લાગતું નથી. હમણાં હમણાં તો ઘણા અજૈનો પણ જૈન ધર્મના પેટ ભરીને વખાણ કરી રહ્યા છે.

કેંદ્રમાં જૈનોની સરકાર નથી, પણ જૈન અવિરોધી કે સમર્થ અજૈનોની સરકાર છે. સરકાર જૈન વિરોધી હોય તો પણ આપણાથી ચાલતી ઉપાધિ ન લેવાય તો જે સરકાર જૈન સમર્થક હોય ત્યાં આપણાથી મિથ્યાત્વ અને સમ્યક્ત્વના પાઠ ભણાવાય ખરા ? જરા ગીતાર્થ બનો.

કદાચ કોઈ અનાર્ય ધર્મીની ઇંટ જાય અને આપણી ના જાય તો પછી આપણે તો ક્યાંય મોંઢુ બતાવવાને લાયક પણ ના રહીએ.

સમષ્ટિગત રીતે જૈનોની ઇંટો જશે એટલે બે તિથીવાળા ઇંટો નહી આપે તો પણ તેમનું ઢંકાઈ જશે. કોઈ ત્યાં કહેવા નહિ જાય કે આમાં બે તિથીવાળાનો ફાળો નથી.

જૈનશાસનના આચાર્ય ભગવંતો આવું કામ ગીતાર્થતા વાપરીને કરતા હોય છે, કાંઈ આડેધડ નથી કરી દેતા હોતા.

જેમ ગૌતમ સ્વામી ભગવંત આપણા માટે પૂજ્ય છે, તેમ રામચંદ્રજી પણ એટલા જ પૂજ્ય છે. બન્ને સિદ્ધ ભગવંતો છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી ભગવંતે તો અસિદ્ધ એવા મહાદેવમાં પણ વીતરાગતાનું આરોપણ કરીને

વંદન કર્યા હતા તો આપણે તો અહિંયા શત્રુંજયમાં રહેલી રામ અને પાંડવોની સિદ્ધની પ્રતિમાની જેમ સિદ્ધત્વનું આરોપણ કરીને જ તેમની ભાવ પૂજા કરવાની છે.

જેમ ભગવાનમાં પાર્શ્વનાથ ભગવાન પુરૂષાદાનીય કહેવાય છે તેમ મનુષ્યોમાં રામચંદ્રજી મર્યાદાપુરૂષોત્તમ કહેવાય છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

મહામિથ્યાત્વના ઉદય વખતે જ જીવ બીજાને મિથ્યાત્વી કહેતો હોય છે.

શ્રી શાંતિનાથ ભગવાનના સ્તવનમાં તો ઉદયરત્નવિજયજી મ.સા. ભગવાનને એમ કહે છે કે,

મને ''માયા'' એ મૂક્યો ''પાશી'', તું તો નિર્બંધન અવિનાશી,

હું તો ''સમકિત''થીયે અધૂરો, તું તો સકળ પદારથે પૂરો.. સુણો શાંતિ જિણંદ સોભાગી.

હવે અહિયાં ઉદયરત્ન વિજયજી મ.સા. જ્યારે પોતાને માટે પણ સમકિતથી યે અધૂરો કહેતા હોય, અને પોતે માયાના પાશમાં બંધાયેલા છે એવું કહેતા હોય, તો તેઓ બીજાને તો મિથ્યાત્વી ક્યાંથી કહેતા હશે ?

જો કોઈ પોતે બીજાને મિથ્યાત્વી કહે છે એવું એમના માટે બતાવી દે તો મારી પાસેથી જે જોઈએ તે ઈનામ લઈ જાય.

તેમણે તેમના જીવનમાં કદાપી કોઈ માયા કરી હોય એવું સાંભળ્યું નથી, છતાં રત્નાકર પચ્ચીસીવાળા રત્નાકરસૂરિજી જેવા તેઓ કેવા નિખાલસ છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૧૫/૯/૨૦૨૦

જૈન શાસ્ત્રોમાં બહુમતી પણ માન્ય છે. એવું હોવા છતાં બે તિથીવાળાઓ

સત્ય

‘‘નિજ એકમતી’’થી ‘‘બહુમતી’’ને અમાન્ય કરીને શાસનને રંજાડવા શાસ્ત્રોનો બેધડક અપલાપ કરે છે/કરાવે છે.

હવે જે શાસ્ત્રોનો જ અપલાપ કરતા હોય, તે પરંપરાને તો ધારે જ ક્યાંથી ? અને પરંપરાની ઠેકડી ઉડાવનારા પાછા ચરિતાનુવાદના દૃષ્ટાંતોને (ચરિતાનુવાદની ઘટનાઓને) સિદ્ધાંત બનાવીને તેને અદાલતોમાં શાસ્ત્રો કહીને રજૂ કરશે. આમ આ લોકો પોતાના કુમતને સાચો ઠેરવવા આ.ભ.દાનસૂરિજીને માટે તો પરોક્ષ રીતે ‘‘નવામતી’’ જેવો શબ્દ પ્રયોગ કરશે પણ શાસ્ત્રોના બનાવનારાઓને પણ અમાન્ય ઠેરવશે.

ધર્મરત્ન પ્રકરણની ૮૦મી ગાથાઃ- મગ્ગો આગમ નીઈ અહવા સંવિગ્ગ બહુજણાઈન્નં । ઉભયાણુસારિણી જા સા મગ્ગાણુસારિણી કિરીયા ॥૮૦॥

માર્ગ એટલે આગમ નીતિ અથવા ઘણા સંવિગ્ન ગીતાર્થોની આચરણા. આગમ એટલે સિદ્ધાંત અર્થાત્ વીતરાગ ભગવાનનું વચન, એ વચન દ્વારા નિરૂપણ કરાયેલો આચાર તે માર્ગ છે.

હવે બીજા વિકલ્પમાં એ બતાડ્યું કે, સંવિજ્ઞ એટલે મુક્તિની ઈચ્છાવાળા એટલે કે ગીતાર્થ પુરૂષો. તેમની આચરણા તે પણ માર્ગરૂપ છે. આનાથી એ સ્પષ્ટ થાય છે કે, અસંવિગ્ન ગમે તેટલા ભેગા થઈને કોઈ ઠરાવ કરે, કે કોઈ નવી આચરણા શરૂ કરે તો તે પ્રમાણભૂત કે માર્ગભૂત નથી. આ રીતે જૈન શાસનમાં અસંવિગ્ન પુરૂષોની બહુમતિને લેશમાત્ર અવકાશ રહેતો નથી. હવે પ્રશ્ન એ થાય કે, બધા જ સંવિગ્ન ગીતાર્થ પુરૂષોની સંમતિથી ચાલુ થયેલ આચરણા પ્રમાણ ? કે એકાદ બે સંવિગ્ન ગીતાર્થે શરૂ કરેલી આચરણા પ્રમાણ ? આના જવાબમાં કહી શકાય કે, બધા જ સંવિગ્ન ગીતાર્થ પુરૂષોની સંમતિથી શરૂ થયેલી આચરણા તો પ્રમાણભૂત ગણાય, પણ સૂત્રકારે સંવિગ્ન ‘‘સર્વજન’’ આચરાઈ હોય તે જ માર્ગ એમ નથી કહ્યું, પણ સંવિગ્ન ‘‘બહુજન’’ આચરિત હોય તે માર્ગ એમ કહ્યું છે. એટલે બધા જ ગીતાર્થ પુરૂષો સંમત હોય તો જ એ આચરણા પ્રમાણભૂત ગણાય એવું રહ્યું નહિ. વિદ્યમાન ગીતાર્થ સંવિગ્ન મહાપુરૂષોમાંથી ઘણા બધા ગીતાર્થો જે આચરણ આચરે તે પણ પ્રમાણભૂત જ ગણાય. આ રીતે તો સ્પષ્ટ કહી શકાય કે, જૈન શાસનમાં જેમ શાસ્ત્રમતિ છે તેમ સંવિગ્ન ગીતાર્થ મહાપુરૂષોની બહુમતિ

પણ પ્રમાણભૂત છે.

પ્રશ્નઃ શું કોઈ એકાદ સંવિગ્ન ગીતાર્થે આચર્યું હોય તે પ્રમાણભૂત ન ગણાય ?

ઉત્તરઃ ના. સૂત્રકાર કહે છે કે, એકાદ સંવિગ્ન પણ અનાભોગ કે અણસમજ-ગેરસમજથી વિપરીત આચરણા કરી બેસે એવો સંભવ છે, તેથી તે એકાદ સંવિગ્નની આચરણા પણ પ્રમાણભૂત ન ગણાય.

સંદર્ભ-૨:- શ્રાદ્ધવિધિ, અન્ય હિત વચનોઃ-

अकुर्वन् बहुभीर्वैरं, दद्याद्बहुमते मतम् ।। गतास्वादानि कृत्यानि, न कुर्याद्बहुभिः समम् ।।४०४।।

"ઘણાની સાથે વેર ન કરતા ઘણાના મતમાં પોતાનો મત આપવો."

તા.ક.:-

૧૦૦% સર્વસંમતિ તો કેવળી ભગવંતોની જ સધાય. છદ્મસ્થોની તો સર્વ સંમતિ સધાય તો સારી જ વાત છે. પણ ઘણીવાર સર્વ સંમતિ સધાય અથવા ન પણ સધાય. પરંતુ બહુમતિ તો જરૂર સધાય. જો સર્વસંમતિ સધાય તો જ નિર્ણય લેવો તો તો સમુદાયમાં કે ગચ્છમાં કોઈ ચીન જેવો વાંકો જીવ હોય તો તો તે કદાપી કોઈ નિર્ણય જ લેવા ન દે. અને પછી સર્વ સંમતિ સધાઈ ગઈ છે, એવા માયામૃષાવાદભર્યા નાટક કરવા પડે, અથવા પછી કલેશનું વાતાવરણ પેદા થાય એટલે પછી આખી જીંદગી સહન કર્યા કરવું પડે.

હવે જે જીવે ૮૪-૮૪ વર્ષ સુધી ચઢતા પરિણામે વિખવાદ જ નાખ્યા હોય, તે જીવ તેમના ભગવાન જેવા ગુરૂને ગાંઠે એ વાતમાં શું માલ છે ? આમના નામે ક્યાંય પણ સમષ્ટિગત સમાધાન થયું હોય એવું આજ દિવસ સુધી તો સાંભળવામાં આવ્યું નથી. ફક્ત વિખવાદ જ સાંભળવામાં આવ્યા છે.

કદાગ્રહી જીવને જ્યારે તેનો કુમત ડૂબતો દેખાય ત્યારે તે એક તરફીઆધ્યાત્મિક ગાળાગાળી કરીને સત્યને ટૂંપો દેવાનો પ્રયત્ન કરતો હોય છે અને જીવનું મેલું પુણ્ય જોર મારતું હોય છે ત્યાં સુધી ધર્મસત્તા પણ સક્રિય

બનતી નથી હોતી. અને એ વખતે શાસન સીદાતું હોય છે ત્યારે અજ્ઞાની જીવો રાજી થતા હોય છે અને વિકૃત આનંદ મનાવતા હોય છે.

ગમે તેવા પ્રખર પ્રવચનકારનું પણ પ્રવચન સાંભળવા એકલા હૃદયને જ નહી લઈ જવાનું પણ સાથે મગજને પણ અવશ્ય લઈ જવાનું, નહી તો પછી તમને હૃદયને બુઠ્ઠા બનતા વાર નહી લાગે. આ મારૂં અવલોકન છે.

મીઠીવાણી + સરળતા, નિષ્કપટતા, નિર્દંભતા → ધર્મ

મીઠીવાણી + માયા, કપટ, દંભ → પાપ

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

★તા.૧૬/૯/૨૦૨૦

(૧) વિ.સં.૧૯૯૨ સુધી ભારતના કોઈ પણ સંઘોમાં એક તિથી અને બે તિથી એવા શબ્દો હતા જ નહી. જો વિ.સં.૧૯૯૨ પહેલાના શાસ્ત્રોમાં, હમણાના શાસ્ત્રોમાં છે એવા એક તિથી બે તિથી જેવા શબ્દો જો કોઈ બતાવી દે તો મારે મારૂ ડોકું આપી દેવું.

(૨) બે તિથી થવાનું મૂળ કારણ, પોલીસ પટેલ જેવા કડક અને શિસ્તવાળા સકલાગમ રહસ્યવેદી આ.ભ.દાનસૂરિજીનો આ.ભ.રામચંદ્રસૂરિજીથી પહેલા થયેલો કાળધર્મ.

(૩) જો આ.ભ.દાનસૂરિજી અને આ.ભ.રામચંદ્રસૂરિજી સાથે સાથે કાળધર્મ પામ્યા હોત, તો આ બિમારી શાસનમાં કદાપી હોત જ નહી, એટલા બધા કડક હતા આ.ભ.દાનસૂરિજી.

(૪) પૂર્વે તિથીના વિવાદ હતા, પણ બે તિથી જેવો (એટલે કે બાર મહિનાની બધી જ ૧૪૪ પર્વ તિથીઓને લગતો વિવાદ) કાયમી વિવાદ ન હતો. કારણ કે, એક પણ વિવાદ ખંડીત પર્વ તિથીને ખંડીત યથાવત્ રાખીને આરાધના કરવા અંગે તો હતો જ નહી, જો બતાવી દે તો મારે મારૂ ડોકું આપી દેવું.

(૫) વિ.સં.૧૯૯૨ પહેલાનો બે તિથી પક્ષનો કોઈ પણ ઉપાસક રોજીંદી આરાધના માટેનું જૈન પંચાંગ ખંડીત પર્વ તિથી યથાવત્ રાખી હોય એવું

બતાવી શકતા નથી.

આ લોકો કાં તો લૌકિક પંચાંગ બતાવશે અથવા મિશ્ર પંચાંગ (વિ.સં.૧૯૪૫ જેવું) બતાવશે કે પછી પોતાનું પંચાંગ બતાવશે પણ પ્રઘોષ વડે સંસ્કારીત જૈન પંચાંગ તો નહી જ બતાવી શકે.

(૬) પૂર્વે તપાગચ્છની અંદર ત્રણ પ્રકારના તિથી વિવાદો થયેલા છે, તેને કારણે હંગામી ધોરણે દિવસભેદ પડ્યા છે, પણ તેમ છતા કાયમી સંઘભેદ કદાપી નથી થયો. કારણ કે ત્રણેમાંથી એક પણ વિવાદમાં બાર મહિનાની ૧૪૪ પર્વતિથીઓની કાયમ માટે ક્ષય-વૃદ્ધિ યથાવત્ રાખવા બાબતનો તો વિવાદ હતો જ નહિ. અરે, પર્વ તિથીઓને ખંડીત રાખીને આરાધના કરવાનો વિવાદ જ હતો નહી. કાયમી વિવાદથી સંઘભેદ પડે. હંગામી વિવાદથી દિવસભેદ પડે. હંગામી દિવસભેદ એ તણખો છે, જ્યારે કાયમી સંઘભેદ એ ભડકો છે.

(૧) એક જ ગુરૂના બે મુખ્ય શિષ્ય જૂથમાંના આણસૂર-દેવસૂર જૂથ વચ્ચે ૧૫/૦))ની ક્ષય-વૃદ્ધિએ દેવસૂર જૂથની માન્યતા ૧૩ની ક્ષય-વૃદ્ધિ કરવાની હતી, જ્યારે આણસૂર જૂથની માન્યતા નવા પક્ષની એકમની ક્ષય-વૃદ્ધિ કરવાની હતી. પણ પર્વ તિથીની ક્ષય-વૃદ્ધિ તો કોઈ કરતું/રાખતું જ ન હતું (વિ.સં.૧૮૯૬).

(૨) યતિઓ પર્યુષણ મધ્યેની ભાદરવા સુદ-૧,૨,૩,૪ની ક્ષય-વૃદ્ધિએ શ્રાવણ વદ-૧૩ની ક્ષય-વૃદ્ધિ કરવાની મન્યતાવાળા હતા. પણ પર્વ તિથીઓની ક્ષય-વૃદ્ધિ કરતા/રાખતા ન હતા. (વિ.સં.૧૯૨૯-૧૯૩૦-૧૯૩૫ના ઉલ્લેખો)

(૩) વિ.સં.૧૯૫૨, ૧૯૬૧, ૧૯૮૯માં ભાદરવા સુદ-૫ના ક્ષયે સાગરજી મહારાજ સાહેબે પ્રઘોષના ઉપયોગ વડે ભાદરવા સુદ-૫ની ક્ષયે ભાદરવા સુદ-૩નો ક્ષય કરીને ભાદરવા સુદ-૪-૫ની ક્રમબદ્ધ આરાધના કરી હતી.

જ્યારે બાકીના બધાજ સમુદાયોએ એ વર્ષો પૂરતા અન્ય છઠના ક્ષયવાળા પંચાંગોનો આધાર લઈને ભાદરવા સુદ ૪-૫ની ક્રમબદ્ધ આરાધના કરી હતી. પણ કોઈએ પાંચમનો ક્ષય (એટલે કે ભા.સુ.(૪+૫) આ પ્રમાણે) જાહેરમાં રાખ્યો ન હતો. ખાનગીમાં કોઈએ કર્યો હોય તો જાણવામાં આવેલ નથી.

(૭) આકાશમાં થતી તિથી પરિવર્તન એ ખગોળીય ઘટના છે, પણ પૃથ્વી

ઉપર થતી તિથીઓની આચરણા એ પૂર્વાચાર્યો આચરિત પારંપરિક શાસ્ત્ર સાપેક્ષ બાબત છે. તિથિની આરાધના માટે ફક્ત તિથી જ જોઇએ, જ્યારે મુહૂર્તો માટે તિથીની સાથે સાથે ચોક્કસ પ્રકારનું ખગોળીય જ્યોતિષ ગણિત પણ જોઇએ. માટે રોજીંદી આરાધના માટેનું બુકલેટ પંચાંગ અને મુહૂર્તો જોવા માટેનું પંચાંગ બન્ને અલગ હોય છે. બે તિથી પક્ષને પણ મુહુર્તો જોવા માટે પોતાનું બુકલેટ પંચાંગ નથી ચાલતું.

(૮) જો પ્રેમગંગા અંકમાં (જુલાઇ ૨૦૨૦ના અંકમાં) આ.ભ.હિતવર્ધનસૂરિજીના લખવા મુજબ આદિનાથ ભગવાનના સમયથી બે તિથીની આચરણા હતી (એટલે કે ખંડીત પર્વ તિથીઓ યથાવત્ ખંડીત રાખીને આરાધના કરવાની આચરણા હતી) તો તમારા મતે એક તિથીની આચરણા નવી થઇ કહેવાય. (એટલે કે ખંડીત પર્વ તિથીઓને અખંડ બનાવીને આરાધના કરવાની આચરણા) તો તે કયા વર્ષથી ચાલુ થઇ તે કેમ બતાવી શકતા નથી ?

તા.ક.:- આ બાબતે તેમની પાસેથી જવાબ આવ્યો છે.

જવાબઃ **self quarantine** મૌન

(૯) આ લોકો એક તિથીની શરૂઆત નથી બતાવી શકતા તેનું કારણ એ છે કે, એક તિથીની પદ્ધતિ અનાદિકાળથી છે. અને શાસન પક્ષ વાળા બે તિથીની શરૂઆત બતાવી શકે છે, કારણ કે, બે તિથીની પદ્ધતિ તદ્દન નવી, બે તિથીના લેખકોના લખવા મુજબ વિ.સં.૧૯૯૨થી શરૂ થયેલી છે (વિ.સં.૨૦૭૬ના સંદર્ભમાં ૮૪ વર્ષ જૂની છે).

(૧૦) માટે એક તિથીની પદ્ધતિ એ લૌકીક પંચાંગના આધારે મૂળ જૈન સૈદ્ધાંતિક પંચાંગના સાપેક્ષે અને પૂર્વધર મહર્ષિના પ્રઘોષના આદેશ પૂર્વક છે,

જ્યારે બે તિથીની પદ્ધતિ લૌકીક પંચાંગ અનુસાર મૂળ જૈન સૈદ્ધાંતિક પંચાંગથી નિરપેક્ષ અને પ્રઘોષના આદેશને અવગણીને નિજ એકમત મુજબ છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

"આરાધના માટે"ના બુક્લેટ પંચાંગોમાં ખંડીત પર્વ તિથીઓ "અખંડ"ન રાખવાથી લાગતા "દોષો."

પર્વ તિથીઓની આપણી આરાધના દોષવાળી ન બની જાય અને તેને લઈને આપણને કોઈ અતિચાર ન લાગી જાય તે માટે જ આ પર્વ તિથીઓ આપણી લોકોત્તર આરાધના માટેના જૈન બુકલેટ પંચાંગમાં જ અખંડ રાખવામાં આવે છે. તે સિવાય બીજે ક્યાંય પણ નહી.

મારા એક કલ્યાણ મિત્રને એક દિવસ એવું બન્યું કે, તેમનું શાસન પક્ષનું લોકોત્તર આરાધના માટેનું જૈન બુકલેટ પંચાંગ ગેરવલ્લે થઈ ગયું, તેથી તેમણે તે દિવસે છાપામાં તિથી જોઈને પોતાની નિત્ય દૈનિક આરાધના કરી. અને એ દિવસે છાપામાં સાતમ તિથી છાપેલી હતી. બીજા દિવસે ફરીથી પંચાંગના અભાવે છાપામાં જ તિથી જોઈ, તો છાપામાં નોમ તિથી છાપેલી હતી. હવે તેઓ આઠમના દિવસે તો આંબિલ કરતા હતા, તેને બદલે આંબિલ તો ના થયું પણ લીલોતરી પણ ખવાઈ ગઈ. તે દિવસે તેઓ આપણા પૂર્વાચાર્યોની દૂરદર્શિતા અને ગીતાર્થતા ઉપર ઓવારી ગયા. તેમણે ગુરૂ ભગવંત પાસે જઈને તેની આલોચના પણ લેવી પડી. તે દિવસથી તેમણે નક્કી કર્યું કે, ઘરમાં કે બહારગામ જઈએ ત્યારે શાસન પક્ષનું ખંડીત પર્વ તિથીઓને સંસ્કાર આપીને અખંડ બનાવેલ એવું આરાધના માટેનુ બુકલેટ જૈન પંચાંગ સાથે રાખવું જ, અને તે સિવાય બીજે ક્યાંય રોજે રોજની તિથી જોવી નહી. અને છાપામાં તો ફક્ત તારીખ, વાર, સૂર્યોદય, સૂર્યાસ્ત અને નવકારશી આટલું જ જોવું, પણ તિથી તો કદાપી જોવી જ નહી.

લોકમાંથી આહાર પાણી વહોરાય, પણ લોક મુજબ ના વહોરાય, વહોરાય તો લોકોત્તર મુજબ જ. એ જ ન્યાયે લૌકીક ટીપ્પણું વપરાય, પણ લોકોત્તર રીતે જ વપરાય, પણ લૌકીક રીતે તો ન જ વપરાય.

તા.ક.:- જીવોને અતિચારો ન લાગી જાય એટલા માટે જ તો આપણે આપણા આરાધના માટેના બુકલેટ જૈન પંચાંગમાં જ અને તે પણ પર્વ તિથીઓ

જ અખંડ રાખીએ છીએ, આ સિવાય બીજું કોઈ જ કારણ નથી.

હંમેશા આપણા પૂર્વાચાર્યો અશઠ, ભવભીરૂ, સંવિજ્ઞ પાક્ષિક, સર્વહિતચિંતક, નિઃસ્વાર્થ અને ગીતાર્થો હતા. તેમની આચરણા ઉપર શંકા કરવી એ તીર્થંકર પ્રભુના વચનો ઉપર શંકા કરવા તુલ્ય છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

બે તિથીના ભગતો દ્વારા વારંવાર વિ.સં.૧૯૯૨ પછીના જ સંદર્ભો આપવાનું અને વિ.સં.૧૯૯૨ પહેલાના સંદર્ભો ટાળવાનું કારણઃ

વિ.સં.૧૯૯૨ સુધી તપાગચ્છની સંવેગી શાખામાં સકલાગમ રહસ્યવેદી આ.ભ.દાનસૂરીજીની હયાતિ હતી ત્યાં સુધી બધા જ સમુદાયોનું પર્વતિથીની આરાધનાની આચરણા રૂપી સરોવરનું જળ એકદમ સ્વચ્છ હતું.

જેવા પોલીસ પટેલ જેવા કડક અને શિસ્તના આગ્રહી આ.ભ.દાનસૂરીજી વિ.સં.૧૯૯૨ના જેઠ મહિનામાં કાળધર્મ પામ્યા કે, તરત જ એ જ વરસમાં આ.ભ.રામચંદ્રસૂરિજીએ એ સ્વચ્છ જળની અંદર નૂતન કુમત રૂપી વિષ્ટાનો પિંડ નાખીને આખુ પાણી ગંદુ કરી નાખ્યું. પાણી એટલું બધુ ડહોળી નાખ્યું હતું કે, કસ્તુરભાઈ શેઠે વિ.સં.૧૯૯૯માં તેને સ્વચ્છ કરવા સાગરજી મ.સા.અને આ.ભ.રામચંદ્રસૂરિજી વચ્ચે લવાદી ચર્ચા ગોઠવવી પડી, પણ તેમાં લવાદે અતટસ્થ રહીને શેઠ અને શાસનને બન્નેને અન્યાય કર્યો.

તે પછી વિ.સં.૨૦૧૪માં પંચાંગ બદલીને એ વર્ષ પૂરતો અને તે પણ સંવત્સરી પૂરતો જ વિવાદ શાંત રહ્યો, જેમાં બે તિથી પક્ષે તેમની માન્યતા પ્રમાણે ખોટા દિવસે સંવત્સરીની આરાધના કરી હતી. તેમ છતાં પણ લોહીની બિમારી જેવી બિમારી તો મટી નહી જ.

તે પછી વિ.સં.૨૦૧૯માં રાજસ્થાન જાવાલથી આ.ભ.પ્રેમસૂરિજીએ પોતાના જ હસ્તાક્ષરોમાં આ બિમારી સંઘોમાંથી કાયમી કાઢવા માટે "વિ.સં.૧૯૯૩ પહેલા સંઘોમાં જે પ્રમાણે આચરણા થતી હતી, તે પ્રમાણે આચરણા કરવાનું ફરમાન બહાર પાડ્યું અને તેમાં ખાસ ઉલ્લેખ પણ કર્યો

કે, “કોઈ ન માને તો તેની ઉપેક્ષા કરીને પણ સંઘમાં આ ઝઘડો રાખવો નહી.”

તે પછી વિ.સં.૨૦૨૦માં આ.ભ.પ્રેમસૂરિજીએ વિ.સં.૨૦૧૯ના ફરમાન મુજબ રામચંદ્રસૂરિજીને બાકાત રાખીને એક તરફી વિ.સં.૧૯૯૨ પૂર્વેની આચરણા કરવાનું નક્કી કરી દીધું હતું, પણ સાંભળવામાં આવ્યા મુજબ વિ.સં.૨૦૧૯ના આ.ભ.પ્રેમસૂરિજીના જાવાલના આ પત્રના કારણે પોતાને ગણકારવામાં આવશે નહિ એ ડરને લીધે પોતે પાછલા બારણે નાદુરસ્ત તબિયતનું બહાનું કાઢીને પટ્ટકમાં પગપેસારો કરીને થોડોક પોતાનો કદાગ્રહ અંદર મૂકાવડાવીને અંદર ઘૂસ્યા અને ભદ્રિક એવા પ્રેમસૂરિજીએ કજીયાનું મો કાળુ માનીને તેમને અંદર લીધા અને થોડુક વળી જળ સાફ કર્યું. પરંતુ સંપૂર્ણ જળ સ્વચ્છ ન થવાથી અમુક સમુદાયોને રંજ રહેતો હતો માટે વિ.સં.૨૦૪૪માં સંપૂર્ણપણે વિ.સં.૧૯૯૨પૂર્વેની આચરણા ચાલુ કરીને કાયમ માટે બધુ જ જળ અઢાર સમુદાયો માટે સ્વચ્છ થઈ ગયું. અને બાકીના જે તેમાં ન આવ્યા તેઓ આજ દિવસ સુધી, એ મલિન જળ રૂપી આચરણા ચાલુ રાખીને વટ ખાતર આરાધના કરે રાખે છે. માટે ભૂલથી પણ વિ.સં.૧૯૯૨ પછીના એક પણ સંદર્ભ બતાવવાની ભૂલ કરતાં જ નહિ અને કોઈ વિ.સં.૧૯૯૨ પછીના સંદર્ભો જોવાની ભૂલ કરતા પણ નહી.

કારણ કે સ્વચ્છ પાણી હાજર હોય તો કયો મૂરખ ડહોળું પાણી પીવે ?

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

श्वेतांबर मूर्ति पूजक आम्नाय में, अपने आराधना के बुकलेट पंचांगो में कारतक सुद-१५ और चैत्र सुद-१५ की शत्रुंजय गिरिराज की यात्रा कौन से समुदाय या ग्रुप छपवाते है और कौन से नही छपवाते है ? उसकी सूची ।

★(१)★ तपागच्छ (शासनपक्ष=	हा
★(२)★ खरतरगच्छ	हा

★(३) ★ अचलगच्छ हा

★(४) ★ पार्श्वचंद्र गच्छ हा

★(५) ★ त्रिस्तुतिक गच्छ हा

★(६) ★ दो तिथी-संयम सुवास हा

(आ.भ.योगतिलकसूरिजी)

★(७) ★ वीरशासन अंक (वि.सं.१९९२ तक) हा

★(८) ★ वीरशासन अंक (वि.सं.१९९२ के बाद) ना

★(९) ★ तपागच्छ (दो तिथी पक्ष) ना

ता.क.:- (८) और (९) नंबर वाले वि.सं.१९९२ से अषाढ चातुर्मास में शत्रुंजय गिरिराज की यात्रा माननी चालू की है, फीर भी आसो सुद-१५ की शत्रुंजय गिरिराज की महा यात्रा अपने पंचांग में छपवाते नही है । जब की फागण सुद-१३ की छ गाउ की यात्रा छपवाते है ।

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

અધ્યાત્મ પરિવારને ....પ્રશ્ન.....ચાલુ ચોમાસામાં વિહાર અંગે :-

જેનાથી ૧૦૦% ખોટુ થયું જ ના હોય, તેણે તો ખુલાસો કરવો જ ના પડે. પણ જેને કંઈક ખોટું થઈ ગયું છે એવું લાગ્યું હોય તો જ તેણે ખુલાસો અપાવવો પડતો હોય છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

અધ્યાત્મ પરિવારને બીજો પ્રશ્ન

આ.શ્રી યોગતિલકસૂરિ મહારાજે ચોમાસામાં વિહાર કર્યો એનો વિરોધ તો ઘણા વખત પૂર્વેથી થઈ રહ્યો હતો...તમે શાસ્ત્રપાઠ આટલો મોડો કેમ રજુ કર્યો ?

આવી ગંભીર બાબતમાં શાસ્ત્રપાઠ મૂક્યા પહેલા આવા વિવાદાસ્પદ

મહાત્માએ વિહાર ચાલુ કરાય જ નહિ. શાસ્ત્રપાઠ મહાત્માઓ શોધી રહ્યા હતા...મળ્યો એટલે આપ્યો બરાબર ? આનો અર્થ એ થાય કે જ્યારે વિહાર કર્યો ત્યારે તો આડેધડ પોતાની સ્વચ્છદંતાથી જ કરેલો....

'શાસ્ત્રમાં આવો અપવાદ આપ્યો છે' એ જોઇને શાસ્ત્રાનુસારી આ વિહાર ન હતો નહિંતર જે દિવસે વિહાર થયો એ જ દિવસે પાઠ રજુ થઈ ગયો હોત. એનો પછી ખૂબ વિરોધ થયો એટલે બચાવ માટે આ પાઠ રજુ કરવામાં આવ્યો છે.

વળી સામાન્યથી ઉત્સર્ગ-અપવાદને જણાવનારા છેદગ્રંથો છે, પાઠ તો એ જોઇને એને અનુસરવાનું હોય, કારણ કે એમાં જ કારણ, પરિસ્થિતિ વગેરેનો વિસ્તારથી વિચાર હોય, એવો પાઠ તો હજુ એમની પાસે નથી એટલે સ્વચ્છંદતાથી કરેલી પ્રવૃત્તિને શાસ્ત્રાનુસારી ઠેરવવાનો આ દંભ નથી ???

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

અધ્યાત્મ પરિવારને ત્રીજો પ્રશ્ન

આ.શ્રીયોગતિલકસૂરિ મહારાજે ચોમાસામાં સાંભળવા મુજબ ભયંકર વરસાદમાં, ૧૫-૧૫ ડોળીવાળા રાખીને રાત્રે ૧૦-૧૦ વાગ્યા સુધી વિહાર કર્યો... તમે એને અપવાદરૂપ ઠેરવવા શ્રી ઉપદેશરહસ્ય ગ્રંથનો પાઠ રજુ કર્યો છે. પણ એમાં બતાવેલા અનેક કારણોમાંથી આચાર્ય મહારાજે કયા કારણે વિહાર કર્યો એ સ્પષ્ટ જણાવ્યું કેમ નથી ?

દંભ પકડાઈ જશે એવું લાગવાથી ? માત્ર પાઠ આપી દેવાથી આ વિહાર 'અપવાદ રૂપ' માની લેવાનો કે એનું પ્રબળ કારણ સ્પષ્ટ કરવાથી ? અમને એ વિહારનું સ્પષ્ટ કારણ આ.યોગતિલકસૂરિ જણાવશે કે તમે જણાવશો ?

નોંધ : આ મેસેજ ખૂબ ફોરવર્ડ કરવો જેથી સકળ સંઘને શાસ્ત્રાનુસારી કોણ છે ? એનો ખ્યાલ આવે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

★ તા.૧૩/૯/૨૦૨૦

વિ.સં.૧૯૯૨માં સંવત્સરી ભેદ બાબતે બાપજી મહારાજ સાહેબના નામે આ.ભ.રામચંદ્રસૂરિજીનું સફેદ જૂઠ

હવે ખાસ ધ્યાન એ રાખવાનું છે કે, આ.ભ.ની વાતની રજૂઆત કરવાની પદ્ધતિ એવી છે કે, જો તેમના લખાણનું કોઈ મારી જેમ microscopic postmortem ના કરે અને સાથે સાથે જો એ વખતનો કોઈ સંદર્ભ પણ તમારી પાસે ના હોય તો તમને ઊભા ઉભા શેકી નાખે એટલા ખતરનાક છે આમના ભગતો.

શાસન પક્ષમાં તો આવા ભગતો શોધતા ય મળતા નથી.

સંદર્ભઃ- વીરશાસન પુસ્તક-૧૪, અંક-૫૦મો, દ્વિ.ભા.સુદ-૯, પાના નં-૮૨૨

શીર્ષક :- વિ.સં.૧૯૯૨ના વર્ષમાં ભાદરવા સુદ-૫ની વૃદ્ધિ વખતે રવિવાર વિષે ગેરસમજ

......વાટાઘાટ ચલાવતા માલૂમ પડ્યું કે-તેઓશ્રી (બાપજી મ.સા.) તો ભાદરવા સુદ-૪ને શનિવારે શ્રી સંવત્સરી પર્વની આરાધના કરવી, એને જ વ્યાજબી માને છે. તેઓશ્રી (બાપજી મ.સા.) આચાર્ય શ્રી વિજય નેમિસૂરીજીની સાથે વચનબદ્ધ થયેલા હતા અને તેમનાથી જુદા પડવાનું ન હતું માટે જ આચાર્ય શ્રી વિજય નેમિસૂરિજીના કથન મુજબ રવિવારે સંવત્સરી કરવાના હતા પણ મુંબઈમાં રવિવારે સંવત્સરી કરવી એવી તેઓશ્રીએ આજ્ઞા આપી જ નહોતી.

તેઓશ્રી તો ત્યાં સુધી તૈયાર હતા કે, જો પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીજી મહારાજ અને પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ ભાદરવા સુદ-૪ને શાસ્ત્રાજ્ઞા (!?) મુજબ શ્રી સંવત્સરી પર્વની આરાધના કરે તો (એટલે કે આ બન્ને મહાત્માઓ પણ આ.ભ.રામચંદ્રસૂરિજીની આચરણા મુજબ કરવાના ન હતા. એટલે આવું વિધાન લખવું પડ્યું છે.) પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ પોતાના શિષ્યોને યથાશક્ય શનિવારે શ્રી સંવત્સરી પર્વની આરાધના કરવાની આજ્ઞા કરે....

હવે આ બાબતે બાપજી મ.સા.એ પોતાના શિષ્ય કુશલવિજય જોડે જાલોરવાળા મુનિ શ્રી કલ્યાણવિજયજી ઉપર લખાવેલ પત્રની સરખામણી કરીએ.

સંવત્સરી બાબતે મુનિ કલ્યાણ વિજયજી જાલોરવાળા (બે તિથી મતના મૂળ કુમતદાતા)ના પત્રનો જવાબી પત્ર-

અમદાવાદથી લી.આચાર્ય શ્રી સિદ્ધિસૂરીશ્વરજી તથા.....અમોને પણ તમારા લખવા મુજબ ચોથની સંવત્સરી કરવી યોગ્ય લાગે છે. પરંતુ નેમિસૂરિનો પ્રોગ્રામ બહાર પડે નહીં ત્યાં સુધી આપણો વિચાર બહાર પાડવો અમોને ઠીક લાગતો નથી, કારણ કે એ જો કદાચને પાંચમ એટલે બીજી ચોથ ગણીને રવિવારની સંવત્સરી કરે તો અમદાવાદમાં જ જુદા જુદા મત પડી જાય, તે યોગ્ય લાગે નહી. એટલે કે ''નેમિસૂરિનો મત આપણાથી જુદો પડે તો, તેમાં ભળી જવું એ ઠીક છે, એમ અમોને લાગે છે.''હજુ તેઓના તરફથી કાંઇ બહાર પડ્યું નથી...

દા.કુશલવિજયના વાંદણા અવધારશોજી

ચંડૂ પંચાંગ મુજબ	જૈન પદ્ધતિ મુજબ
ગુ.શુ. શ. ર.સો.મં.	ગુ.શુ.શ.ર.સો.મં
ભા.સુદ-૨,૩,૪,૫,૫,૬	ભા.સુ.-૨,૩,૩,૪,૫,૬

વિવેચનઃ- (૧) હવે આ.ભ.લખે છે, એ પ્રમાણે બાપજી મહારાજ ભલે શનિવારની સંવત્સરીને યોગ્ય માનતા હતા, પણ તેઓ નેમિસૂરિજી સાથે ''વચનબદ્ધ''થયેલા છે એવું પત્રમાં ક્યાં લખે જ છે ?

(૨) અને આખા પત્રમાં આ.ભ.લબ્ધિસૂરિજી અને આ.ભ.પ્રેમસૂરિજીના નામનો તો ઉલ્લેખ જ ક્યાં છે ?

(૩) હવે આ.ભ.રામચંદ્રસૂરિજી લખે છે તે પ્રમાણે તો બાપજી મ.સા.ના લખવા પ્રમાણે તો આ બાબતે તેમની અને નેમિસૂરિજીની મુલાકાત થઇ જ નથી, નહી તો પત્રમાં ''મુલાકાત''નો અને ''વચનબદ્ધતા''નો ઉલ્લેખ હોત જ.

(૪) બાપજી મહારાજ કેટલા બધા ભવભીરૂ અને સંઘપ્રેમી છે કે,

જુદો મત પડે એ જેમ આ.ભ.રામચંદ્રસૂરિજીને યોગ્ય લાગે છે, તે તેમને (બાપજી મ.સા.ને) યોગ્ય લાગતું નથી, એટલે કે નિશ્ચે એકાંતે દુર્ગતિદાયક ''સંઘભેદ''ના તો તેઓ એકદમ વિરોધી જ છે.

બાપજી મ.સા.સંઘથી અળગા ચાલવામાં પણ માનતા નથી, સંઘની આગળ પણ ચાલવા માંગતા નથી કે સંઘની સામે પણ ચાલવા માંગતા નથી, પણ સંઘની સાથે જ ચાલવા માંગે છે, જે તેમના પત્રના લખાણ ઉપરથી સ્પષ્ટ સમજાઇ આવે એમ છે.

પુણ્ય અનુકૂળ વર્તતું હોય તો તેનો દુરૂપયોગ ના કરાય.

હવે આવું સ્પષ્ટ આધાર સહીત લખવાની કોઇ હિંમત ના કરે તો પછી શાસનમાં પોલમપોલ અને લોલમલોલ જ ચાલેને !

માર્ગદર્શક જ ઉન્માર્ગ બને પછી જવું ક્યાં ?

જીવો પુણ્યથી અને વકતૃત્વકલાથી અંજાઇ જતા હોય છે. ઘણા શ્રોતા પોતાને તો મૂર્ખજ સમજતા હોય છે. અરે ભાઈ ! બધા જ શ્રોતા મૂર્ખ નથી હોતા. અમુક તો મગજ ખુલ્લુ રાખીને પણ સાંભળતા હોય છે, અભ્યાસુ પણ હોય છે અને ચિંતક પણ હોય છે. (મોટે ભાગે.)

જૈન ધર્મનો શ્રાવક તત્વરૂચિ વાળો જ હોય. પણ જો કોઇ વક્તા પાટનો દુરૂપયોગ કરતો હોય તો પાછો સાવધાન પણ હોય છે. હવે બીજુ આ ચર્ચાથી બાર મહિનાની ૧૪૪ પર્વ તિથીઓ લૌકિક પંચાંગ મુજબ યથાવત્ રાખીને આરાધવાનો ઉલ્લેખ તો આમાં ક્યાંય આવતો જ નથી. સો વરસમાં પાંચ સાત વખત આવતા આવા હંગામી તણખલા જેવા વિવાદને હાથો બનાવીને કાયમી દાવાનલ જેવો તિથી વિવાદનો ઝઘડો નાખવો અને સંઘના સ્વચ્છ વાતાવરણને ડહોળવું અને અબુધ તથા આપણામાં વિશ્વાસ રાખતા જીવોને દુર્ગતિના મહેમાન બનાવવા, આ તો એક પ્રકારની અધમતા છે, જીવો સાથેનો વિશ્વાસઘાત છે. સીધો જ કાયમી તિથી વિવાદ નાખવા જાય તો તો પોતે ઉઘાડા પડી જાય, એટલે તેનાથી બચવા ભાદરવા સુદ-૫ને જ હાથો બનાવવો પડે. જીવોને ખોટી વાત પણ સાચી લાગે. આવી વાતની રજૂઆત કરવાની આચાર્ય ભગવંત પાસે ટેકનિક છે. આ પણ જીવોને ભ્રમણામાં નાખવાની (પોતાનો મૂળ મલીન ઈરાદો ન જાણવા દેવાની) એક

ટેકનીક છે. તા.ક.:- બે તિથીમાં કહેતા ભી દિવાના, સુનતા ભી દિવાના જેવું છે.

મારૂં સમગ્ર વિવેચન બે તિથીના બધા જ શ્રાવકો કાચી સેકંડમાં સમજી જાય છે, એટલા બધા મારી જેમ સમ્યક્ સત્યથી વાકેફ છે, માટે લાચારીપૂર્વક ચૂપચાપ મૌન રાખીને બેસી જાય છે (**self quarantine** થઈ જાય છે)

બે ત્રણ જણા જૂઠ્ઠો પ્રતિકાર કરતા હતા પણ હું તેમના નામ અને નંબર જાહેર કરી દઉં છું, એટલે હવે તો તેમને પણ શરમ આવવા માંડી છે.

તેમના બે ચાર ભગતોના **playback singer** કોણ છે ? તે પણ મને ખબર છે.

બે તિથીવાળાઓને બધાને ગળા સુધી ખાતરી છે કે પોપટભાઈ જેવા એક પણ લેખ આધાર વગર કદાપી લખે જ નહી. માટે મારા આજ સુધીના એક પણ લેખની શંકાસ્પદ તપાસ આવી જ નથી.

મારા લેખોનો અભ્યાસ બે તિથીવાળા સૂક્ષ્મતાથી કરે છે, તે તેમના કોઈક કોઈક વળતા પ્રશ્નોથી ખબર પડી જાય છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

★તા.૧૪/૯/૨૦૨૦

તિથીની ચર્ચા એટલે પર્વ તિથીની જ ચર્ચા અથવા નજીકની ખંડીત પર્વતિથીને કારણે ઉભી થયેલી અપર્વ તિથીની ચર્ચા. પણ તિથી ચર્ચા એ બે તિથીની માન્યતા મુજબ પર્વાપર્વ સર્વ તિથીની ચર્ચા નથી સમજવાની.

જ્યારે પણ કોઈ પણ તિથી વિષેની ચર્ચા ચાલતી હોય છે, ત્યારે એ ચર્ચા પર્વ તિથીઓ માટે જ હોય છે, નહી કે અપર્વ તિથીઓ માટે.

ચૈત્ર સુદ-૧૩, કે ફાગણ સુદ-૧૩, કે ભોયણી તીર્થની ધજા અંગે પણ ચર્ચા તેની પાસેની પર્વ તિથીના ખંડીતપણાને કારણે જ હોય છે.

તિથી અંગેનું કોઈપણ 'ઉત્સર્ગ સૂત્રનું અપવાદ સૂત્ર' કે અપવાદ સૂત્રનું પણ અપવાદ સૂત્ર' પણ પર્વ તિથીઓ માટે જ કે પર્વ તિથીને કારણે

જ હોય છે.

ફક્ત ઉત્સર્ગ સૂત્ર જસર્વ તિથીઓ માટે હોય છે. પણ તેમાંય જ્યારે પર્વ તિથીઓ ખંડીત આવે, તો પછી તેને માટે પાછુ ''ઉત્સર્ગ સૂત્રનું અપવાદ સૂત્ર' હોય છે, કારણ કે ખંડીત પર્વ તિથીઓ ખંડીત અપર્વ તિથીઓની જેમ ખંડીત આરાધવાની હોતી નથી. માટે જ સકલાગમ રહસ્યવેદી આ.ભ.દાનસૂરિજીના વીરશાસનના અંકમાં ચંડૂમા આવેલી ખંડીત પર્વ તિથીઓને અખંડ આરાધવા માટે તેમને અખંડ અને ક્રમબદ્ધ સ્થાપતા કલ્યાણક તિથીઓના દિવસો આઘા પાછા થયેલા છે.

તા.ક.:- કોઇ બે તિથીવાળાને શંકા હોય તો હું બતાવવા તૈયાર છું, પણ જો તે કુમત છોડવાની જાહેરાત કરે તો.

જો પર્વ તિથીઓ અખંડ ન રાખીએ તો પછી શ્રાદ્ધને (શ્રાવકને) આરાધનાના વિનાશનો દોષ લાગે.

માટે જ **PL** વૈદ્યે પણ, ભલે કોઇ ગુપ્ત કારણથી વ્યવહારથી આ.ભ.રામચંદ્રસૂરિજીના પક્ષમાં ફેંસલો આપ્યો છે, પણ નિશ્ચયથી પોતાના લવાદી ફેંસલામાં શાસન પક્ષના તરફેણમાં જૈન પદ્ધતિનું (શાસન પક્ષની આચરણાવાળુ) વિધાન લખ્યું છે.

આ.ભ.રામચંદ્રસૂરિજી આ તત્વશૂન્ય ઝઘડો સંઘમાં નાખીને તો જતા રહ્યા છે, પણ તેમને સંઘમાં આ ઝઘડો નાખીને સંઘભેદ કરવામાં શું લાભ દેખાણો, તે હજુ સુધી કોઇને પણ ખબર પડી નથી. કોઇને પણ જો ખબર પડી હોય તો મને તાત્કાલીક જણાવવા મહેરબાની કરશોજી.

તા.ક.:- જો હાથમાં પ્રભુ વીરનો ઓઘો છે,પણ હૃદય કષાયથી કાળી મેશ જેવું છે, તો તે જીવનો મોક્ષ ઘણો જ દૂર છે. અને જે જીવાના એક હાથમાં છરો છે અને બીજા હાથમાં માછલી છે, પણ જો તેનું હૃદય કષાયથી મુક્ત બનીને સમતા રસથી તરબોળ બની ગયું છે, તો તેનો મોક્ષ એકદમ નજીકમાં છે,

કોઇ માને કે ન માને પણ એવું શાસ્ત્રો ઉદાહરણ સાથે કહે છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

ता.१२/९/२०२०

पन्यासजी भगवंत भद्रंकर विजयजीकी “संघ समाधि”की रक्षा करने की “गीतार्थता”

वि.सं.२०२८ में भादरवा सुद पंचमीकी वृद्धिको लेकर, दो तिथीवालो को, वि.सं.१९९२ में आ.भ.रामचंद्रसूरिजीने कीये आचरणा परिवर्तनके हिसाबसे शासन पक्षके साथ संवत्सरी के दिनका भेद आता था ।

उस वक्त आ.भ.रामचंद्रसूरिजीके शिष्य पन्यासजी भगवंत भद्रंकर विजयजीका चातुर्मास राज.में बेडा गांवमे था ।

उस वक्त बेडा गांवमें ९०% एक तिथिके उपासकथे और १०% दो तिथीके उपासक थे ।

पन्यासजी भगवंतने कहा की, कौन सा दिन सच्चा है, वो तो केवलज्ञानी भगवंतके सिवाय कोई केह नही सकता है ।

लेकीन हमे हमारे गुरु से दो तिथीकी आचरणा मिली है, लेकीन यहां बहुत से लोग एकतिथिकी आचरणा करनेवाले है ।

जब दो मान्यता एक ही जगह हो और उस में भी एक पक्ष बडा हो, तो हमारी ख्वास फर्ज बनती है की उनको भी उनकी मान्यताकी आराधना करवानी ।

इस लिये एक तिथीवाले उपासकोको भी उनके दिन संवत्सरी करवायेंगे और दोनो दिन संवत्सरी होगी, और दोनो संवत्सरी समाप्त होने के दूसरे दिन ही, दोनो के सामूहिक पारणे होंगे ।

ता.क.:- जो केवलज्ञानीका विषय बनता है, उसमें गीतार्थताका उपयोग करके और स्याद्वादमय तरीके से निराकरण लाने में अगर दो में से, एक आराधना का दिन केवलज्ञानीके ज्ञानमें अगर गलत भी है तो भी वो छद्मस्थ के लिये विराधना नही है, लेकीन आराधना है । क्योंकी छद्मस्थका लक्ष्य समाधि बनाये रखनेका है ।

और अगर एकांत का कदाग्रह रखकर समाधीका भंग करके की हुई आराधना केवलज्ञानीके ज्ञानमें अगर वो दिन दोष रहित भी है, तो भी वो विराधना है, क्योंकी छद्मस्थका लक्ष्य समाधि बनाये रखने का नही रहा है । गलत दिन आराधना करनेवाला विराधक नही बनता है, लेकीन गलत प्रथा चालू करनेवाला विराधक बनता है और उस गलत प्रथा का जान बूझकर प्रचार करनेवाला भी विराधक बनता है ।

केवलज्ञानीके ज्ञान में उनके शिष्य के उपयोग चूकने की वजह से अगर दोषित गोचरी भी आ जाती है, फीर भी केवलज्ञानी भगवंत बिना खुलासा कीये गोचरी वापर लेते है । और शिष्य का उपयोग चूकने का दोष, शाम के प्रतिक्रमण में साफ हो जाता है ।

अब आपको बातसमझ में आ गई होगी की पन्यासजी भगवंतजी की और आ.भ.यशोदेवसूरिजी की क्यों उपेक्षा की जाती थी, ईस समुदाय में ? कीसी का moral तोड देना ये ही उनका लक्ष्य रहा है ।

ये दो महात्मा तो विशिष्ट पुण्यशाली थे की बच गये, बाकी कच्चा पोचा तो उनकी शरणागति स्वीकार ही लेता ।

उनके यहां नियम है, की जो कुमत में सहकार देता है, और उसका प्रचार भी करता है, उसके साथ Positive attitude रखना, चाहे उस का मातृपक्ष एक तिथि क्यों न हो, और जो दो तिथीवाले होकर, निष्क्रीय बैठते है, (मतलब की प्रचार भी नही करते है, और उनका साथ भी नही छोडते है ।) उसके साथ Neutral Attitude और जो दो तिथी की आचरणा तो करते है, फीर भी उसका प्रचार भी नही करते है, और प्रचार में सहकार भी नही देते है, उस के साथ Negative Attitude करना, चाहे वो मूल दो तिथी पक्ष के क्यों न हो । ये हे, इस पक्ष की मानसिकताका X-ray रिपोर्ट.

ता.क.:- कुछ लोग ऐसे भी होते है, की वे जहां भी पेशाब करेंगे

बिच्छू पैदा होते ही होते है । इसी ही न्यायसे दो तिथीवालोको अगर एक तिथीके संघ में चातुर्मास करवाया, तो उस संघ के दो टूकडे होने ही होने है ।

ये लोग अपने पैसेवाले और जो तुफान भी कर सकते हो ऐसे भगतको, मानविष्टामें लपेटकर एक तिथी संघ में चातुर्मास के लिये उसकायेंगे । एक तिथि संघ की सभी शर्त मुख्र जबान मानेंगे लेकीन लिखित में नही देंगे, और चातुर्मास चालू होने के बाद फीर जायेंगे (नट जायेंगे).।

दो तिथीवालोको एक तिथी संघमें चातुर्मास करवाया हो, और उस के दो टूकडे न हुए हो, एसा एक भी उदाहरण नही है । Divide & rule की अंग्रेजो की नीति उनके वर्तमान पुण्य को अनुकूल आ गई है । और म्लेच्छोकी मूर्तिभंजनकी तरह श्रद्धाभंजन और कट्टरपंथ और झघडा फीसाद में भी उनको सफलता मिलने की वजह से अब उन लोगोंको शुभ और शुद्ध भावधर्म पर भरोसा नही रहा है ।

उन लोगोको सिर्फ सुंदरता में ही रस है, सुवास में तो तनिकभी रस है ही नही ।

लि.पोपटलाल चुनीलाल शाह (साबरमतीवाळा)

* * * * * * * *

જે શ્રાદ્ધવિધી ગ્રંથ કહે છે તે જ ઉપાધ્યાય વિનયવિજયજી મ.સા.કહે છે, અને તે પ્રમાણે જ આ.ભ.દાનસૂરિજી પણ કરે છે. આ બધુ તમે જાણો છો તો પણ તમે તમારા મિથ્યાત્વને જાણી જોઈને ઘટ્ટ અને ઘટ્ટ કરે રાખો છો.

આ નિકાચિત પ્રવૃત્તિ મુંબઇ, બોરીવલી (વે), ચંદાવરકર લેનના નિકેશભાઈની છે.

હવે તમને ફાવટ નહી આવે એટલે ભાદરવા સુદ-પનો મુદ્દો લાવશો, પણ ભાદરવા સુદ-(૪+૫)ને પાછા સંતાડશે.

તેમાંય ફાવટ નહી આવે એટલે કટ્ટર બે તિથીવાળાઓએ બનાવડાવેલો

દાનપ્રશ્નોત્તરનો નવો ડખો વચમાં લાવશે પણ પૂર્વાચાર્યોની આચરણા તો પ્રાણાંતે પણ નહી જ માને તે નહી જ માને. બે તિથીવાળા કટ્ટરપંથીઓ = શાસનપક્ષના દ્વેષિઓ, મને પોતાના નામ અને ઠામ લખ્યા વગર શાસન વિરૂદ્ધ અને શાસ્ત્ર સાપેક્ષ પરંપરા વિરૂદ્ધના પ્રશ્નો સિવાય તો તેમની પાસે કોઈ પ્રશ્ન હોઇ જ ના શકે. એટલે મને પૂછીને ભાગી જાય છે. અને છાને માને મારો જવાબ વાંચીને લાજ કાઢીને પછી ઉંઘી જાય છે. જવાબ એકદમ સટીક હોવાથી ફરીને પાછો પ્રશ્ન પૂછતા નથી.

અત્યાર સુધી તો સો એ સો ટકા બધા જ ફેલ ગયા છે. એક પણ સમજેલ નથી, બધા જ પાયેલા જ છે. પછી બિચારા ક્યાંથી હિંમતપૂર્વક જવાબો આપી શકે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

સત્ય

★તા.૧૧/૯/૨૦૨૦

''શ્રાદ્ધવિધિ ગ્રંથનું ''ખંડીત પર્વ તિથી'' અંગેનું લખાણ.''

શ્રાદ્ધવિધિ ગ્રંથ વિ.સં.૧૫૦૬માં આ.ભ.રત્નશેખરસૂરિજીએ સંસ્કૃતમાં રચ્યો હતો. આ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર (શબ્દાનુવાદ) દામોદર ગોવિંદાચાર્ય નામના એક બ્રાહ્મણ પંડિતે કર્યુ હતું. અને જ્યાં જ્યાં જરૂર લાગ્યું ત્યાં ત્યાં અઘરા શબ્દાનુવાદનો ભાવાનુવાદ બાળજીવોને સહેલાઈથી સમજાઇ જાય તે માટે આપણા આચાર્ય ભગવંતોએ કૌંસમાં પર્વ તિથીનું ઉદાહરણ આપીને પણ કર્યો છે.

હવે નીચેની પ્રઘોષ એ આ ગ્રંથના પર્વકૃત્ય નામના ત્રીજા પ્રકાશમાં આવે છે. માટે આ પ્રઘોષ ખંડીત અપર્વ તિથીઓ માટે નથી પણ ખંડીત પર્વ તિથીઓ માટેજ છે.

કારણકે ભાવાનુવાદ ખંડીત તિથીઓનો જ કર્યો છે અને તે પણ ખંડીત પર્વ તિથીઓનો જ ભાવાનુવાદ આપ્યો છે, નહી કે બધીજ તિથીઓનો.

"क्षये पूर्वा तिथीः कार्या, वृद्धौ कार्या तथोत्तरा"

શબ્દાનુવાદઃ- ક્ષય હોય તો પૂર્વની તિથી કરવી, વૃદ્ધિ હોય તો

બીજી કરવી.

શબ્દાનુવાદમાં પણ ક્યાંય પણ આરાધનાકરણનો ભાવ લખેલો આવતો જ નથી.

ભાવાનુવાદઃ- પાંચમનો ક્ષય હોય તો ચોથની પાંચમ માનવી. બે પાંચમ હોય તો બીજી પાંચમ માનવી.

હવે બે તિથીવાળા આ પ્રઘોષનો ભાવાનુવાદ પોતાની સ્વ મતિ કલ્પનાથી નીચે મુજબ ફક્ત આરાધનાકરણ માટે જ કરે છે, પણ પર્વીકરણ માટે તો કરતા જ નથી.

તિથીનો ક્ષય આવતા તેની આરાધના પૂર્વ તિથીમાં અને વૃદ્ધિ આવતા તેની આરાધના પહેલી છોડીને બીજી તિથીમાં કરવી.

હવે બે તિથીવાળાઓએ ઉપર મુજબ કરેલો ભાવાનુવાદ જૈન ધર્મના એક પણ શાસ્ત્રમાં નથી. જો બતાવે તો આજીવન મારે તેમની ગુલામી કરવી.

જો આ પ્રઘોષ સર્વ ખંડીત તિથીઓ માટે હોત તો પૂર્વાચાર્યો બે તિથી પ્રમાણે જ તેનો ભાવાનુવાદ કૌંસમાં લખત પણ તેને બદલે પર્વ તિથીનું જ ઉદાહરણ આપીને બાળ જીવોને સહેલાઈથી સમજાઈ જાય એ રીતે સમજાવ્યું છે.

સૌ પ્રથમ ખંડીત પર્વ તિથીનું અસ્તિત્વ, એકત્વ અને ક્રમબદ્ધપણું સ્થાપવું, પછી આરાધના તો કરવાની જ છે.

હવે આપણે પૂર્વાચાર્યોના ભાવાનુવાદને જરા વિગતથી સમજવાનો પ્રયાસ કરીએ.

પાંચમનો ક્ષય હોય તો,

(૧) ચોથની પાંચમ માનવી.

(૨) ચોથ અને પાંચમ બન્ને એકજ દિવસે માનવી.

(૩) ચોથ અને પાંચમ બન્નેની આરાધના ચોથના કરવી.

(૪) પાંચમનો ક્ષય રાખવો.

(૫) ચોથની પાંચમ ન માનવી.

(૬) પાંચમને બદલે ચોથ માનવી.

(૭) ચોથ અને પાંચમ બન્નેની આરાધના એકજ દિવસે કરવી.

(૮) ચોથને બદલે પાંચમ માનવી.

હવે ઉપરોક્ત આટલા વિકલ્પોમાંથી જે મૂળ ૧-નંબરનો વિકલ્પ છે તેને ફક્ત ૮-નંબરનો વિકલ્પ મળતો આવે છે. તે સિવાયના બધાજ વિકલ્પો દૂર થઈ જાય છે.

બે તિથીવાળાઓ પોતાની તિથી અંગેની પુસ્તિકામાં કોઈને શંકા ન જાય એટલા માટે શ્રાદ્ધવિધીનો ફક્ત સંદર્ભ તરીકે ઉલ્લેખ કરશે, પણ આ છણાવટ કદાપિ નહી કરે, અને કૌંસવાળુ વાક્ય તો પ્રાણાંતે પણ નહી છાપે. કારણ કે, તો તો જીવોને સત્ય તરત જ ખબર પડી જાય અને દૃષ્ટિરાગાંધ જીવોનો પોતાના ઉપરનો આંધળો વિશ્વાસ ઉડી જાય, એ પાપ પણ મનમાં ઘુમરાઈ રહ્યું છે.

કોઈપણ જીવ વગર કહ્યે પંચાંગમાં જોઈ જોઈને પર્વ તિથીઓની આરાધના તો કરી લે, પણ ખંડીત પર્વ તિથીઓનું પર્વીકરણ ના કરી શકે. તે તો મહાત્માઓ હાથવગા પંચાંગોમાં કરીને આપે તો જ કરી શકે.

ખંડીત પર્વ તિથીઓના પર્વીકરણ થયા પછી તો આરાધનાકરણ સાવ સરળ છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૧૦/૯/૨૦૨૦

"નવાંગી ગુરૂપૂજન" એ "મિથ્યા" છે તે બાબતે સમજૂતી :-

જૈન શાસનમાં શાસ્ત્રીય, ચરિતાનુવાદ, વિધીવાદ અને ક્રિયાવિધિ આ પ્રમાણે આચરણ હોય છે.

(૧) (શાસ્ત્રીય) શાસ્ત્ર મુજબ તો ઘણી ખરી આચરણાઓ થતી જ હોય છે.

(૨) ચરિતાનુવાદમાં કોઇ વિશિષ્ટ પ્રસંગ કે ઘટના કે જે અમુક મહાપુરૂષોના જીવનમાં જ બનેલી હોય છે અને તેનું અનુકરણ જૈન

સંઘનો કોઈ ઉપાસક કરતો નથી. દા.ત.સ્થૂલભદ્રજીનું કોષા વેશ્યાને ત્યાં કરેલું ચોમાસું, આર્ય સુહસ્તિસૂરીજી દ્વારા ભિખારીને ખાવા માટે આપવામાં આવેલી દીક્ષા, આજે સચિત્ત મળે તો સચિત્ત પણ લેતા આવજો, સંસારી ભાઈને ઉંચકવા પાત્રા આપવા, આજે એક છરી લેતા આવજો, કલિકાલ સર્વજ્ઞજીનું સોમનાથ મહાદેવના સંઘમાં જવું વગેરે વગેરે ચરિતાનુવાદના પ્રસંગો કહેવાય છે. તે બધા પ્રસંગો ફક્ત સાંભળીને સાવધાન રહીને એ મહાપુરુષો જેવા સત્વશાળી બનવા માટે હોય છે, નહી કે તેમનું અનુકરણ કરવા માટે.

(૩) વિધીવાદમાં બધીજ પરંપરાની આચરણાઓ જ આવે અને તે તે ગચ્છમાં તે પ્રમાણે તે તે ગચ્છના બધાજ સમુદાયો આચરતા હોય છે.

(૪) ક્રિયાવિધિમાં એ ક્રિયા પૂરતી જ કોઈ આચરણા કરવાની હોય છે, તે આવે છે અને તે પણ ક્રિયા પતી ગયા પછી નહી. દા.ત.અંજનશલાકા વખતે આચાર્ય ભગવંત રેશમનો ચોલપટ્ટો પહેરે છે, પણ વિધિવાદમાં ના પહેરે. એ પ્રમાણે જે પણ વિધિ હોય તે પણ તે પૂરતી જ સમજવી.

સત્ય

સંદર્ભ-૧

(૧) ॥उपदेश-कल्पवल्ली ॥ संपादक-आ.श्रीजिनेन्द्रसूरीजी પાના નં-૧૧ ઉપર

॥२॥ द्वितीय पल्लवः ॥

........मिथ्यात्वस्वरुपं चैतत्-मिथ्यात्व द्विविधं लोको-त्तरिकं लौकिक तथा । प्रत्येकमपि द्दग्मेदं तद्देव गुरुगोचरम् ॥२॥

.........मठचैत्यादिवासश्च तांबूलफलसेवनम् । सचित्तजलपानं च स्वगुणश्रवणादि च सुवर्णकुसुमैरंग-पूजनं श्री प्रसंगकृत् । यतिलिंगं जनानां त-ल्लोकोत्तर गुरुस्थितम् पूजागमननुत्यादि सिवादिदेवसद्मसु ।

ગુજરાતી અનુવાદઃ-

અને ચૈત્ય વિગેરેમાં નિરંતર વસવું, તાંબૂલ અને ફળનું ભક્ષણ કરવું, સચિત્ત જળનું પાન કરવું, પોતાના ગુણ સાંભળવા, સુવર્ણ અને

પુષ્પાદિક વડે "પોતાના અંગની પૂજા કરાવવી" અને સ્ત્રીનો પ્રસંગ કરવો વિગેરે બાબતો યતિલિંગને ધારણ કરનાર મનુષ્યો કરે, તો તે લોકોત્તર ગુરૂ સંબંધી મિથ્યાત્વ કહેવાય છે, એટલે કે આવા આચારવાળા સાધુ વેષધારીને જે ગુરૂ તરીકે માનવા તે લોકોત્તર ગુરૂ સંબંધી મિથ્યાત્વ છે.......

સંદર્ભ-૨:- આદર્શ ગચ્છાધિરાજ, લેખક-મુનિ દર્શન વિજયજી (ત્રિપુટી)

બાબતઃ- પૂ.બુટેરાયજી મ.સા.નો નવાંગીગુરૂપૂજનનો વિરોધ-

વિ.સં.૧૯૨૯, હઠીભાઈની વાડી, યતિ પરંપરામાંથી સંવેગી પરંપરામાં આવેલા નવા પં.રતનવિજયજી

એક બહેનની દીક્ષા પ્રસંગે દીક્ષાર્થી બહેને "યતિઓની આચરણાના હિસાબે" પંન્યાસજીની રૂપૈયા વડે નવાંગી પૂજા કરી. પૂ.બુટેરાયજી મહારાજ વગેરેએ તુરત જ આ નવી પ્રથાનો સખ્ત વિરોધ કર્યો.

પૂ.નીતિવિજયજી મહારાજે ભાર દઈને જણાવ્યું કે, આ દ્રવ્યપૂજા તે ચૈત્યવાસીના અનુકરણ રૂપે છે, યતિઓએ ચલાવેલી પ્રવૃત્તિ છે. આમાં મુનિપદનો ઉપહાસ છે. યતિઓએ દ્રવ્ય જોડવાની રીત ચલાવેલી છે. સંવેગી સાધુ અને તેની દ્રવ્ય પૂજાનો મેળ મળતો જ નથી. શાસ્ત્રોમાં જિનપૂજા કહી છે. ગુરૂભક્તિનું વિધાન છે ગુરૂપૂજાનું વિધાન નથી. કોઈ વિશેષ પ્રસંગને આગળ ધરીને અથવા ગુરૂદ્રવ્ય વધારવાનું બહાનું બતાવી ગુરૂપૂજા કરાવવી, એ તો ચોખ્ખી માનલાલસા જ છે. કોઈ રાજા મહારાજા યુગપ્રધાનની પૂજા કરે એમ જણાવી ગઈકાલનો ગાંગો ગણેશવિજય બની પાટે ચડીને પોતાની પૂજા કરાવવા બેસે એ તો એક નાટક જ છે ને ? સાધુ પોતાની દ્રવ્યપૂજા કરાવે તે ભૂલ છે. આ કલ્પિત પ્રથાનો અંત લાવવો જોઈએ.

સંદર્ભ-(૩) જાવાલ (રાજ.) થી ૨૦૧૯ આ.સુ.૪નો પ્રેમસૂરીજીના જ હસ્તાક્ષરવાળો પત્ર-

તિથી વિવાદનો ઝઘડો તેની ચરમ સીમાએ પહોંચી જતા પ્રેમસૂરિજીએ પોતાના પટ્ટ શિષ્યને ટાર્ગેટ કરતો અને વિ.સં.૧૯૯૨ પહેલાની આચરણા યથાવત્ રાખવાનો કડક આદેશ આપતો પત્ર લખ્યો,

તેમાં આના ભેગી નવાંગી ગુરૂપૂજનની પણ બિમારી કાઢવાનું સૂચન કર્યું હતું, જે નીચે પ્રમાણે છે.

"મારા સમુદાયમાં કોઇ પણ સાધુએ વાસક્ષેપ પૂજા સિવાય (પરંપરામાં ચાલી આવતી એક ચરણ અંગૂષ્ઠ પૂજા) શ્રાવક શ્રાવિકા દ્વારાએ ધૂપ-દીપક સુવર્ણ, પુષ્પ કે એવી બીજી કોઇ પણ પૂજા કરવા દેવી નહી, તેમજ ગુરૂપૂજનની બોલી કોઇ ઠેકાણે નવી શરૂ કરાવવી નહિ."

સંદર્ભઃ(૪) શ્રાવકોની ૩૬ કર્તવ્યોની સજઝાયમાં "मन्नह जिणाणं......

..................................।।१।। ।।२।।

जिनपूआ जिणथुणणं, गुरुथुअ साहम्मिआण वच्छल्लं । ववहारस्स य सुद्धी, रहजत्ता तित्थजत्ता य ।।३।।

હવે આ સજઝાયમાં શ્રાવકોના જ કર્તવ્યોમાં ત્રીજી ગાથામાં લખ્યું છે કે, जिणपूआ=જિનપૂજા, जिणथुणणं= જિનસ્તવના અને गुरुथुअ=ગુરુસ્તવના, પણ ક્યાંય ૩૬ કર્તવ્યોમાં गुरुपूआ=ગુરૂપૂજન નથી લખ્યું.

જયવીયરાય સૂત્રમાં પણ ....सुहगुरु-जोगो तव्वयणसेवणा आभवमखंडा.

આ સૂત્રમાં પણ પોતાના ગુરૂ વચનની સેવા तव्वयण सेवणा = આજ્ઞાનું પાલન = ગુરુવચન તહત્તિ આ જ કહ્યું છે. ગુરૂવચનની સેવા = આજ્ઞા પાલન, એ જ ગુરૂની મોટામાં મોટી પૂજા છે. બાકીમાં ઘણી વાર દંભ આડંબર પણ હોઇ/થઇ શકે છે.

સંદર્ભઃ(૫) રૂપવિજયજીની પ્રતિક્રમણની સજઝાયમાં "કર પડીક્કમણું ભાવશું સમભાવે ચિત્ત લાય.........જિનપૂજા, ગુરૂવંદનાજી, સામાયિક, પચ્ચક્ખાણ, નવકારવળી નવી રૂચેજી, કરે મન આર્તધ્યાન. ચેતનજી એમ કેમ તરશોજી.

આ સજઝાયમાં પણ ક્યાંય ગુરૂપૂજાનો ઉલ્લેખ આવતો નથી.

સંદર્ભ-૬ શ્રાદ્ધદિનકૃત્ય નામના પોતે જ ભાવાનુવાદ અને વિવેચન કરેલા ગ્રંથમાં નવાંગી ગુરૂપૂજનનું મહાજોખમ બતાવતા બે તિથીના જ

સત્ય

આ.ભ.શ્રી રાજશેખરસૂરિજી મ.સા.

વિ.સં.૨૦૫૭. ગુરુવંદન અધિકાર, પાના નં.૧૭૨

........નજીક જવું હોય તો ગુરૂની રજા લેવી જોઇએ. આનાથી એ સિદ્ધ થાય છે કે ખાસ કારણ વિના સ્ત્રીઓથી સાધુઓની બહુ નજીક ન અવાય. એટલે સ્ત્રીઓએ સાધુઓને દૂર રહીને વંદન કરવું જોઇએ. આ મર્યાદાનો ભંગ થાય તો નુકશાનની સંભાવના રહે. આ મર્યાદાના ભંગે તો એક ઉત્તમ આત્માની જીવન પર્યંતની સાધનાને ખતમ કરી નાખી. બ્રહ્મદત્ત ચક્રવર્તીના પૂર્વભવનો એક પ્રસંગ છે..... સુનંદાએ મુનિઓની નજીક જઇને વંદન કર્યું. વંદન કરતા સંભૂતિવિજયજી મુનિને સુનંદાના કેશ ચોટલાનો સ્પર્શ થયો....... સુનંદાના કેસનો સ્પર્શ ન થયો હોત તો આમ ન બનત. જો રાણીએ મર્યાદાનું પાલન કરવા દૂરથી વંદન કર્યું હોત તો આ ન બનત માટે સ્ત્રીઓએ સાધુને દૂરથી વંદન કરવું જોઇએ.

સંદર્ભ-૭ ‘‘શ્રી જૈન ધર્મ વિષયક પ્રશ્નોત્તર’’

લેખક-આત્મારામજી મ.સા. પ્રેરક અને સંપાદક-કુલચંદ્રસૂરિજી

પાના નં-૫૧, પ્રશ્ન-૧૨૦

પ્ર.-શ્રી મહાવીર સ્વામીએ તીર્થંકરોકી પ્રતિમા પૂજનેકા ઉપદેશ કહા હૈ કી નહી ?

ઉત્તર-શ્રી મહાવીરજીને જિનપ્રતિમા કી પૂજા દ્રવ્ય ઔર ભાવે તો ગૃહસ્થો કો કરની બતાઇ હૈ, ઔર સાધુઓ કી ભાવપૂજા કરની બતાઇ હૈ.

વિવેચન :- હવે અહિંયા ભાવ સાધુની પણ જો નવાંગી પૂજા કરાતી હોત તો તો પ્રશ્ન કર્તાને પ્રભુ પ્રતિમાની પૂજા કરવા બાબતે પ્રશ્ન પેદા થાય જ નહી. પણ શ્રાવકને પ્રતિમા પૂજન બાબતે પ્રશ્ન થાય છે, એનો અર્થ એ જ કે શ્રાવકને ‘‘હયાત પ્રભુની પૂજા નથી થતી’’ એ પાક્કી ખાતરી છે. કારણ કે જો હયાત પ્રભુની નવાંગી દ્રવ્ય અંગપૂજા થતી હોય તો તો પ્રતિમાની પૂજા બાબતે પ્રશ્ન જ ન ઉદ્ભવે ને.

હવે જ્યારે હયાત પ્રભુની જ નવાંગી પૂજા નથી કરાતી, તો તો

પછી હયાત સાધુની તો નવાંગી પૂજા કરાય જ કેવી રીતે ? આ એક કોમન સેન્સની વાત છે.

આચાર્ય પ્રેમસૂરિજીના જ શિષ્ય પણ રામચંદ્રસૂરિજીની આજ્ઞામાં ગયેલા એવા જંબૂસૂરિજીએ પોતાના ''તિથી સાહિત્ય દર્પણ'' નામના પુસ્તકમાં પાના નં-૬,૭ ઉપર લખ્યું છે કે,

''આપણે ઉપર જોઈ આવ્યા કે પર્વ તિથીની હાનિ-વૃદ્ધિ ન થવા સંબંધી માન્યતાની ઉત્પત્તિ સં.૧૮૭૦ પછીના સમયમાં થઈ છે, કે જે સમય શાસ્ત્રીય જ્ઞાનની ખામીનો અને શ્રીપૂજ્યોની જોહુકમીનો હતો. તે સમયે પણ કેટલાક વિદ્વાન સાધુઓ હતા, છતાં તેમનું આવી બાબતોમાં કાંઈ પણ ચાલતું ન હતું. એટલું જ નહિ પણ કેટલીક વાર તો તેમને તેવા પરિગ્રહધારી આચાર્યોની સત્તાનો સ્વીકાર કરવો પડતો હતો. પં.શ્રી પદ્મવિજયજી, પં.શ્રી રૂપવિજયજી, પં.શ્રી વીરવિજયજી જેવા વિદ્વાન સંવેગી સાધુઓને પોતાના ગ્રંથોમાં તત્કાલિન ગચ્છના ગાદીપતિ શ્રીપૂજ્યોના ધર્મરાજ્યનો સ્વીકાર કરવો પડ્યો છે, એ તમારા કથનની સત્યતાનો પ્રત્યક્ષ પુરાવો છે.

લગભગ વીસમી શતાબ્દીના પ્રથમ ચરણ સુધી ઉપર મુજબ સ્થિતિ રહી હતી....

નિષ્કર્ષઃ- આ.ભ.જંબૂસૂરિના લખવા મુજબ તો હીરસૂરીજીએ પણ યતિઓના મધ્યાહ્ન કાળમાં ''કજીયાનું મોં કાળુ'' એ ન્યાયે ક્યાંક કોઈક વખતે પોતે અને યતિઓ એક પાટ ઉપર આવી ગયા હોય અને નવાંગી ગુરૂપૂજન કરાવવું પડ્યું હોય, (કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિજીના સોમનાથ મહાદેવના સંઘમાં જવા તુલ્ય) તે બની શકે છે, તેથી કાંઈ તે હીરસૂરીજીને માન્ય હતું, એવું કહેવું, એ તો તેમનું ઘોર અપમાન છે.

અને તિથી બાબતમાં તો યતિઓ, પર્યુષણ મધ્યેની ૧,૨,૩,૪ની ક્ષય-વૃદ્ધિએ શ્રાવણ વદ-૧૩ની ક્ષય-વૃદ્ધિ કરવા સિવાય તો બધી જ બાબતમાં તપાગચ્છની જેમ જ હતા, જે વિ.સં ૧૯૨૯, ૧૯૩૦, ૧૯૩૫ની ચર્ચાઓથી સ્પષ્ટ થઈ જ જાય છે.

આમ નવાંગી ગુરૂપૂજન એ તો બે તિથીવાળાઓ એ યતિ

પરંપરામાંથી લીધેલું પાપ છે.

અને પર્વ તિથીઓની ક્ષય-વૃદ્ધિ આરાધના માટે તથા આરાધના માટેના બુકલેટ પંચાંગોમાં પણ ન રખાય, એ શ્વેતાંબર આમ્યાનમાં, ખરતરગચ્છ સિવાયના બધા જ ગચ્છોની માન્યતા છે.

આપણે ત્યાં પરમાત્માની ત્રણ ટાઈમ પૂજા માટે ત્રિકાળ પૂજા પ્રચલીત છે અને ગુરૂ ભગવંતને ત્રણ સમય વંદન કરવા માટે ત્રિકાળ વંદના પ્રચલીત છે.

હવે આ લોકોથી સંઘોની વિરૂદ્ધ નવાંગી ગુરૂપૂજનનો ભૂલથી કેસ દાખલ થઇ ગયો છે, એટલે આ પોષ્ટનો તેમણે ભાંગ્યો તૂટ્યો પણ વિરોધ કરવો જ પડશે. અને જો વિરોધ નહી આવે તો સમજી લેવું કે તેમની પાસે વાસ્તવિકતામાં કોઇ સત્ય મસાલો છે જ નહી. ફક્ત જીવોને પુણ્યના જોરે ભ્રમણામાં જ નાખવાનું પુણ્ય હજુ ખલાસ નથી થયું.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

જો નવાંગી ગુરુપૂજા શાસ્ત્રીય હોત તો ગણધર પ્રભુનું પણ થયું હોત અને જો નવાંગી ગુરુપૂજા શાસ્ત્રીય સિદ્ધાંત હોત તો પછી પ્રભુના દશ શ્રાવકો પણ કરતા જ હોત

જો નવાંગી ગુરુપૂજા શાસ્ત્રીય હોત તો તીર્થંકર પ્રભુનું પણ થાત કેમકે એમનાથી ઉપર કોઇ નથી.

પ્રભુના દશ શ્રાવક, ચક્રવર્તી કે અન્ય મનુષ્યોએ પણ કર્યું છે ? જો નથી જ કર્યું તો પછી બે તિથિ પક્ષને નવાંગી પૂજાની આટલી માંગ કેમ ?

પ્રભુ વીરના દશ શ્રાવકે પણ જો નવાંગી ગુરુ પૂજન નથી કર્યું કેમકે તે સિદ્ધાંત પણ નથી અને શાસ્ત્રીય પણ નથી.

હવે કોઇને સ્ત્રી દ્વારા મહાત્માની નાભિએ પૂજા કરી જિનશાસનની પ્રભાવના કરવી કે અપભ્રાજના તે વિવેકીના હાથમાં છે.

ઘણી વખત જીવ તત્વથી (નિશ્ચયથી) ખોટો હોવા છતાં વ્યવહારથી

તેને પાપાનુબંધી પુણ્ય (અપ્રશસ્ત પુણ્ય)ના જોરે દ્રવ્ય સફળતા મળી જતી હોય છે, તો તેની તે દ્રવ્ય સફળતા લાંબે ગાળે આબરૂ ખરાબ કરાવનારી જ બનતી હોય છે, કારણકે ગુણ વગરની સફળતામાં અહંકાર આવ્યા વગર રહે જ નહી અને અહંકાર ''આબરૂ'' ખરાબ કરાવ્યા વગર રહે જ નહીં.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

ચાલો આપણે બે તિથી પક્ષને, પોતાના જ દેવદ્રવ્ય અંગેની ભ્રમણાના પાંજરામાંથી બહાર કાઢીએ

(૧) કોઈ આપણને પૂછે કે, કે, કેમ છો ? તો આપણે વિનમ્રભાવે જવાબ આપીએ છીએ કે, 'દેવ-ગુરૂ પસાય શાતામાં છું'. દેવ-ગુરૂએ કાંઈ કોઈ દવા કે ગુટિકા નથી આપી હોતી, તેમ છતાં, આપણે અહિંયા દેવ-ગુરૂની અદ્રશ્ય કૃપાથી મારૂં આરોગ્ય સારૂ છે, એવું જ બોલીએ છીએ માટે મારી મોટા ભાગની કાયિક શક્તિ દેવ-ગુરૂ ધર્મમાં જ વાપરવી જોઈએ.

તેવી જ રીતે કોઈ આપણેને પૂછે કે, કેવું ચાલે છે ?' અથવા 'કેવું છે ?' અથવા 'ધંધા પાણી કેમ છે ?', તો આપણે વિનમ્રભાવે કહીયે છીએ કે ''દેવ-ગુરૂ પસાય સારૂં છે'. માટે અહીંયા પણ દેવ-ગુરૂની અદ્રશ્ય કૃપાથી મારી આર્થિક સ્થિતિ સારી છે અને આ સાચુ પણ છે માટે મારી મોટાભાગની સંપત્તિ દેવ-ગુરૂની થઈ કહેવાય. માટે હું તો આ સંપત્તિનો ફક્ત ટ્રસ્ટી જ કહેવાઉ. અને મારે મારૂ ગુજરાન ચાલે અને વ્યવહારિક ખર્ચા નિકળે તે ઉપરાંતનું બધુ જ દેવ-ગુરૂ ક્ષેત્રમાં જ વાપરવું જોઈએ. અને જો હું ન વાપરૂં તો દેવદ્રવ્યનો ભક્ષક કહેવાઉ.

કારણ કે મને જે કાંઈ શાતા વર્તે છે, કે જે મારી આર્થિક પરિસ્થિતિ સારી છે, તેમાં નિમિત્ત કારણ ભલે ધર્મ છે, પરંતુ મૂળ, મુખ્ય અને મહત્વનું કારણ તો દેવ-ગુરૂની આરાધના રૂપ ધર્મ જ છે. હું તો ફક્ત માધ્યમ જ છું, એટલે કે હું તો ફક્ત ટ્રસ્ટી જ છું અને ટ્રસ્ટી સદ્ગતિનો અધિકારી ખરો પણ ટ્રસ્ટની સંપત્તિનો અધિકારી ના હોઈ શકે. માટે મારૂ સુઆરોગ્ય કે મારી પાસે રહેલી સંપત્તિ એ જો કાર્ય છે તો દેવ-ગુરૂની ભક્તિરૂપ ધર્મ એ તેનું

કારણ છે. માટે **Cause & effect**ના નિયમ પ્રમાણે, કાર્ય (ફળ=**effect**) નું કારણ (=**cause**) દેવ-ગુરૂ છે, માટે તે જ તેના માલિક કહેવાય. માટે મારે મારા જીવન નિર્વાહ અને વ્યવહારિક તેમજ આકસ્મિક ખર્ચા પછીની વધેલી સંપત્તિ ધર્મની કહેવાય. અને જો હું વધેલી સંપત્તિ ભોગવું તો મને તે તે ધર્મ ક્ષેત્રના દ્રવ્યોના ભક્ષણનું પાપ લાગશે.

આપણો સેલ્સમેન ૫૦ લાખનો માલ વેચીને આવે અને તેમાં જો ૧૦% લેખે ૫ લાખ રૂ.ની કમાણી થતી હોય, તો તે કમાણી ઉપર સેલ્સમેનનો હક્ક નથી બનતો, પણ શેઠનો હક્ક બને છે. તેને તો મહિને જે ૧૫-૧૮ હજાર રૂ.પગાર મળતો હોય તે જ મળે. અહિંયા શેઠનું પુણ્ય છે અને સેલ્સમેનનો પુરુષાર્થ છે. પુણ્યશાળીને અઢળક મળે અને પુરૂષાર્થીને મર્યાદિત જ મળે. આમ જે અંતિમ કાર્ય (ફળ=**effect**)નું જે મૂળ કારણ **(cause)** હોય, તે મૂળ કારણનો જ તે કાર્ય ઉપર હક્ક બને છે.

ગીતા ઉપદેશ પણ આ સમગ્ર દ્રવ્ય પોતાનું નથી કહેતો, પરંતુ પ્રભુનું જ કહે છે. પોતાનું નથી માટે જ તો સંતાપ કરવાની ના પાડે છે.

એકાંતે સ્વદ્રવ્યથી જ જો બધા પ્રકારના ધર્મ અનુષ્ઠાનો કરવાના હોય તો તો પછી કોઇના સંઘમાં જવાય ખરૂં ?, કોઇના ઉપધાનમાં બેસાય ખરૂં ?, આયંબીલશાળામાં આયંબિલ કરાય ખરા ? જ્ઞાનભંડારના પુસ્તકો વંચાય ખરા ? ૯૯' યાત્રામાં જવાય ખરૂ ? પ્રભાવના લેવાય ખરી ? પછી તો બધા જ અનુષ્ઠાનો દેવદ્રવ્યના પૈસાથી જ થયા કહેવાશે. કરણ-કરાવણ-અનુમોદન ત્રણે ભાંગા બંધ થઇ જશે.

ઉપર પ્રમાણે તો અનુષ્ઠાનો કરાવનારની સંપત્તિ પણ, એ દેવદ્રવ્ય થઇ હોવાથી તે જે અનુષ્ઠાનો કરાવે છે, તે દેવદ્રવ્યથી કરાવે છે એવું થયું, માટે કરાવનાર, કરનાર અને અનુમોદના કરનાર ત્રણેય દોષિત થયા કહેવાશે.

શામાં દેવદ્રવ્યનું ભક્ષણ છે ?

(૧) પાટલા ઉપરના કે ભંડાર ઉપરના પૈસા કોઇ ચોરી જાય તો.

(૨) ચઢાવા બોલીને શરત મુજબ ન ભરે તો અને સંઘને વ્યાજનું નુકશાન કરાવે તો.

(૩) નકરાની બોલીને ન ભરો તો.

(૪) દેવદ્રવ્યના પૈસાથી ચા-નાસ્તા-પાણી કે યાત્રા-પ્રવાસ કરે તો.

(૫) દેરાસરની સામગ્રી, ઉપકરણો તથા આંગી, ટીકા વગેરે પણ ચોરી જાય તો.

(૬) દેરાસરના દીવાના પ્રકાશમાં સંસારનું કામકાજ કરે તો.

(૭) દેરાસરની સામગ્રી સુખડ, કેસર, ઘી ધૂપ, રૂ, માચીસ, કપૂર વગેરે પોતાના ઘર વપરાશમાં વાપરે તો.

(૮) સ્નાત્રના ઉપકરણો પોતાના મકાનના વાસ્તુ પૂજા નિમિત્તે પૂજા ભણાવવા ઘરે લઈ જાય અને તેનો નક્કી કરેલો નકરો ન ભરે તો.

(૯) દેવદ્રવ્ય (ધર્મદ્રવ્ય)ની રકમ જમા રાખીને પરત ન કરે તો.

(૧૦) દેરાસરનું નિર્માલ્ય (સાકર, બદામ, ચોખા, ફળ, નૈવેદ્ય) પોતાના ભોગ માટે કે દેરાસરમાં ધરવા માટે બજાર ભાવે પણ ખરીદે તો.

(૧૧) દેરાસરના પૂજારી, સફાઈ કામદાર કે ચોકીદાર કે ઉપાશ્રયના માણસ પાસે પણ પોતાનું અંગત કામ કરાવે તો.

(૧૨) દેવદ્રવ્ય (ધર્મદ્રવ્ય) સાધર્મિક ભક્તિ, વૈયાવચ્ચ, પાઠશાળા, ઉપાશ્રય, જ્ઞાનના પુસ્તકો, અનુકંપા, જીવદયા, સ્કૂલ-કોલેજો, દવાખાનાઓ, સદાવ્રત, રામરોટી, મહાવીર ખીચડીઘર, સાર્વજનિક પાણીની પરબો, બાગ બગીચા બનાવવા, તથા કુદરતી કે કૃત્રિમ આપત્તિ, પાંજરાપોળો, ચબૂતરાઓ, હવાડાઓ, અનાથાશ્રમો, જિનેશ્વરોના મંદિર સિવાય અન્ય મંદિરો વગેરેમાં આપો તો.

(૧૩) પોતાના સગાઓને લાભ થાય તેવું કરાવે તો.

(૧૪) દેવદ્રવ્યની **F/D**ની સામે જો પોતાના ધંધા માટે લોન કે **O/D** વાપરે તો.

(૧૫) દેવદ્રવ્યની જમીન ઉપર ઉપાશ્રય, પાઠશાળા, આયંબીલશાળા, ધર્મશાળા, ભોજનશાળા કે કોઈ દેવી દેવતાના મંદિરો કે કોઈ ગુરૂમંદિર પણ બનાવવામાં આવે તો.

(૧૬) દેરાસરની જગ્યામાં સંસારનું કામ કરે તો.

(૧૭) દેવદ્રવ્યના પૈસા મંદિરમાંથી બહાર જાય અને ઓછો માલ

આવે તો.

(૧૮) ધર્મદ્રવ્યની સામગ્રીની ખરીદીમાં કમીશન ખાય તો.

(૧૯) દેવદ્રવ્યમાંથી જૈન પૂજારીને પગાર આપવામાં આવે તો.

દેવદ્રવ્યનો નાશ શામાં ?

ઉધઈ ખાઈ જાય, ઉંદર કાતરી જાય, ચોરાઈ જાય, લૂંટાઈ જાય, ખોવાઈ જાય, બેંક કે પાર્ટી ઉઠી જાય, લોભથી જોખમી પાર્ટીમાં કે સંસ્થામાં મૂક્યા હોય ને ડૂબી જાય, રૂપિયાનું અવમૂલ્યન થઈ જાય, કુદરતી આપત્તિમાં નાશ પામી જાય.

દેવદ્રવ્યનો દુરૂપયોગ

શેર, સટ્ટા કે વાયદામાં રોકાણ કરે, કર્માદાનના ધંધામાં રોકાણ કરે, વરલી મટકામાં રોકે, લોટરીની ટિકિટો ખરીદે કે લોકનિંદ્ય ધંધાઓમાં રોકાણ કરે,

દેવદ્રવ્યનો સદુપયોગ

(૧) જિનમંદિરનું નિર્માણ તથા જીર્ણોદ્ધાર (૨) જિનમંદિરનો નિભાવ, સંચાલન તથા રક્ષણ (૩) જિનેશ્વરની પૂજા, ભક્તિ (૪) જિનપ્રતિમાઓના લેપ (૬) અરિહંત પરમાત્માની આસ્થા, મહિમા, પ્રભાવ વધે તેવા પટો, ચિત્રો, પુસ્તકો, નાટકો અને આર્ટ ગેલેરીના આયોજનો તથા અનુષ્ઠાનો કરવા. અને એ દ્વારા જૈન ધર્મનો પણ મહિમા વધારવો.

(૭) પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પ્રભુના ચ્યવનથી લગાવીને નિર્વાણ કલ્યાણક સુધીના પ્રસંગો જે ઉજવાય છે, તેમાં તો ઘણી વાર તો પ્રભુના પિતા જે બનતા હોય છે, તે સાતે વ્યસને પૂરા પણ હોય છે. લોકોના જૂના કરજદાર પણ હોય છે. પરંતુ કોઈ સામાજીક નીતિ નિયમોની કડકાઈ ન હોવાને કારણે વર્તમાન પૈસાના જોરે બની જતા હોય છે, જ્યારે એનિમેશન ફિલ્મ એ તો જડ ચલચિત્ર છે. તેમાં કલ્યાણક મહોત્સવની જેમ કોઈ નામધારી વ્યક્તિનો રોલ હોતો જ નથી. ફોટા, ભીંત ચિત્રો તથા એનિમેશન ચલચીત્રો એ બધા જ સ્થાપના નિક્ષેપે હોય છે. અને પ્રભુનો જડ સ્થાપના નિક્ષેપો પણ આરાધ્ય જ હોય છે.

સત્ય

શેમાં દેવદ્રવ્યનું ભક્ષણ નથી ?

(૧) આરતીના પૈસા પૂજારીને જાય તો.

(૨) નિર્માલ્ય (ચોખા, સાકર, બદામ, ફળ, નૈવેદ્ય, સૂકામેવા, પૂજનની નિર્માલ્ય સામગ્રી) પૂજારીને જાય તો.

(૩) દેવદ્રવ્યના પૈસાથી દેવ સંબંધી કોઈ પણ પ્રવૃત્તિ થાય તો દા.ત.પ્રભુપૂજા માટે પંચામૃત, ઘી, ધૂપ, દીપક, કેસર, સુખડ, બરાસ, રૂ, અંગલૂંછણા વગેરે વગેરેની ખરીદી, ભગવાનની શોભા વધારવા માટે બનાવડાવવામાં આવતી આંગી, ભગવાનને કરાતા લેપ, જિનાલય શુદ્ધિકરણ, મંદિરની જાળવણી માટે પૂજારીને તથા વાસણોની સફાઈવાળાને અપાતો પગાર, મંદિરની ચોકી માટે ચોકીદારને અપાતો પગાર.

(૪) તે તે ક્ષેત્રનું દ્રવ્ય તે તે જ ક્ષેત્રમાં વપરાય તો.

(૫) તે તે ક્ષેત્રનું દ્રવ્ય ઉપર ઉપરના ક્ષેત્રોમાં વપરાય તો.

સ્વદ્રવ્યથી પૂજા કરવી તે ઉત્તમ છે જ, પણ પરદ્રવ્યથી પૂજા કરવામાં દેવદ્રવ્યનું ભક્ષણ છે, આ એક અજ્ઞાન મૂલક ભ્રમણા છે.

શક્તિસંપન્ન વ્યક્તિ પરદ્રવ્યથી પૂજા કરે, તે કૃપણતા જરૂર કહી શકાય, પણ તેને ભક્ષણ ન કહી શકાય. બ્રહ્મચર્ય (=સ્વદ્રવ્યથી પૂજા) એ ઉત્તમ જ છે, પણ સ્વદારા સંતોષ (=પરદ્રવ્યથી પૂજા) એ પાપ ન કહેવાય, પાપ તો પરદારાસેવનને જ (ધર્મદ્રવ્યની ચોરી કરવી) કહેવાય.

જીવો ભંડારમાં જે પૈસા પૂરતા હોય છે, તે જિનમંદિર તથા જિન પ્રતિમાના નિર્માણ, જીર્ણોદ્ધાર, નિર્વાહ, પૂજા, પૂજન, સંચાલન, રક્ષણ વગેરે વગેરે હેતુથી જ પૂરતા હોય છે.

સાત ક્ષેત્રના દ્રવ્ય વપરાશ અંગેઃ-

હવે સાત ક્ષેત્રમાં આપણે દેવદ્રવ્યનું જે ભંડોળ છે તે

(૧) જ્ઞાન ખાતામાં વાપરીએ છીએ ? જ. - ના

(૨) સાધુ-સાધ્વી વૈયાવચ્ચમાં વાપરીએ છીએ ? જ. - ના

(૩) સાધર્મિક ભક્તિમાં વાપરીએ છીએ ? જ. - ના

(૪) સાધારણ ખાતામાં વાપરીએ છીએ ? જ. - ના

(૫) જીવદયા, અનુકંપા વગેરેમાં વાપરીએ છીએ ? જ. - ના

(૬) સાંસારીક પ્રવૃત્તિમાં વાપરીએ છીએ ? જ. - ના

હવે ઉપરના એક પણ વિભાગમાં વાપરતા નથી, તો પછી દેવદ્રવ્યનો પૈસો દેવદ્રવ્યમાં ન વપરાય, તો પછી આ પૈસો છે શાના માટે ? પરિગ્રહના પોષણ માટે છે ? કે પરમાત્મભક્તિ અને પરમાત્માના જિનાલયનું મહત્વ વધારવા દ્વારા પરમાત્માનું મહત્વ વધારવા માટે છે ? હવે પરમાત્મભક્તિ એ તો સમ્યક્ દર્શનની પ્રાપ્તિ અને પ્રાપ્ત સમ્યક્ દર્શનની નિર્મળતા માટેનું મહત્વનું અંગ છે. અને તેના માટે વાપરેલ દેવદ્રવ્યને દેવદ્રવ્યનું ભક્ષણ કહેવાય કેવી રીતે ?

ભગવાનનું મહત્વ

પ્રશ્ન-૧ જિનમંદિરની તથા તેમાં રહેલા ભગવાનની પ્રતિમાની જરૂરત ભગવાનને છે કે આપણને ?

જવાબ-૧ આપણને જ છે.

પ્રશ્ન-૨ તો પછી ભગવાનની પૂજા, ભક્તિ વગેરેની જરૂરીયાત આપણને છે કે ભગવાનને ?

જવાબ-૨ આપણને જ તો છે વળી.

પ્રશ્ન-૩ તો પછી ભગવાનની પૂજા-ભક્તિ આપણે ભગવાનના આત્મિક વિકાસ માટે કરીએ છીએ કે આપણા આત્મિક વિકાસ માટે કરીએ છીએ ?

જવાબ-૩ ભગવાન તો મોક્ષમાં જઈને કૃતકૃત્ય થઈ ગયા છે. તેમનો તો સંપૂર્ણ (૧૦૦%) આત્મવિકાસ થઈ ગયો છે. અને આપણો આત્મિક વિકાસ હજૂ અધૂરો છે, માટે જેનો આત્મિકવિકાસ સંપૂર્ણ થઈ ગયો હોય તેનું જ આલંબન અપૂર્ણ એવા આપણે આપણા આત્માના વિકાસ માટે લેવાનું હોય છે. મોક્ષમાં ગયા પછી તો ભગવાન કે મંદિરની જરૂરત આપણને પણ રહેતી નથી.

પ્ર-૪ તો પછી ભગવાનની પ્રતિમા તથા તેમના માટેનું મંદિર આપણે બનાવવાનું હોય કે ભગવાને બનાવવાનું હોય ?

જ.-૪ આપણે જ બનાવવું પડે ને, ભગવાન કેમ બનાવે ?

પ્ર-૫ હવે તે ભગવાનની પ્રતિમા તથા મંદિરનું નિર્માણ આપણે આપણા માટે કરીએ છીએ, તો તે ભગવાનના પૈસાથી કરાય કે આપણા પૈસાથી કરાય ?

જ.૫ આપણા જ પૈસાથી બનાવાય ને કાંઇ ભગવાનના પૈસાથી થોડી બનાવાય ?

પ્ર-૬ તો પછી આપણે જો દેવદ્રવ્યના પૈસાથી બનાવીએ તો દેવદ્રવ્યના ભક્ષણનું પાપ લાગે કે ન લાગે ?

જ-૬ લાગે જ ને વળી.

પ્ર-૭ તો પછી ભારતના બધા જ જૈન સંઘો દેવદ્રવ્યના ભક્ષક થયા કે ન થયા ?

જ-૭ આ હિસાબે તો દેવદ્રવ્યના ભક્ષક થયા જ.

પ્ર-૮ તો પછી બે તિથીના નવા મત મુજબ તો બધા જ સભ્યો પાસેથી ફાળે પડતા પૈસા ઉઘરાવીને જ મંદિર બનાવાય. પરંતુ ક્યાંયથી પણ દેવદ્રવ્યના પૈસા લાવીને મંદિર બનાવાય નહી, બરાબરને ? જ-૮ હાસ્તો વળી, નહી તો પછી બે તિથીના નવા મત મુજબ દેવદ્રવ્યના ભક્ષણનું પાપ નહી લાગે ?

પ્ર-૯ તો પછી આ નવો મત જો કુમત ના હોય તો પછી બધાએ દેવદ્રવ્યના ભંડોળમાંથી મંદિર બનાવાયું હોય તો તે સંઘના સભ્યો પાસેથી ઉઘરાવીને દેવદ્રવ્યનો પૈસો પરત કરવો પડે કે નહી ? જ-૯ હાસ્તો વળી પરત કરવો જ પડે ને.

પ્ર-૧૦ તો પછી આવી બિનવ્યવહારૂ અને વિરોધાભાસી વાત કરનારને શાણો કહેવાય કે મૂરખ ?

જ-૧૦ અરે ! મૂરખ જ નહી પણ એક નંબરનો મૂર્ખ શિરોમણી જ કહેવાય.

પ્ર-૧૧ તો પછી બે તિથીવાળા પરંપરાના લોપક અને અરાજકતા તથા અંધાધૂંધીના સર્જક થયા કે નહી ? જ-૧૧ ચોક્કસ થયા જ કહેવાય.

પ્ર-૧૨ તો પછી વરસોથી જે પૂર્વાચાર્યોની પરંપરા ચાલી આવે છે, તે જો બરાબર હોય, તો દોષ ન જ લાગે, માટે પૈસા ન જ ભરવા પડે ને ?

જ-૧૨ હા ન જ ભરવા પડે.

તા.ક. :- આપણા પૂર્વજો એકલા બુદ્ધિશાળી જ ન હતા, પરંતુ બહુજ સમજદાર પણ હતા, અને ગીતાર્થ પણ હતા. જેમ પ્રભુને કેવળજ્ઞાનમાં બધુ જ દેખાતું હતું, તેમ આપણા પૂર્વજોને અનુભવજ્ઞાન અને અનુમાનજ્ઞાનમાં બધુ જ દેખાતું હતું.

સંગમે (શાલીભદ્રને પૂર્વભવ) પોતે જાતે કમાયેલી કે પોતાના પરિવારના સભ્યોએ કમાયેલી મુડીમાંથી બનાવેલી ખીરનું સુપાત્રદાન કર્યું જ નથી, પરંતુ પોતાની માતાએ માંગીને લાવેલા પદાર્થોમાંથી બનાવેલી ખીરનું સુપાત્રદાન કર્યું હતું. અહીંયા શાસ્ત્રકારોએ સ્વદ્રવ્ય કે પરદ્રવ્યને પણ મહત્વ નથી આપ્યું. અરે ! ખીરના દ્રવ્યને પણ મહત્વ નથી આપ્યું, એ તો એક ભાવને પ્રગટ કરવા માટેનું નિમિત્ત છે. પરંતુ સંગમના એકલા ભાવને જ મહત્વ આપ્યું છે. આમ ભાવ એ મુખ્ય છે (લાપસી છે), જ્યારે સ્વદ્રવ્ય કે પરદ્રવ્ય એ ગૌણ છે (એનો વિવાદ એ લપ લપ છે).

જેમ નાગરીકો પોતાની આવકના પ્રમાણમાં ૦,૫,૧૦,૧૫,૨૦,૨૫, ૩૦% ટેક્ષ ચૂકવ્યા પછી સરકાર દ્વારા જે જાહેર સગવડતાઓ મળે છે, તે દરેકને સરખી જ મળે છે. કાંઇ ૩૦%વાળાને વધારે સગવડો મળે અને ૦,૫,૧૦,૧૫%વાળાઓને ઓછી સગવડતાઓ મળે, એવું હોતું નથી. અને હવે પ્રધાનોના નોકરો કે પટાવાળાઓને પગાર દેશની તીજોરીમાંથી જ અપાશે, કાંઇ તેના અલગથી હવે આપણે કોઇએ આપવાના રહેશે નહી.

ભગવાનની સેવા પૂજા આપણા માટે આપણે જ કરવાની છે. માટે મંદિરનું સમગ્ર કામ પણ સવારથી મંદિર ઉઘાડવાથી લઇને સાંજે માંગલિક કરવા સુધીનું આપણે જ કરવાનું છે. તો પછી બંને કામ માટે આપણે પૂજારી રાખીએ તો તે પૂજારીને પગાર દેવદ્રવ્યમાંથી અપાય જ નહિ. સાધારણમાંથી જ આપવાનો હોય અથવા તો પછી દરેકે દરેક વ્યક્તિએ વ્યક્તિગત ભોગવવો જોઇએ. નહી તો પછી બે તિથીના નવા મત મુજબ દેવદ્રવ્યના ભક્ષણનું પાપ લાગે જ.

એ જ ન્યાયે જ્ઞાન આપણે જ આપણા માટે જ ભણવાનું છે. તે માટેના ગ્રંથો (પ્રતો, પુસ્તકો) આપણે જ વાંચવાના છે તથા ભણવાના છે.

જ્ઞાનની પૂજા, આરાધના પણ આપણે જ આપણા માટે જ કરવાની છે. તે માટે જ્ઞાનમંદિર, જ્ઞાન ભંડાર, પુસ્તકો બધા આપણે જ આપણા સાધારણના ભંડોળમાંથી જ કરાવવા તથા વસાવવા જોઇએ. અને તે બધાની જાળવણી પણ આપણે જ રાખવાની છે. હવે જો તે માટે આપણે માણસ રાખીએ કે અજૈન શિક્ષક, શિક્ષિકાબહેન રાખીએ, ગ્રંથપાલ રાખીએ, પંડિતો રાખીએ, તો તેમનો પગાર અજૈનોને પણ જ્ઞાન ખાતાના ભંડોળમાંથી આપો તો જ્ઞાનદ્રવ્યના ભક્ષણનું પાપ લાગે જ, માટે આ બધો ખર્ચો તથા પગાર વગેરે આપણે આપણા સાધારણ ખાતામાંથી જ કરાય, અન્યથા બે તિથીના નવા દેવદ્રવ્યના સમાંતર મત મુજબ જ્ઞાનદ્રવ્ય (ધર્મદ્રવ્ય) ના ભક્ષણનું પાપ લાગશે જ. અને શાસન પક્ષની પરંપરા મુજબ નહી લાગે.

મંદિરના બધા જ ઉપકરણો (Usables) અને ભોગની સામગ્રી (Consumables) ધૂપ, દીપ,ઘી, સાકર, કપૂર, રૂ, માચીસ, કેસર, ચંદન, પાણી, દૂધ, પ્રક્ષાલ વગેરે વગેરે બધું જ દેવદ્રવ્યમાંથી જ આવે છે.

હવે જો આ બધી સામગ્રી પ્રભુભક્તિમાં વાપરવાથી જો દેવદ્રવ્યના ભક્ષણનું પાપ લાગતું હોય તો જો કોઈ વ્યક્તિ મંદિરના પીવાના પાણીથી મોં ચોખ્ખુ કરે, ટાંકીના પાણી વડે પગ ધૂવે, પછી તિલક કરે, દર્શન સ્તુતિ કર્યા પછી ધૂપ દીપક પૂજા કરે, ચામર વીંઝે, દર્પણ-પંખાથી પૂજા કરે,પાટલા વાપરે, દેરાસરનો રંગમંડપ વાપરે, ઘંટનાદ કરે, ન્હવણ જળ લઈને જાય વગેરે કરે. અગ્ર પૂજા કરીને ભંડારમાં એક પણ પૈસો પૂર્યા વગર ચાલતો થાય અને જો દેવદ્રવ્યના ભક્ષણનું પાપ લાગતું હોય તો તો બે તિથીના નૂતન મત મુજબ એ તો દર્શન કે ત્રિકાળ પૂજા કરીને ઉલટાનો નુકશાનમાં રહે. એટલે હવે તે દેવદ્રવ્યના ભક્ષણથી બચવા દર્શન કરવા જ નહી આવે. અને જો આવશે તો પહેલા ગજવામાં પૈસા છે કે નહી તે ચેક કરીને પછી જ આવશે.

આમ તેનું બધુ જ પુણ્ય (!?) ઉપદેશકના ખાતે જમા થશે.

માટે મંદિરમાં એક ભાવનું લીસ્ટ મૂકવું પડશે. મંદિરની બધી જ ભોગ ઉપભોગની સામગ્રી દેવદ્રવ્યમાંથી આવતી હોવાથી દર્શનાર્થીઓએ વિ.સં.૧૯૯૨-૯૩ પછીથી નવા મત મુજબ નીચે પ્રમાણે ઓછામાં ઓછા ૧૫ રૂ.ભંડારમાં પૂરવાના રહેશે.

મંદિરના પાણીથી મોં ચોખ્ખુ કરવાના ૧.૦૦ રૂ., ટાંકીના

પાણીથી પગ ધોવાના ૦.૫૦ રૂ., ધૂપ પૂજાના ૧.૦૦ રૂ., દીપક પૂજાના ૨.૦૦ રૂ., ચામર પૂજાના ૦.૫૦ રૂ., દર્પણ પૂજાના ૦.૫૦ રૂ., ચાંદલો કરવાના ૨.૦૦ રૂ., ઘંટનાદ કરવાના ૦.૫૦ રૂ., પૂજારીના પગારના ૧.૦૦ રૂ., ચોકીદારના પગારના ૧.૦૦ રૂ., મંદિર નિર્મિણ / પ્રતિષ્ઠાના ૫.૦૦ રૂ., કુલ ૧૫.૦૦ રૂ.

આમ ઓછામાં ઓછા ૧૫.૦૦ રૂ. દેવદ્રવ્યના ભક્ષણથી બચવા ભંડારમાં ફરજીયાત પૂરવાના રહેશે, બાકી તમારી મરજી.

આપણે બજારમાં ખરીદી કરવા નીકળીએ છીએ ત્યારે ગજવામાં પૈસા છે કે નથી, તે ચેક કરીને નીકળીએ છીએ, તેમ અહીયા પણ ઘરેથી ચેક કરીને નીકળવું પડશે, કે પાકીટ લીધું કે નહી. હવે તમને મન થાય કે તરત દર્શન કરવા ઉપડી જાઓ તે નહી બની શકે.

આપણે તો મંદિરમાં પ્રભુજીની સામે ૧-૨ કલાક રહેતા હોઈશું, પરંતુ પૂજારી તો પરમાત્માનો આખા દિવસનો એકદમ નિકટનો સેવક છે. જેમ પરિકરમાં રહેલા દેવ, દેવી, ગ્રહો પણ પરમાત્માના સ્થાપના નિક્ષેપે સેવકો છે, તેમ પૂજારી ભાવ નિક્ષેપે સેવક છે.

પરીકરમાં રહેલા બધાજ દેવ દેવીઓ, ગ્રહો તથા હાથી, સિંહ વગેરેનો પાષાણ તથા કોતરણી પણ દેવદ્રવ્યમાંથી જ થાય છે, તેમના પણ પ્રક્ષાલ ? સફાઈ વગેરે પ્રભુજીની સાથે સાથે પ્રભુજીના જ દ્રવ્યથી થાય છે, તો પૂજારી માટે કેમ નહી ? પૂજારી તો જીવંત સેવક છે, તેના પગાર ઉપર મિથ્યા નજર કેમ ? રંગમંડપમાં ઘુમ્મટ તથા થાંભલાઓની આકર્ષક કોતરણી તથા થાંભલાઓ ઉપરની પૂતળીઓની પ્રભુજીને જરૂર નથી, પણ આપણા જ ચિત્તના આકર્ષણ માટે મૂકીએ છીએ, તેમાં દેવદ્રવ્યનું ભક્ષણ નહી અને પૂજારીના પગારમાં દેવદ્રવ્યનું ભક્ષણ ? આવું લાવ્યા ક્યાંથી ?

ટૂંકમાં બે તિથીના વડીલ મહાત્માઓએ તેમના ભગતોની સાથે આખો જૈન ધર્મ પૈસાથી જ મૂલવ્યો છે, ભાવથી મૂલવ્યો જ નથી. નફરતથી મૂલવ્યો છે, પ્રેમથી મૂલવ્યો જ નથી. અહંકારથી મૂલવ્યો છે, નમ્રતા કે સરળતાથી મૂલવ્યો જ નથી. એકાંતથી મૂલવ્યો છે, અનેકાંતથી મૂલવ્યો જ નથી. સ્વમતિથી મૂલવ્યો છે, શાસ્ત્રમતિ, જિતાચાર=પરંપરાથી મૂલવ્યો જ નથી. બુદ્ધિથી મૂલવ્યો

છે, સમજદારીથી (ગીતાર્થતાથી) મૂલવ્યો જ નથી. શાસ્ત્રનિરપેક્ષ મૂલવ્યો છે, શાસ્ત્રસાપેક્ષ મૂલવ્યો જ નથી. કુતર્કથી મૂલવ્યો છે, સુતર્કથી મૂલવ્યો જ નથી. સમુદાયગત મૂલવ્યો છે, સમષ્ટિગત તપાગચ્છગત મૂલવ્યો જ નથી.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૭/૯/૨૦૨૦

બે તિથીવાળાઓની ''નામકર્મ''ની તીવ્ર ભૂખ જો જોવી હોય તો, રાજસ્થાનમાં જોધપુરથી ૬૫ કિ.મી. દૂર અને કાપરડા તીર્થથી ૧૫ કિ.મી. દૂર આવેલ ''પિપાડ સિટી''માં એક વખત જઇ આવો.

હું વિ.સં.૨૦૭૩માં પિપાડ સીટીમાં પર્યુષણ કરાવવા ગયો હતો. ત્યાંના મુખ્ય મંદિરની બહાર મંદિરની ચોકીના પગથિયા ચઢતા જમણી બાજુ પ્લીંથની દિવાલ ઉપર આ.ભ.રામચંદ્રસૂરિજીનું નામ જોયું ને હું ચમક્યો, કે અહિંયા વળી પ્રતિષ્ઠાના શિલાલેખમાં આ.ભ.રામચંદ્રસૂરિજીનું નામ ક્યાંથી ?

વડીલોને પૂછતા તેમણે મને કહ્યું કે (વિ.સં.૨૦૨૫નું વર્ષ છે.) ''ઉસ વક્ત હમ તો બહુત છોટે થે, લેકીન હમારે બુઝુર્ગો કા કેહના થા કી, એક બાર યહાં પર આ.ભ.રામચંદ્રસૂરિજી કે સમુદાય કે કુછ મહાત્મા આયે થે, ઔર ઉન્હોને પ્રતિષ્ઠા મેં કુછ અવિધી હુઇ હે, એસા કેહકર ગર્ભગૃહ મેં સે ભગવાન ઉત્થાપન કરવાકર રંગમંડપમેં રખવાકર ચલે ગયે થે, ઔર ઈસ દૌરાન વે જોધપુર પરગણે મેં હી વિહાર કર રહે થે, ઔર હમને ફિર દુબારા પ્રતિષ્ઠા કે લીયે આ.ભ.વલ્લભસૂરિજી કે સમુદાય કે મહાત્મા કે પાસ ગયે, લેકીન ઉનકી અનુકૂલતા ન હોને કી વજહસે, ઉનહી કે પાસ પ્રતિષ્ઠા કરવાઇ ઔર ઉન્હોને સારા ખર્ચ ભી કીયા ઔર ઉનકે ગુરૂ કે નામ સે પ્રતિષ્ઠા કા શિલાલેખ લીખવાકર તૈયાર હી રખા થા, વો લગવા દીયા. ઉન્હોને ખર્ચા કિયા ઈસલીયે હમ કુછ બોલ ભી ના શકે.'' આ રીતે આ સમુદાયને ''નામ કર્મ''ને તગડું કરીને મોક્ષમાં સાથે લઈ જવું છે.

નામના તીવ્ર મોહનું કારણ શાસન પક્ષનું નીચું દેખાડવા સિવાય બીજુ કાંઈ જ નથી. જે ગેઝેટ સુધી આપણને દેખાઇ રહ્યું છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૮/૯/૨૦૨૦

કીર્તિયશસૂરિજી ભલે માને, પણ આપણા બધાના પરદાદાગુરૂ આ.ભ.દાનસૂરિજી "મૃષાવાદી કે ઉત્સૂત્રભાષી" હતા નહી.

આ.ભ.કીર્તિયશસૂરીજીએ સન્માર્ગ અંક, તા.૧૬-૮-૨૦૦૫, મંગળવાર, શ્રાવણ સુદ-૧૧, વિ.સં.૨૦૬૧, વર્ષ-૯, અંક-૧૬ના પા.ના.-૧૪ (૧૯૮) ઉપર કોલમ-૧માં બારમી લીટીથી આપણા બધાના પરદાદાગુરૂ સકલાગમ રહસ્યવેદી આ.ભ.દાનસૂરિજીને તેમનો નામોલ્લેખ કર્યા વગર મૃષાવાદી અને ઉત્સૂત્રભાષી કહ્યા છે. અને તેમના આ લખાણ પ્રમાણે તો વિ.સં.૧૯૯૨-૯૩ પહેલા તો આ.ભ.રામચંદ્રસૂરિજી પોતે પણ મૃષાવાદી અને ઉત્સૂત્રભાષી થયા કહેવાય.

તા.ક.:- શાસનપક્ષ પાસે બે તિથી મતના ખંડનના ઢગલા બંધ આધાર છે. જ્યારે બે તિથી મત પાસે પોતાના મતના સમર્થન માટેનો એક પણ આધાર નથી.

સત્ય

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૬/૯/૨૦૨૦

બે તિથીમાં ફાઈટ આપવા માટે કોઈ પણ વ્યક્તિએ ડબલ અભ્યાસ કરવો પડે એમ છે.

એક તો શાસન પક્ષના સત્યનો અભ્યાસ કરવો પડે છે. અને બીજો અભ્યાસ એ લોકો કેવી રીતે સત્યનું (બકરાનું) અસત્ય (કૂતરૂ) અને અસત્યનું (કૂતરાનું) સત્ય (બકરૂ) કરે છે, તે ટેકનિક પણ હેય હોવા છતા શાસનરક્ષા માટે જાણવી પણ જરૂરી છે.

આ વિષયમાં જ બે તિથીના મોટા ભાગના માસ્ટર ડીગ્રીવાળા છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૬/૯/૨૦૨૦

બે તિથીવાળાઓએ આજ દિવસ સુધી શાસ્ત્રને સીધો જ અડતો હોય એવો એક પણ વિખવાદ નાખ્યો જ નથી, કારણ કે તેમાં તો પોલ તરત જ પકડાઈ જાય. માટે તેમણે જેટલા પણ વિખવાદ નાખ્યા છે, તે બધા જ પારંપરિક આચરણા (વિધિવાદ=જિતાચાર)ના જ નાખ્યા છે, કે પછી ચરિતાનુવાદના જ વિખવાદ નાખ્યા છે કે પછી લોકવિરૂદ્ધ આચરણાના ત્યાગરૂપ આચરણાના અસ્વીકારના વિખવાદ નાખ્યા છે, જેમાં કોઈને પણ ઊંધે રવાડે ચઢાવવો હોય તો ચઢાવી શકાય છે.

આ લોકોએ કોઈક વખત ક્રિયાવિધિને શાસ્ત્રનું રૂપ આપ્યું છે તો કોઈક વખત ચરિતાનુવાદની ઘટનાઓ(પ્રસંગો)ને શાસ્ત્રનું રૂપ આપ્યું છે. તો કોઈક વખત પોતાની માન્યતાને શાસ્ત્રનું રૂપ આપ્યું છે.

આ નીતિથી જ ચાલ્યો છે આ પક્ષ. માટે આજે શાસન આટલું સીદાઈ રહ્યું છે. આ પક્ષે પાઈની કમાઈ નહિ અને નુકશાનનો પાર નહિ એવો જ વેપાર બધાની જોડે કર્યો/કરાવ્યો છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૪/૯/૨૦૨૦

આ પક્ષ(બે તિથી પક્ષ)ના એક પણ મહાત્મા જોડે કે પછી તેમણે પાઈને તૈયાર કરેલ એક પણ શ્રાવક જોડે પણ શાસન પક્ષના એક પણ પ્રશ્નનો સમ્યક્ શાસ્ત્રીય જવાબ નથી. ફક્ત બનાવટી જવાબો છે, પણ તે સ્વમાન્ય પણ બનતા નથી તો સર્વમાન્ય તો બને જ ક્યાંથી ?

આ લોકોની બધીજ પ્રવૃત્તિઓ વાટમાં હઘવા બેસવું અને પાછા ડોળા કાઢવા એના જેવી જ છે.

એક તો પોતાનું ખોટું કબૂલ નહી કરવાનું, શાસન પક્ષનું સત્ય સમજાય ખરૂં પણ સ્વીકારવાનું નહી અને ઉલટાનું પોતાની આબરૂ ખરાબ કરીને પણ ખોટાને સાચું અને સાચાને ખોટું કરવાના તરફડીયા મારવાના.

મારી આટલી બધી પોષ્ટોમાંથી આજ દિન સુધી એક પણ પોષ્ટનો

એક પણ વ્યક્તિએ કે બે તિથીના એક પણ મહાત્માએ સમ્યક્ જવાબ આપ્યો જ નથી.

હવે પણ આપે તો પણ હજી મોડું નથી થયું.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૪/૯/૨૦૨૦

''ફલ્ગુ તિથીએ વિશેષ આરાધના ના કરાય''નો બે તિથીનો પર્દાફાશઃ-

હવે તમારા સમુદાયપતિના આગવા અને નૂતન નિજ મત મુજબ એકાંતે ફલ્ગુ તિથીઓએ વિશેષ આરાધના ના કરાય અને તે ફલ્ગુ તિથીની આગળ કરીને બીજી તિથીએ આરાધના કરો છો, માટે તમે ૧૫/૦))ની વૃદ્ધિ વખતે, ૧૪, ૧૫/૦)), અને ભાદરવા સુદ ૧,૨,૩,૪,૪, આ પ્રમાણે કરો છો,

જો કે આ પ્રમાણે કરવાની નૂતનપ્રથા, નૂતન મતની જેમ જ તમારે વિ.સં.૨૦૨૦ પછીથી ચાલુ કરવાની મજબૂરી ઉભી થઈ છે. બાકી તો આ પ્રથા સમગ્ર ભારતમાં તમારા સમુદાય સિવાય કોઈપણ આર્ય પંચાંગમાં કે આર્ય પરંપરામાં પણ નથી.

અને તમે ઓળી વખતે, ૮,૮,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૫ આ પ્રમાણે અને પર્યુષણ વખતે શ્રાવણ વદ-૧૨, (AD) ૧૨, ૧૩,૧૪,૦)), ભાદરવા સુદ-૧,૨,૪ (૫) અને શ્રાવણ વદ-૧૨, (AD) ૧૩, ૧૪,૦)), (KD) ૦)), ભાદરવા સુદ-૨,૩,૪ (૫) આ પ્રમાણે ફલ્ગુ૦))ના દિવસે, પાછી તેની આગળ કરીને ઓળી પ્રારંભ, અટ્ઠાઈઘર અને કલ્પઘર પણ કરો છો.

તો પછી બે ભાદરવા વખતે ૧લો દિવસ શ્રાવણ વદ-૧૨

૨,૩,૪ ૧૩, ૧૪, ૦))

(પ્રથમ ભાદરવો-ફલ્ગુ), (પડતર મહિનો ફલ્ગુ ભાદરવા સુદ-૪, ફલ્ગુ ૧૫/૦))ની જેમ) ૫,૬ બીજા ભાદરવા સુદ-૧, ૨, ૭, ૮મો દિવસ ૩, ૪ આ પ્રમાણે કેમ નથી કરતા,

અને ફલ્ગુ ભાદરવા મહિનામાં પર્યુષણ બેસાડો છો, અને આખો તપાગચ્છ કરે છે એ પ્રમાણે જ તમારી માન્યતાની વિરૂદ્ધ હોવા છતા કરો છો ? તેનું કારણ આપી શકશો ?

AD=અઠ્ઠાઈઘર (પર્યુષણ પ્રારંભ),

KD=કલ્પઘર, S=સંવત્સરી

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૪/૯/૨૦૨૦

''અપવાદ''નું સેવન ''અવિધી'', ''આશાતના'', ''વિરાધના'' કે ''દેહાધ્યાસ'' માટે નહિ પણ ''સલામતી'' માટે હોય છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

શ્રી ગુપ્ત આચાર્યે પોટ્ટશાલ પરિવ્રાજક સાથે વાદ સ્વીકારવા માટે રોહગુપ્તને ઠપકો આપેલો કારણ કે પોટ્ટશાલમાં લાયકાત નહોતી.

પોપટભાઈ પોટ્ટશાલ પરિવ્રાજક જેવા છે.

પૂ.હરિભદ્રસૂરિજી અષ્ટક પ્રકરણમાં આવી અયોગ્ય વ્યક્તિઓ સાથેના વાદને શુષ્ક વાદ ગણાવી વર્જ્ય કહ્યો છે.

કિરણભાઈ (માતૃઆશિષ) મુંબઈ.

ભૂલથી કોઈ પોપટભાઈને ચર્ચા આપી ના દે અને ક્યાંક આબરૂનો ફાલુદો(ફજેતો)ના થઈ જાય, એ માટે તિથી વિષયની પુસ્તિકા લખીને શાસનપક્ષને ધમકાવવાવાળા કીરણભાઈ ચેતી ગયા અને ઠેર ઠેર આ શ્રીગુપ્ત આચાર્ય અને પોટ્ટશાલ પરિવ્રાજક અને રોહગુપ્ત.....નો બનાવેલો લેખ મૂકીને બધા જ બે તિથીવાળાઓને દરમાં છૂપાઈ જવા માટે ચેતવી રહ્યા છે.

બે તિથીની પદ્ધતિઓ જ્ઞેય હોય ખરી પણ ઉપાદેય હોય નહી.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૧/૯/૨૦૨૦

મગજ અને પેરેશૂટ બન્ને જો ખુલ્લા રહે તો જ કામ કરે.

પેરેશૂટ બંધ રહે તો એક જ વ્યક્તિને નુકશાન કરે, જ્યારે મગજ બંધ રહે તો અનેક વ્યક્તિઓને નુકશાન કરે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

દરેક "ધર્મરાગી" એવા તત્વજિજ્ઞાસુ અને તિથીજિજ્ઞાસુ જીવોએ "નિઃશંક અને નિશ્ચિત" બનીને સંઘમાં, ધર્મમાં અને સ્વમાં સ્થિર થવા માટે જાણવા સમજવા જેવો લેખ.

ચાલો આપણે "પ્રઘોષ"ના શબ્દાર્થનું સૂક્ષ્મ વિવેચન કરીને તેનો "ભાવાર્થ" સમજીએ.

સૂત્ર નં.૧ (શાસ્ત્રોમાં)

(१) "क्षये पूर्वा तिथीः कार्या, वृद्धौ कार्या तथोत्तरा ।"

સૂત્ર નં.૨ (અસત્ કલ્પનાથી)

(२) "क्षये पूर्वा, वृद्धौ तथोत्तरा ।"

હવે આપણે સૂત્ર નં.૨ની યથાર્થતા ચકાસવા આગળ વધીએ.

હવે સામાન્યથી ક્ષય કે વૃદ્ધિ કોની હોય છે ?

વર્ષની ? જ. ના તો પક્ષની ? જ. ના પણ સામાન્યથી લૌકિક પંચાંગોમાં ક્ષય કે વૃદ્ધિ તિથીઓની આખા વર્ષ દરમ્યાન અવારનવાર હોય છે તથા મહિનાઓની ક્ષય-વૃદ્ધિ પાંચ વરસમાં બે વખત હોય છે.

લોકોત્તર એવા જૈન સૈદ્ધાંતિક ટીપ્પણામાં (પંચાંગમાં) તિથીઓની વૃદ્ધિ આવતી નથી અને મહિનાઓનો ક્ષય આવતો નથી. માટે આપણે જૈન સૈદ્ધાંતિક પંચાંગના અભાવમાં લૌકિક પંચાંગને સંઘમાન્ય ગણીએ છીએ, પણ શાસ્ત્રમાન્ય ગણતા નથી.

હવે क्षये એટલે, ક્ષય હોય તો, (क्षये=ક્ષય હો તો) અને पूर्वा એટલે,

પૂર્વ તરફ જવું. (પાછળ તરફ જવું.) પૂર્વા=પાછળ તરફ જવું. અને વૃદ્ધૌ એટલે, વૃદ્ધિ હોય તો, (વૃદ્ધૌ=વૃદ્ધિ હોય તો) અને તથોત્તરા એટલે, ઉત્તર તરફ જવું (આગળ તરફ જવું). (તથોત્તરા=ઉત્તર તરફ જવું)

એટલે કે તિથીઓનો ક્ષય હોય, તો પાછળ તરફ જવું અને વૃદ્ધિ હોય તો આગળ તરફ જવું.

તિથીઓની ક્ષય-વૃદ્ધિ હોય તો અનુક્રમે પાછળ-આગળ જઈને શું કરવાનું ? ખાલી બેસી જ રહેવું ? જ. ના

તો શું કરવાનું ?

પણ પ્રઘોષમાં આરાધ્યા પદ તો છે જ નહીં.

પણ તિથીઓ ફક્ત જોઈને બેસી રહેવા માટે નથી હોતી, પણ આરાધના માટે જ હોય છે. ભલેને પ્રઘોષમાં આરાધ્યા પદ લખેલું કેમ ના હોય.

એટલે કે, પ્રઘોષમાં આરાધ્ય પદ ન લખેલું હોય તો પણ આરાધના કરવી એવું જ સમજવાનું છે.

હવે કોઈને પ્રશ્ન થાય, કે પ્રઘોષદાતાએ પ્રઘોષમાં આરાધ્યા પદ નથી મૂક્યું તેમ "કાર્યા" પદ પણ ના મૂક્યું હોત તો શું વાંધો હતો ?

જ.:- પ્રઘોષદાતા પ્રઘોષમાં આરાધ્યા પદ ન મૂકે તો પણ જીવો સૂત્ર નં.૨ના આધારે આરાધના કરવાનું સમજી જ જાય, પણ જો કાર્યા પદ ના મૂકે તો જીવો ખંડીત પર્વ તિથીઓનું પર્વીકરણ કરવાનું ના સમજી શકે.

હવે સૂત્ર નં.૨ ઉપરથી તો સહેલાઈથી ખ્યાલ આવી જ જાય છે, કે આ પ્રઘોષ મુખ્યત્વે તિથીઓ માટેજ છે અને તિથીઓ આરાધના માટે જ છે.

તો પછી સૂત્ર નં.૧માં "તિથી: કાર્યા" આ વધારાના બે પદો કેમ મૂકવા પડ્યા ?

કારણ કે તિથી: પદ એ "પર્વ તિથી"નો દ્યોતક છે અને કાર્યા પદ એ પર્વીકરણનો દ્યોતક છે.

નહી તો જો આ પ્રઘોષ પર્વાપર્વ અને ખંડીત કે અખંડિત સર્વ તિથીઓ

માટે હોત, અને જો ખંડીત પર્વ તિથીઓને અખંડ બનાવ્યા વગર જ આરાધવાની હોત તો સૂત્ર નં-૨ જ પૂરતું હતું.

સામાન્યથી જ્યારે જ્યારે પણ તિથી સંબંધી ચર્ચા થતી હોય છે, તો તે પર્વ તિથીઓ માટે જ થતી હોય છે. અને કદાચ ક્યાંક અપર્વ તિથી માટે પણ થતી હોય તો તે પણ તેની નજીકની ખંડીત પર્વ તિથીને કારણે જ થતી હોય છે.

શાસ્ત્રોમાં ઘણે ઠેકાણે પર્વ શબ્દ ન લખ્યો હોવા છતાં પણ તે બાબત જો તિથી અંગેની હોય તો તે પર્વ તિથી માટે જ સમજવામાં આવે છે.

આમ આ પ્રઘોષ મુખ્યત્વે ફક્ત અને ફક્ત પર્વ તિથીઓ માટે જ છે, તે સ્વયં સિદ્ધ થઇ જાય છે.

હવે મહિનાઓમાં પણ જો પર્વ-અપર્વ જેવું હોત તો તે વખતે પણ ખંડીત પર્વ મહિનાઓનું પર્વીકરણ કરવું પડત, અને માટે પ્રઘોષમાં પણ तिथी एवम् मास એ પ્રમાણે લખવું પડત. પણ મહિનાઓમાં પર્વાપર્વ જેવું હોતું નથી, માટે मास શબ્દ લખ્યો નથી. અને તિથીઓમાં પર્વાપર્વ જેવું હોય છે, માટે तिथी: શબ્દ લખ્યો છે. અને ખંડીત પર્વ તિથીઓને અખંડીત બનાવવા (પર્વીકરણ કરવા) कार्या પદ પણ મૂક્યું છે.

જેમ દસ મિનિટનું અતિચાર સૂત્ર, એ પાંચ મિનિટના વંદિતા સૂત્રના (દેહ) શબ્દાર્થનો (મન, ઇંદ્રિયો અને અંગોપાંગો) ભાવાર્થ (આત્મા) છે, તેમ તેની જેમ જ, આ સમજૂતી એ આ પ્રઘોષનો આત્મા છે

પ્રઘોષ (દેહ) ના શબ્દાર્થ (મન, ઈન્દ્રિયો અને અંગોપાંગો) નો ભાવાર્થ (આત્મા).

જેમ આત્મા વગર દેહની કાંઇ જ કિંમત નથી તેમ ભાવાર્થ વગર સૂત્ર પણ પૂરેપુરૂ ન સમજાય અને કોઇ પણ જીવને ગેરમાર્ગે દોરનારૂ બની જાય એ સ્વાભાવિક છે.

આપણા શાસ્ત્રોમાં તથા શ્લોકો ઓછામાં ઓછા શબ્દોમાં અને બહુ જ સંક્ષિપ્તમાં જ હોય છે. પણ તે સૂત્રો કે શ્લોકોની સમજૂતિ (ભાવાર્થ) બહુ જ વિસ્તારથી હોય છે.

જ્યાં ન સમજાય ત્યાં મનમાં મૂંઝવણ રાખ્યા વગર નીચેના નંબર ઉપર સંપર્ક કરશો તો ઉભય પક્ષે ઘણો જ આનંદ આવશે. અને સમજાઇ જાય તેણે ફોન કે વોટ્સ અપ કરવાની જરૂરત નથી.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

મો. ૯૯૨૫૩૦૦૯૭૯

* * * * * * * *

તા.૩૦/૮/૨૦૨૦

ખાસ સૂચન :-

તપાગચ્છના બધા જ પંચાંગોમાં, તિથીના સત્યથી અજાણ એવા જીવોને સમજણ પડે તે માટે નીચે પ્રમાણે છાપવું અત્યંત જરૂરી બની ગયું છે.

જૈનોની પર્વ તિથીઓ અને પર્વની આરાધના માટેનું જૈન બુકલેટ પંચાંગ

આ જૈન પંચાંગ શ્રી સંઘમાન્ય જન્મભૂમિ પંચાંગના આધારે અને મૂળ જૈન સૈદ્ધાંતિક (શાસ્ત્રીય) પંચાંગની સાપેક્ષે તથા શ્રી ઉમાસ્વાતી ભગવંતના પ્રઘોષ અનુસાર તૈયાર કરવામાં આવેલ છે.

क्षये पूर्वा तिथिः कार्या, वृद्धो कार्या तथोत्तरा । (ઉદયમ્મિના ઉત્સર્ગ સૂત્રનું અપવાદ સૂત્ર)

અર્થઃ- જન્મભૂમિ પંચાંગમાં જ્યારે જ્યારે મહિનાની બાર પર્વ તિથીઓમાં કોઇ પણ પર્વ તિથીનો ક્ષય આવે ત્યારે ત્યારે તે ક્ષીણ પામેલી પર્વ તિથીનો ક્ષય રાખવો અને ક્ષીણ પામેલી પર્વ તિથીનું અસ્તિત્વ ઉભુ કરવું અને જો પર્વ તિથીની વૃદ્ધિ આવે તો ઉત્તરની તિથીને પર્વ તિથી તરીકે રાખવી. અને પ્રથમની પર્વ તિથીને તેની પહેલાની અપર્વ તિથીની સંજ્ઞા આપીને અપર્વ તિથીની વૃદ્ધિ કરવી અને જો પર્વ તિથીઓ પાસે પાસે હોય તો તેમનું જોડીયાપણું અને ક્રમબદ્ધપણું પણ જાળવી રાખવું.

આ પ્રમાણે કરવાના કારણો નીચે પ્રમાણે છે.

(૧) શ્રી ઉમાસ્વાતી ભગવંતના પ્રઘોષનો ઉપયોગ થાય છે. (૨) તીર્થંકર ભગવંતોની હયાતીમાં ચાલતા મૂળ શુદ્ધ જૈન પંચાંગનું શક્ય એટલું સાપેક્ષપણું જળવાય છે (૩) શાસ્ત્ર આજ્ઞા રૂપ પરંપરાનું પાલન થાય છે. (૪) આરાધના હાનિની શક્યતા દૂર થાય છે. (૫) જોડીયા પર્વ વખતે નિશ્ચે થતી આરાધના

હાનિ દૂર થાય છે. (૬) વ્રત/નિયમોમાં ઘટાડો થતો અટકે છે. (૭) આરાધના/પ્રવૃત્તિનું વિપર્યાસપણું ન થાય. (૮) પર્વ તિથીની સંજ્ઞાવાળી તિથીએ લીલોતરી ખાવાના દોષથી બચાય છે. (૯) સર્વ તિથીઓ અનિયત તિથીઓએ આરાધવાના દોષો ટળે છે. (૧૦) પર્વ તિથીઓ અનુદયાત્ આરાધવાના દોષો દૂર થાય છે. (૧૧) નરકપ્રાયોગ્ય અનુતાનુબંધી કષાયના દોષથી બચાય છે. (૧૨) આણંદવિમલસૂરીજીના સાધુમર્યાદા પટ્ટકનો પણ ભંગ ન થાય. (૧૩) રાજકીય લાભોમાં ઘટાડો ન થાય. (૧૪) આખા જૈન શાસનમાં એકવાક્યતા દ્વારા એકતા જળવાય. (૧૫) કોઈ જીવને ક્લેશ ન થાય. (૧૬) અસમાધિ દાયક દ્વારા દુર્ગતિ દાયક બનતો એવો સંઘભેદ ન થાય. (૧૭) કટુતા દ્વારા થતા સંબંધ વિચ્છેદ ન થાય. (૧૮) સરકારમાં કોઈ મુદ્દે રજૂઆત કરવામાં સંઘ અને એકતાનું વજન પડે. (૧૯) અહમ્ (વ્યક્તિગત દોષ)ને ઘસારો લાગે અને ગૌરવ (સમષ્ટિગત ગુણ)ની વૃદ્ધિ થાય.

ઉદયમ્મિના નિયમનું ઉત્સર્ગ સૂત્ર

અર્થઃ-સૂર્યોદય વખતે જે તિથી છે તે જ પ્રમાણભૂત છે. તે સિવાયના અન્ય કોઈ પ્રકારે જો તિથી માનવામાં આવે તો (૧) જિનેશ્વર ભગવંતની આજ્ઞાનો ભંગ (૨) અનવસ્થા દોષ (૩) મિથ્યાત્વ અને (૪)વિરાધના આવા ચાર દોષો લાગે છે.

હવે સાચા આરાધક જીવ માટે મોક્ષ એ સાધ્ય (લક્ષ્ય, ધ્યેય, મુખ્ય હેતુ) છે. (ઉત્તમોત્તમ) (નિશ્ચયાત્મક) તેને માટે ધર્મ આરાધના એ સાધન છે. (ઉત્તમ) (વ્યવહાર) અને તેને માટે તિથી એ ઉપસાધન છે (મધ્યમ)(સહાયક)

સંપૂર્ણ કાળશુદ્ધિ મળે તો સારી જ વાત છે. બાકી ૧૦૦% ભાવશુદ્ધિ વગર મોક્ષ એકાંતે શક્ય જ નથી, આ સિધ્ધાંત છે.

તા.ક.:- આ પંચાંગ પૂર્વધર મહર્ષિના પ્રઘોષ વડે સંસ્કારિત ન કરેલું એવું જૈન પર્વોની માહિતીવાળુ લૌકીક (અજૈન) પંચાંગ નથી પરંતુ આ પંચાંગ દેવસૂરિજીમ.સા.ની સામાચારી મુજબનું પૂર્વધર મહર્ષિના પ્રઘોષ વડે સંસ્કારીત કરેલ એવા જૈન પર્વોની માહિતીવાળું આરાધના માટેનું જૈન બુકલેટ પંચાંગ છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

સત્ય

તા. ૩૧-૮-૨૦૨૦

ચાલો ઉત્સર્ગ અને અપવાદ વચ્ચેનો ભેદ અને તેમની ઉપયોગિતા વિશે સમજીએ. અપવાદ માર્ગનો ઉપયોગ, ઉત્સર્ગ માર્ગના અલભ્યપણા વખતે જ કરવાનો હોય છે.

(૧) ઉત્સર્ગથી સાધુથી કાચા પાણીના એક ટીપાને પણ ન અડાય. અપવાદથી પાણીમાં જયણાપૂર્વક ચાલીને આખી નદી પણ ઓળંગાય.

(૨) ઉત્સર્ગથી સાધુથી ચોમાસામાં એક ટીપુ પણ વરસાદ ન પડ્યો હોય તો પણ વિહાર ન કરાય. અતિ અનિવાર્ય એવા ઉત્કૃષ્ટ કારણથી અપવાદ માર્ગે ચાલુ વરસાદમાં પણ વિહાર કરાય.

(૩) ઉત્સર્ગથી સાધુથી આપઘાત ન કરાય. અપવાદથી બ્રહ્મચર્યની રક્ષા માટે અને શાસન માલિન્ય અટકાવવા માટે આપઘાત પણ કરાય.

(૪) ઉત્સર્ગથી સાધુથી હાથમાં છરી ન લેવાય. અપવાદથી શાસન રક્ષા માટે હાથમાં તલવાર પણ લેવાય.

(૫) ઉત્સર્ગથી સાધુથી દીપકને પણ ન અડાય. પણ અપવાદથી સાધુથી ઓઘો પણ બળાય.

(૬) ઉત્સગથી ચોમાસામાં શત્રુંજય ઉપર યાત્રાના હેતુથી ન જવાય. અપવાદથી તીર્થરક્ષા માટે ચોમાસામાં પણ શત્રુંજય ઉપર જવાય.

(૮) ઉત્સર્ગથી વાહન રોડ ઉપર જ ચલાવવું પડે, પણ જો રોડનું કામ ચાલતું હોય, તો અપવાદ માર્ગે રોડથી નીચે ઉતારીને ડાયવર્ઝન માર્ગે વાહન ધીમે ધીમે ચલાવીને પાછું મુખ્ય રોડ ઉપર લેવું પડે.

(૯) ઉત્સર્ગથી ગ્રીન સીગ્નલ ચાલુ હોય તો જ ચાર રસ્તા ક્રોસ કરાય પણ અપવાદ માર્ગે જો પોલીસમેન રોકે તો વાહન ઉભું રાખવું જ પડે. અને ઉત્સર્ગથી રેડ સીગ્નલમાં વાહન ઉભુ રાખવું જ પડે. પણ અપવાદ માર્ગે જો પોલીસમેન જવાનું કહે તો આપણે જવું પડે.

(૧૦) ઉત્સર્ગથી લૌકિક પંચાંગમાં ઉદયાત્ અખંડ અને ક્રમબદ્ધ પર્વ તિથીઓ પ્રાપ્ય હોય તો આરાધના માટે તેમાં ફેરફાર ન કરાય. પણ લૌકિક પંચાંગમાં ખંડીત, અનુદયાત્ અને અક્રમબદ્ધ પર્વતિથીઓ હોય તે વખતે

અપવાદથી પર્વ તિથીની અખંડ, ઉદયાત્ અને ક્રમબદ્ધ આરાધના કરવા માટે તેને અખંડ, ઉદયાત્ અને ક્રમબદ્ધ કરવી જ પડે.

આમ ''ક્ષયે પૂર્વા તિથીઃ કાર્યા, વૃદ્ધો કાર્યા તથોત્તરા ။''

એ ઉદયમ્મિ જા તિહી સા પમાણમિઅરીય કીરમાણીએ આણાભંગણવત્થા મિચ્છત્ત વિરાહણમ્ પાવે ။'' આ ઉત્સર્ગ સૂત્રનું અપવાદ સૂત્ર છે. અને અપવાદ સૂત્રનો ઉપયોગ ત્યારે જ કરાય જ્યારે પર્વ તિથીઓ ઉત્સર્ગ સૂત્ર પ્રમાણે અખંડ, ઉદ્યાત્ અને ક્રમબદ્ધ પ્રાપ્ય ન હોય. આમ અપવાદની અનિવાર્યતા વખતે અપવાદનો ઉપયોગ ન કરવો અને ઉત્સર્ગને જ પકડી રાખવું, એ જીવોને દોષિત આરાધના કરાવવા દ્વારા મિથ્યાત્વનું પોષણ છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

જેમ જેમ શાસનનું સત્ય અને બે તિથીનું અસત્ય ખૂલીને સપાટી ઉપર આવવા માંડ્યું છે, તેમ તેમ બે તિથીના દૃષ્ટિરાગપ્રેમી જીવો બેબાકળા થવા માંડ્યાં છે અને તેમનાથી મહાત્મા ગાંધીને બદલે ઘાત્મા માતી બોલાઈ જાય છે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૧/૯/૨૦૨૦

(૧) જે શાસ્ત્રમાં લખ્યું હોય તે પ્રમાણે જ આચરણ કરાતું હોય, તે શાસ્ત્રાનુસારી શાસ્ત્રાજ્ઞા કહેવાય છે અને તેને તેવા પ્રકારની આચરણા કહેવાય છે.

(૨) જે શાસ્ત્રસાપેક્ષ ફેરફારી, પરંપરાથી ચાલી આવતી હોય અને તે પ્રમાણે આચરણ કરાતું હોય તો તે શાસ્ત્ર સાપેક્ષાનુસારી શાસ્ત્ર તુલ્ય આજ્ઞા કહેવાય છે અને તેને તેવા પ્રકારની આચરણા કહેવાય છે. (આને વિધીવાદ તથા જિતાચાર પણ કહેવાય છે.) આ આચરણાનો શિષ્ટ પુરૂષો વિરોધ નથી કરતા.

(૩) ગુરૂની જે આજ્ઞા શાસ્ત્ર નિરપેક્ષ હોય કે શિષ્યને શાસ્ત્ર નિરપેક્ષ લાગતી પણ હોય તો પણ ગુરૂના આદેશ પ્રમાણે ચાલવું તે ગુર્વાજ્ઞા કહેવાય છે. (જા આજે એક છરી લેતો આવજે. આજે સચિત્ત મળે તો સચિત્ત પણ લેતા આવજો. પંથક અને શેલક) આવા શિષ્યો વિનીત હોય છે અને તેવા શિષ્યો જ નિકટ મોક્ષગામી જીવો હોય છે.

(૪) ગુરૂનું વચન શાસ્ત્ર સાપેક્ષ હોય કે શાસ્ત્ર નિરપેક્ષ હોય, પણ જો શિષ્યે ગુરૂનું વચન તહત્તિ ના કર્યું અને પોતાનો આગવો મત ચલાવ્યો, તો તે જીવ નિહ્નવ બની જાય છે. (શિવભૂતી, રોહગુપ્ત, જમાલી)

શિષ્ય દ્વારા,

(૧) ગુરૂના વચનમાં શંકા કરવી = અલ્પ વિરામ (,) તુલ્ય છે.

(૨) ગુરૂના વચનમાં દલીલબાજી કરવી = પ્રશ્નાર્થ ચિહન્ (?) તુલ્ય છે.

(૩) ગુરૂના વચનમાં જિજ્ઞાસા કરવી = ઉદગાર ચિહ્ન (!) તુલ્ય છે.

(૪) ગુરૂના વચનમાં તહત્તિ = પૂર્ણવિરામ (.) તુલ્ય છે.

નંબર-૧ અને ૨ અયોગ્ય શિષ્ય (કુશિષ્ય)ના લક્ષણો છે.

નંબર-૩ અને ૪ યોગ્ય શિષ્યનું (સુશિષ્ય) લક્ષણ છે.

(૫) પણ કોઈક વખત જીવ એવી પરિસ્થિતિમાં મૂકાઈ જાય કે ત્યાં શાસ્ત્ર પણ હાજર નથી કે શાસ્ત્રોમાં તેનો ઉલ્લેખ પણ ક્યાંય કદાપી જોવામાં પણ આવ્યો નથી અને ગુરૂ પણ હાજર નથી અને શાસન ઉપર આવેલું સંકટ નિવારવું પણ અનિવાર્ય છે તેવે વખતે જીવ પોતે એકલે હાથે. પોતાની ગીતાર્થતા વાપરીને ફક્ત એકમેવ શાસનને જ હૃદયમાં રાખીને શાસનનું સંકટ અનિંદ્ય રીતે નિવારી દે, તેને જ્ઞાનાજ્ઞા (સ્વયં સ્ફૂરણા) કહેવાય છે.

(વિષ્ણુકુમાર મુનિનો નમુચિ મંત્રીને મારવા માટે ઉપાડવો પડેલો પગ, શ્રેણીક મહારાજાના સમયમાં મુનિએ બાળવો પડેલો ઓઘો, વિનય રત્નના ગુરૂએ કરવો પડેલો આપઘાત)

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

(१) जिस से पाप (भूल) होता ही नही है या जो पाप कर ही नही शकता है, उसे ही तो भगवान कहते है ।

(२) जिस से पाप (भूल) हो जाता है या जो पाप करता है, उसे ही तो इंसान केहते है । **(To err is human)**

(३) जो पाप (भूल) करके हसता है, और उसकी वकालत भी करता है उसे शैतान (दुष्ट) केहते है ।

(४) जो पाप(भूल) करके रोता है (पश्चाताप करता है।), उसे संत(सज्जन) केहते है ।

लि.पोपटलाल चुनीलाल शाह (साबरमतीवाले)

* * * * * * * *

તા. ૩/૯/૨૦૨૦

કાલિકસૂરિજીના સંવત્સરી પરિવર્તન અંગે થોડી સૂક્ષ્મ વિચારણા કરીએ.

કાલિકસૂરિજીએ સંવત્સરી અને ઇંદ્ર મહોત્સવ એક જ દિવસે આવતા હતા, એટલે કે ભાદરવા સુદ-૫ના દિવસે આવતા હોવાથી અને રાજા પાછો જૈન ધર્મનો પણ રાગી હોવાથી અને પોતાનો પણ પરમ ભક્ત હોવાથી તે સંવત્સરી પર્વ પણ સંપૂર્ણ ઉજવી શકે અને લૌકિક ઇંદ્ર મહોત્સવ પણ ઉજવી શકે તે માટે રાજાની વિનંતીથી શાસ્ત્ર પ્રમાણે સંવત્સરી એક દિવસ વહેલી એટલે કે ભાદરવા સુદ-૫ના આગલા દિવસે પ્રવર્તાવી, કહો કે ભાદરવા સુદ-૪ના પ્રવર્તાવી.

હવે માની લો કે, એ વખતે લૌકિક પંચાંગમાં જો ભાદરવા સુદ-૫નો ક્ષય આવી ગયો હોત તો કાલીકસૂરીજી સંવત્સરી કેવી રીતે પ્રવર્તાવત ?

લૌકીક મુજબ, ૨,૩,૪,૬,૭(-૫)

હવે આના વિષે થોડી સૂક્ષ્મ વિચારણા કરીએ. :- ભાદરવા સુદ-૫ના ક્ષયે

(૧) હવે જો બે તિથીના વિ.સં.૧૯૯૨ના નૂતન મત મુજબ ભાદરવા સુદ-(૪+૫) આ પ્રમાણે જ રાખે, તો તો સંવત્સરી અને ઇંદ્ર મહોત્સવના દિવસો જુદા પડે નહી, અને રાજાની ઇચ્છા પૂરી થાય નહી.

(૨) જો ભાદરવા સુદ-૩ની સંવત્સરી પ્રવર્તાવે, તો ચોમાસી ૧૩ ઉપર લાવવી પડે, જે એકદમ અયોગ્ય થઈ જાય અને સંવત્સરી બે દિવસ (તિથી) વહેલી પ્રવર્તાવ્યા જેવું થાય.

(૩) હવે જો સંવત્સરી ભાદરવા સુદ-૪ની પ્રવર્તાવે, પણ ભાદરવા સુદ-૩ની ભાદરવા સુદ-૪ સ્થાપ્યા વગર જ ભાદરવા સુદ-૩ની તિથીએ સંવત્સરી કરે તો અનિયત્ તિથીએ અને અનુદયાત્પણે સંવત્સરી જેવું મહાપર્વ કરવાનો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે દોષ લાગે અને ચાલુ વર્ષના ભાદરવા સુદ-૩થી આગામી વર્ષના ભાદરવા સુદ-૪ સુધીમાં (એક સંવત્સરીથી બીજી સંવત્સરી સુધીમાં) ૩૬૧ રાઈંદિયાણમ્ થઈ જાય, જે નરક પ્રાયોગ્ય અનંતાનુબંધી કષાયનું કારણ બની જાય છે.

(૪) માટે આવી પરિસ્થિતિમાં કાલીકસૂરિજી ભાદરવા સુદ-૪ના ક્ષયે,ભાદરવા સુદ-૫ના આગલા દિવસે, ભાદરવા સુદ-૩ની ભાદરવા સુદ-૪ કરીને જ કરે, તો જ પાંચમની આગલી તિથીએ અને એક દિવસ વહેલી સંવત્સરી પ્રવર્તાવી શકાય. અને તો જ બધા દોષોથી બચી શકાય.

જો લૌકિકમાં ૨,૩,૪,૬,૭ (-૫) હોય તો લોકોત્તરમાં ૨,૪, ૫, ૬, ૭(-૩) આ પ્રમાણે કરવું પડે (ઉપાદેય છે.) તો જ

(૧) પાંચમની આગલી તિથીએ થાય.

(૨) એક દિવસ (સૌર દિવસ) વહેલી થાય.

(૩) ચોથની તિથીએ (ચાંદ્ર દિવસ) થાય. (નિયત તિથીએ)

(૪) બન્ને તહેવારોના દિવસો જુદા પડે.

(૫) નિયત (૪થની તિથીએ) અને ઉદયાત્ (૪થ ઉદયાત્ સ્થાપેલી હોય) થાય. બધી શરતો પૂરી થાય. અને જો (લૌકિક અને બે તિથી સ્વ રીતે) કરે તો,

૨,૩ (૪+૫), ૬,૭ આ પ્રમાણે કરે તો તે (હેય છે.) કારણ કે ઉપરના ૨ અને ૪ નંબરના ગુણો દોષ બની જાય છે. અને તેના માટે જ તો આ પ્રઘોષ છે, કાંઈ તિજોરી કે લોકરમાં મૂકી રાખવા માટે થોડી છે. હવે માની લો કે લૌકિક પંચાંગમાં ભાદરવા સુદ-૫ની વૃદ્ધિ આવી ગઈ હોત, ૨,૩,૪, વૃધ્ધિ-૫,૫,૬(+૫) અને જો

(૧) પ્રથમ પાંચમે સંવત્સરી કરે તો વગર કારણે તો ફલ્ગુ પાંચમે સંવત્સરી કરાય નહી.

(૨) જો ઉદયાત્ ચોથના કરે તો બે દિવસ (સૌર દિવસ) પહેલા સંવત્સરી કરી કહેવાય, પણ ફક્ત એક દિવસ (સૌર દિવસ) વહેલી જ સંવત્સરી કરાય એવો જ ઉલ્લેખ મળે છે.

(૩) માટે ઉદયાત્ ભાદરવા સુદ-૫ના આગલા દિવસે (એક સૌર દિવસ વહેલી) સંવત્સરી, તિથી (ચાંદ્ર દિવસ) પરિવર્તન અને દિવસ (સૌર દિવસ) પરિવર્તન સાથે કરવી હોય તો ફલ્ગુ પાંચમની ઉદયાત્ ચોથ કરવી જ પડે, તો જ બધા જ નિયમો જળવાય અને દોષરહિત સંવત્સરી થાય.

જો લૌકિકમાં ૨,૩,૪,વૃ.૫,૫,૬ (+૫) હોય તો ૨, વૃ.૩, ૩, ૪, ૫,૬ (+૩) કરવું પડે (ઉપાદેય છે)

૨,૩,૪, વૃ-૫, ૫, ૬ (હેય છે.)

ભાદરવા સુદ-૫ની સંવત્સરી ભાદરવા સુદ-૪ના

(૧)દિવસ (સૌર દિવસ) પરિવર્તન અને (૨) તિથી (ચાંદ્ર દિવસ) પરિવર્તન બન્ને થાય એ રીતે પ્રવર્તાવવાની છે. અને તો જ દોષરહિત સંવત્સરી પ્રવર્તાવી શકાય. શાસનપક્ષ પ્રમાણે બન્ને શરતો પૂરી થાય છે. બે તિથી પ્રમાણે ૧ નંબરની શરત પૂરી થતી નથી.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

ता.३-९-२०२०

जो हनुमान लंका (कुमत और परगच्छ) के बजाय अयोध्या (सुमत और स्वगच्छ) को जलाते है, तो वर्तमान काल के वे हनुमान भी नकली और उनके राम भी नकली ।

और जो हनुमान सिर्फ लंका (कुमत और परगच्छ) को ही जलाते है, वे हनुमान भी असली और उनके राम भी असली । यहां तो राम ही अयोघ्या (सुमत और स्वगच्छ) को जलाने का शीख़ाते है ।

लि.पोपटलाल चुनीलाल शाह (साबरमतीवाले)

* * * * * * * *

તા. ૨/૯/૨૦૨૦

અનાદિ પ્રવાહથી નવકાર મહામંત્રમાં રહેલા ''નમો'' લોએ ''સવ્વ'' સાહૂણં પદમાં ''નમો'' શબ્દ આપણા ''અહંકાર''ને કચડવા માટેનો ''હથોડો'' છે. અને ''સવ્વ'' શબ્દ વક્ર અને જડ એવા અહંકારી જીવોનો કચડાયેલો

અહંકાર ફરીને ''માથુ'' ન ઉંચકે તેના માટેની હાથકડી (બંધન) છે. જિનશાસનમાં વિશ્વના જીવમાત્રમાં રહેલા સિદ્ધત્વને નમવાનું કહ્યું છે. તો પછી સર્વવિરતિધરોને ન નમવાનો ઉપદેશ આપનાર ભાવથી જિનશાસનમાં તો ગણાય જ કેવી રીતે ?

કારણ કે, તીવ્ર દ્વેષ અને ઈર્ષ્યા વગર જીવ અનોપમંડળ જેવું વર્તન કરે નહી. નવકારના પ્રથમના ચાર પદોમાં રહેલા જીવોને અવશ્ય આ પાંચમાં પદમાંથી પસાર થવું જ પડે છે. માટે જેમ નાસ્તિક પુત્રને આસ્તિક બનાવવા, તે કાયમ અનિચ્છાએ પણ અરિહંતની પ્રતિમાને નમે અને જિનપ્રતિમા તેના સ્મૃતિપટલ ઉપર કાયમ માટે અંકાયેલી રહે તે માટે તેના પિતાએ મુખ્ય દ્વારના બારસાખમાં જિનમૂર્તિ કોતરવી હતી.

એ ન્યાયે અહિંયા પણ અનાદિ પ્રવાહથી નવકારના પાંચમાં પદ રૂપી દ્વારના બારસાખમાં ''સવ્વ'' પદરૂપી પ્રતિમા કોતરેલી જ છે, જેથી કોઇ પણ જીવને તેણે પોતે જ પોતાના માટે બનાવેલા પોતાના વિરોધી સર્વવિરતિધરોને પણ અનિચ્છાએ પણ નમવું તો પડે જ. પાંચમા પદની ઉપેક્ષા કરનારને સાતમા પદનો લાભ મળતો નથી.

જિનશાસનમાં શાસ્ત્રના એક અક્ષરને પણ નકારનાર સ્વયં શાસનની બહાર થઈ જાય છે, બહાર કરવો પડતો નથી.

નવકારમાંમાંથી નમો સાથે સંકળાયેલ સવ્વ પદ તો નિહ્નવો કે અભવીઓ એ પણ, નથી તો ઉડાડ્યો કે નથી નકાર્યો.

જિનશાસનમાં જન્મેલ બાળકના કાનમાં સૌથી પહેલો નમો શબ્દ પડે છે અને મુખમાંથી સૌથી પહેલો શબ્દ મમ્મી પછી કદાચ નમો જ નીકળે છે, તે નમો શબ્દનો નિષેધ કરનાર તત્વથી જિનશાસનમાં હોઈ જ ના શકે. માટે તેને તત્વથી પહેલું ગુણઠાણું પણ નથી સંભવતું, માટે તે ભાવથી ભવાભિનંદી જીવ થયો કહેવાય.

જિનશાસનના પદર્થોને, ગુરૂની ઉપેક્ષા કરીને, પોતાની મતિકલ્પનાથી જો કાંઈક આડુંઅવળું કરવા ગયા તો અનંત સંસાર લમણે લાગ્યો જ સમજો.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

Date :- 2/9/2020

Always listen to your elders (Guru), because not they

are always right, but because they have also an experience of being wrong too.

* * * * * * * *

તા.૯-૯-૨૦૨૦

પાપના બચાવ માટે પાપ(જૂઠ)નો સહારો લેવો એટલે.

બટાકાના શાકમાં લસણ, આદુનો વઘાર આપવો.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૯-૯-૨૦૨૦

વિ.સં.૧૯૫૨માં ભાદરવા સુદ-૫ના ક્ષયે "પર્વતિથિ ક્ષય-વૃદ્ધિ અંગે સરળ અને શાસ્ત્રીય સમજ" પુસ્તકની અંતર્ગત ગેરમાર્ગે દોરતા લખાણનો પર્દાફાશ

જૂઠા વિવેચનનો સંદર્ભઃ પુસ્તક-પર્વ તિથી ક્ષય-વૃદ્ધિ અંગે સરળ અને શાસ્ત્રીય સમજ

લેખક-? પ્રકાશક-સદ્ધર્મ સંરક્ષક (!?) સમિતિ

પ્રવચનકાર-આ.ભ.રામચંદ્રસૂરિજી (વિ.સં.૨૦૨૮) મુંબઈ, લાલબાગ

પ્રિન્ટ વર્ષ-વિ.સં.૨૦૫૫.

જૂઠા લખાણનો પાના નં-૨૨, ફકરો-૪,

લખાણ- સુશ્રાવક શ્રી અનુપચંદભાઈએ પૂ.આત્મારામજી મહારાજને લખ્યું કે, 'પાંચમનો ક્ષય છે તો પાંચમના કાર્યો ચોથે થાય એવી આજ્ઞા આપો. "પૂ.આત્મારામજી મહારાજે જણાવ્યું કે "પાંચમનો ક્ષય કરવો સારો છે." એ અરસામાં એ જ આત્મારામજી મહારાજ કાળધર્મ પામ્યા. શ્રી અનુપચંદભાઈએ વિચાર્યું કે, પૂ.આત્મારામજી મહારાજના શિષ્યો સંમતિ આપે તો ચોથ-પાંચમ ભેગા કરીશું.

હવે આત્મારામજી મહારાજ સાહેબનો અનોપચંભાઈ શેઠના પત્રનો જવાબ (પત્રના જરૂરી અંશો જ લીધા છે):- ગુજરાનવાલા, સં.૧૯૫૨, જેઠ સુદિ ૫, રવિવાર.

પૂજ્યપાદ શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી)મહારાજજી આદિ સાધુ ૮ તરફથી ધર્મલાભ વાંચજો....

વિશેષ આ સાલમાં સંવત્સરી પર્વનો ગરબડગોટો થઈ રહ્યો છે તે શું

છે ? કોઇ કહે છે ત્રીજનો ક્ષય કરવો જોઇએ, કોઇ કહે છે ચોથ પાંચમ ભેળા ગણવાં. જ્યારે ત્રીજનો ક્ષય ગણ્યો તો તો સંવત્સરી ચોથની હટીને ત્રીજને દિવસે કરવી પડશે. ચોથ-પાંચમ ભેળા ગણીએ તો ચોથને દહાડે તો સંવત્સરીની ક્રિયા કરી, પરંતુ પાંચમ તિથીની ક્રિયા કયે દહાડે કરવી તેનો ખુલાશો તમોને જે ભાસે તે તમો જણાવજો. હમારી સંમતિમાં તો એમ આવે છે કે, ''છઠનો ક્ષય કરવો જોઇએ.'' કેમકે મુંબઇના તથા લાહોરના બન્ને પંચાગોમાં છઠનો ક્ષય કર્યો છે અને એમ કરવાથી કાંઇ પણ વાતનો વાંધો આવે તેમ લાગતું નથી. ''પછી તો જેમ શ્રી સંઘની મરજી. અમો તો સંઘની મરજીને અનુસાર છીએ.''

દ.વલ્લભવિજયના ધર્મલાભ વાંચજો.

વિવેચનઃ- (૧) પ્રકાશકે પોતાના પુસ્તકમાં નથી તો અનુપચંદભાઈ શેઠનો લખેલો પત્ર મૂક્યો કે નથી આત્મારામજીનો પત્ર મૂક્યો.

(૨) આત્મારામજીના પત્રમાં ક્યાંય પણ પાંચનો ક્ષય કરવો સારો છે એવુ લખેવું નથી.

(૩) પાંચની ક્રિયા ક્યા દહાડે કરવી એ લખાણ જ બતાવે છે કે, આરાધ્ય પર્વ ''કોટિની તિથીઓ આરાધના માટે સ્વતંત્ર દિવસવાળી હોવી જોઇએ.''

(૪) તેમ છતાં આત્મારામજી મહારાજ સંઘ જેમ કરે એમ કરવા તૈયાર છે. પણ સંઘની સામે કીચડ ઉછાળતા નથી.

(૫) ભાદરવા સુદ-૫ સિવાયની ૨૩ પાંચમમાંથી કોઇને કોઇ દિવસે પાંચમનો ક્ષય તો આવ્યો જ હશે ને ? અને જો પર્વ તિથીઓનો ક્ષય રખાતો હોત તો આ વખતે પણ રાખત જ, પત્ર લખવાનું કામ જ કેમ પડે.

પરંતુ પત્ર લખવાનું કારણ એ જ કે ચોથ અને પાંચમ કેવી રીતે જુદા પાડવા ? કારણ કે, ભાદરવા સુદ-૫ સિવાયની પાંચમના ક્ષયમાં તો સામાન્ય ચોથનો ક્ષય કરી દેતા. જ્યારે અહિંયા તો ભાદરવા સુદ-૪ એ સંવત્સરીની ચોથ છે, જે વર્ષની એક મહાપર્વ તિથી છે, માટે તેનો પણ સ્વતંત્ર દિવસ હોવો જરૂરી છે.

એક જ ખુરશી પર બે મહેમાનોને બેસાડાય નહિ.

હવે જે પોતાની પુસ્તકોમાં પણ બિન્દાસ્ત સ્વર્ગસ્થોના નામે જૂઠ્ઠુ છાપતા

સત્ય

સંકોચાતા નથી કે ગભરાતા નથી, તે મૌખિકમાં તો કેટલું બધુ જૂઠ બોલતા હશે ? આ સમગ્ર શાસન માટે એક બહુ જ ગંભીર અને વિચારણીય પ્રશ્ન છે. ટૂંકમાં, આ.ભ.રામચંદ્રસૂરિજી જે પ્રમાણે કરવાનું કહે છે, તે પ્રમાણે (એટલે કે ભા.સુ.(૪+૫), તો વિ.સં.૧૯૫૨થી લગાવીને આજ વિ.સં.૨૦૭૬ સુધી કોઇએ કર્યું જ નથી.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

ता.७-९-२०२०

(१) भूल "होने" के लिये "छद्मस्थता" चाहिये ।

(२) भूल "सुनने" के लिये "नम्रता" चाहिये ।

(३) भूल का "स्विकार" करने के लिये "सरलता" चाहिये ।

भूल का स्विकार "केवलज्ञान" को बहुत ही जल्दी खींचकर लाता है, और भूल का अस्वीकार और बचाव केवलज्ञान को दूर धकेल देता है । प्राय: करके केवलज्ञान का सूर्योदय होने के पूर्व, सभी सामान्य जीवो को अपने पाप का पश्चात्ताप (भूल का स्वीकार) का अरुणोदय अवश्य होता है ।

(४) भूल "सुधारने" के लिये "सत्व" चाहिये ।

(५) भूल "करने" के लिये "इच्छा" चाहिये ।

(६) भूल का "अस्वीकार" करने के लिये "मिथ्यात्व" चाहिये ।

(७) भूल का (जूठ का) "बचाव (वकालत)" करने के लिये "महा मिथ्यात्व" चाहिये ।

लि.पोपटलाल चुनीलाल शाह (साबरमतीवाले)

* * * * * * * *

શત્રુંજય ગિરિરાજની યાત્રા "ડોળી"માં કેમ ન કરવી જોઇએ ?

(૧) જ્યાં સુધી આપણે ડોળી નથી વાપરતા, ત્યાં સુધી ડોળીવાળાઓ જે પાપ કરે છે, તે પાપ ડોળીવાળાઓને તેમને પોતાને જ લાગે છે, પણ જેવી આપણે ડોળી કરીએ છીએ, તે પછી તે દારૂ પીએ, કે માસ-મચ્છી ખાય, કે જુગાર રમે, કે મસાલા-ગુટખા-પડીકી ખાય કે પછી અન્ય ખાવાની વસ્તુઓ પણ ખાય, કે ઠેર ઠેર કચરો નાખે, કે પછી ગિરિરાજ ઉપર મળમૂત્ર

વિસર્જન કરે, તે બધી જ અશુદ્ધિ અને અપશબ્દો બોલીને કે યાત્રિકો સાથે અભદ્ર વર્તન કરીને અપવિત્રતાનું વાતાવરણ ઉભુ કરીને ગિરિરાજ ઉપર કરેલી અપવિત્રતાના પાપના ભાગીદાર (સ્લીપીંગ પાર્ટનરની જેમ) આપણે પણ જાણે/અજાણે બની જઈએ છીએ.

(૨) પગે ચાલીને યાત્રા કરવાથી યાત્રામાં થતાં લાભમાં ઉત્તરોત્તર વધારો થાય છે. દા.ત. બાળક દોડતા શીખે ત્યારથી માંડીને ૧૫ વર્ષની ઉંમર સુધી જો ચાલીને યાત્રા કરે, તો ધારો કે તેને ૧૦૦ પ્રોત્સાહક **(Insentive)** ગુણાત્મક પોઈંટ ગણીએ, અને પછી દર એક વર્ષની ઉંમરના વધારાના હિસાબે એક એક ગુણાત્મક પોઈંટ ઉમેરતા જઈએ (+કરતા જવું). તે હિસાબે ૨૦ વર્ષની ઉંમરે ૧૦૫ પોઈંટ થાય, વર્ષે (+પોઈંટ) = ૩૦-(+૧૧૫), ૪૦-(+૧૨૫), ૫૦-(+૧૩૫), ૬૦-(+૧૪૫), ૭૦-(+૧૫૫), ૮૦-(૧૬૫), ૯૦-(+૧૭૫), ૧૦૦-(+૧૮૫), પોઈંટ ગણાય. એટલે કે, ૧૦૦ વર્ષની ઉંમરની વ્યક્તિ ચાલીને યાત્રા કરે તેના +૧૮૫ પોઈંટ થયા ગણાય. (કારણ કે ઉંમરના વધવાની સાથે કાયિક શક્તિ ઘટવા છતા ડોળી નથી વાપરતા માટે)

હવે આ જ યાત્રા જો ડોળીમાં બેસીને કરે તો ધારો કે ૧૦૦ વર્ષે (-૧૦૦) પોઈંટ ગણીએ તો વર્ષે-(-પોઈંટ)=૯૦-(-૧૧૦), ૮૦-(-૧૨૦), ૭૦-(-૧૩૦), ૬૦-(-૧૪૦), ૫૦-(-૧૫૦), ૪૦-(-૧૬૦), ૩૦-(-૧૭૦), ૨૦-(-૧૮૦), ૧૫-(-૧૮૫) **de-insentive** પોઈંટ થયા ગણાય. (કારણ કે યુવાન હોવા છતાં ડોળી વાપરે છે માટે - પોઈંટ)

(૩) સનાતન વૈદિક સંસ્કૃતિમાં પણ પગે ચાલીને જ યાત્રાનું વિધાન છે. વર્ષે એક વખત થતી ગિરનારની પરિક્રમા, અંબાજીની યાત્રા, પાવાગઢની યાત્રા, ડાકોરની યાત્રા, સૌરાષ્ટ્રમાં આવેલ ચોટીલાના ચામુંડા માતાની યાત્રા, આ બધી જ યાત્રાઓ ડોળી કે વાહન વગર પગે ચાલીને જ કરાતી હોય છે.

(૪) પાલીતાણામાં ગિરિરાજની યાત્રા પગેથી ચાલીને/ચઢીને કરવા જવું હોય અથવા તો ગિરિરાજના ફક્ત દર્શન કરવા, તળેટીની પૂજા કે દર્શન કરવા, બાબુના દહેરાસરે પૂજા-દર્શન કરવા જવું હોય, તો જ પાલીતાણ જવું, પરંતુ ડોળીમાં બેસીને દાદાના દરબારમાં પૂજા કરવા જવું, એના કરતા પાલીતાણા ન જવામાં લાભ અનેક ગણો વધારે છે.

જેમ વિધિ કરતાં વિવેક ચઢી જાય છે, જેમ નૂતન જિનાલયના નિર્માણ

કરતા પ્રાચીન મંદિરોના જીર્ણોદ્ધારનો લાભ ચઢી જાય છે, તેમ આવી આરાધના કરણ કરતાં વિરાધના-આશાતના નિવારણ / નિવારણમાં સહકાર (કરાવણ-અનુમોદન-પ્રચાર દ્વારા) અનેક ગણી રીતે ચઢી જાય છે.

તીર્થનું માલિન્ય, તીર્થની હીલના, લઘુતા, વિરાધન તથા આશાતના નિવારણ જેવી મોટી આરાધના (દર્શન, સેવા, પૂજા) કોઇ નથી. એ જ ન્યાયે, આરાધનાની ઘેલછાપૂર્વકની આશાતનાની ઉપેક્ષા, એ તો મોટામાં મોટી આશાતના છે. પછી ભલેને તમે વિદેશથી કે હજારો કી.મી. દૂરથી પાલીતાણા કેમ ન આવ્યા હો. ઝેર (આશાતના) સંત ખાય કે શેતાન ખાય બધા જ મરે.

(૫) વરસમાં એક દિવસનો સવાલ છે. જો ૬૦ કી.ગ્રા.ની વ્યક્તિ ૧.૩૦ કલાકમાં ચઢી શકતી હોય, તો આપણને કદાચ ૩.૦૦ કલાક લાગશે, ઉતરતા ૨.૩૦ કલાક લાગશે. અને સેવા-પૂજાના ૨.૦૦ કલાક ગણી લઈએ તો પણ ૬ વાગે ચડેલ યાત્રિક મોડામાં મોડો ૫.૦૦ વાગે તો નીચે ધર્મશાળામાં આવી જ જાય. અને ભારે શરીરવાળાઓ કે પગની તકલીફવાળાઓ જો શિયાળાની કાતિલ ઠંડીમાં જવાનું રાખશે તો તકલીફ નહી પડે.

(૬) ડોળીના જે ૧૨૦૦-૧૫૦૦ રૂ.થાય છે, તે તીર્થના સાધારણ ખાતામાં લખાવીને અથવા લખાવતા હો તો વધારાના લખાવીને, જે પૈસાથી તીર્થની આશાતના થવાની હતી, તે જ પૈસાથી હવે તીર્થની રક્ષા થશે અને આપણા આત્માને તીર્થની સેવા, પૂજા કર્યાનો અનહદ આનંદ અને સંતોષ થશે.

(૭) જ્યાં સુધી પગ ચાલે છે, ત્યાં સુધી પગે ચાલીને જેટલી યાત્રાઓ થાય તેટલી કરી લો. પગ થાકશે ત્યારે જળ તળેટી અને બાબુનું દેરાસર તમને સંભાળી લેશે.

(૮) શાસ્ત્રમાં આવે છે કે, ''દેહ દુઃખં મહાફલમ્'' એટલે કે ધર્મમાં કાયાને કષ્ટ આપવાથી કર્મોની જબરદસ્ત નિર્જરા થાય છે. માટે વગર ડોળીએ યાત્રા કરવાથી ગિરીરાજની સતત સ્પર્શના દ્વારા બહુ જ કર્મોની નિર્જરા થાય છે.

(૯) જૈનોની કરૂણા, જીવદયા, અનુકંપા લોકોત્તર કક્ષાની હોય છે. માટે જ ગિરિરાજ ઉપર ઠેર ઠેર રસ્તામાં, રામપોળમાં, ડોળીવાળાઓ માટે જ પાણીની અલગ વ્યવસ્થાનો ખર્ચ પેઢી પોતે જ ઉઠાવે છે, જે આપણા જ

સાધારણના ભંડોળમાંથી જ કરાય છે. હવે આ ઉત્તમ જ કામ છે, પરંતુ જો એ જ પાણીની પરબો તીર્થનાશમાં નિમિત્ત બનતી હોય, તો તો પછી આ બાબત બહુ જ વિચારણીય બની જાય છે.

(૧૦) યાત્રિકો નથી મસાલા-ગુટકા-માવા ખાતા કે નથી ચૂનાની પડીકી વાપરતા, કે નથી નાસ્તાના પેકેટ વાપરતા, આ બધુ ૯૯% આ ડોળીવાળાઓ જ વાપરે છે. અને કદાચ એકાદ ટકો યાત્રિક પોતાના બાળકો માટે બિસ્કીટ કે નાસ્તાના પેકેટ લઈ જતા હશે. બાકી બધો જ કચરો તળેટીથી રામપોળ સુધીનો આ ડોળીવાળાઓનો જ હોય છે.

(૧૧) રામપોળની બહાર જે બાઈઓ દહી લઈને બેસે છે, તે એ ડોળીવાળાઓ માટે જ લઈને આવે છે, અને તેની સાથે સાથે નાસ્તાના પાઉચો અને ગુટકાની પડીકીઓ પણ લઈને આવે છે. અને વિદળ ભક્ષણના પાપો પણ થાય છે.

(૧૨) જો આ ડોળીવાળાઓની બિમારી કાયમી ધોરણે બંધ થઈ જશે, તો પછી ઉપર એટલા ચોકીદારો પણ ઓછા રાખવા પડશે અને પછી અવાર નવાર ખરાબ ઈરાદાથી જે નવા નવા પાળીયાઓ બને છે, તે પણ નહી બને.

(૧૩) જે આજીવિકા આપવાથી આપણે જ ત્યાં અસામાજીકતા **(Nusance)**નો જન્મ થતો હોય, જન્મ થયા પછી આપણા જ સહકારથી તે વધતી હોય અને છેવટે એ જ અસામાજીકતા આપણને જ નડતી હોય, એવી આજીવિકા આપવામાં ધર્મ નથી, પણ પાપ છે. એ દયા નથી, પણ આપણો જ આપઘાત છે.

(૧૪) આપણે જ જો ડોળી વાપરવાની બંધ કરી દઈશું, એટલે આપણે પેઢીને ફરીયાદ જ કરવી નહી પડે અને પેઢીની ભૂલ પણ કાઢવી નહી પડે. પેઢીને પણ એટલી માથાના દુઃખાવા જેવી જવાબદારીઓ ઘટશે અને ડોળીના વહીવટ માટે સ્ટાફ પણ રાખવો નહી પડે. જેટલો વહીવટ ઓછો એટલી ઝંઝટ અને ખોટા ખર્ચા ઓછા.

(૧૫) એક વખત જો ડોળી બિલકુલ બંધ થઈ જાય અને પછીથી માનો કે, એ લોકો ચાલુ કરાવવા માટે પેઢીને આજીજી કરે, તો પછી આપણે બધા જ ડોળીવાળાઓ જોડે લેખિત આપણી બધીજ આશાતના નિવારણની શરતોનું ફોર્મ ભરાવીને લખાવીને અને ગિરિરાજ ઉપરની બધી જ

અસામાજીકતા અને અરાજકતા દૂર કરાવીને સહી કરાવીને ફાઈલ કરી શકીએ.

(૧૬) ડોળી વગર જાત્રા કરવાથી ધારો કે આપણને (+૧૦) પોઇંટ મળતા હોય તો, આ જ યાત્રા હાલના વર્તમાન દેર કાળ જોતા ડોળીમાં કરવાથી (-૧૦૦) પોઇંટ થઇ જાય છે. કારણ કે, એ દરમ્યાનના ડોળીવાળાના દ્રવ્ય પાપના અને ભાવ પાપના અને તીર્થની આશાતનાના પણ આપણે સહાયક થવાથી ભાગીદાર થઇ જઇએ છીએ.

હવે જો ડોળી રકઝક તથા કલેશ કષાય કરીને કરી, તો તો વળી પાછા (-૨૦૦) પોઇંટ થઇ જાય, એટલે કુલ (-૩૦૦) પોઇંટ થઇ જાય, અને આમ એકંદરે (-૩૦૦+૧૦=-૨૯૦) પોઇંટ લઇને આપણે ઘરે જવાના, એના કરતા ઘરે બેઠા એકલી ભાવયાત્રા કે આખો દિવસ તળેટીએ બેસીને દ્રવ્ય તેમજ ભાવ યાત્રા જ કરી હોત તો નફામાં તો રહેત.

(૧૭) જો પાષાણ ચઢાવવા સિવાયના માટે ડોળી જ બંધ થઇ જશે, તો ઉપર એ લોકોને કારણે થતો કચરો જ બિલકુલ નહિવત્ થઇ જશે, જેથી કાર સેવકો (તીર્થ સેવકો)ને પણ રાહત થશે.

(૧૮) શત્રુંજય ગિરિરાજની આશાતના ટાળવાના ઘણા સ્તવનો છે. આશાતના જાતે કરવી, કે કોઈ પાસે કરાવવી કે કોઇ વ્યક્તિ આપણું નિમિત્ત લઈને આપણા ધનની મદદ વડે આશાતના કરે, તો તે આશાતનાનું પાપ આપણને પણ લાગે છે અને આશાતનાનું અનુમોદન તો એક પણ જૈનને હોય જ નહી, તે તો માની શકાય એ સ્વાભાવિક છે.

(૧૯) જ્યાં મહાપુરૂષોએ આ પરમ પવિત્ર ગિરિરાજની આશાતના ટાળવાના સ્તવનો બનાવ્યા હોય, ત્યાં આપણા જ નિમિત્તે આટલી મોટી મહાભયાનક આશાતના ! બહુ જ શરમજનક કહેવાય ! એ મહાપુરૂષોની મહેનતનો અને આપણા ઉપરના વિશ્વાસનો આપણા દ્વારા આ વિશ્વાસઘાત છે.

(૨૦) નાસિકના ૯૦ વર્ષના એક માજી તેમના ૭૦ વર્ષના દીકરા સાથે ગિરનાર તીર્થ જાતે ચઢ્યા હતા. ઘણા વિકલાંગ આરાધકો પણ શત્રુંજય ગિરિરાજ જાતે જ ચઢતા હતા.

(૨૧) ખરેખર તો આ ડોળી દ્રવ્યથી વિકલાંગ તથા અંધ વ્યક્તિઓ માટે જ હોવી જોઈએ, પણ શારીરિક રીતે સશક્ત શ્રીમંતો પણ પૈસાના જોરે ભાવથી વિકલાંગ થઇ ગયા અને ડોળી વાપરતા થઇ ગયા.

(૨૨) હવે તો ગુરૂ ભગવંતોએ પણ ડોળીમાં બેસીને ગિરિરાજની યાત્રા કરવાનો મોહ છોડી દેવો પડશે, તો જ યાત્રાળુઓ ઉપર તેની અસર પડશે અને તો જ આપણા નિમિત્તે થતી આશાતના અને નુકશાન ઘટશે. ભગવંતોએ મક્કમ બનવું પડશે.

(૨૩) જ્યારે પાલીતાણાના ઠાકોરે શત્રુંજયની યાત્રા ઉપર મુંડકાવેરો (એક પ્રકારનો યાત્રા વેરો) નાખ્યો હતો, ત્યારે શાસનસમ્રાટ નેમિસૂરિજીએ છ મહિના સુધી શત્રુંજય ગિરિરાજની દ્રવ્ય યાત્રા બંધ રખાવડાવી હતી અને છ મહિના સુધી શત્રુંજયના દાદા દ્રવ્યથી અપૂજ તથા અદર્શના રહ્યા હતા. છતાં કોઈ પાપ લાગ્યું ન હતું, પણ ઊલટાનું પુણ્ય જ બંધાયું હતું અને કોઈએ તેનો વિરોધ પણ કર્યો ન હતો.

આવું છે સ્યાદ્વાદમય જિનશાસન.

(૨૪) ડોળી ન વાપરવાનો નિયમ વ્યક્તિગતની સાથે સાથે પારિવારીક પણ લેવો જોઈએ. નાના બાળકો માટે ઘોડિયા ડોળીની છૂટ.

(૨૫) ડોળીની આદત કોઈક વખત રોપવેની માંગ સુધી પણ પહોંચી જાય તો કાંઈ કહેવાય નહી, કે જે મહાભયાનક આશાતના અને નુકશાનનું કારણ છે.

(૨૬) સાધુ ભગવંતોએ કોઈ દિવસ પાલીતાણામાં રહીને ડોળીનો વિરોધ કરવો નહી.

(૨૭) ડોળીવાળાઓ જયણાપૂર્વક અને ઉપયોગપૂર્વક ચાલી ના શકે, માટે તેમનાથી થતા આ પાપ પણ આપણને જ લાગવાના.

(૨૮) ઘણા તો શક્તિ હોવા છતાં પણ શાતા ગારવ, ઋદ્ધિ ગારવ તથા માન કષાયને પોષવા પણ ડોળી કરતા હોય છે.

(૨૯) વ્યક્તિ ઘરે રોજ **Gym.** માં જશે ને ત્યાં ઈચ્છાપૂર્વક વજન પણ ઉંચકશે, ઉંચુ નીચું પણ કરશે. રોજ મોર્નિંગ વોક, ઈવનિંગ વોક પણ કરશે, પણ વરસમાં એક વખત પાલીતાણા જનાર અને જ્યાં આત્માને અનંત લાભ છે, ત્યાં ડોળી જઈને પૈસાના જોરે ટાંટિયા ઢીલા પડી જશે અને પછી ડોળીમાં જાત્રા કરીને આત્માને મેલો કરીને આવશે. મેલું કપડું લોન્ડ્રીમાં વધારે મેલું થઈને આવે તેમાં લોન્ડ્રીનો દોષ ના હોય. ધોનારનો જ દોષ હોય.

(૩૦) આપણે જૈનો જ જો આપણા જ આ પરમ પવિત્ર એવા શાશ્વતા ગિરિરાજની વગર પૈસે પણ આશાતના ટાળવામાં સહકાર નહી આપીએ તો પછી વ્યથિત આરાધકોએ શું અજૈનો પાસે સહકાર માંગવા જવાનું ?

* * * * * * * *

તા.૬-૯-૨૦૨૦

''સંતિકરમ્ બોલવા અંગે'' અને ''અષાઢ ચાતુર્માસ દરમ્યાન શત્રુંજય ગિરિરાજની યાત્રા'' બાબતે એક જ સમુદાયના બે મહાત્માઓની આચરણા અંગેનું મારૂં સત્યની એકદમ નજીક લઈ જતું અનુમાન.

જો આ.ભ.સોમસુંદરસૂરિજી અને આ.ભ.યોગતિલકસૂરિજી દીક્ષા લીધા પૂર્વેના બે તિથીના રાગી હોત, તો તો સંતિકરમ્ ન જ બોલતા હોત, એવા તેઓ ટેકીલા અને સિદ્ધાંતવાદી છે.

પણ હમણાં બે તિથીની માન્યતામાં હોવા છતાં પણ સંતિકરમ્ બોલે છે માટે પાછળથી એક તિથીમાંથી બે તિથીમાં પલટાયા છે. એ નક્કી થઈ ગયું.

એટલે હવે પહેલેથી જ પોતાના વડીલોની સાથે દર પંદર દિવસે સંતિકરમ્ બોલતા હોય અને પોતાના શિષ્યો અને ભગતોએ તેમને બોલતા/બોલાવતા સાંભળ્યા હોય, એટલે બોલવાનું બંધ પણ કેવી રીતે કરવું ? એ એક સમસ્યા થઈ ગઈ છે. બાકી તેમને પણ બોલવું ગમતું તો નહીં જ હોય.

અને શત્રુંજયની યાત્રા બાબતે તો જ્યારે શત્રુંજયમાં ચોમાસુ હોઈએ ત્યારે જ આ પ્રશ્ન ઉભો થાય, કાંઈ સંતિકરમ્‌ની જેમ દર પંદર દિવસે આ પ્રશ્ન ન આવે, નહિ તો આમાં પણ છટકી ન શકત. એટલે શત્રુંજયની યાત્રામાં તો કોઈને પણ ભૂલવણમાં નાખી શકાય.

એક જ સમુદાયની પરંપરામાં આવતા બે આચાર્ય ભગવંતોની અષાઢ ચાતુર્માસમાં શત્રુંજયની યાત્રા બાબતે પોતાના પૂર્વજો યાત્રાના વિરોધી હોવા છતાં, એક મહાત્માથી બુદ્ધિથી યાત્રા કરવાનું પકડાઈ ગયું છે, અને બીજા મહાત્મા યાત્રા કરવામાં પહેલેથી જ પોતાના પૂર્વજોના હિસાબે પાપ માને જ છે, અને તેમનાથી પકડાઈ નથી ગયું, માટે નથી પકડી રાખ્યું.

ખરેખર તો આ બન્ને મહાત્માઓના ભગતોએ ગભરાયા વગર કે

શરમ રાખ્યા વગર તેમની પાસેથી સંતિકરમ્ બોલવા અંગેનો અને શત્રુંજયની યાત્રા અંગેનો યોગ્ય ખુલાસો માંગવો જોઇએ.

તા.ક.:- બન્ને મહાત્મા સંતિકરમ્ બોલે છે અને એક મહાત્મા અષાઢ ચાતુર્માસમાં શત્રુંજયની યાત્રામાં પાપ માને છે. એના ઉપરથી એ નક્કી થઇ જાય છે કે, તેમના પૂર્વજો બે તિથીની એક પણ પ્રકારની માન્યતાવાળા હતા જ નહી. ખાલી તેમના સમુદાયને સારૂ લગાડવા અને છટકી ન જાય એ માટે તેમના વડીલોની તિથિઓ પોતાના બુકલેટ પંચાંગોમાં લખીને મસ્કાબાજી કરે રાખે છે. અને મૂળધારાવાળા સંઘોની સામે ડોળા કાઢે રાખે છે.

આ જ નીતિ તોડફોડ કરેલા અન્ય સમુદાયો સાથે પણ આ લોકોએ આચરી છે.

બીજું આ પક્ષે શાસન પક્ષને વફાદાર બધા જ વિદ્વાન અને પ્રકાંડ પંડીતોની ખણખોદ કરીને જ્ઞાનીની આશાતના પણ બહુ જ મોટા પાયે કરી છે અને તેમના આશ્રિતોને આશાતના શિખવાડી પણ છે.

ચેતવણી :- જો સત્યના રાગી નહી બનો તો શાસનને અન્યાય અને સ્વને પાપની કમાણી સિવાય કશો જ લાભ થવાનો નથી.

મારો એક પણ મુદ્દો કે મારી એક પણ રજૂઆત બે તિથીની જેમ અડસટ્ટે (અદ્ધરતાલ) નથી, પણ આ મારૂ સંશોધન છે, તલસ્પર્શી અભ્યાસ છે,

ઊંડું અવલોકન છે, રૂબરૂ વાર્તાલાપ પણ છે, વ્યાખ્યાનમાં પણ વાર્તાલાપ છે, રૂબરૂ અનુભવ છે, રોજનું ચિતન-મનન છે. બન્ને પક્ષના સાહીત્યનું વાંચન અને પૃથ્થકરણ પણ છે.

૯૦ જેટલા **betithi with beththi** ''વિરોધાભાસી વિધાનો''નો અભ્યાસ છે.

અને આ ચૌદ વર્ષમાં દેવગુરૂની કૃપાથી શાસન પક્ષનો એક પણ મુદ્દો ખોટો પડ્યો નથી, અને સામેના પક્ષનો એક પણ મુદ્દો સાચો પડ્યો નથી.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા.૫-૯-૨૦૨૦

જિનશાસનના સાધુ ભગવંતો તો આ વર્તમાનકાળની દુનિયાની આઠમી અજાયબી ગણાય છે. આખા વિશ્વમાં જૈન સાધુની શાખ, વિશ્વાસ અને આબરૂ

અવ્વલ નંબરના હોય છે. શાસનમાં એવા ઉત્તમ અને ભદ્રિક મહાત્માઓ હોય છે કે શ્રાવકોએ તો તેમને સંઘમાં પધારવા તથા રોકાવા માટે કરગરવું પડતું હોય છે.

અને જો એ જ પંચ મહાવ્રતધારી મહાત્માઓમાંના, મહાવિદ્વાન વ્યાખ્યાનકાર હોવા છતાં પણ, જો તેમને સામેથી એ સંઘમાં પેસવા માટેનું પાછલા બારણેથી પોતાના પાયેલા ભગતો દ્વારા અશાંત વાતાવરણ ઉભુ કરવું પડતું હોય, તો આ જિનશાસનની ગરિમા માટે અને સાધુ માટે પણ એક કલંક છે.

અમદાવાદ, ગીરધરનગરના રમખાણો પછી ભારતમાં ઘણે ઠેકાણે જાણી જોઈને ભારતના અહિંસક સંઘોમાં ભયનું વાતાવરણ ઉભુ કરવા માટે ''ગામ હોય ત્યાં ઉકરડો હોય એ ન્યાયે'' ભાવ ધર્મ સાથે સ્નાન સૂતકનો સંબંધ પણ ન ધરાવતા હોય તેવા પોતાના પાયેલા તોફાની ભક્તો પાસે અલગથી આમંત્રણ ઉભુ કરાવીને, તે સંઘોમાં અશાંતિ અને ભયનું વાતાવરણ ઉભુ કરવામાં આવી રહ્યું છે. આમાં એકતરફી ચોખ્ખો અશુદ્ધ કહી શકાય તેવો ''સંઘભેદ''ના આશય સિવાય બીજા કોઈ શુદ્ધ કે શુભ આશય નથી જ.

દરેક ઠેકાણે ''અસંતુષ્ટો'' અને ''વિદ્રોહીઓ'' તો હોવાના જ. ટોળાઓમાં ઘણા એવા પણ જીવો હોય છે કે, ''બંધારણની પાંચમી કલમ કઈ છે, એ મને ખબર નથી, પરંતુ કોઈના કહેવાથી મારો એ કલમનો વિરોધ છે.''

સંઘના આમંત્રણથી આવે તેને ''મહેમાન'' કહેવાય અને અસંતુષ્ટો કે વિદ્રોહીઓ''ના આમંત્રણથી આવે તેને ''ઘૂસણખોર'' કહેવાય.

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનખાન, મોદીજીના આમંત્રણથી ભારત આવે, તો તે ભારતના મહેમાન કહેવાય અને સીમીના આમંત્રણથી આવવાનો પ્રયત્ન કરે, તો તે ભારતનો ઘૂસણખોર કહેવાય. આ ફરક છે ''આમંત્રણ'' અને ''ન આમંત્રણ'' વચ્ચે.

ગીરધરનગરના બનાવ પછી, એક મહાત્માએ પિંડવાડા ગામમાં ત્યાંના કાયદેસરના સંઘ અને ટ્રસ્ટીમંડળનું આમંત્રણ ન હોવા છતાં પણ પોતાના પાયેલા અને ઉભા કરેલા ભગવો દ્વારા આમંત્રણ ઉભું કરીને ત્યાં જવાની કુચેષ્ટા કરી, પણ ગામવાળાઓએ તેમને ત્યાં પ્રભુ વીરના સિદ્ધાંત મુજબ ચોમાસુ વગર આમંત્રણે તો ન કરવા દીધુ તે ન જ કરવા દીધુ અને આખરે

જૈન અજૈન બન્નેમાં પોતાની અને જિનશાસનની આબરૂ ખરાબ કરીને બામણવાડાજી ચોમાસુ કરવું પડ્યું અને આરાધકો ભેગા કરવા પ્રલોભન પણ આપવા પડ્યા.

આમ વગર આમંત્રણે સંઘના સ્થાનોમાં ઘૂસી જવું, એ વગર ટિકિટે મુસાફરી કરવા જેવું છે.

જ્યારે પંચ મહાવ્રતધારી પડે છે ત્યારે ભયંકર વેગથી પડતા હોય છે. જ્યારે ''રક્ષક'' જ ''ભક્ષક'' બને તો પછી પ્રજાએ જાવું ક્યા ?

પ્રભુ મહાવીરે પણ, જ્યાં આપણે રોકાયા હોઈએ ત્યાં જો આપણા નિમિત્તે કોઈ પણ પ્રકારના કારણ વગર પણ અપ્રીતિ થતી હોય તો ચાલુ ચોમાસે પણ કોઈ પણ પ્રકારના સ્વપક્ષ-પરપક્ષ માટેના મંડન-ખંડનના દાખલા-દલીલ કર્યા વગર વિહાર કરવાની આજ્ઞા ફરમાવી છે. તો પછી આમંત્રણ વગર કોઈ સંઘના સ્થાનમાં તો બળજબરીથી ઘૂસાય જ કેવી રીતે ? આમ ''કલેશ (કષાય)'' કેટલો ભયાનક છે ? તે પરમાત્માના આ એક ઈશારામાં જ સમજાઈ જાય એવું છે.

મહામહોપાધ્યાયજી યશોવિજયજી મ.સા.એ તો બારમાં ''વાસુપૂજ્ય સ્વામી'' ભગવંતના સ્તવનમાં બહુ જ સ્પષ્ટ અને દીવા જેવું લખી દીધુ છે, કે જેથી એક નાના બાળકને પણ ''કલેશ (કષાય)'' ની ''ભયાનકતા'' સમજાઈ જાય. ''કલેશે (કષાય)'' વાસીત મન ''સંસાર,'' ''કલેશ (કષાય) રહીત'' મન તે ''ભવપાર (મોક્ષ).''

શાસ્ત્ર કહે છે કે, (૧) પ્રીતિ થાય ત્યાં રોકાવું-આ પ્રવૃત્તિ ઉત્તમોત્તમ છે. (ઉપાદેય છે.) (૨) અપ્રીતિ થાય ત્યાંથી ચોમાસુ હોય તો પણ ચાલુ ચોમસાએ પણ કલેશ કર્યા વગર પોતાની મેળે જ દલીલ કર્યા વગર વિહાર કરીને નિકળી જવું-આ પ્રવૃત્તિ ઉત્તમોત્તમ છે. (ઉપાદેય છે.) (૩) પ્રીતિ થાય ત્યાં ન રોકાવું - જેવી પોતાની અનુકૂળતા - આ પ્રવૃત્તિ ઉત્તમ છે. (ઉપાદેય છે.) (૪) અપ્રીતિ થાય તો પણ ત્યાં રોકાવું (પહેલેથી રોકાયેલા હોઈએ તો) - આ પ્રવૃત્તિ અધમ છે. (હેય છે.) (૫) અપ્રીતિનું વાતાવરણ ઉભી કરીને પણ, આડા અવળા બહાના ઉભા કરીને જબરદસ્તીથી રોકાવા માટે ઘૂસવું-આ પ્રવૃત્તિ અધમાધમ છે. (હેય છે.)

૪ અને ૫ નંબરમાં આવતા જીવોને હકીકતમાં જિનશાસન કે શાસ્ત્ર, સિદ્ધાંત કે પરંપરાની સાથે હૃદયથી કાંઈ જ લેવાદેવા હોતી જ નથી પરંતુ

તેવા જીવોને પોતાની આબરૂના પણ ભોગે નિજ પક્ષની, નિજ મતની, નિજ રચેલા શાસ્ત્રની જ ચિંતા સતાવતી હોય છે.

ક્લેશ (કષાય)માં નિમિત્ત બનવામાં કરણ-કરાવણ-અનુમોદન ત્રણેય પ્રકારના પાપો આવી જાય છે. જો ક્લેશમાં ફાવટ આવી જાય એ તો અનુગ્રહ શાપ કહેવાય છે, જે હેય છે. અને ક્લેશમાં ફાવટ ન આવે એ નિગ્રહ કૃપા કહેવાય છે, જે ઉપાદેય છે.

આવી પ્રવૃત્તિઓ મોટે ભાગે કૃષ્ણલેશ્યાવાળા જીવોમાં જોવામાં આવતી હોય છે.

ટૂંકમાં જ્યાં ''ક્લેશ (કષાય)'' છે, ત્યાં ''મોક્ષ'' નથી નથી ને નથી જ.

જ્યાં ''ક્લેશ (કષાય)'' છે, ત્યાં ભાવથી ''જૈનત્વ'' પણ નથી, માટે ત્યાં ભાવથી ક્ષમાપના પણ નથી માટે ત્યાં ભાવથી ''સંવત્સરી'' પણ નથી.

માટે આવી બધી અપ્રશસ્ત પ્રવૃત્તિઓને કારણે કોઇ જીવ જો ભવી હોય તો તેનો મોક્ષ કન્ફર્મ થવાને બદલે વેઇટિંગ લીસ્ટમાં આવી જાય છે.

તા.ક.:- જે મહાત્માઓ કે શ્રાવકો આવી બધી અયોગ્ય પ્રવૃત્તિઓ નથી કરતા કે નથી કરાવતા તથા નથી અનુમોદતા, તેઓને આ લખાણ લાગુ પડતું નથી.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

અસત્ય અને જૂઠનું મહાતોફાની વાવાઝોડું, સત્યનો ધોધમાર વરસાદ પડવાથી શાંત થવા માડ્યું છે અને આ વાવાઝોડાને કારણ ઠેર ઠેર જે નુકશાન થતા હતા તે હવે અટકવા માંડ્યા છે. સામે પક્ષનું આખું તંત્ર દોડધામ કરતું થઇ ગયું છે, અને આ સત્યના ઘોડાપૂરને નાથવા કામે લાગી ગયા છે.

જેમ મોદીના શાસનથી પરદેશી મ્લેચ્છો ગભરાઇ ગયા છે, કે હવે પાપ કરવા નહી મળે એ જ ન્યાયે હવે આ લોકો પણ ગભરાઇ ગયા છે કે હવે કુમત નહી ફેલાવી શકાશે.

મોટાભાગના શાસનદ્વેષી કટ્ટરપંથીઓ એ મારા વોટ્સ અપ બ્લોક કરી રાખ્યા છે. પણ આંખ બંધ કરી દેવાથી શિયાળ, કાંઇ સિંહના શિકારથી બચી થોડી શકે ?

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

તા. ૩૧-૮-૨૦૨૦

સાવધાન ! સાવધાન ! સાવધાન !

“શાસનપ્રેમીઓ” આ લેખ વાંચીને શાસન બચાવવા આગળ આવો.

શાસ્ત્રમાં બાવીસ પરીષહોમાંથી ત્રણ પરિષહો સામે ચાલીને જીતવા જવાની ચોક્ખી ના પાડી છે. સમ્યકત્વ પરિગ્રહ, સ્ત્રી પરિગ્રહ, સત્કાર પરિષહ.

એ જ ન્યાયે કોઈ પણ વ્યક્તિ ભૂલથી પણ બે તિથીના મતની ચકાસણી કરવા ના જતા, નહી તો સમ્યક્ત્વ હશે તો ચાલ્યું જશે અને નહી હોય તો મંદ મિથ્યાત્વ પણ વજ્ર જેવું મજબૂત બની જશે. કારણ કે હું જે રીતે ફાઈટ આપી રહ્યો છું તે જોતા આ જોખમ કોઈએ લેવા જેવું નથી.

આમ તો પરમાત્માની વાણી સાંભળવા ન જવાનો ઉપદેશ આપવામાં ભયંકર પાપ છે, પણ જ્યાં જાળ પાથરેલી હોય ત્યાં દાણા ચણવા જતા પક્ષીઓને કાંકરો નાખીને ઉડાડવા એ પણ એક ધર્મ જ છે,

ગમે તેટલા ઉંચા વ્યાખ્યાનો હોય, તો પણ લાલચમાં આવીને સાંભળવા જવાનું જોખમ ના કરતા. આ લોકોના બધા જ આયોજનો ભોળા પક્ષીઓને પારઘીના નાખવામાં આવેલા દાણા જેવા છે. નહી તો હરિભદ્રસૂરિજીના શિષ્યો હંસ અને પરમહંસ જેવી દશા થઈ જશે તમારી.

કારણ કે સત્યનો તો એક જ પ્રકાર હોય છે, જ્યારે અસત્યના તો ઢગલાબંધ પ્રકાર હોય છે. અને તેમની પાસે આ બધો મસાલો તો ઘણો છે, અને આ લોકોએ તેમના ભગતોને આ બધુ શીખવાડીને માહિર કરેલા છે.

આ સમુદાયના શ્રાવકો પણ બકરીનું કૂતરૂ કરવામાં માહિર છે,

જ્યારે આપણા પક્ષે તો બધા જ શ્રાવકો બહુ જ સરળ અને ભદ્રિક છે.

આ લોકોની માયાવી વાણીથી વિ.સં.૨૦૬૧માં તો હું પણ થોડો ડગી ગયો હતો. એટલી બધી માસ્ટરી છે આ લોકોની તોડફોડમાં, પણ મેં એક વાત પકડી રાખી કે, એક સમુદાયને છોડીને આખો તપાગચ્છ અને પરગચ્છો પણ જ્યારે લગભગ એક સરખી આચરણા આચરતા હોય, તો તે કદાચ કેવળજ્ઞાનીના જ્ઞાનમાં ખોટી પણ હોય, તો પણ તેને નકારવી એ તીર્થંકરની આશાતના છે. જ્યારે તેમના વિવાદોનું વંટોળીયું દિવસે દિવસે વધવા માંડ્યું

પછી તો પાકી ખાતરી થઈ ગઈ કે, આ પક્ષને શાસનનો ભોગ લઈને સ્વમતને બચાવવા સિવાય કશામાં રસ નથી.

મારૂં નસીબ સારૂં કે, વિ.સં.૨૦૬૨માં

(૧) હું ક્યાંય ચોમાસું કરવા નહોતો ગયો.

(૨) આ.ભ.કીર્તિયશસૂરિજીનું ચાતુર્માસ અમદાવાદમાં અને તે પણ પાછું સાબરમતીમાં જ હતું.

(૩) આચાર્ય ભગવંતે રવિવારીય પ્રશ્નોત્તરી ચર્ચા રાખી હતી.

(૪) સાબરમતીમાં ચીકનગુનિયા તેની ચરમ સીમાએ હોવા છતાં, હું અને આચાર્ય ભગવંત આમાંથી બાકાત રહ્યા હતા.

(૫) હું મૂળધારાવાળા સંઘમાં હોવાથી, મને સાત રવિવાર વીતી ગયા પછી, મારા એક કલ્યાણ મિત્ર દ્વારા રવિવારીય પ્રશ્નોત્તરીની જાણકારી મળી હતી.

આટઆટલા સંજોગો મળ્યા, ત્યારે આ.ભ.પોતાના પક્ષની સત્યાર્થતા મોટાભાગના બે તિથીના જ ૪૦૦ શ્રોતાઓની હાજરીમાં પણ સાબીત ન કરી શક્યા અને મારા એકદમ સરળ પ્રશ્નનો પણ સાચો જવાબ પોતે જાણતા હોવા છતાં પણ ''જ્ઞાની ભગવંત જાણે'' એવો માયાવી જવાબ આપીને સત્યનો ઈન્કાર કરવા દ્વારા, પોતાના તીવ્ર દૃષ્ટિરાગી ભગતોને ઉદાસ કરવા પડ્યા. ઉદાસ જ કરવા પડે એમ હતું તો પછી સત્ય બોલીને પણ ઉદાસ કર્યા હોત તો પણ સારૂં થાત, પણ મરિચીના અર્ધસત્યની જેમ વિધાન કરીને ઉદાસ કર્યા.

હું સુંદરતાનો વિરોધી નથી, પણ સુવાસના ભોગવાળી સુંદરતા બધી માયાવી સુંદરતા હોય છે, તે સુંદરતાનો જ હું વિરોધી છું. વિષમિશ્રિત દૂધપાક ક્યો ડાહ્યો માણસ ખાય.

જો તમે આ વિષયમાં રસ ના લો તો આના જેવો કોઈ અઘરો વિષય નથી, અને જો રસ લો તો પછી તમને આના જેવો કોઈ સહેલો વિષય નહી લાગે. વારંવારના અભ્યાસથી ગમે તેટલો અઘરો વિષય પણ ધીરે ધીરે સરળ બનતો જતો હોય છે. આ મારો જાત અનુભવ છે.

તમને જ્યાં પણ શંકા જાય ત્યાં મારી પાસે આધાર માંગી શકો છો, પણ શાસનને લૂંટાતું અને ઉજ્જડ બનતું અટકાવવું હોય તો એક પ્રચંડ

તોફાની પુણ્યના વાવાઝોડા સામે ટક્કર લેવાની ઘડી આપણી સામે આવી છે. આ તો શાસનની સૌથી મોટી સેવા છે.

હું આયુષ્યના કિનારે ઉભો છું. ક્યારે મારી જીવનલીલા કુદરતી કે અકુદરતી રીતે સમેટાઇ જાય, કાંઇ કહી શકાય નહી. (મારા આ વિધાનને અમુક જીવો અભિમાનમાં જ ખતવશે, પણ શાસનમાલીન્ય નિવારણ માટે શાસનપ્રેમી જીવોને આ રીતે ઢંઢોળવા સિવાય બીજો કોઇ ઉપાય પણ નથી.) માટે સમય અને ચિંતનનો મહત્તમ ભોગ આપીને આ બધા પદાર્થો હૃદયસ્થ, મનસ્થ અને કંઠસ્થ કરી દો તો ભવિષ્યમાં બહુ જ કામ લાગશે. અને એક પંથ દો કાજના ન્યાયે જબરદસ્ત કર્મનિર્જરાનું કારણ પણ બનશે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

હું પોપટલાલ એવો શાસનનો તીવ્ર રાગી અને વફાદાર કૂતરો છું કે, જેમ કલિકાલસર્વજ્ઞ આ.ભ.હેમચંદ્રાચાર્યને જૈન ધર્મ એટલો બધો ગમી ગયો હતો, કે તેમણે છેલ્લે છેલ્લે, પરમાત્મા પાસે એવી માંગણી કરી હતી કે, ‘‘હે ! પરમાત્મા ! જો મારૂ પુણ્ય ઓછું પડે અને પંચેદ્રિયપણું ના મળે તો મને એવી ગાયના કાન ઉપરની બગાઇ બનાવજે, કે જે ગાય જૈન ધર્મી પરિવારને ત્યાં બાંધેલી હોય, જેથી મને જૈન ધર્મનું સતત સાનિધ્ય મળ્યા કરે.’’ એ ન્યાયે ગભરૂ ડરપોક અનામિક ભાઈએ મને શાસનનો કૂતરો કહ્યો તેનું મને પક્ષીરાજ જટાયુની જેમ અપાર ગૌરવ છે, કારણ કે વફાદાર કૂતરો હંમેશા ચોરોની સામે જ ભસે. નહીતર તે મને કૂતરો ન કહેત. આ તો સારૂ થયું તેમણે મને કૂતરો કહ્યો.

કોઇ પણ જીવના હૃદયમાં રમતો ચોર, જો કોઇ ટેબલ ઉપર કાઢીને મૂકી દે તો કોઇ પણ જીવ અકળાય એ સ્વાભાવિક છે. આજે અનામિક ભાઈ પોતે **Chekmat** થઈને મારૂં જીવતર સફળ કરી દીધું.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

ये लोग (दो तिथीवाले) आपको उलझन में डालने के लिये एसा पूछेंगे की, देखो देखो ये एक तिथीवाले बोलते है की पर्व तिथीयों की क्षय-वृद्धि आती ही नही है । तो उसका जवाब इस तरह देने का की, भाईसाब,

लौकिक पंचांग में तो सभी तिथीयों की क्षय-वृद्धि आती ही है (जैन पंचांग में तो सिर्फ निश्चित वर्ष की निश्चित मास की निश्चित पक्ष की निश्चित तिथी का ही क्षय आता है । वृद्धि तिथी तो कभी आती ही नही है ।) लेकीन हमारे आराधना करने के जैन बुकलेट पंचांगो में, पर्व तिथीयों की आराधना की गरबड न होने देने के लिये, सिर्फ और सिर्फ पर्व तिथीयों की ही क्षय-वृद्धि रख्रते नही है । मतलब की खंडित पर्व तिथी की पूर्व की अपर्व तिथी का क्षय-वृद्धि करके, पक्ष का मेल मिला लेते है । इससे आराधना हानि से बच जाते है ।

पर्व तिथीयों की क्षय-वृद्धि लौकीक पंचांगो में आती है, और हम उसे मानते भी है । मानते है इसलिये ही तो हम हमारे आराधना करने के बुकलेट पंचांगो में रख्रते नही है ।

कौन केहता है की लौकीक पंचांगो में पर्व तिथीयों की क्षय वृद्धि-वृद्धि आती नही है, और एक तिथी पक्ष मानता नही है ?

अगर कोइ भोले जीवने व्यवहार से मान लो केह भी दिया हो, तो उससे क्या हो गया । उससे पूर्वाचार्यो की परंपरा की आचरणा गलत हो जायेगी क्या ?

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

મારી બધીજ પોષ્ટો કાં તો શાસ્ત્રીય છે અથવા શાસ્ત્ર સાપેક્ષ પારંપરિક છે.

મારી એક પણ પોષ્ટનું આજ દિવસ સુધી ૧૪ વર્ષ દરમ્યાન (વિ.સં.૨૦૬૨ થી ૨૦૭૬ સુધીમાં) સામેના પક્ષમાંથી સમ્યક્ ખંડન આવ્યું જ નથી, માટે તમે મારી બધીજ પોષ્ટોને **save** કરીને અને **print out** કાઢીને રાખજો. ભવિષ્યમાં સમજવા/સમજાવવા બહુજ કામ લાગશે.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *

એટલા બધા પણ કડવા ન થવાય કે લોકો આપણને થૂંકી નાખે.
અને એટલા બધા સીધા પણ ન થવાય કે લોકો આપણને ચાવી ખાય.

લિ.પોપટલાલ ચુનીલાલ શાહ (સાબરમતીવાળા)

* * * * * * * *